Alchemist (Gujarati)

Paulo Coelho

Timeless બેસ્ટસેલર

એલ્કેમિસ્ટ

સેવેલું સપનું સાકાર કરવાની પ્રેરણાત્મક કથા

ગુજરાતી બેસ્ટસેલર
૨૩,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.



જ્યારે આપણે કંઈક મેળવવાની ઇચ્છા મનથી કરીએ છીએ
ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે.

પોલો કોએલો



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

દરેક દસકાઓમાં એક એવું પુસ્તક પ્રકાશિત થાય છે જે
તેના વાચકોના જીવનને હંમેશ માટે બદલી નાંખે છે
પૉલો કોએલોનું ઍલ્કેમિસ્ટ એવું જ એક અદ્ભુત પુસ્તક છે

આ એ અમર પુસ્તકનો અધિકૃત અનુવાદ છે. આ પુસ્તક
વિશ્વની ૬૭ ભાષાઓમાં પ્રકાશિત થયું છે અને પૅાલો કોએલોનાં
પુસ્તકોની ૧૦ કરોડ ઉપરાંત નકલોનું વેચાણ વિશ્વભરમાં થયું છે.

આ કથા આપણને આપણા હ્રદયનો અવાજ સાંભળવાની આપણા જીવન
વિખરાયેલાં ચિહ્નો અને શુકનોને યોગ્ય સમયે ઓળખી
પોતાનાં સ્વપનાં પૂરાં કરવા માટે પ્રયત્નશીલ રહેવાની કળા શીખવે છે.

‘ધ એલ્કેમિસ્ટ’ જાદુ, સ્વપ્નાં અને અજાના વિશેનું
એક સુંદર પુસ્તક છે, જે આપણે બીજે શોધતા હોઈએ છીએ અને
છેવટે તે આપણને આપણા જ આંગણે મળી આવે છે.
મેડોના

પોલો કોએલોનાં પુસ્તકોનો જીવન વિકસાવતો પ્રભાવ
કરોડો લોકો પર પડ્યો છે.
ધ ટાઇમ્સ

ઍલ્કેમિસ્ટ

સેવેલું સપનું સાકાર કરવાની પ્રેરણાત્મક કથા

ઍલ્કેમિસ્ટ એટલે કીમિયાગર

ઍલ્કેમિસ્ટનો સાચો ગુજરાતી અનુવાદ થાય છે કીમિયાગર. કીમિયાગર એટલે સાધારણ ધાતુઓને સોનામાં બદલી શકવાની કળાનો જાણકાર. જોકે ઍલ્કેમિસ્ટ આપણી રોજિંદી ભાષામાં વપરાતો શબ્દ નથી, પરંતુ આ પુસ્તકની વિશ્વ પ્રતિષ્ઠિત લોકપ્રિયતા જોતાં અમે ગુજરાતી પુસ્તકનું નામ પણ ઍલ્કેમિસ્ટ જ રાખ્યું છે અને પુસ્તકની અંદર દરેક જગ્યાએ કીમિયાગર શબ્દપ્રયોગ જ કર્યો છે.

ઍલ્કેમિસ્ટ

સેવેલું સપનું સાકાર કરવાની પ્રેરણાત્મક કથા

પૉલો કોએલો

અનુવાદ : સુધા મહેતા



આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com

E-mail : sales@rrsheth.com

Alchemist
Translation of Timeless Bestseller
Alchemist
The Originally written in Portuguese by Paulo Coelho
Translated into Gujarati by Sudha Mehta
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai ☐ Ahmedabad

ISBN : 9789381336236

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

સમાવિષ્ટો

બે શબ્દો

અત્યારે મને યાદ આવે છે એ પત્ર જે મને અમેરિકન પ્રકાશક – હાર્પર કૉલિન્સ – તરફથી મળ્યો હતો : “ ‘ધી ઍલ્કેમિસ્ટ’ને વાંચવાથી એવી લાગણી થઈ આવી કે જાણે બીજાં બધાં હજી ઊંઘતાં જ હોય અને વહેલી સવારે ઊઠીને આપણે એકલાં સૂર્યોદયનાં દર્શન કરતાં હોઈએ.”

હું ઘરની બહાર નીકળ્યો, આકાશ સામે જોયું અને મનોમન વિચારી રહ્યો : “મતલબ કે આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ થવાનો એ નક્કી !” એ સમયે હજી હું લેખક તરીકે માન્યતા મેળવવાને માટે સંઘર્ષ કરી રહ્યો હતો અને મારા મનમાં દહેશત રહ્યા કરતી કે એ અશક્ય છે, છતાં હું મારા માર્ગને જ અનુસરવા પ્રયત્નશીલ હતો.

ભલે ધીરે ધીરે, છતાં મારું આ સ્વપ્ન હવે વાસ્તવિક સ્વરૂપ લેવા લાગ્યું હતું. અમેરિકામાં તો હજારો શું લાખો પ્રતો વેચાઈ ગઈ. એક દિવસ બ્રાઝિલના ખબરપત્રીએ ફોન પર મને જણાવ્યું કે રાષ્ટ્રપતિ ક્લિન્ટન આ પુસ્તક વાંચી રહ્યા હોય તેવો ફોટો આવ્યો છે. થોડા સમય પછી હું તુર્કી ગયો ત્યાં પણ મેં ‘વેનિટી ફેર’ નામનું સામયિક ખોલ્યું ત્યારે જુલિયા રૉબર્ટનું એક વિધાન નજરે પડયું. તેણે જાહેર કર્યું હતું કે આ પુસ્તક તેને અતિ પ્રિય છે. માયામીના એક રસ્તે એકલો જતો હતો ત્યારે એક છોકરી એની માતાને કહી રહી હતી, “તમારે ‘ધી ઍલ્કેમિસ્ટ’ પુસ્તક ચોક્કસ વાંચવું જોઈએ.”

આ પુસ્તકનો અનુવાદ ૬૭ ભાષાઓમાં તો થઈ ચૂક્યો છે. દુનિયાભરમાં પૉલો કોએલોનાં પુસ્તકોની ૧૦ કરોડથી પણ વધુ નકલો વેચાઈ છે અને લોકો પૂછવા લાગ્યા છે : ‘આટલી મહાન સફળતાનું રહસ્ય શું છે ? મારો એકમેવ અને પ્રામાણિક પ્રતિભાવ છે કે, હું નથી જાણતો. મને માત્ર એટલી ખબર છે કે, પેલા ભરવાડ બાળક સાન્તિયેગોની જેમ આપણે સહુએ પોતાના અંતઃકરણના અવાજ પ્રત્યે જાગ્રત થવું જરૂરી છે.

આ અંતઃકરણનો અવાજ શું છે ? તે પ્રભુના આશીર્વાદ છે. આ પૃથ્વી પર પ્રભુએ તમારે માટે કંડારેલો માર્ગ છે. જ્યારે પણ આપણે કંઈ એવું કરીએ જેને લીધે આપણે ખૂબ જ ઉત્સાહ અનુભવીએ ત્યારે આપણે તેને અનુસરતા હોઈએ છીએ, પરંતુ આપણામાંથી બધામાં કંઈ પોતાના સ્વપ્નનો સામનો કરવાની હિંમત ન પણ હોય. આમ કેમ ?

તેમાં મુખ્ય ચાર અવરોધો છે. પહેલું, નાનપણથી આપણને કહેવામાં આવે છે કે તમે જે કંઈ વિચારો છો તે બધું બને તે શક્ય નથી. આપણે એ વિચાર સાથે મોટા થઈએ છીએ અને જેમ જેમ વર્ષો વીતે છે, તેમ તેમ પૂર્વગ્રંથિઓ, ભય અને અપરાધની ભાવનાના થર પણ તમારા ઉપર એક પછી એક ખડકાતા જાય છે. એક સમય એવો આવે છે કે જ્યારે તમારો અંતરનો અવાજ તમારા આત્મામાં એટલો તો ઊંડો ધરબાઈ જાય છે કે તે દેખાતો સુધ્ધાં નથી, છતાં હજી એ રહે તો છે અકબંધ.

આપણામાં એ ઊંડે ધરબાયેલ સપનું બહાર ખેંચી લાવવાની હિંમત હોય તો પણ આપણે બીજા એક અવરોધનો સામનો કરવો પડે છે : પ્રેમ. આપણે શું કરવું છે તે આપણે

જાણીએ છીએ, પણ તે સ્વપ્ન પાછળ જવા માટે બધું ત્યાગીએ ત્યારે આપણે પોતાની આસપાસના પ્રિય લોકોને દુ:ખી કરવામાં ભય અનુભવીએ છીએ. આપણે એ નથી સમજતા કે પ્રેમ તો એક પ્રેરણાસ્રોત છે અને તેઓ કદી પ્રગતિ કરતાં આપણને નહીં રોકે. જે લોકો આપણું હૃદયપૂર્વક હિત ઈચ્છતા હોય. તેઓ એમ જ ઈચ્છે કે આપણે સુખી થઈએ બલકે તેઓ આપણી એ તરફની યાત્રામાં સામેલ થવાને તૈયાર હોય છે.

આપણે જો પ્રેમને એક પ્રેરકબળ તરીકે સ્વીકારી લઈએ, તો એક ત્રીજો અવરોધ ઊભો થાય છે અને તે છે આપણા માર્ગમાં આપણને પરાજયો મળવાની શક્યતા. આપણા સ્વપ્નને સાકાર કરવા માટે જ્યારે આપણે લડત આપી રહ્યા હોઈએ ત્યારે જો તેમાં સફળતા મળતી ન જણાય, તો આપણને વધુ દુ:ખ થાય છે. કારણ એ છે કે આમાં આપણે પેલું જીભવગું બહાનું નથી કાઢી શકવાના કે, ‘અરે, મને તો તે ખરેખર જોઈતું પણ નહોતું.’ આપણને તે જોઈએ છે જ અને જાણીએ પણ છીએ કે તેના માટે આપણે બધું દાવ પર લગાવ્યું છે. બીજા માર્ગો કરતાં અંતર:કરણના અવાજનો માર્ગ સહેલો નથી, સિવાય કે એ દિશામાં આપણે સમગ્ર હૃદય સાથે જોડાયા હોઈએ. તો પછી આપણે, પ્રકાશના વીર યોદ્ધાઓએ મુશ્કેલીઓના સમયે ધીરજ રાખવી પડશે અને સમજવું જોઈશે કે આખું બ્રહ્માંડ આપણો પક્ષપાત કરવા લાગ્યું છે, ભલે એ કેવી રીતે થાય છે તેની સમજ આપણી પાસે ન હોય.

પ્રશ્ન થાય છે કે શું પરાજયો જરૂરી છે? ખેર, જરૂરી હોય કે ન હોય, તે જીવનમાં સામા તો મળવાના જ. આપણા સ્વપ્નને માટે જ્યારે આપણે પ્રથમ સંઘર્ષ કરીએ છીએ ત્યારે આપણી પાસે અનુભવ તો હોતો નથી અને ભૂલો પણ ઘણી કરીએ છીએ. છતાં જીવનનું રહસ્ય એ છે કે માણસે વારંવાર પડી પડીને ઊભા થવું પડતું હોય છે.

આમ, જો આપણે બીજા લોકો કરતાં વધુ દુ:ખી થવાના હોઈએ તો આપણા અંત:કરણના અવાજ માટે જીવવાનું આટલું મહત્ત્વ કેમ છે ? કારણ એ છે કે એક વાર જ્યારે આપણે પરાજયો પાર કરી દઈએ છીએ – અને તે કુદરતી કાનૂન છે – ત્યારે આપણે ઉલ્લાસ અને આત્મવિશ્વાસથી છલકાઈ ઊઠીએ છીએ. ઊંડે ઊંડે આપણે જાણીએ છીએ કે હવે આપણી અંદર જીવનના ચમત્કાર માટેની સુયોગ્ય ભૂમિકા રચાઈ ગઈ છે. પ્રત્યેક દિવસ, પ્રત્યેક કલાક આ શુભ સંઘર્ષનો હિસ્સો છે. આપણે જીવન ઉત્સાહ અને આનંદથી જીવવા લાગીએ છીએ. ઊંડું અને અણધાર્યું દુ:ખ સહ્ય જણાતી વેદના કરતાં વધુ જલદીથી અદૃશ્ય બને છે. સહ્ય જણાતી વેદના વર્ષો સુધી ટકી રહે છે. આપણી જાણ બહાર તે આપણા આત્માને કોતરતી રહે છે અને છેવટે એક એવો તબક્કો આવે છે કે આપણે મનની એ કડવાશમાંથી કદી મુક્ત બની શકતા નથી. આપણા જીવનના બાકી દિવસો દરમિયાન તે આપણી સાથે જ રહે છે.

આપણા સ્વપ્નને ઊંડેથી બહાર ખેંચી લાવી, પ્રેમની શક્તિથી તેનું પોષણ કરીને અને વર્ષો સુધી એ વેદના વેંઢાર્યા બાદ અચાનક એવું લાગવા માંડે છે કે આપણને હંમેશાં જેની ઈચ્છા હતી તે આપણી નજર સામે હાજર છે, તે આપણી રાહ જુએ છે, કદાચ બીજે જ દિવસે આવી મળશે. તે વખતે ઊભો થાય છે – ચોથો અવરોધ : જે સ્વપ્નને આપણે સાકાર કરવા આખી જિંદગી લડત આપી તેને વાસ્તવિક રીતે પામવાનો ભય.

ઑસ્કર વાઈલ્ડે કહ્યું છે, “પ્રત્યેક વ્યક્તિ જેને ચાહતી હોય છે, તેની હત્યા કરે છે.” આ વાત સત્ય છે. સામાન્ય માણસના આત્મામાં જે આપણને જોઈએ છે તે મળી જવાની સંભાવના જ એક અપરાધભાવ ઊભો કરી દે છે. આપણે આસપાસ નજર ફેરવતાં એવા લોકોને જોઈએ છીએ જેઓ પોતાને જોઈતી ચીજ મેળવવામાં નિષ્ફળ ગયા છે અને તેથી આપણને લાગે છે કે આપણે પણ આપણને જોઈતી ચીજ મળે તે માટે યોગ્ય નથી. આપણે અત્યાર સુધી જે

અવરોધો પાર કર્યા, જે દુઃખો સહન કર્યાં, એને કાજે અત્યાર સુધીમાં જે ત્યાગ કર્યા તે સઘળું ભૂલી જઈએ છીએ. ઘણા એવા લોકોનો મને પરિચય છે જેમણે તેમનું અંગત સપનું સિદ્ધ થવાની અણીને સમયે ખૂબ મૂર્ખાઈભરેલી ભૂલો આચરી અને જે ધ્યેય માત્ર એક જ ડગલું આગળ હતું ત્યાં સુધી તેઓ ક્યારેય પહોંચ્યા નહીં.

આ અવરોધ સૌથી વધુ ખતરનાક છે, કારણ કે તેની આસપાસ સંતત્વનું આભાવર્તુળ છે : આનંદ અને વિજયનો ત્યાગ દર્શાવતું આભાવર્તુળ, પરંતુ જો તમે પોતાની જાતને જે ચીજ માટે આટલો સંઘર્ષ કર્યો, તેને યોગ્ય માનતા હોવ તો તમે તો પ્રભુના સાધન બનો છો, નિમિત્ત બનો છો. તમે વિશ્વના આત્માને સહાય કરનાર બનો છો અને તમને આ સૃષ્ટિ પર તમારી હયાતીનું ખરું રહસ્ય સમજાવા લાગે છે.

પ્રારંભિક

કીમિયાગરે કાફલા પૈકીના કોઈ માણસે ખરીદેલું એક પુસ્તક ઉપાડયું અને તેનાં પાનાં ઊથલાવતાં ઊથલાવતાં એમને 'નાર્સિસસ' વાળી વાર્તા મળી આવી.

આ 'નાર્સિસસ' નામની વ્યક્તિની દંતકથા તો તેઓ જાણતા હતા. તે યુવકે એક વાર સરોવરની પાળે બેસીને નીચે જોયું તો સરોવરમાં તેનું પ્રતિબિંબ દેખાયું અને તે પોતાના એ પ્રતિબિંબની સુંદરતાના જ પ્રેમમાં પડી ગયો. તે પોતાના જ સૌંદર્ય પર એટલો મુગ્ધ થઈ ગયો કે એક સવારે તે પેલા સરોવરમાં પડી ગયો અને ડૂબી ગયો. જે સ્થળે પડચો હતો ત્યાં એનું ફૂલ ઊગ્યું અને તેને ' નાર્સિસસ'નું નામ અપાયું.

પણ આ વાર્તાના લેખકે અહીં વાર્તા પૂરી નહોતી કરી.

તેણે વાર્તા આગળ ધપાવતાં લખ્યું કે જ્યારે નાર્સિસસ મૃત્યુ પામ્યો ત્યારે વનદેવીઓ ત્યાં આવી. તેમણે સરોવર જોયું તો જણાયું કે તે મીઠા પાણીનું સરોવર નહોતું રહ્યું, બલકે ખારાં આંસુનાં પાણીનું સરોવર બની ગયું હતું.

''તું શા માટે રડે છે ?'' વનદેવીઓએ સરોવરને પૂછ્યું.

''હું નાર્સિસસ માટે રડું છું.'' સરોવરે કહ્યું.

''ઓહ તું નાર્સિસસ માટે રડે તેમાં કશી નવાઈ નથી.'' એમણે કહ્યું, ''કારણ કે વનમાં તો અમે લોકોય તેનો પીછો કરતાં હતાં ખરાં, પરંતુ તું એકલું જ એની સુંદરતાને આટલી નજીકથી જોઈ શક્યું હતું.''

''એટલે... શું નાર્સિસસ સુંદર હતો ?'' સરોવરે પૂછ્યું.

''તારા વિના તે વિશે વધુ કોણ જાણે છે ?'' દેવીઓને આશ્ચર્ય થયું, ''છેવટે તો તે પોતાને જોવા માટે તારા કિનારે જ ઘૂંટણિયે પડીને જોતો હતો !''

થોડો સમય તો સરોવર ચૂપ રહ્યું. છેવટે તે બોલ્યું :

''હું નાર્સિસસ માટે રોઉં છું એ સાચું, પણ મેં કદી એ વાતે ધ્યાન નથી આપ્યું કે તે સુંદર હતો. હું એટલા માટે રડું છું કે જેટલી વાર તે મારા કિનારે ઘૂંટણિયે પડીને બેસતો હતો, તેટલી વાર તેની આંખોના ઊંડાણમાં મને મારું પોતાનું સૌંદર્ય પ્રતિબિંબિત થતું દેખાતું હતું.''

કીમિયાગર મનોમન બોલ્યા : ''આહ, કેટલી સુંદર વાર્તા !''

ભાગ-૧

છોકરાનું નામ હતું સાન્તિયેગો. ઘેટાંઓને હાંકતો હાંકતો તે જ્યારે એક સૂમસામ અપૂજ દેવળના સ્થળે પહોંચ્યો ત્યારે સાંજ થવા આવી હતી. દેવળની છત તો કેટલાંય વર્ષોથી પડી ગયેલી જણાઈ અને તેમાંના જૂના પૂજાસ્થળે અંજીરનું એક મોટું વૃક્ષ પણ ઊગી ગયું હતું.

તેણે આજની રાત આ સ્થળે રોકાવાનું વિચાર્યું. તૂટી ગયેલા દરવાજામાંથી તેણે બધાં ઘેટાંને અંદર હાંકી દીધાં અને પછી તેની પર કેટલાંક લાકડાંની આડશ ગોઠવી દીધી જેથી કોઈ ઘેટું રાત્રે બહાર જઈ ન શકે. આમ આ વિસ્તારમાં કોઈ વરુ તો નહોતાં રહેતાં, પણ એક દિવસ એનું એક ઘેટું રાતવરત ક્યાંક જતું રહ્યું હતું ત્યારે બીજો આખો દિવસ તેણે તેને શોધવામાં જ વિતાવવો પડયો હતો.

પોતે પહેરેલ જાકીટ વડે તેણે જમીન સાફ કરી. હમણાં જ પૂરું કર્યું હતું તે પુસ્તકનું ઓશીકું બનાવ્યું. તેણે વિચાર્યું કે હવે તેણે સહેજ વધુ જાડી ચોપડીઓ વાંચવી જોઈએ. તે વધુ લાંબો વખત વાંચવા પણ ચાલે અને વધુ સારું ઓશીકું પણ બની શકે.

તે જાગ્યો ત્યારે હજી અંધારું હતું અને અડધીપડધી તૂટેલી છતમાંથી હજી તારાઓ પણ દેખાતા હતા. એક અઠવાડિયા પહેલાં તેને જે સ્વપ્ન આવેલું તે જ આજે ફરીથી આવ્યું હતું અને પહેલાંની જેમ જ તે પૂરું થાય તે અગાઉ જ તે જાગી ગયો હતો.

તે ઊઠયો, પોતાની લાકડી ઠપકારીને ઘેટાંને પણ ઉઠાડવા લાગ્યો. તેણે જોયું હતું કે પોતે જાગી જતો ત્યારે મોટા ભાગનાં ઘેટાં પણ ઊઠવા લાગતાં. જાણે કોઈ રહસ્યમય શક્તિ તેને આ ઘેટાં સાથે જોડતી ન હોય ! તેમની સાથે તે છેલ્લાં બે વર્ષથી હતો અને ચારાપાણીની શોધમાં તે આજુબાજુના વગડામાં ફરતો રહેતો. “તે બધાં હવે મારાથી એટલાં ટેવાઈ ગયાં છે કે જાણે મારું આખું સમયપત્રક જાણે છે.” તે બબડયો. થોડો વિચાર કરતાં તેને લાગ્યું કે કદાચ એવું હોય કે તે પોતે તેમનું સમયપત્રક જાણતો થઈ ગયો હોય !

તેમાંનાં કેટલાંક ઘેટાં ઊઠવામાં આળસ કરતાં પણ ખરાં. છોકરાએ તેમને ગોદા માર્યા અને દરેકને નામ દઈને ઉઠાડવા લાગ્યો. તે માનતો હતો કે પોતે જે કહે તે ઘેટાં સમજે છે. એટલે કેટલીક વાર તે પોતે વાંચેલી ચોપડીના એવા કેટલાક અંશો પણ તેમને વાંચી સંભળાવતો, જે તેને ખૂબ સારા લાગ્યા હોય. કોઈ વાર તે ભરવાડને ખેતરોમાં અનુભવાતી ખુશી કે એકલતાની વાતો પણ તેમને કહેતો. વળી કોઈ વાર જે ગામમાંથી પસાર થયા હોય તેમાં તેણે જે કંઈ જોયું હોય તેની વાતો પણ તેમને કહેતો.

પણ છેલ્લા કેટલાક સમયથી તેણે એક જ બાબત વિશે ઘેટાંને વાત કરી હતી – પેલી છોકરી વિશે, જે ચારેક દિવસમાં તેઓ જે ગામમાં પહોંચવાનાં હતાં ત્યાંના એક વેપારીની દીકરી હતી. આ અગાઉ એ ગામમાં એક જ વાર જવાનું બન્યું હતું – તે પણ ગઈ સાલ જ. કાપડના એ વેપારીની દુકાન હતી અને એ વેપારી ઈચ્છતો કે ઘેટાનું ઊન તેની પોતાની હાજરીમાં ઉતારવામાં આવે, જેથી એને કોઈ છેતરી ન જાય. એક મિત્રે આ છોકરાને તેની વાત કરી હતી અને તે ગયે વર્ષે પોતાનાં ઘેટાં ત્યાં લઈ ગયો હતો.

* * *

છોકરાએ વેપારીને કહ્યું, “મારે કેટલુંક ઊન વેચવું છે.”

દુકાનમાં ઘરાકી હતી એટલે દુકાનદારે તેને બપોર પછી મેળ પડશે એમ જણાવી રોકાઈ જવા કહ્યું. છોકરો તો તેની દુકાનના પગથિયે બેસી ગયો અને પોતાના કોથળામાંથી ચોપડી કાઢી.

"મને ખબર નહોતી કે ભરવાડોને વાંચતાં પણ આવડતું હશે !" પાછળથી એક છોકરીનો અવાજ સંભળાયો.

એન્ડાલુશિયા પ્રદેશના સૌંદર્યનું જાણે તે પ્રતીક હતી. લાંબા, કાળા ઝૂલતા વાળ અને આંખો એવી કે 'મૂર' વિજેતાઓની સ્મૃતિ તાજી થઈ જાય.

"આમ તો હું પુસ્તકો કરતાં મારાં ઘેટાં પાસેથી વધુ શીખું છું." તેણે જવાબ આપ્યો. બેએક કલાક વાતો ચાલી તેમાં તેણે કહ્યું કે હું આ શેઠની જ પુત્રી છું. ગામના રેઢિયાળ જીવન વિશે વાત કરી અને કહ્યું કે અહીં બધા દિવસ એકસરખા જ લાગતા હોય છે. ભરવાડે તેને એન્ડાલુશિયા પ્રદેશના અંતરિયાળ વિસ્તારોના સૌંદર્યની, પોતે જે નગરો જોયાં હતાં ત્યાંના જનજીવનની વાતો કરી. અલબત્ત, ઘેટાંની સાથે જ વાતો કરવા કરતાં આ વધુ આનંદદાયક વાતચીત હતી.

"તમે વાંચતાં કઈ રીતે શીખ્યા ?" છોકરીએ પૂછ્યું.

"જેમ બીજા શીખે છે તેમ, શાળામાં." તેણે કહ્યું.

"તમને જો વાંચતાં આવડે છે તો પછી તમે ઘેટાં શું કામ ચારો છો ?"

તેના પ્રશ્નનો ઉત્તર ન આપવો પડે એ રીતે છોકરો કંઈક બબડયો. તેને ખાતરી હતી કે આ છોકરી પોતાને સમજી નહીં શકે. તેણે પોતાના પ્રવાસોની વાતો ચાલુ રાખી અને છોકરીની તેજસ્વી આંખો ડર અને આશ્ચર્યથી પહોળી થતી ગઈ. સમય પસાર થતો ગયો તેમ તેમ છોકરાને થવા લાગ્યું કે આ દિવસ ક્યારેય પૂરો ન થાય તો કેવું સારું ! તેનો બાપ હંમેશાં વ્યસ્ત રહે અને પોતાને ત્રણ દિવસ સુધી રોકી રાખે. તેને ખ્યાલ આવ્યો કે તેને કંઈક એવી લાગણી થાય છે જે તેણે અગાઉ કદી અનુભવી નથી – એક જ ઠેકાણે હરહંમેશ માટે રહી પડવાની ઈચ્છા. આ કાળાભમ્મર વાળવાળી છોકરી સાથે રહેવા મળે તો એનું કિસ્મત ઊઘડી જાય. તેના દિવસો પહેલાં જેવા કદી નહીં રહે.

પણ છેવટે વેપારી આવ્યો અને છોકરાને તેનાં ચાર ઘેટાંનું ઊન ઉતારવા જણાવ્યું. ઊનની કિંમત ચૂકવીને એણે ભરવાડને ફરી બીજે વર્ષે આવી જવા કહ્યું.

* * *

અને, હવે માત્ર ચાર જ દિવસ બાદ તે ફરીથી એ જ ગામમાં પહોંચશે. તે ઉત્તેજિત હતો અને સાથે જ સહેજ બેચેન પણ. કદાચ પેલી છોકરી તેને ભૂલી પણ ગઈ હોય. ઘણાય ભરવાડો પોતાનાં ઘેટાંનું ઊન વેચવા માટે તે ગામમાંથી પસાર થતા રહે છે.

તેણે પોતાનાં ઘેટાંને કહ્યું, "કંઈ વાંધો નહીં. બીજી જગ્યાઓએ પણ હું બીજી છોકરીઓને જાણું જ છું ને !"

પણ હૃદયમાં તો તેને ખબર હતી કે એવું નહોતું. એ પણ તે જાણતો હતો કે નાવિકો અને પ્રવાસી ફેરિયાઓની જેમ ભરવાડો પણ હંમેશાં એક એવું નગર શોધી કાઢતા જ્યાં નચિંત બનીને રખડવાની મોજ ભૂલી જવાય એવું કોઈ 'જણ' જડે.

દિવસ ઊગતો હતો અને ભરવાડ સૂર્યની દિશામાં ઘેટાં હાંકી રહ્યો હતો. 'આમણે કદી કોઈ નિર્ણયો લેવાના નથી હોતા.' તેણે મનોમન વિચાર્યું : કદાચ એટલે જ એ મારી આસપાસ ફરતાં રહે છે.

ઘેટાં માટે તો ખોરાક અને પાણી જ સૌથી વધુ મહત્ત્વનાં હતાં. જ્યાં સુધી છોકરાને એન્ડાલુશિયાનાં લીલાંછમ ચરિયાણ ગોચરો ક્યાં ક્યાં પથરાયેલાં છે એની ખબર હોય ત્યાં સુધી તેઓ તેનાં મિત્રો બની રહેશે. હા, તેમના દિવસો એકસરખા હતા અને કદાચ સૂર્યના

ઉદયથી અસ્ત સુધીનો સમય એમને અનંત જણાતો હશે, પણ તેમની ટૂંકી જિંદગીમાં તેમણે કદી એક પણ પુસ્તક વાંચ્યું નહોતું, શહેરોના દેખાવો વિશે તેમને તે કહેતો ત્યારે એ કશું સમજતાં નહીં. તેઓ ખોરાક અને પાણીથી જ સંતુષ્ટ હતાં અને તેના બદલામાં તેઓ ઉદારતાથી પોતાનું ઊન આપતાં, એને સાથ આપતાં અને કેટલીક વાર પોતાનું માંસ પણ આપતાં.

છોકરાએ વિચાર્યું : જો હું આજે એક રાક્ષસ બનું અને તેમને એક એક કરી વધેરી નાખવાનું નક્કી કરું તો તે બાબતે તેમને ત્યારે જ કંઈક ખબર પડે, જ્યારે મારા હાથે મોટા ભાગનાં ઘેટાં કપાઈ ચૂક્યાં હોય. એ બિચારા મૂંગા જીવ તો મારા પર વિશ્વાસ રાખે છે અને પોતાની અંત:સ્ફુરણાઓ પર આધાર રાખવાનું ભૂલી જ ગયા છે, કારણ કે હું તેમને ચારવા લઈ જાઉં છું.

પોતાના આવા વિચારોથી છોકરો પોતે નવાઈ પામ્યો. કદાચ એ દેવળનું એ અંજીરનું વૃક્ષ ભૂતપલીતોનું સ્થાન હશે. તેને પેલું સ્વપ્ન બીજી વખત આવ્યું અને પોતાના મૂક વફાદાર સાથીઓ પ્રત્યે તેને ક્રોધ પણ આવ્યો – બધું તેને જ કારણે. આગલી રાત્રે લીધેલા ભોજનમાંથી વધેલો થોડો દારૂ તેણે પીધો અને જાકીટ કાઢી નાખ્યું. તે જાણતો હતો કે હવે થોડા જ કલાકોમાં સૂર્ય માથા પર આવશે અને તાપ એટલો વધશે કે તે પોતાનાં ઘેટાંને ખેતરોમાં હાંકી નહીં શકે. આ એ સમય હતો જ્યારે આખુંયે સ્પેન ઉનાળાની બપોરે સૂતું રહેતું. ગરમી તો રાત સુધી પડતી જ રહેતી અને એ આખો વખત તેણે પોતાનું જાકીટ પકડી રાખવું પડતું. જાકીટના વજનનો વિચાર કરતાંની સાથે તેને યાદ આવ્યું કે એ જાકીટને કારણે જ તે વહેલી સવારે પડતી ઠંડી સહી શક્યો હતો.

તેણે વિચાર્યું : આપણે પરિવર્તનો માટે સજ્જ રહેવું જોઈએ. જાકીટના વજન અને ગરમાવાની તેને કદર થઈ.

જાકીટનો એક ખાસ હેતુ હતો અને છોકરાનો પણ. તેના જીવનનો હેતુ હતો ફરવું. બે વર્ષના એન્ડાલુશિયન પ્રદેશના ભ્રમણથી તે હવે તેમાંના બધાં શહેરો વિશે ઘણું બધું જાણતો હતો. આ વખતની મુલાકાતમાં તે પેલી છોકરીને સમજાવવા ધારતો હતો કે એક સીધોસાદો ભરવાડ વાંચી શકતો હતો, એનું કારણ હતું. તે ૧૬ વર્ષનો થયો ત્યાં સુધી તેણે એક ગુરુકુળમાં અભ્યાસ કર્યો હતો. તેનાં માતાપિતાની ઈચ્છા હતી કે તે પાદરી બને અને એ રીતે એક સીધાસાદા ગામડાના કુટુંબનું ગૌરવ બને. તેઓ ખોરાક અને પાણી માટે સખત મહેનત કરતાં – આ ઘેટાંની જેમ જ. તેણે લેટિન, સ્પેનિશ ભાષા અને ધર્મદર્શનનો પણ અભ્યાસ કર્યો હતો, પરંતુ છેક નાનપણથી જ એને દુનિયાને જાણવાની મહેચ્છા હતી. તે ભગવાન કે પાપપુણ્યોની જાણકારી કરતાં તેને મન વધુ મહત્ત્વની હતી. એક સાંજુકી વેળાએ તેણે હિંમત એકઠી કરીને પિતાને કહી દીધું હતું કે હું પાદરી બનવા ઈચ્છતો નથી અને પ્રવાસ કરવા ઈચ્છું છું.

* * *

તેના પિતા કહે, "બેટા, આખી દુનિયાના લોકો આપણા ગામમાંથી પસાર થયા હશે. તેઓ નવી ચીજો શોધતા આવે છે, છતાં જ્યારે પાછા ફરે છે ત્યારે તેઓ જેવા હતા તેનાથી સહેજ પણ બદલાયા હોતા નથી. તેઓ મહેલ જોવા માટે આખો પર્વત ચડે છે અને એ તારણ કાઢે છે કે આપણી પાસે જે આજે છે તેના કરતાં ભૂતકાળ વધુ સારો હતો. ભલે તેમના વાળ ભૂરા હશે કે ત્વચા કાળી હશે, પણ મૂળમાં તો અહીં જે લોકો રહે છે તેમના જેવા જ તેઓ છે."

"પણ મારે તો તે લોકો જે શહેરોમાં રહે છે ત્યાંના મહેલ જોવા છે." છોકરાએ સમજાવ્યું.

તેના પિતા આગળ બોલ્યા, "એ લોકો જ્યારે આપણી ભૂમિ જુએ છે ત્યારે કહે છે કે

તેઓ અહીં હંમેશ માટે રહેવાનું પસંદ કરશે.''

''ભલે. પણ મારે તેમની ભૂમિ જોવી છે અને જોવું છે કે તેઓ કઈ રીતે જીવે છે.''

''અહીં આવે છે તે લોકો પાસે ખર્ચવાના બહુ પૈસા હોય છે એટલે પ્રવાસ કરવો તેમને પોસાય.'' તેના પિતાએ કહ્યું, ''આપણામાં તો ફક્ત ભરવાડો જ એવી રઝળપાટ કરે.''

''એમ ! તો હું ભરવાડ બનીશ !''

તેના પિતાએ એથી વધુ કશું ન કહ્યું. બીજે દિવસે એમણે દીકરાને પ્રાચીન સ્પેનના સોનાના ત્રણ સિક્કા ભરેલી કોથળી આપી.

''મને આ એક દિવસ ખેતરમાંથી મળી આવ્યા હતા. મારે તને તે વારસામાં આપવા હતા, પણ હવે તું તેને તારાં ઘેટાં ખરીદવામાં વાપરજે. વગડામાં રખડીશ ત્યારે એક દિવસ તને ખ્યાલ આવશે કે આપણી આ ગામડાની ધરતી સૌથી શ્રેષ્ઠ છે અને આપણી સ્ત્રીઓ સૌથી વધુ સુંદર.''

તેમણે છોકરાને આશીર્વાદ આપ્યા. છોકરો પિતાની આંખમાં જોઈ શક્યો – એને પોતાને આવતું એવું જ સપનું – કે પોતે દુનિયાભરના પ્રવાસમાં નીકળે. વરસોવરસ સંઘર્ષ કરતાં કરતાં, ખોરાક અને પાણી મેળવવાનાં ફાંફાં મારતાં મારતાં, એક જ ઠેકાણે વસવાટ કરવાની મજબૂરી સહેતાં સહેતાં તેમનું તે સ્વપ્ન ઊંડું ધરબાઈ ગયું હશે ભલે, પણ આજે તે જીવંત તો હતું.

* * *

ક્ષિતિજમાં રતાશનો ટશિયો ફૂટયો અને અચાનક જ સૂર્યે દેખા દીધી. પિતા સાથેની વાતચીત છોકરાને યાદ આવી અને તેને ખુશી થઈ. તેણે અત્યાર સુધીમાં ઘણાં મોટાં મોટાં ભવનો જોઈ લીધાં હતાં, ઘણી સ્ત્રીઓનેય મળ્યો હતો, પણ ઘણા દિવસથી એની રાહ જોયા કરતી હોય એવી તો એક જ હતી જે હવે થોડા દિવસોમાં મળવાની હતી. તેની પાસે પોતાની માલિકીનું જાકીટ હતું, એક પુસ્તક હતું જેને તે બીજા પુસ્તકના બદલામાં આપી શકતો હતો અને ઘેટાં પણ હતાં. છતાં સૌથી વધુ મહત્ત્વનું તો એ હતું કે તે પોતાનું સ્વપ્ન રોજ રોજ જીવી શકતો હતો. જો તે એન્ડાલુશિયા પ્રદેશનાં બીડોથી કંટાળે, તો તે પોતાનાં ઘેટાં વેચીને દરિયાની મુસાફરી કરી શકે એમ હતો. તે દરિયાના પ્રવાસથી કંટાળશે ત્યાં સુધી તેને બીજાં ઘણાં શહેરોની માહિતી મળી ગઈ હશે, ઘણી બીજી સ્ત્રીઓને મળી ચૂક્યો હશે અને ખુશ થવાની ઘણી તકો માણી ચૂક્યો હશે. પેલા ગુરુકુળમાં મને કંઈ ભગવાન ન મળ્યા હોત... તેણે સૂર્યોદયને નિહાળતાં વિચાર્યું.

જ્યારે પણ શક્ય હોય ત્યારે તે પ્રવાસનો નવો માર્ગ શોધતો. પેલા જૂના દેવળમાં અત્યાર સુધી તે ક્યારેય ગયો નહોતો. જો કે એ બાજુથી આ પહેલાં ઘણી વખત પસાર થયો હતો ખરો. આ દુનિયા બહુ જ વિશાળ અને અખૂટ હતી. તે થોડો વખત ઘેટાંને નવા રસ્તે આગળ વધવા દેતો અને પછી બીજી રસપ્રદ ચીજોમાં પરોવાઈ જતો. સમસ્યા એ હતી કે ઘેટાંને એ વાતનો અણસાર પણ નહોતો રહેતો કે તેઓ દરરોજ નવે નવે રસ્તે ચાલતાં હતાં. તેઓ એ જોતાં નથી કે ખેતરો નવાં છે, ઋતુઓ બદલાય છે. તેઓ બસ એક જ વાતનો વિચાર કરે છે : ચારોપાણી.

છોકરાએ વિચાર્યું : કદાચ આપણે બધાં પણ એવાં જ છીએ. કદાચ હું પણ – પેલા વેપારીની દીકરીને મળ્યા પછી મેં બીજી કોઈ સ્ત્રીનો વિચાર પણ નથી કર્યો. સૂર્ય તરફ નજર કરતાં તેને લાગ્યું કે હવે ખરા બપોર પહેલાં તે ટારિફા પહોંચશે. ત્યાં તે પોતાની ચોપડી આપીને બીજી જાડી ચોપડી મેળવી શકશે, ખાલી થયેલી બાટલીમાં દારૂ ભરાવી શકશે, દાઢી કરાવશે,

વાળ કપાવી શકશે. તેણે છોકરીને મળવા માટે તૈયાર રહેવું પડશે. તેને વિચારવું સુધ્ધાં ખપતું નહોતું કે બીજો કોઈ વધારે ઘેટાં ધરાવતો ભરવાડ કદાચ પોતાના કરતાં વહેલો પહોંચી ગયો હોય અને એણે તેનો હાથ માગી લીધો હોય.

એણે મનમાં વિચાર્યું : સ્વપ્નો સાકાર થવાની શક્યતા જ જીવનને રસભર બનાવે છે. ફરીથી સૂર્ય તરફ નજર નાખી તેણે ઝડપ વધારી. તેને અચાનક યાદ આવ્યું કે ટારિફામાં એક વૃદ્ધા રહે છે જે સ્વપ્નોના અર્થ કહી આપે છે.

* * *

વૃદ્ધા તેને પોતાના ઘરના પાછલા ખંડમાં લઈ ગઈ. રંગીન મણકાઓના બનેલા પડદાથી તે ભાગ મુખ્ય ઓરડાથી જુદો પડતો હતો. તેમાં એક ટેબલ ઉપરાંત જિસસની પવિત્ર મૂર્તિ અને બે ખુરશીઓ જ હતી.

વૃદ્ધા એક ખુરશી પર બેઠી અને તેને પણ બેસવા કહ્યું. પોતાના હાથમાં તેના બંને હાથ લીધા અને ધીમે અવાજે પ્રાર્થના કરવા લાગી.

રખડુ વણજારાઓ કરતા હોય છે એવી આ પ્રાર્થના જણાઈ. રસ્તે જતાં વણજારાઓની છોકરાને મુલાકાત થઈ ચૂકી હતી. તે લોકો પણ પ્રવાસી હતા, પરંતુ તેઓ ઘેટાં ન રાખતા. લોકો કહેતા કે આ વણજારાઓ બીજા લોકોને છેતરીને નિર્વાહ ચલાવતા. એમ પણ કહેવાતું કે તેઓનો શેતાન સાથે સીધો સંબંધ હતો. તેઓ બાળકોને એમની પોતાની રહસ્યમય છાવણીમાં ઉપાડી જતા અને પછી પોતાના ગુલામ બનાવતા. બાળપણમાં એ પણ વણજારાઓથી અતિશય ડરતો. તેને તે લોકો ઉપાડી જશે એવી બીક રહ્યા કરતી. એ વૃદ્ધાએ તેના હાથ પોતાના હાથમાં લીધા, ત્યારે બાળપણનો ડર આ ક્ષણે તેનામાં પાછો સળવળી રહ્યો.

પણ ડોશી પાસે તો જિસસની પવિત્ર મૂર્તિ હતી. તેણે આશ્વસ્ત થવા કોશિશ કરી. પોતાનો હાથ બીકથી ધ્રૂજે અને તે વૃદ્ધા એને ડરપોક માની લે એ ઠીક નહીં. તેણે મૌન રહીને પ્રભુની પ્રાર્થના કરી.

“મજાની રેખાઓ છે !” વૃદ્ધા બોલી, જો કે તેણે નજર તો છોકરાના હાથ પર જ ખોડેલી રાખી. પછી તે મૌન થઈ ગઈ. છોકરો થોડો બેચેન થવા લાગ્યો, તેના હાથ ધ્રૂજવા લાગ્યા અને વૃદ્ધાને તેનો ખ્યાલ આવી ગયો. તરત જ છોકરાએ હાથ પાછા ખેંચ્યા.

“હું કંઈ મારી હથેળી દેખાડવા અહીં આવ્યો નથી.” એ અહીં આવ્યો તેની દિલગીરી પણ તેને થવા લાગી. એક ક્ષણ તો તેને થયું કે વૃદ્ધાને તેની ફી આપીને નીકળી જવું, કશું પૂછ્યાગાછ્યા વગર જ. કદાચ તે પોતાના પેલા સ્વપ્નને વધુ પડતું જ મહત્ત્વ આપતો હતો.

“તું અહીં એટલે આવ્યો કે તારાં સ્વપ્નાં વિશે જાણી શકે.” વૃદ્ધા બોલી, “સ્વપ્નાં તો પ્રભુની ભાષા છે. જ્યારે તે આપણી ભાષામાં બોલે છે, ત્યારે તેનું હું અર્થઘટન કરી શકું છું. પણ જ્યારે તે આત્માની ભાષામાં બોલે છે, ત્યારે તે તું જ સમજી શકે. ખેર, જે હોય તે, તેં સલાહ લીધી તેના પૈસા તો હું લઈશ.”

જોયું ? આ બીજી રમત. છોકરાએ વિચાર્યું. પણ તેણે એક જોખમ ખેડી લેવાનો વિચાર કર્યો. એક ભરવાડ હંમેશાં ખૂંખાર વરુ અને દુકાળ જેવાં જોખમ લેતો જ હોય છે અને તે જ તેના જીવનને રસપ્રદ બનાવે છે.

“મને એક જ સ્વપ્ન બે વખત આવ્યું.” તેણે કહ્યું, “તેમાં હું મારાં ઘેટાંઓ સાથે ચરિયાણમાં હતો જ્યારે એક બાળકી આવી અને પશુઓ સાથે ખેલ કરવા લાગી. મને એવાં માણસો નથી ગમતાં, કેમ કે ઘેટાંઓ અજાણ્યા લોકોથી ડરે છે. છતાં બાળકો હંમેશાં ડરાવ્યા

વિના જ તેમની સાથે રમી શકે છે. પશુઓ માનવની ઉંમર કઈ રીતે જાણે છે તે પણ નથી સમજાતું.''

''તારા સ્વપ્ન વિશે મને જલદી કહે.'' વૃદ્ધા બોલી, ''મારે હજી રસોઈ કરવાની છે અને તારી પાસે બહુ પૈસા તો નથી એટલે હું તને વધારે સમય નહીં આપી શકું.''

''એ બાળકી મારાં ઘેટાં સાથે ખાસ્સો સમય રમી.'' થોડા વ્યથિત થઈને છોકરાએ કહ્યું, ''અચાનક જ તે બાળકીએ મારા બંને હાથ વડે મને પકડયો અને છેક ઈજિપ્તના પિરામિડો સુધી પહોંચાડી દીધો.''

તે થોડો થોભ્યો – એ જાણવા કે શું વૃદ્ધાને આ ઈજિપ્તના પિરામિડો એટલે શું તેની જાણ છે ખરી – પણ તે કશું બોલી નહીં.

''અને પછી ઈજિપ્તના પિરામિડો આગળ'' – છેલ્લા ત્રણે શબ્દો તે ધીરે ધીરે બોલ્યો. જેથી વૃદ્ધા થોડું સમજી શકે. તે બાળકીએ મને કહ્યું, ''જો તું અહીં આવીશ તો તને છૂપો ખજાનો મળશે એમ કહીને તે મને તેનું ચોક્કસ સ્થાન બતાવવા જતી હતી, ત્યાં જ મારી આંખ ઊઘડી ગઈ. બંને વખત.''

વૃદ્ધા થોડો વખત અબોલ રહી. પછી તેણે ફરીથી ભરવાડના હાથ પોતાના હાથમાં લીધા અને તેનો અભ્યાસ કરવા લાગી.

''હવે હું તારી પાસે કોઈ ફી નહીં લઉં.'' તે બોલી. ''પણ તે ખજાનાનો દસમો ભાગ હું લઈશ – જો તને તે મળે તો.''

છોકરો ખુશખુશાલ થઈ હસી પડયો – એક ખજાનાના સ્વપ્નને કારણે તેના થોડા પૈસા બચી જવાના હતા !

''અચ્છા, સ્વપ્ન સમજાવો ?'' તેણે કહ્યું.

''પહેલાં તો તું મને વચન આપ. હું જે કંઈ કહું તેના બદલામાં તું મને તારા ખજાનાનો દસમો ભાગ આપીશ, એવું વચન આપ.''

ભરવાડે વચન આપ્યું. વૃદ્ધાએ જિસસની મૂર્તિ સામે જોઈને ફરી વચન લીધું.

''આ સ્વપ્ન જગતની ભાષામાં છે.'' વૃદ્ધા બોલી. ''તેનું અર્થઘટન હું કરી શકું, જો કે તે ઘણું અઘરું છે. માટે જ મને લાગે છે કે તને જે મળે તેનો હિસ્સો મને મળે તે યોગ્ય જ છે.''

''અને આ છે મારું અર્થઘટન. તારે ઈજિપ્તના પિરામિડો પાસે જવું જ જોઈએ. મેં તેના વિશે કદી કાંઈ સાંભળ્યું નથી, પણ જો એક બાળકી તને ત્યાં લઈ ગઈ હોય તો તેનું અસ્તિત્વ હોવું જ જોઈએ. ત્યાં જ તને એવો ખજાનો જડી આવશે જેથી તું એક ધનવાન વ્યક્તિ બનીશ.''

પહેલાં તો છોકરાને આશ્ચર્ય થયું, પણ પછી એને ખીજ ચડી. આટલું સાંભળવા માટે તો આ બુઢ્ઢીને મળવા નહોતો આવ્યો ! પણ પછી પાછું તેને યાદ આવ્યું કે તેણે કશી ફી નથી ચૂકવવાની. છતાં તે બોલ્યો, ''માત્ર આટલા માટે મારો વખત બગાડવા જેવો નહોતો !''

''મેં તને કહ્યું ને કે તારું એ સ્વપ્ન ઘણું અઘરું છે. જીવનમાંની સાદી વાતો જ સૌથી વધારે અસાધારણ હોય છે. માત્ર શાણા માણસો જ તે સમજી શકે અને હું શાણી નથી, એટલે મારે બીજી કળાઓ શીખવી પડે છે, જેમ કે હાથ જોવાની કળા.''

''ખેર, હું ઈજિપ્ત પહોંચીશ કઈ રીતે ?''

''હું તો સ્વપ્નાં વાંચું છું. તેને કઈ રીતે સાચાં પાડવાં તે હું નથી જાણતી. એટલે તો મારે મારી દીકરીઓ જે આપે તેનાથી ચલાવવું પડે છે.''

''અને જો હું કદી ઈજિપ્ત ન પહોંચું તો ?''

"તો મને પૈસા નહીં મળે. આવું કંઈ પહેલી વાર નથી થવાનું."

પછી વૃદ્ધાએ તેને જવા કહ્યું કારણ કે તેણે આમ પણ છોકરા સાથે વધુ પડતો સમય બગાડ્યો જ હતો.

આમ, છોકરો નાસીપાસ થયો અને તેણે નિર્ણય લીધો કે હવેથી તે કદી સ્વપ્નામાં શ્રદ્ધા રાખશે નહીં. તેને યાદ આવ્યું કે હજી ઘણી બધી ચીજો કરવાની બાકી છે. તે જે કંઈ મળે તે ખાઈ લેવા બજાર ગયો. પોતાનું પુસ્તક બીજી જાડી ચોપડીના બદલામાં આપ્યું અને નવો ખરીદેલો વાઈન ચાખવા માટે નગરના ચોકમાં એક બેઠક શોધી કાઢી. ગરમી હતી અને વાઈન તાજગી આપતો હતો. ઘેટાંને તેણે શહેરને દરવાજે આવેલા તબેલામાં રાખ્યાં હતાં અને તે તબેલો તેના એક મિત્રનો હતો. આ શહેરમાં તે ઘણા લોકોથી પરિચિત હતો. આ વસ્તુ પણ પ્રવાસ કરવા માટેનું આકર્ષણ હતી – તે હંમેશાં નવા નવા મિત્રો બનાવતો છતાં પોતાનો બધો સમય તેણે તેમની જ પાછળ વિતાવવો નહોતો પડતો. જ્યારે તમે એકના એક લોકોને રોજેરોજ જોતા હોવ, (પેલા ગુરુકુળમાં એવું સ્તો થતું હતું.) ત્યારે તે વ્યક્તિ જીવનનો એક ભાગ જ બની જાય અને પછી તે તમને બદલવા ઈચ્છે. જો એ ઈચ્છે એવા ન બની શકો તો એને તમારા પર ગુસ્સોય આવે ! દરેકને બીજા લોકોએ તેમનું જીવન કઈ રીતે વિતાવવું જોઈએ, એની પાકી સમજણ હોય છે, પણ પોતાના જીવન અંગે કશી સમજ નથી હોતી.

પોતાનાં ઘેટાંને ફરી વગડામાં લઈ જવા માટે તેણે સૂરજ થોડો નમે એ પછી નીકળવાનું વિચાર્યું. આજ પછીના ત્રીજા દિવસે તે પેલા વેપારીની દીકરીની સાથે હશે.

તે નવી ખરીદેલી ચોપડી વાંચવા લાગ્યો. તેના પહેલા જ પાનામાં દફનવિધિનું વર્ણન હતું. તેમાં સામેલ વ્યક્તિઓનાં નામો ઉચ્ચારવામાં ઘણાં અઘરાં હતાં. જો ભવિષ્યમાં કદી તે પોતે કોઈ પુસ્તક લખશે, તો એમાં એક સમયે એક જ વ્યક્તિને રજૂ કરશે, જેથી વાચકને ઘણાં બધાં નામો યાદ રાખવાની માથાકૂટ ન રહે.

છેવટે જ્યારે એકાગ્ર થઈ વાંચવા માંડયો ત્યારે તેને આ પુસ્તક ગમ્યું. તે દિવસે બરફ પડતો હતો અને તેને એ ઠંડીની અનુભૂતિ ગમી. તે આગળ વાંચતો જ હતો, ત્યાં એક વૃદ્ધ માણસ તેની પાસે આવીને બેઠો અને વાત કરવાના પ્રયત્નો કરવા લાગ્યો.

નગરચોકમાં ફરતાં માણસોને ચીંધીને તે બોલ્યો, "આ લોકો શું કરી રહ્યા છે ?"

"કામ કરે છે." સહેજ શુષ્કતાથી તે બોલ્યો, જાણે કહેવા માગતો હોય કે તેને વાંચવા પર વધુ ધ્યાન આપવું છે.

ખરેખર તો તે વેપારીની દીકરીની સામે પોતાનાં ઘેટાંના વાળ ઉતારવા વિશે વિચારી રહ્યો હતો, જેથી તે જોઈ શકે કે પોતે અઘરાં કામ પણ કરી શકે છે. આખુંય દૃશ્ય તેણે ઘણી વાર પોતાના મનમાં ભજવ્યું પણ હતું. જ્યારે તે સમજાવતો કે ઘેટાના વાળ પાછળથી આગળ ઉતારવાના હોય છે, ત્યારે તે ખૂબ જ રસથી મોં ફાડીને ઊભી રહેતી. વાળ ઉતારતી વખતે તેને કંઈક સારી વાતો સંભળાવવી એ વિશે તે વિચારતો રહેતો. મોટા ભાગની એ વાતો તેણે પુસ્તકોમાં વાંચી હતી, પણ તે એને એવી રીતે સંભળાવશે જાણે તે પોતાના જ અનુભવો ન હોય ! તેને તો આ તફાવતની જાણ થવાની નથી કેમ કે તે વાંચી તો શકતી નથી.

આ દરમિયાન પેલા વૃદ્ધે વાતો કરવાના પ્રયત્નો ચાલુ જ રાખ્યા. તેણે કહ્યું કે હું ખૂબ થાકેલો છું, તરસ્યો થયો છું. એક ઘૂંટ ભરી શકું ? પીછો છોડાવવા માટે છોકરાએ તેને પોતાની વાઈનની બાટલી આપી.

પણ વૃદ્ધને તો વાતો જ કરવી હતી. તેણે પૂછ્યું, 'ભઈલા, કઈ ચોપડી વાંચે છે ?' છોકરાને તેનું અપમાન કરવાનું અને બીજી બેઠક પર જતા રહેવાનું મન થઈ આવ્યું, પણ તેના

પિતાએ તેને ઉંમરલાયક લોકો સાથે આદરથી વર્તવાનું શીખવ્યું હતું. એટલે તેણે તે પુસ્તક વૃદ્ધની સામે ધર્યું. તેનાં બે કારણો હતાં : એક તો એ કે તેના નામનો ઉચ્ચાર શું થાય તે વિશે તે હજી સ્પષ્ટ નહોતો અને બીજું, જો એ વૃદ્ધ વાંચી નહીં શકે, તો તે આપોઆપ ક્ષોભ અનુભવશે અને શરમનો માર્યો બીજી બેઠક પર જતો રહેશે.

"હંમ....." વૃદ્ધે પુસ્તકને ચારે બાજુથી તપાસ્યું, જાણે કોઈ અજાણી વસ્તુ ન જોઈ રહ્યો હોય. "આ એક મહત્ત્વની ચોપડી છે, પણ ખરેખર કંટાળાજનક છે."

છોકરો ઘા ખાઈ ગયો. એ વૃદ્ધ વાંચવાનું જાણતો હતો તેટલું જ નહીં આ પુસ્તક તેણે વાંચી પણ લીધું હતું. જો તે કહેતો હતો તેમ ચોપડી કંટાળાજનક હોય, તો તે બદલાવવાનો સમય હજી તો તેની પાસે બચ્યો જ હતો.

"આ ચોપડી એ જ કહે છે જે આખી દુનિયાની લગભગ બધી ચોપડીઓ કહે છે." વૃદ્ધે બોલવાનું ચાલુ રાખ્યું, "લોકો પોતાની નિયતિ પોતે પસંદ કરી નથી શકતા એનું વર્ણન કરે છે અને છેવટે જે તારણ પર આવે છે તે દુનિયાનું સૌથી મોટું જૂઠ છે."

"દુનિયાનું સૌથી મોટું જૂઠ શું છે ?" છોકરાએ તદ્દન નવાઈથી પૂછ્યું.

"તે એ કે આપણે જીવનના એક ચોક્કસ તબક્કે આપણી સાથે શું થાય છે તેના પરનું નિયંત્રણ ગુમાવી દઈએ છીએ અને ત્યારથી આપણું જીવન વિધાતાના નિયંત્રણમાં આવે છે. આ છે દુનિયાનું સૌથી મોટું જુઠાણું."

"એવું મારી સાથે કદી બન્યું નથી." છોકરાએ કહ્યું. "ઘરના વડીલો મને પાદરી બનાવવા ઈચ્છતા હતા, પણ મેં ભરવાડ બનવાનો નિર્ણય કર્યો."

"બહુ સારું કર્યું." વૃદ્ધે કહ્યું, "કારણ કે તને પ્રવાસ કરવો ખરેખર ગમે છે."

"તેને ખબર હતી કે હું શું વિચારતો હતો." છોકરાએ મનોમન કહ્યું. એ દરમિયાન પુસ્તકનાં પાનાં ઊથલાવતો હતો, જાણે તેને પાછી જ નહોતી આપવી. છોકરાએ જોયું કે વૃદ્ધનો પહેરવેશ કંઈક વિચિત્ર હતો. તે એક આરબ જેવો જણાતો હતો, જે આ પ્રદેશમાં નવાઈની વાત તો નહોતી. ટારિફાથી થોડા જ કલાકોમાં આફ્રિકાખંડ આવતો હતો, માત્ર એક નાનો અખાત હોડીમાં બેસીને પાર કરવાનો હતો. શહેરમાં આરબો ઘણી વખત દેખાતા, ખરીદી કરતા અને તેમની અવનવી પ્રાર્થનાઓ દિવસમાં ઘણી વખત કરતા રહેતા.

"તમે ક્યાંથી આવો છો ?" છોકરાએ પૂછ્યું.

"ઘણી જગ્યાઓથી."

"કોઈ પણ વ્યક્તિ ઘણી જગ્યાઓથી ન હોઈ શકે." છોકરાએ કહ્યું, "હું ભરવાડ છું અને ઘણી જગ્યાઓએ ગયો છું, પણ હું આવું છું તો એક જ જગ્યાએથી – એક જૂના મહેલની નજીકના શહેરમાંથી. ત્યાં જ મારો જન્મ થયેલો."

"અચ્છા, તો પછી આપણે કહી શકીએ કે હું સાલેમમાં જન્મ્યો છું."

છોકરાને ખબર નહોતી કે સાલેમ ક્યાં આવ્યું, પણ તેને એ વિશે પૂછવું નહોતું, કારણ કે તેને લીધે તેનું અજ્ઞાન છતું થઈ જાય. થોડો વખત તે નગરચોકમાંના લોકો તરફ જોતો રહ્યો. તેઓ અહીંતહીં આવતા જતા હતા અને બધા જ ખૂબ વ્યસ્ત જણાતા હતા.

"અચ્છા, તો સાલેમ કેવું છે ?" થોડો અણસાર મેળવવા તેણે પૂછ્યું.

"જેવું હંમેશાં હતું તેવું !"

આમ તો આ કશો અણસાર ન કહેવાય, પણ છોકરો જાણતો હતો કે એન્ડાલુશિયામાં તો તે નહોતું. જો હોત તો તેના વિશે તેણે જાણ્યું હોત.

"સાલેમમાં તમે શું કરો છો ?" તેણે પ્રશ્નો ચાલુ રાખ્યા.

‘‘સાલેમમાં હું શું કરું છું ?’’ વૃદ્ધ હસ્યો. ‘‘હું સાલેમનો રાજા છું !’’

લોકો કંઈ ને કંઈ વિચિત્ર લાગે એવું બોલ્યા કરતા હોય છે, છોકરાએ વિચાર્યું. કેટલીક વાર તો એમ લાગે કે ઘેટાં સાથે રહેવું વધુ સારું છે. તેઓ કશું કહેતાં તો નથી અને તેથીય વધુ સારું તો પોતાનાં પુસ્તકોની સાથે એકલા રહેવું તે. પુસ્તકો અચંબાભરી વાતો તો કહે છે પણ તમને જ્યારે સાંભળવી ગમે ત્યારે પણ જ્યારે તમે લોકો સાથે વાતો કરો ત્યારે તેઓ કેટલીક વાર તો એવું વિચિત્ર બોલી નાખે છે કે તમને આગળ શું બોલવું તે જ ન સમજાય.

‘‘મારું નામ છે મેલ્ચિઝેડેક.’’ વૃદ્ધ બોલ્યો. ‘‘તારી પાસે કેટલાં ઘેટાં છે ?’’

‘‘પૂરતાં છે !’’ છોકરો જોઈ શક્યો કે તેને પોતાના જીવન વિશે વધુ જાણવું હતું.

‘‘તો તો મુશ્કેલી ! તને લાગતું હોય કે તારી પાસે પૂરતાં ઘેટાં છે, તો હું તને કશી મદદ ન કરી શકું.’’

છોકરો વ્યગ્ર બનતો જતો હતો. તેણે કંઈ મદદની માગણી કરી તો નહોતી. ઊલટાનું આ બુઢ્ઢો પોતાની બાટલીમાંથી બે ઘૂંટ પીવા માગવા આવેલો અને વાત પણ તેણે જ શરૂ કરી હતી.

‘‘મારી ચોપડી પાછી આપી દો.’’ છોકરો બોલ્યો, ‘‘મારે જઈને મારાં ઘેટાં ભેગાં કરીને આગળ જવાનું છે.’’

‘‘તારાં ઘેટાંઓનો દસમો ભાગ મને આપ.’’ વૃદ્ધ બોલ્યો, ‘‘હું તને છૂપો ખજાનો કઈ રીતે શોધવો તે કહીશ.’’

છોકરાને પોતાનું સ્વપ્ન યાદ આવ્યું અને અચાનક બધું સ્પષ્ટ થઈ ગયું. પેલી વૃદ્ધાએ તેની પાસે કોઈ ફી લીધી નહોતી, પણ આ વૃદ્ધ – કદાચ તેનો પતિ જ હશે – જે ચીજનું અસ્તિત્વ જ નથી તેને લગતી માહિતીના બદલામાં ઘણા વધુ પૈસા મેળવવાનો રસ્તો શોધી રહ્યો હતો. કદાચ આ વૃદ્ધ પણ એક વણજારો જ હોવો જોઈએ.

છોકરો કંઈ કહે તે પહેલાં વૃદ્ધે નીચા નમીને એક નાની લાકડી ઊંચકી અને નગરના ચોકની રેતીમાં જ કંઈ લખવા લાગ્યો. તેની છાતીમાંથી કંઈ એવો તીવ્ર અને તેજસ્વી પ્રકાશ છૂટ્યો કે છોકરાની આંખો અંજાઈ ગઈ. તેની ઉંમરના પ્રમાણમાં અતિ ઝડપ વાપરીને વૃદ્ધે તે જે કંઈ હતું તેના ઉપર પોતાનો ખેસ ઢાંકી દીધો. જ્યારે તેની આંખો ફરીથી બરાબર જોવા લાગી ત્યારે રેતીનું લખાણ વાંચી શક્યો.

આ નગરના ચોકની રેતીમાં તેણે પોતાના પિતા અને માતાનાં નામ વાંચ્યાં અને જે ગુરુકુળમાં તે ભણ્યો હતો તેનું નામ પણ હતું. તે જાણતો નહોતો તે નામ – વેપારીની દીકરીનું – પણ વાંચ્યું અને બીજી પણ કેટલીક વાતો જે તેણે કદી કોઈને કરી નહોતી.

* * *

‘‘હું સાલેમનો રાજા છું.’’ વૃદ્ધે કહ્યું હતું.

સહેજ અચંબા અને ક્ષોભ સાથે છોકરાએ પૂછ્યું.

‘‘તમે એક રાજા થઈને ભરવાડ સાથે વાતચીત કરવા કેમ ઈચ્છો છો ?’’

‘‘તેનાં ઘણાં કારણો છે, પણ સૌથી વધુ મોટું કારણ એ છે કે તું તારી નિયતિ શોધવામાં સફળ થયો છે.’’

‘નિયતિ’નો શો અર્થ થાય તે છોકરાને ખબર નહોતી.

‘‘એટલે એમ કે જે તને હંમેશાં કરવાની ઈચ્છા હતી તે કરવું. જ્યારે યુવાન હોય ત્યારે

દરેક વ્યક્તિને પોતાની નિયતિ શું છે તેની જાણ હોય છે.''

''જીવનના એ તબક્કે બધું સ્પષ્ટ અને શક્ય હોય છે. યુવાનો સ્વપ્ન જોવાથી ડરતા નથી કે નથી એ બધી વસ્તુઓ પોતાના જીવનમાં થતી જોવાની ઈચ્છા રાખવામાં ડરતા. પણ જેમ વખત વીતતો જાય તેમ એક રહસ્યમય શક્તિ તેમને એ સમજાવી દેવામાં સફળ થાય છે કે તેમને તેમના ભાગ્યને વાસ્તવિક બનાવવું અશક્ય બનશે.''

વૃદ્ધે જે કંઈ કહ્યું તેનો અર્થ મોટે ભાગે તો છોકરાને સમજાયો નહીં, પણ તેને જાણવું હતું કે એ 'રહસ્યમય શક્તિ' શું હતી ? વેપારીની દીકરીને જ્યારે એના વિશે કહેશે ત્યારે તે ચોક્કસ આશ્ચર્ય પામી જશે !

''એ શક્તિ આમ તો નકારાત્મક લાગે છે, પણ ખરી રીતે તે તમારી નિયતિને વાસ્તવિકતામાં કઈ રીતે બદલી શકો તે સમજાવે છે. તે તમારાં ઉત્સાહ અને ઈચ્છાશક્તિને મજબૂત બનાવે છે. કારણ આ બ્રહ્માંડનું એક મહાન સત્ય એ છે કે તમે કોઈ પણ હોવ કે કંઈ પણ કરતા હોવ, તેની પાછળ તમારી એ માટેની પ્રબળ ઈચ્છા જવાબદાર છે. એ તમારા જીવનનો હેતુ છે. એ ઈચ્છા મૂળ વૈશ્વિક આત્મામાં ઊભી થઈ છે માટે પૃથ્વી પર તે જ તમારું ધ્યેય બની રહે છે.''

''ભલે પછી તે પ્રવાસ કરવાની અને કાપડના વેપારીની દીકરી સાથે લગ્ન કરવાની કેમ ન હોય ?''

''હા, અથવા પછી છૂપા ખજાનાની શોધની ઈચ્છા. વિશ્વાત્માને શેનાથી શક્તિ મળે છે ? લોકોની ખુશી, દુઃખ, ઈર્ષા અને ખાર... એ બધાથી. તમારું સાચું કર્તવ્ય એ છે કે પોતાની નિયતિને વાસ્તવિક બનાવવી. બાકી બધું એક જેવું હોય છે.''

''જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે.''

થોડી વાર બંને મૌન રહ્યા અને નગરના ચોકમાં આંટા મારતા લોકોને જોઈ રહ્યા. વૃદ્ધે મૌન પહેલું તોડયું.

''તું ઘેટાં કેમ સાચવે છે ?''

''કારણ કે મને ફરવું બહુ ગમે છે.''

વૃદ્ધે ચોકના એક ખૂણામાં આવેલી દુકાનની બારીમાં ઊભેલા કંદોઈ તરફ આંગળી ચીંધી, ''જ્યારે પેલો માણસ બાળક હતો ત્યારે તેને પણ પ્રવાસ કરવાની ઈચ્છા હતી, પણ તેણે નક્કી કર્યું કે તે આ દુકાન ખરીદીને પહેલાં થોડા પૈસા બચાવશે. હવે જ્યારે તે ઘરડો થયો છે ત્યારે આફ્રિકામાં એક મહિનો રહેવાનો છે. તેને કદી એ સત્ય ન સમજાયું કે લોકો પોતાના જીવનમાં જે કંઈ સ્વપ્ન જુએ તેને સાકાર કરવા કોઈ પણ સમયે તેમ કરવાની ક્ષમતા ધરાવે છે.''

''તેણે પણ ભરવાડ બનવાનો નિર્ણય લેવો જોઈતો હતો.'' છોકરો બોલ્યો.

''હા, તેણે એ વિચાર કરેલો ખરો.' વૃદ્ધે કહ્યું. ''પણ એક ભરવાડ કરતાં દુકાનદાર વધુ મહત્ત્વની વ્યક્તિ ગણાય. દુકાનદાર પાસે ઘર હોય, જ્યારે ભરવાડે ખુલ્લામાં રાત વિતાવવી પડે. માબાપ પણ પોતાની છોકરી ભરવાડને પરણે તેના કરતાં દુકાનદારને પરણે તે વધુ પસંદ કરે.''

છોકરાના હૃદયમાં ધ્રાસ્કો પડયો, તેને વેપારીની દીકરીનો વિચાર આવ્યો. તેના ગામમાં ચોક્કસ આવો દુકાનદાર હશે તો ખરો જ.

વૃદ્ધે વાત ચાલુ રાખી, ''લાંબે ગાળે, લોકોને મન પોતાની નિયતિ કરતાં ભરવાડો અને દુકાનદારો વિશે તેમનો શું અભિપ્રાય છે તે વધુ મહત્ત્વનું બની જાય છે.''

એ ચોપડીનાં પાનાં ઊથલાવવા લાગ્યો અને જે પાનું ઊઘડે તે વાંચવા લાગ્યો. છોકરો થોડી વાર તો એ બધું જોતો રહ્યો, પણ પછી પોતાને જેમ વૃદ્ધે અધવચ્ચે બોલાવ્યો હતો, તેમ તે વૃદ્ધને પૂછવા લાગ્યો, "આ બધું તમે મને શા માટે કહી રહ્યા છો ?"

"કારણ કે તું તારી નિયતિ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને અત્યારે તું એવા વળાંક પર છે કે તે બધા પ્રયત્નો કદાચ તું છોડી દઈશ."

"અને એ સમયે તમે હંમેશાં દેખાવ છો ?"

"હંમેશાં આ રીતે તો નહીં, પણ કોઈ ને કોઈ સ્વરૂપે દેખા દઉં છું ખરો. કેટલીક વાર એક ઉકેલના કે સરસ વિચારના સ્વરૂપે આવું. બીજી કોઈ વાર, એક કટોકટીની ક્ષણે ચીજો સરખી થઈ જાય તેવું ગોઠવું. હું બીજી ઘણી વસ્તુઓ કરું છું, પણ મોટા ભાગના લોકોને ખબર નથી હોતી કે મેં તેમ કર્યું."

પછી વૃદ્ધે વાત આગળ કરતાં જણાવ્યું કે ગયે અઠવાડિયે એક ખાણિયા પાસે તેમને ઉપસ્થિત થવાની ફરજ પડી હતી અને તેમણે એક પથ્થરનું સ્વરૂપ લીધેલું. નીલમ મેળવવા માટે ખાણિયાએ બીજું બધું છોડી દીધેલું. એક નદીની આગળ તે પાંચ પાંચ વર્ષથી કામ કરી રહ્યો હતો અને નીલમ મેળવવાની ઈચ્છાથી હજારો, લાખો પથ્થરો તપાસી ચૂક્યો હતો. એ બધું હવે છોડવા તૈયાર થઈ ગયો, એ પણ એવે તબક્કે જ્યારે જો તે માત્ર એક જ વધુ પથ્થર તપાસે – એક જ વાર – તો તેને તેનું નીલમ મળી જાય અને જ્યારે ખાણિયાએ પોતાની એ નિયતિ માટે આટલો મોટો ભોગ આપ્યો હતો ત્યારે વૃદ્ધે વચ્ચે પડવાનું વિચાર્યું. તેણે પોતાને એક પથ્થરનું સ્વરૂપ આપ્યું અને તે ખાણિયાના પગ આગળ જાતે જ ગબડી પડયો. પાંચ પાંચ વર્ષોની નિષ્ફળ મહેનતથી નાસીપાસ અને ક્રોધિત થયેલા ખાણિયાએ તે પથ્થરને ઊંચકીને દૂર ફેંક્યો. તેણે એટલા તો જોરથી ફેંક્યો કે પથ્થર તૂટી ગયો અને તેણે એ પથ્થરની અંદર વિશ્વનું સૌથી મોટું અને સુંદર ડોકાઈ રહેલું નીલમ જોયું.

"સામાન્ય રીતે તો લોકો જીવનની શરૂઆતમાં જ પોતાના અસ્તિત્વનો હેતુ સમજી જતા હોય છે." થોડી કડવાશ સાથે વૃદ્ધ બોલ્યો, "કદાચ એથી જ તે એટલા જલદી તેના પ્રયત્નો છોડી દે છે. કાયમ આવું જ થાય છે."

છોકરાએ વૃદ્ધને યાદ કરાવ્યું કે તેઓ એક છૂપા ખજાના વિશે કંઈક કહેતા હતા.

"ખજાનો વહેતાં પાણીના જોરથી ખુલ્લો થાય છે અને એ જ પ્રવાહો તેને દફનાવી દે છે." વૃદ્ધ બોલ્યો. "જો તારા પોતાના ખજાના વિશે જાણવું હોય તો તારે મને તારા દસમા ભાગનાં ઘેટાં આપવા પડશે."

"મારા ખજાનાનો દસમો ભાગ આપું તો ?"

વૃદ્ધ સહેજ નિરાશ જણાયા. "જો તું એ બાબતે વચન આપતો ફરે જે તારી પાસે હજી આવ્યું પણ નથી, તો તે મેળવવા માટેના પ્રયત્નો કરવાની તારી ઈચ્છા જ મરી જશે."

છોકરાએ તેને જણાવ્યું કે પેલી સપનાં સમજાવનારી વૃદ્ધાનેય તેણે ખજાનાનો દસમો ભાગ આપવાનું વચન આપ્યું છે.

"આવા ખેલ પાડવામાં તેઓ બહુ ચતુર હોય છે." એક નિસાસો નાખતાં વૃદ્ધે કહ્યું, "ખેર, જે હોય તે. એટલું સારું છે કે તને એ વાતનો બોધ મળી ગયો છે કે જીવનમાં દરેક ચીજ માટે કિંમત ચૂકવવી પડે છે. અમે 'વીર યોદ્ધાઓ' આ વાત જ સમજાવવાના પ્રયત્નો કરતા હોઈએ છીએ."

વૃદ્ધે પુસ્તક પાછું આપ્યું, "આવતી કાલે આ જ સમયે તું તારાં ઘેટાંનો દસમો ભાગ મારે માટે લઈ આવ અને હું તને છૂપો ખજાનો કઈ રીતે શોધવો તે કહીશ. આવજે."

તે ચોકના ખૂણાની પાછળ અદૃશ્ય થઈ ગયો.

* * *

છોકરો ફરીથી પુસ્તક વાંચવા લાગ્યો, પણ એકાગ્રતા ન લાવી શક્યો. તે સહેજ વ્યથિત અને ઉત્તેજિત બન્યો હતો, કારણ જાણતો હતો કે વૃદ્ધ સાચો હતો. દુકાન પાસે જઈને તેણે રોટી ખરીદી અને વિચારવા લાગ્યો કે વૃદ્ધે કહી હતી તે વાતો દુકાનદારને કહેવી કે નહીં. કેટલીક વખત સ્થિતિ જેમ છે તેમ રહેવા દેવી વધુ યોગ્ય હોય છે. તેણે વિચાર્યું અને પછી કશું ન બોલવાનો નિર્ણય કર્યો. જો એ કંઈક કહેત તો દુકાનદાર બીજા ત્રણ દિવસ સુધી બધું છોડી દેવા વિશે વિચાર્યા જ કરત, આજની જીવનશૈલીથી ટેવાઈ ગયો હોવા છતાં. તેને એવી ચિંતાથી બચાવવા છોકરો આ મુદ્દે ચૂપ રહ્યો. હવે તે શહેરમાં આંટો મારવા નીકળ્યો અને થોડી વારમાં શહેરના દરવાજે આવ્યો. અહીં એક નાની ઈમારત હતી, જેની એક બારીમાંથી લોકો આફ્રિકા જવાની ટિકિટો ખરીદતા હતા અને તે જાણતો હતો કે ઈજિપ્ત આફ્રિકામાં આવ્યું છે.

બારીની અંદર બેઠેલા માણસે તેને પૂછ્યું, “હું તમને કંઈ મદદ કરી શકું ?”

“કદાચ આવતી કાલે.” દૂર ખસતાં છોકરો બોલ્યો. જો તે એક જ ઘેટું વેચી દે તો તેની પાસે અખાત પાર કરવાના પૈસા આવી જાય, પણ આ વિચારે તેને ગભરાવી મૂક્યો.

“બીજો એક કલ્પનામાં રાચનારો.” ટિકિટ વેચનારાએ છોકરાને પાછો જતો જોઈને પોતાના સહાયકને કહ્યું, “ગજવામાં પૈસા તો છે નહીં ને ભાઈને પ્રવાસ કરવો છે.”

ટિકિટબારી પાસે ઊભો હતો ત્યારે છોકરાને પોતાનાં ઘેટાં યાદ આવ્યાં. તેણે વિચાર્યું કે તે તો ભરવાડ જ બની રહેશે. બે વર્ષમાં તો ઘેટાંની રખેવાળી વિશે બધું જ જાણી લીધું હતું. ઘેટાંનું ઊન ઉતારવું, ગર્ભિણી ઘેટીઓની કાળજી, વરુઓથી ઘેટાંની સુરક્ષા વગેરે બધું જ. એન્ડાલુશિયાના બધાં બીડો અને ચરિયાણોનો તે જાણકાર થઈ ગયો હતો, અને તે એ પણ જાણતો હતો કે તેના દરેક ઘેટાની વાજબી કિંમત કેટલી આવે.

બને તેટલો લાંબો રસ્તો લઈને તેણે મિત્રના તબેલે પહોંચવાનું વિચાર્યું. શહેરના કિલ્લા પાસેથી પસાર થતાં તે અટક્યો અને કિલ્લાની દીવાલ ઉપર ચડી ગયો. અહીંથી તેને આફ્રિકા દૂરથી દેખાતું હતું. કોઈકે તેને એક વાર કહેલું કે એ સ્થળેથી મૂર લોકો આવ્યા હતા અને સમગ્ર સ્પેન પર છવાઈ ગયા હતા.

તે બેઠો હતો ત્યાંથી લગભગ આખું શહેર જોઈ શકાતું હતું અને તે નગરચોક પણ દેખાતો હતો જ્યાં તેણે વૃદ્ધ સાથે વાતો કરી હતી. એ વૃદ્ધને વળી હું ક્યાં મળ્યો ? પોતે તો શહેરમાં એવી કોઈ સ્ત્રીને મળવા આવ્યો હતો જે તેના સ્વપ્નનો અર્થ સમજાવે. એ ભરવાડ છે એમ જાણી ન તો એ સ્ત્રી કે ન તો એ વૃદ્ધ પ્રભાવિત થયેલાં. તે લોકો એકાકી જીવો હતા જે કશામાં રસ નહોતા રાખતા અને સમજતા નહોતા કે ભરવાડો પોતાનાં ઘેટાં માટે આસક્તિ પણ ધરાવી શકે છે. તે પોતાનાં દરેક ઘેટાંને જાણતો હતો, કોણ લંગડું હતું, કોણ હવેના બે મહિનામાં બચ્ચાં જણવાનું હતું અને ક્યાં સૌથી વધુ આળસુ હતાં. એ જાણતો હતો કે તેમનું ઊન કઈ રીતે ઉતારવું કે પછી તેમની કતલ કઈ રીતે કરવી. જો તે કદી તેમને છોડી જવાનું વિચારે તો તે બધાં દુ:ખી થઈ જાય.

હવા જરા વધુ જોરથી વહેવા લાગી. આ હવાને તે ઓળખતો હતો. લોકો તેને ‘લિવાન્ટર’ નામે બોલાવતા કારણ કે ભૂમધ્ય સમુદ્રના પૂર્વી છેડા પર આવેલા ‘લેવાન્ટ’માંથી મૂર લોકો એ હવાની મદદથી આવેલા.

હવે લિવાન્ટરનું જોર વધવા માંડયું. છોકરાએ વિચાર્યું, “અહીં હું મારા ઘેટાં અને મારા

ખજાનાની વચ્ચે બેઠો છું.'' તેણે આજે એક પસંદગી કરવાની હતી – એવી એક સ્થિતિ હતી જેનાથી તે ટેવાઈ ચૂક્યો હતો અને બીજી સ્થિતિ એવી હતી જે તેને જોઈતી હતી. વળી વેપારીની દીકરી હતી, પણ તે પોતાનાં ઘેટાંથી વધુ મહત્ત્વની નહોતી કારણ કે તે કંઈ તેના પર આધાર નહોતી રાખતી. શક્ય છે કે તેને આ ભરવાડ યાદ ન હોય. તેને ખાતરી હતી કે એ છોકરીને એ બાબતે કશી પરવા નહોતી કે તે કયા દિવસે તેને મળવા પહોંચશે, તેને માટે તો બધા દિવસો એક સમાન હતા. જ્યારે બધા દિવસો આવનાર દિવસ જેવા જ હોય એવું ત્યારે લાગે જ્યારે લોકો જીવનમાં રોજબરોજ બનતી સારી બાબતો ભૂલી જાય છે.

મેં મારા પિતાનો સંગ છોડયો, માતાનો છોડયો અને નગરનો કિલ્લો પણ છૂટી ગયો. તેઓને મારી ગેરહાજરી કોઠે પડી ગઈ છે. મારું પણ એમ જ છે. ઘેટાં પણ મારી ગેરહાજરીથી ટેવાઈ જશે. છોકરો વિચારે ચડી ગયો. એ જ્યાં બેઠો હતો ત્યાંથી ચોકનું વિહંગાવલોકન થઈ શકે એમ હતું. પેલા દુકાનદારની દુકાને લોકોની અવરજવર ચાલુ હતી. જે બેઠક પર તેણે અને વૃદ્ધે વાતો કરી હતી ત્યાં હવે એક યુવાન યુગલ બેઠું હતું. બંનેએ એકમેકને ચુંબન કર્યું.

''પેલો દુકાનદાર–'' તેણે વિચાર પૂરો ન કર્યો. લિવાન્ટરનો પવન હજી વધુ જોરદાર બનતો જતો હતો અને તેને હવે ચહેરા પર એની થપાટ વાગી રહી હતી. એ જ હવા, એ જ પવન મૂર લોકોને લઈ આવ્યો હતો એ વાત સાચી પણ સાથે જ તે રણની સુગંધ અને બુરખા પહેરેલી સુંદર સ્ત્રીઓ પણ લાવ્યો હતો. એ ઘટના એવા લોકોનાં સ્વપ્નાં અને પરસેવાને પણ ખેંચી લાવી હતી જેઓ એક વખત અગોચરની શોધમાં નીકળેલા, સોનાની શોધમાં સાહસ ખેડવા નીકળેલા, પિરામિડોની શોધમાં નીકળેલા. છોકરાને પવનની સ્વતંત્રતાની ઈર્ષા થઈ આવી. એને થયું કે પોતે પણ એવી સ્વતંત્રતા મેળવી શકે છે. તેને પાછળ રાખનાર બીજું કશું નહોતું – સિવાય કે તે પોતે. ઘેટાં, વેપારીની છોકરી અને એન્ડાલુશિયાનાં બીડ તો જાણે તેની નિયતિ તરફના માર્ગમાં આવેલાં પગથિયાં જ હતાં.

બીજે દિવસે બપોરે છોકરો વૃદ્ધને મળ્યો. તે પોતાની સાથે છ ઘેટાં લઈ આવ્યો હતો.

''મને ખૂબ આશ્ચર્ય થયું.'' છોકરાએ કહ્યું. ''મારા મિત્રે બીજાં બધાં ઘેટાં ખરીદી લીધાં. તેણે કહ્યું કે તેને ભરવાડ બનવાની ખૂબ જ ઈચ્છા હતી. તેથી એને માટે તો આ એક શુકનવંતી વાત બની.''

''હંમેશાં એમ જ થાય.'' વૃદ્ધ બોલ્યો ''આને અનુકૂળતાનો સિદ્ધાંત કહે છે. જ્યારે પહેલી વાર તમે પત્તાં રમો ત્યારે તમારી જીત ચોક્કસ થાય છે. એને શરૂઆત કરનારનું ભાગ્ય કહેવાય.''

''તેવું કેમ ?''

''કારણ કે એક શક્તિ છે જે ઈચ્છે છે કે તમે તમારી નિયતિ જાણો. એ તમારી સફળતા માટેની ભૂખ જગાડી આપે છે.''

પછી વૃદ્ધ તેનાં ઘેટાં તપાસવા લાગ્યો અને જોયું કે તેમાંનું એક લંગડાતું હતું. છોકરાએ કહ્યું કે એની દરકાર કરશો નહીં. કારણ કે આખા ટોળાંમાં તે સૌથી વધુ બુદ્ધિશાળી છે અને સૌથી વધારે ઊન પણ આપે છે.

''ખજાનો ક્યાં છે ?'' તેણે પૂછ્યું.

''ઈજિપ્તમાં. પિરામિડોની પાસે.''

છોકરો આશ્ચર્ય પામ્યો. પેલી વૃદ્ધાએ પણ આમ જ કહ્યું હતું, પણ કોઈ જાતની રકમ લીધી નહોતી.

''એ ખજાનો શોધવા માટે તારે કેટલાંક શુકન અથવા ભાવિસૂચક ચિહ્નો પ્રમાણે વર્તવું

પડશે. ભગવાને બધાં માટે ચાલવાનો એક માર્ગ તૈયાર રાખ્યો છે. તેમણે મૂકેલાં ચિહ્નો જ તારે સમજીને અનુસરવાનાં છે.''

તે કશો જવાબ આપે તે પહેલાં જ એક પતંગિયું તેની અને વૃદ્ધની વચ્ચે ઊડવા લાગ્યું. તેને કશુંક યાદ આવ્યું. એક વાર તેના દાદાએ કહેલું કે પતંગિયું સારું શુકન કહેવાય. કંસારી, ગરોળી અને ચાર પાનવાળા ક્લોવર ઘાસની જેમ સ્તો.

''સાચી વાત.'' જાણે છોકરાના વિચારો તે વાંચી શક્યો હોય, એમ વૃદ્ધે કહ્યું, ''તારા દાદાએ શીખવ્યું તેવા જ આ સારાં શુકનો છે.'' વૃદ્ધે પોતાનો ડગલો ઉઘાડ્યો અને છોકરાએ ત્યાં જે જોયું તેનાથી તે ખૂબ આશ્ચર્ય પામ્યો. એ વૃદ્ધે છાતી ઉપર સોનાનું કવચ પહેર્યું હતું, જેમાં રત્નો જડયાં હતાં. આગલા દિવસે તેની છાતીમાંથી પ્રકાશની સેર જોયેલી તે છોકરાને યાદ આવી ગઈ.

આ તો ખરેખર રાજા જ હતો ! ચોરો તેની પાછળ ન પડે તેથી છૂપો વેશ રાખ્યો હશે.

કવચની વચ્ચે જડેલાં એક સફેદ અને એક કાળા રત્નને કાઢીને વૃદ્ધે છોકરાને ધરીને કહ્યું, ''આ તારી પાસે રાખ. ''આ રત્નોનાં નામ છે યુરીમ અને થુમીમ. કાળું રત્ન 'હા' માટે છે અને સફેદ રત્ન 'ના' માટે છે. જ્યારે તું શુકન વાંચવામાં મૂંઝવાઈ જાય ત્યારે તે માટે આ રત્નો તને મદદ કરશે અને તેમને હંમેશા 'હા' કે 'ના'માં પ્રશ્ન કરવો.''

''પણ જ્યાં સુધી બને ત્યાં સુધી તારે પોતે જ નિર્ણયો લેવા. ખજાનો પિરામિડો પાસે છે, તે તો તું જાણતો જ હતો. પણ મારે છ ઘેટાં માટે આગ્રહ રાખવો પડયો, જેથી તને નિર્ણય લેવા માટે મદદ થઈ.''

છોકરાએ રત્નો પોતાની થેલીમાં મૂકી દીધાં. હવેથી તે જ પોતાના નિર્ણયો કરશે.

''ભૂલતો નહીં કે તારે જેની સાથે કામ પાડવાનું છે તે બધું એક જ મુદ્દાનો વિસ્તાર છે, અન્ય કશું નહીં. શુકનોની ભાષા પણ ન ભૂલતો અને છેલ્લે એ ન ભૂલતો કે તારે તારી નિયતિની શોધ માટે છેક છેવટ સુધી ઝઝૂમવાનું છે.''

છતાં તું જાય તે પહેલાં હું તને એક નાની વાર્તા કહેવા માગું છું.

''એક દુકાનદારે પોતાના દીકરાને વિશ્વભરમાં સૌથી શાણા ગણાતા વિદ્વાન પાસે સુખનું, ખુશીનું રહસ્ય શીખવા માટે મોકલ્યો. રણમાં તે છોકરો ચાલીસેક દિવસ રખડયો અને છેવટે એક એવે સ્થળે પહોંચ્યો જ્યાં એક ડુંગરની ટોચે આવેલું એક સુંદર ભવન તેને દેખાયું. આ એ જ જગ્યા હતી જ્યાં શાણા વિદ્વાન રહેતા હતા.

પણ આપણી વાર્તાનો નાયક જ્યારે ભવનના મુખ્ય ઓરડામાં આવ્યો ત્યારે ત્યાં એને કોઈ સાધુ-સંતનાં દર્શન ન થયાં. બલકે ત્યાં તેણે ખૂબ ચહલપહલ થતી જોઈ. વેપારીઓ આમથી તેમ આવતા-જતા હતા, ખૂણામાં ઊભા રહીને લોકો વાતો કરતા હતા. એક નાનું સંગીતવૃંદ ધીમું સંગીત વગાડી રહ્યું હતું અને વચ્ચે આવેલા ટેબલ પર એ પ્રદેશની સૌથી વધુ સ્વાદિષ્ટ વાનગીઓ સજાવી રાખેલી હતી. એ શાણા વિદ્વાન દરેકની સાથે વાત કરતા હતા અને છોકરાએ તેમની સાથે વાત કરવા માટે બે કલાક જેટલી રાહ જોવી પડી.

તે વિદ્વાને છોકરાની વાત ધ્યાનથી સાંભળી કે પોતે શા માટે અહીં સુધી આવ્યો હતો તે વિશેની રજૂઆત કરી. પણ તેમણે કહ્યું કે અત્યારે તો તે રહસ્યને કહેવાનો સમય તેમની પાસે નહોતો. તેમણે સૂચવ્યું કે તું મહેલમાં થોડું ફરી લે અને બે કલાક પછી પાછો આવ.

'અને એ દરમિયાન તારે એક કામ કરવું પડશે.' વિદ્વાને છોકરાને એક ચમચી આપી, જેમાં બે ટીપાં તેલ હતું અને કહ્યું, 'તું અહીંતહીં ફરી આવ અને આ ચમચી તારી સાથે રાખ, પણ તેમાંનું તેલ ઢોળાવું ન જોઈએ.'

છોકરો તો મહેલના દાદરાઓ ચડવા-ઊતરવા લાગ્યો અને છતાં તેની નજર ચમચી ઉપર ખોડાયેલી રહી. બે કલાક પછી તે ફરી એ જ ઓરડામાં આવ્યો જ્યાં વિદ્વાન ઉપસ્થિત હતા.

'અચ્છા, તેં મારા ભોજનકક્ષમાં લટકતી પેલી પર્શિયન જાજમ જોઈ ? તેં પેલો બગીચો જોયો, જેને બનાવતાં કુશળ માળીઓને ૧૦ વર્ષ લાગેલાં ? મારી લાઈબ્રેરીમાં સુંદર અને ખાસ કાગળોની હસ્તપ્રતો છે તે તેં જોઈ ?' વિદ્વાને તેને પૂછ્યું.

છોકરો જરા શરમાયો અને પછી તેણે કબૂલ્યું કે તેણે એવા કશાનું નિરીક્ષણ નથી કર્યું. તેનું મુખ્ય ધ્યેય એ જ રહ્યું કે વિદ્વાને આપેલી ચમચીનું તેલ ઢોળાઈ ન જાય.

'તો હવે તું ફરી એક વાર પાછો જઈને મારી દુનિયાનાં આશ્ચર્યો જોઈ આવ.' વિદ્વાને કહ્યું. તમે જેનું ઘર ન જોયું હોય એવી વ્યક્તિનો વિશ્વાસ ન કરવો જોઈએ.

હાશકારો અનુભવતો એ છોકરો ફરીથી મહેલમાં ફરવા નીકળ્યો. આ વખતે તેણે છતો અને દીવાલો પરના કલાત્મક ચિત્રકામને જોયું, બગીચો જોયો, આસપાસ ફેલાયેલા ડુંગરો, ફૂલોનું સૌંદર્ય ઉપરાંત બધી ચીજોની પસંદગીમાં રહેલી ઉત્તમ અભિરુચિ પણ જોઈ. વિદ્વાન પાસે પાછા ફરીને પોતે જે કંઈ જોયું તેનું વિગતવાર વર્ણન તેણે કર્યું.

'પણ મેં તને આપ્યાં હતાં તે તેલનાં ટીપાં ક્યાં છે ?' વિદ્વાને તેને પૂછ્યું.

ચમચીને જોતાં જ તેણે જોયું કે ટીપાં નહોતાં.

'અચ્છા, હું તને એક જ નાની શિખામણ આપી શકું છું.' વિદ્વાને કહ્યું. સુખનું રહસ્ય છે કે દુનિયાની તમામ અજાયબીઓ જોવી અને સાથે જ ચમચીમાંનાં બે ટીપાં તેલને ભૂલવું નહીં.''

ભરવાડ કશું ન બોલ્યો. વૃદ્ધ રાજાએ તેને જે વાર્તા કહી તેને તે સમજી શક્યો હતો. એક ભરવાડને હરવુંફરવું ગમે એવું બને, પણ તેણે કદી પોતાનાં ઘેટાંને ભૂલવાં ન જોઈએ.

વૃદ્ધે છોકરા સામે જોયું, પોતાના બે હાથ જોડીને તેના માથા પર દુઆઓ વરસાવતી વિચિત્ર મુદ્રાઓ કરી. પછી તેનાં ઘેટાં લઈને તે રવાના થઈ ગયો.

* * *

ટારિફાના સૌથી ઊંચા સ્થળે એક જૂનો કિલ્લો છે જે મૂર લોકોએ બાંધ્યો હતો. તેની દીવાલો પરથી આફ્રિકાની અલપઝલપ ઝાંખી કરી શકાતી હતી. સાલેમના રાજા મેલ્ચિઝેડેક તે બપોરે ત્યાં બેઠા હતા અને 'લિવાન્ટર'નો પવન તેના ચહેરાને પસવારતો હતો. પાસે ઊભેલાં ઘેટાં થોડાં બેચેન જણાતાં હતાં. તેમનો માલિક નવો હતો અને આ ફેરફાર તેમને ઉત્તેજિત કરતો હતો. આમ તો તેમના રસનો મુખ્ય વિષય તો ચારોપાણી જ હતો.

મેલ્ચિઝેડેકની નજર એક નાનકડા વહાણ પર હતી જે હવે બંદરથી છૂટીને આગળ જતું હતું. તે એ છોકરાને ફરી કદી જોશે નહીં, જે રીતે પેલા અબ્રાહમને પણ તેની દસમા ભાગની રકમ વસૂલ્યા પછી ફરી વાર જોયો નહોતો. એનું કામ આ જ હતું.

દેવોએ મહેચ્છા ન રાખવી જોઈએ, કારણ કે તેઓને કોઈ 'નિયતિ' હોતી નથી. પરંતુ સાલેમના રાજાને છોકરો સફળ બને એવી ઉત્કટ ઈચ્છા જાગી હતી.

એ મારું નામ પણ જલદી ભૂલી જવાનો. તેણે નિસાસો નાખ્યો. મારે તેને બીજી વાર નામ કહેવું જોઈતું હતું. તો જ્યારે તે મારે વિશે વાત કરે ત્યારે કહી શકત કે મને મેલ્ચિઝેડેક મળેલા, સાલેમના રાજા.

ખુલ્લા આકાશ તરફ સહેજ ભોંઠપથી તેણે જોતાં કહ્યું, ''હું જાણું છું કે આ મિથ્યાભિમાનની પરાકાષ્ટા છે, પ્રભુ. પણ એક બુઢ્ઢા રાજાને કોઈ વાર તો પોતાના માટે અભિમાન કરવાનો હક છે ને ?''

* * *

કેટલો અજબ દેશ છે આ આફ્રિકા... છોકરાએ વિચાર્યું. તે એક શરાબખાનામાં બેઠો હતો. એવાં ઘણાં શરાબખાનાં તેણે ટેન્જિયર્સની સાંકડી ગલીઓમાં જોયાં હતાં. કેટલાક પુરુષો હુક્કો પીતા હતા અને તેના કશ લઈને બીજાને ધરતા હતા. થોડા જ સમયમાં તેણે ઘણું જોયું : પુરુષોને એકમેકના હાથ પકડીને ચાલતા જોયા, ઢાંકેલો ચહેરો રાખતી બુરખાધારી સ્ત્રીઓ જોઈ. મૌલવીઓ ઊંચા મિનારાઓ ચડી જતા અને ‘અઝાન’ પોકારતા જોયા. તેમની આસપાસના સઘળા લોકો ઘૂંટણિયે પડી જતા, માથાં જમીન પર ટેકવીને નમાજ અદા કરી રહ્યા હતા.

“નાસ્તિકોની આ કોઈ પૂજાની પદ્ધતિ જણાય છે.” તે મનમાં બોલ્યો. એક બાળક તરીકે તેણે સેન્ટ સાન્તિએગો માટામોરોસની સફેદ ઘોડા પર સવાર થયેલી મૂર્તિને, તેની ખુલ્લી તલવાર સાથે અને આ રીતે ઘૂંટણિયે પડેલાં આસપાસનાં લોકોનાં ચિત્રો સાથે ચર્ચમાં હંમેશાં જોઈ તો હતી જ. છોકરાને ગભરાટ થઈ આવ્યો. તેને એકલતા જણાવા લાગી. આ ‘નાસ્તિકો’ના ચહેરા તેને કદરૂપા લાગવા માંડયા.

અને આ ઉપરાંત પ્રવાસની ઉતાવળમાં તે એક નાની બાબત સાવ જ ભૂલી ગયો હતો અને તે જ તેને દીર્ઘકાળપર્યંત ખજાનાથી દૂર રાખે તેમ હતી. તે એ, કે આ દેશમાં માત્ર ‘અરબી’ ભાષા જ બોલાતી હતી.

શરાબખાનાનો માલિક તેના તરફ આવ્યો ત્યારે છોકરાએ બાજુના ટેબલ પર અપાયેલા શરાબની બૉટલ તરફ ઈશારો કર્યો. પણ છેવટે તો તે એ કડવી ચા નીકળી. છોકરાને તો વાઈન પસંદ હતો.

પણ અત્યારે ચિંતાની વાત એ નહોતી. તેને ચિંતા ખજાનાની હતી. તે ત્યાં સુધી કઈ રીતે પહોંચશે તેની હતી. ઘેટાં વેચી નાખવાથી તેની પાસે થેલીમાં પૂરતા પૈસા હતા. છોકરો જાણતો હતો કે પૈસામાં જાદુ છે. જેની પાસે પૈસા છે તે કદી ખરેખર એકલો નથી હોતો. થોડા જ સમયમાં, કદાચ ગણતરીના દિવસોમાં જ તે પિરામિડો પાસે પહોંચી જશે. એક વૃદ્ધ જેણે છાતી પર સોનાનું કવચ પહેરેલું તે માત્ર છ ઘેટાં ખાતર જુઠ્ઠું તો ન કહે.

તે વૃદ્ધે શુકન અને ચિહ્નોની વાતો કરી હતી. છોકરો જ્યારે અખાત પસાર કરી રહ્યો હતો ત્યારે તેણે એ વિશે વિચાર કર્યો. હા, તે વૃદ્ધ જાણતો હતો કે તે શેની વાત કરી રહ્યો છે. પોતે જ્યારે એન્ડાલુશિયાનાં બીડોમાં ભમતો હતો તે દરમિયાન જમીન અને આકાશને જોઈને તેણે કયો માર્ગ લેવો તે જાણવાનું તેણે શીખી લીધું હતું. તેણે નોંધ્યું હતું કે અમુક પક્ષીની હાજરીનો અર્થ એમ થતો હતો કે સાપ આસપાસમાં જ છે અને અમુક ઝાડવું હોય તો તેનો અર્થ એમ થતો હતો કે એ વિસ્તારમાં પાણી હશે જ. આ બધું તેને ઘેટાંએ શીખવ્યું હતું.

જો ભગવાન ઘેટાંનું આટલી સારી રીતે માર્ગદર્શન કરતા હોય, તો તેઓ માણસનું પણ કરશે. તેણે વિચાર્યું. આનાથી તેને જરા વધુ સારું લાગ્યું અને ચા પણ ઓછી કડવી જણાઈ.

“તમે કોણ છો ?” સ્પેનિશ ભાષામાં કોઈનો અવાજ આવ્યો.

છોકરાને ઘણી રાહત થઈ. તે શુકનો વિશે વિચારતો હતો અને કોઈક આવ્યું.

“તમને સ્પેનિશ કઈ રીતે આવડે છે ?” તે નવો આવેલો માણસ પશ્ચિમી પહેરવેશમાં હતો છતાં તેનો વાન એમ જ સૂચવતો હતો કે તે આ જ શહેરનો હતો. તેની વય અને ઊંચાઈ છોકરા જેટલી જ લાગી.

“અહીં તો લગભગ બધા જ સ્પેનિશ બોલે છે. સ્પેનથી બે કલાકના જ અંતરે તો આ સ્થળ છે.”

"બેસો અને મારા તરફથી કંઈ લો." છોકરાએ કહ્યું, "મારે માટે વાઈન મંગાવજો. આ ચા તો ઘણી ખરાબ છે."

"આ દેશમાં વાઈન હોતો જ નથી." તે યુવાન બોલ્યો, "ધર્મમાં તેનો નિષેધ છે."

છોકરાએ પછી તેને કહ્યું કે તે પિરામિડો પાસે પહોંચવા માગે છે. તે ખજાનાની શોધમાં છે એવું પણ લગભગ કહેવા જતો જ હતો, પણ તેણે એ માંડી વાળ્યું. જો તે કદાચ કહેત, તો આ આરબ પણ તેને ત્યાં લઈ જવાની સેવાના બદલામાં તેમાંથી કદાચ ભાગ માગત. તેને યાદ આવ્યું કે પેલો વૃદ્ધ કંઈ બોલ્યો હતો કે જે હજી તારી પાસે છે જ નહીં. તેની વહેંચણી કરવી કઈ રીતે ?

"હું ઈચ્છું છું કે તમે મને ત્યાં લઈ જાવ. મારા ભોમિયા તરીકે હું તમને પૂરતું વળતર આપીશ."

"ત્યાં કઈ રીતે પહોંચાય તેનો કશોય ખ્યાલ છે ખરો તમને ?" પેલા યુવાને પૂછ્યું.

છોકરાનું ધ્યાન ગયું કે શરાબખાનાનો માલિક પાસે ઊભો રહીને એ લોકોની વાતો સાંભળતો હતો. તેની હાજરી તેને ગમી નહીં. પણ તેને આ તક ગુમાવવી નહોતી. તેને ભોમિયો મળી ગયો હતો.

"તમારે આખું સહારાનું રણ પસાર કરવું પડશે." પેલો યુવાન બોલ્યો, "અને એ માટે પૈસા જોઈએ. મારે એ જાણવું જોઈએ કે તમારી પાસે પૂરતા પૈસા તો છે ને ?"

છોકરાને આ પ્રશ્ન જરા વિચિત્ર લાગ્યો, પણ તેને વૃદ્ધમાં શ્રદ્ધા હતી. જેણે કહેલું કે જ્યારે તમે કોઈક વસ્તુને મેળવવા ખરેખર ઈચ્છો ત્યારે સમગ્ર બ્રહ્માંડ તેમાં તમારી સહાય કરે છે.

તેણે પોતાની થેલીમાંથી પૈસા કાઢીને યુવાનને બતાવ્યા. શરાબખાનાનો માલિક પણ નજીક આવ્યો અને પૈસા જોયા. બંને જણાએ અરબી ભાષામાં કંઈક વાત કરી અને માલિક થોડો ચિડાયેલો જણાયો.

"ચાલ, આપણે અહીંથી નીકળી જઈએ." યુવાને કહ્યું, "એ ઈચ્છે છે કે આપણે જતા રહીએ."

છોકરાને હાશ થઈ. તે બિલ ચૂકવવા ઊભો થયો પણ માલિકે તેને પકડયો અને ગુસ્સામાં કશું કહેવા લાગ્યો. છોકરો મજબૂત હતો અને એ સામનો કરવા માગતો પણ હતો, પરંતુ એ વિદેશી ભૂમિ હતી. તેના નવા મિત્રે માલિકને બાજુ પર હડસેલ્યો અને છોકરાને પોતાની સાથે બહાર ખેંચી ગયો. "તેને તારા પૈસા ઝૂંટવી લેવા હતા. બાકીના આફ્રિકા જેવો આ પ્રદેશ નથી. આ એક બંદર છે અને દરેક બંદરે ચોરો હોય જ છે."

છોકરાને એના નવા મિત્ર પર ભરોસો બેઠો. એક જોખમી પરિસ્થિતિમાં તેણે તેને મદદ કરી હતી. તેણે પૈસા બહાર કાઢીને ગણી લીધા.

"કાલ સુધીમાં આપણે પિરામિડો સુધી પહોંચી શકીએ." પૈસા સ્વીકારતાં યુવાન બોલ્યો, "પણ મારે બે ઊંટ ખરીદવાં પડશે."

ટેન્જિયરની સાંકડી ગલીઓમાં બંને સાથે ફરવા લાગ્યા. બધે જ કંઈ ને કંઈ વસ્તુ વેચાણ માટે મુકાઈ હતી. તેઓ પછી એક મેદાનમાં આવ્યા જ્યાં મોટી બજાર હતી. ત્યાં એકમેક સાથે ભાવની રકઝક કરતા, ખરીદી કરતા, ચીજો વેચતા હજારો લોકો હતા. શાકભાજીની સાથે જ છરાઓ હતા અને જાજમો સાથે તમાકુ મૂકાઈ હતી, છતાં પોતાના નવા મિત્ર સામેથી છોકરાએ નજર ખસેડી જ નહીં. છેવટે તો હવે એની પાસે તેના બધા પૈસા હતા, પણ તેણે પૈસા પાછા માગવાનો વિચાર કર્યો, પણ તેને લાગ્યું કે તેવું કરવું મિત્રતાપૂર્ણ નહીં લાગે. જે અપરિચિત ભૂમિમાં તે હતો તેના રીતિરિવાજ વિશે પોતે તદ્દન અજાણ હતો.

“હું તેના પર નજર રાખતો રહીશ.” તેણે વિચાર્યું. તે જાણતો હતો કે નવા મિત્ર કરતાં પોતે વધુ બળવાન હતો.

અચાનક એ આખી ધમાલની વચ્ચે તેણે આજ સુધીમાં જોયેલી સૌથી વધુ સુંદર તલવાર જોઈ. તેના મ્યાનમાં ચાંદીની કોતરણી કરી હતી અને કાળા હાથામાં સુંદર રત્નો જડયાં હતાં. તેણે સંકલ્પ કર્યો કે જ્યારે ઈજિપ્તથી પાછો ફરશે ત્યારે આ તલવાર તે ચોક્કસ ખરીદશે.

“પેલા દુકાનવાળાને જરા પૂછો તો કે આ તલવારની કિંમત શું છે ?” તેણે મિત્રને કહ્યું. પછી તેને ખ્યાલ આવ્યો કે જ્યારે તે તલવારને જોઈ રહ્યો હતો તે દરમિયાન થોડી ક્ષણો માટે તેનું ધ્યાન મિત્ર પરથી હટી ગયેલું, તેનું હૃદય એક થડકારો ચૂકી ગયું, છાતી જાણે દબાણ અનુભવી રહી. એ આજુબાજુ નજર કરતાં ભય અનુભવી રહ્યો હતો કારણ કે શું દેખાશે એની તેને ખબર હતી. તે સુંદર તલવાર સામે તે હજી થોડી વાર જોઈ રહ્યો અને હિંમત એકઠી થઈ ત્યારે પાછળ ફર્યો.

તેની આસપાસ આખું બજાર હતું, લોકોની આવનજાવન હતી, તેઓ બૂમો પાડતા હતા, ખરીદી અને વેચાણ કરતા હતા અને કોઈ અપરિચિત વાનગીઓની સુગંધ આવતી હતી, પણ પેલો નવો સાથીદાર તેને ક્યાંય ન દેખાયો.

છોકરાને થયું કે અકસ્માતે જ તેનો મિત્ર તેનાથી છૂટો પડી ગયો હોય, એમ પણ બને. તેણે ત્યાં જ રોકાવાનો અને તેની રાહ જોવાનો નિર્ણય કર્યો. તે રાહ જોઈ રહ્યો હતો ત્યારે એક મૌલવી પાસેના મિનાર પર ચડયો અને બાંગ પોકારવા લાગ્યો. બજારમાંના સહુ ઘૂંટણિયે પડયા, જમીન પર કપાળ ટેકવવા લાગ્યા અને બાંગમાં સૂર પુરાવવા લાગ્યા. પછી કામગરી કીડીઓના રાફડાની જેમ પોતપોતાની દુકાનો સમેટીને ચાલતા થયા.

સૂર્ય પણ જવાની તૈયારી કરવા લાગ્યો. છોકરો થોડો સમય ક્ષિતિજને નીરખી રહ્યો. સૂર્ય બજારની આસપાસનાં ધોળાં ઘરોની પાછળ પહોંચી ગયો. તેને આજના દિવસે સૂર્ય ઊગ્યો હતો તે ક્ષણ યાદ આવી. તે સમયે પોતે પૃથ્વીના બીજા જ ખંડમાં હતો, હજી ૬૦ જેટલાં ઘેટાંનો માલિક હતો અને એક છોકરીને મળવાની ઝંખના સેવી રહ્યો હતો. એ સવારે પોતાનાં જાણીતાં બીડ ખૂંદતી વખતે જે કંઈ થવાનું હતું તે બધું જ એ જાણતો હતો, પરંતુ હવે જ્યારે એ સૂર્ય ઢળવા લાગ્યો છે ત્યારે તે કોઈ જુદા જ ખંડમાં હતો. એક અપરિચિત ભૂમિમાં અપરિચિત માનવ, ત્યાંની ભાષાથી પણ અજાણ. હવે તે ભરવાડ પણ નહોતો રહ્યો. તેની પાસે કશું નહોતું, પાછા જવાની ટિકિટના પૈસા પણ નહીં અને બધું તેણે નવેસરથી શરૂ કરવાનું હતું.

આ બધું જ સૂર્યોદય અને સૂર્યાસ્તની વચ્ચે બની ગયું... છોકરો વિચારમાં પડી ગયો. તેને પોતાની દયા આવતી હતી. જીવન આટલું અચાનક, આટલી ખરાબ રીતે પલટાઈ ગયું તે મુદ્દે એ શોક કરવા લાગ્યો.

તેને એટલી ગ્લાનિ થઈ આવી કે તેને રડવાનું મન થઈ ગયું. પોતાનાં ઘેટાંનીય સામે તે કદી રડયો નહોતો. પણ બજાર હવે ખાલી હતી, તે ઘરથી ખૂબ દૂર હતો એટલે તે રડયો. એ રડયો કારણ કે ઈશ્વરે એની સાથે અન્યાય કર્યો હતો અને જે લોકો પોતાનાં સ્વપ્નોમાં વિશ્વાસ રાખતાં હોય તેમને ઈશ્વર આવા દિવસ દેખાડતો હતો.

મારી પાસે જ્યારે મારાં ઘેટાં હતાં ત્યારે હું બહુ ખુશ હતો અને મારી આસપાસનાં લોકોને પણ ખુશ કરતો હતો. મને આવતો જોઈને લોકો મને આવકારતા, પણ આજે હું દુ:ખી અને એકલો છું. એક વ્યક્તિએ મને છેતર્યો છે, તેથી હું કડવાશભર્યો બની જઈશ અને લોકો પર અવિશ્વાસ રાખીશ. હું એ લોકોને ધિક્કારીશ જેમણે પોતાનો ખજાનો શોધી લીધો હશે, કેમ કે મને મારો ખજાનો કદી મળ્યો નહીં. મારી પાસે જે કંઈ થોડું છે તેને જ હું વળગી રહીશ, કારણ

કે વિશ્વને જીતવા માટે હું તદ્દન નકામો અને નગણ્ય બની ચૂક્યો છું.

તેણે પોતાનો થેલો ખોલ્યો – એ જોવા કે તેમાં શું બચ્યું છે. કદાચ વહાણ પર ખાધેલી સેન્ડવીચનો ટુકડો પણ હોય. પણ થેલામાંથી ફક્ત પેલી જાડી ચોપડી, તેનું જાકીટ અને વૃદ્ધે આપેલાં બે રત્નો જ નીકળ્યાં.

રત્નો જોઈને કોઈ અકળ કારણસર તેને હાશકારો થયો. તેણે છ ઘેટાં આપીને સોનાના કવચમાં જડેલાં બે રત્નો મેળવ્યાં હતાં. આ રત્નો તે વેચીને પાછા ફરવાની ટિકિટ મેળવી શકે, પણ આ વખતે હું વધુ ચતુર બનીશ, છોકરાએ વિચાર્યું અને થેલામાંથી કાઢીને રત્નોને ખિસ્સામાં મૂક્યાં. આ એક બંદર ધરાવતું શહેર હતું અને તેના મિત્રે તેને એક સત્ય તો કહ્યું જ હતું કે, બંદરવાળાં શહેરોમાં ઘણા ચોર હોય.

હવે તેને સમજાયું કે શરાબખાનાનો માલિક શાથી આટલો વ્યગ્ર બની ગયો હતો. તે તેને સમજાવવા માગતો હતો કે પેલા યુવાન પર તે વિશ્વાસ ન રાખે. ''હું બીજા બધા જેવો જ છું – દુનિયામાં દરેક બાબતને હું મારી જ રીતે જોઉં છું, નહીં કે તે વાસ્તવમાં છે તે રીતે.''

રત્નો પર તેણે હળવેથી હાથ ફેરવ્યો, તેની ઉષ્મા અને સુંવાળી સપાટીનો સ્પર્શ અનુભવ્યો. તે જ હવે તેનો ખજાનો હતો. તેના સ્પર્શથી જ તેને સારું લાગ્યું. તેને વૃદ્ધની વાત યાદ આવી.

તેણે કહ્યું હતું, ''જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે.''

વૃદ્ધના શબ્દોના તથ્યને સમજવાનો તે પ્રયત્ન કરવા લાગ્યો. આ ખાલી થઈ ગયેલી બજારમાં તે ઊભો હતો, પાસે ફૂટી કોડી પણ નહોતી અને રાત્રે જેનું ધ્યાન રાખવું પડે એવું એક ઘેટું સુધ્ધાં નહોતું. આ રત્નો એ વાતનો પુરાવો હતાં કે તે એક રાજાને મળ્યો હતો – એક રાજા, જેને છોકરાના ભૂતકાળની જાણ હતી.

''તેમને યુરીમ અને થુમીમ કહે છે અને તને શુકન સમજવામાં તે મદદ કરશે.'' છોકરાએ રત્નો પાછાં થેલીમાં મૂક્યાં અને એક પ્રયોગ કરવા વિચાર્યું. વૃદ્ધે કહ્યું હતું કે તદ્દન સ્પષ્ટ પ્રશ્નો કરવા અને તે માટે છોકરાએ એ જાણવું જોઈએ કે તેને શું જોઈએ છે. તેણે પૂછ્યું કે શું વૃદ્ધના આશીર્વાદ તેની સાથે હજી પણ હતા ખરા ?

તેણે થેલીમાંથી એક રત્ન કાઢયું. તેની 'હા' હતી.

''શું મારો ખજાનો હું શોધી શકીશ ?'' તેણે પૂછ્યું અને ફરી થેલામાં હાથ નાખ્યો, પણ ત્યારે થેલીમાંના એક કાણામાંથી બંને રત્નો નીચે પડી ગયાં. છોકરાએ જોયું જ નહોતું કે તેની થેલી કાણી હતી. યુરીમ અને થુમીમને લેવા તે નીચે વળ્યો અને ધૂળમાં પડેલા જોયા. ત્યાં તેને ફરી એક વાત યાદ આવી.

''શુકનો ઓળખવાનું શીખી લેવું અને તેને અનુસરવું.'' વૃદ્ધ રાજાએ કહ્યું હતું.

એક શુકન. છોકરો મનોમન હસ્યો. બંને રત્નો તેણે ઉઠાવીને થેલીમાં ફરી મૂકી દીધાં. કાણું સીવી લેવાનો તેણે વિચાર પણ ન કર્યો – તે રત્નો ગમે ત્યારે થેલીમાંથી પડી જઈ શકે. એણે નક્કી કર્યું : કેટલીક વાતો એવી હોય છે જેને વિશે કદી પૂછવું નહીં, જેથી તમે તમારી નિયતિથી ભાગી રહ્યા જણાવ. ''મેં નિશ્ચય કર્યો હતો કે હું જ મારા નિર્ણયો લઈશ.'' તેણે મનમાં વિચાર્યું.

પણ રત્નોએ એટલું તો તેને કહ્યું ખરું કે વૃદ્ધના આશીર્વાદ હજી તેની સાથે જ હતા અને એને લીધે તેનો આત્મવિશ્વાસ વધ્યો. ફરીથી તેણે ખાલી બજારમાં નજર નાખી, પણ પહેલાં કરતાં ઓછી બીક સાથે. આ સ્થળ અપરિચિત નહોતું. એ નવું હતું એટલું જ. આખરે તેને

હંમેશા એ જ તો ખપતું હતું. નવાં નવાં સ્થળો જોવા મળે. ભલે તે પિરામિડો સુધી ન પહોંચે. તે બીજા કોઈ પણ ભરવાડ કરતાં લાંબે અંતરે પહોંચ્યો હતો. ઓહ, તેઓ જો જાણે તો કેવા આશ્ચર્યચકિત બની જાય કે બે જ કલાકની વહાણની મુસાફરીને બીજે છેડે કેવી જુદી જ દુનિયા હતી ! હમણાં તો તેની દુનિયા આ ખાલી બજાર હતી, પણ તેને તેણે જીવંત સ્વરૂપેય જોઈ જ હતી અને તેને તે કદી ભૂલી નહીં શકે. તેને પેલી તલવાર યાદ આવી. એને વિશે વિચારતાં તેને થોડું દુ:ખ થયું, પણ તેણે એવી તલવાર આજ પહેલાં કદી જોઈ નહોતી એ પણ ખરું. આ બધું વિચારતાં તેને ખ્યાલ આવ્યો કે તેણે હવે જાતે જ નક્કી કરવાનું છે કે પોતાને એક ઠગનો શિકાર માનવો કે પછી ખજાનાની શોધમાં નીકળેલો એક સાહસિક.

"હું એક સાહસિક વ્યક્તિ છું જે ખજાનાની શોધમાં નીકળ્યો છું." તે મનમાં બોલ્યો.

* * *

કોઈ તેને ઢંઢોળીને જગાડી રહ્યું હતું. બજારની વચ્ચોવચ્ચ જ તે ઊંઘી ગયો હતો અને બજાર હવે ફરી ચાલુ થવામાં જ હતી. આસપાસ નજર કરીને તેણે એનાં ઘેટાં શોધવા માંડયાં, પણ તરત ખ્યાલ આવ્યો કે તે એક નવી દુનિયામાં હતો. દુ:ખી થવાને બદલે તે ખુશ થયો. તેણે હવે ઘેટાં માટે ચારાપાણી શોધવાનાં નહોતાં. તેને બદલે તે પોતાના ખજાનાની શોધમાં જઈ શકશે. ખિસ્સામાં કશું નહોતું પણ તેની પાસે શ્રદ્ધા હતી. આગલી રાત્રે જ તેણે નિર્ણય લીધો હતો કે પુસ્તકોમાં વર્ણવાયેલ સાહસિક વ્યક્તિઓ જેવો જ સાહસિક પોતે બનશે.

બજાર વચ્ચે તે ધીરે ધીરે ચાલવા લાગ્યો. વેપારીઓ પોતપોતાની દુકાનો સજાવી રહ્યા હતા. એક મીઠાઈવાળાની દુકાનને ગોઠવવામાં તેણે મદદ કરી. એ મીઠાઈવાળાના ચહેરા પર સ્મિત હતું. તે ખુશ હતો, તે પોતાના જીવન વિશે જાણતો હતો અને નવા દિવસનું કામ કરવા સજ્જ હતો. તેના સ્મિતને લીધે છોકરાને વૃદ્ધ યાદ આવ્યો – પેલો વૃદ્ધ રાજા, જેને તે મળેલો. "આ મીઠાઈનો વેપારી એટલા માટે મીઠાઈ નથી બનાવતો કે જેથી પછીથી પ્રવાસ કરી શકે અથવા વેપારીની પુત્રીને પરણી શકે. તે આ કામ એટલા માટે કરે છે કે તેને એ કામ કરવું છે." છોકરાને વિચાર આવ્યો. છોકરાને ખ્યાલ આવ્યો કે વૃદ્ધની જેમ તે પણ સમજી શકતો હતો કે સામેની વ્યક્તિ પોતાની નિયતિથી નજીક છે કે દૂર. માત્ર તેની સામે જોવાથી જ એને એ સમજાઈ જતું હતું. તેણે વિચાર્યું: આ તો બહુ સરળ છે અને છતાં મેં આજ પહેલાં તે કદી કર્યું નહીં !

દુકાન ગોઠવાઈ ગઈ ત્યારે કંદોઈએ તે દિવસે પહેલી બનાવેલી મીઠાઈ છોકરાને આપી. તેણે આભાર માન્યો, તે ખાધી અને આગળ વધ્યો. સહેજ દૂર ગયો હશે ત્યાં તેને ખ્યાલ આવ્યો કે દુકાન ઊભી કરતી વખતે એક જણ અરબીમાં બોલતો હતો અને એક સ્પેનિશમાં.

અને છતાં બંને એકબીજાને સંપૂર્ણ રીતે સમજી શકતા હતા.

છોકરાએ વિચાર્યું કે એવી પણ એક ભાષા હશે જે શબ્દો પર આધાર ન રાખે. મારાં ઘેટાં સાથે મને એનો અનુભવ તો થયો જ હતો અને હવે લોકો સાથે થાય છે.

તે ઘણું નવું શીખી રહ્યો હતો. કેટલીક ચીજો તો અગાઉથી અનુભવેલી હતી; એ ખરેખર નવી નહોતી પણ તે વિશે તેને ખ્યાલ જ નહોતો. એ બાબતો પરત્વે એનું ધ્યાન ન ગયું, કારણ કે એને એની ટેવ પડી ગઈ હતી. એને થયું : જો હું એ શબ્દરહિત ભાષા શીખી લઉં તો હું સમગ્ર વિશ્વને સમજવાનું પણ શીખી શકું.

ખૂબ જ નિરાંત અને હળવાશપૂર્વક તેણે ટેન્જિયરની ગલીઓમાં રઝળવાનો સંકલ્પ કર્યો. એ જ રીતે તે શુકનો સમજી શકશે. તેને ખબર હતી કે તે માટે ખૂબ જ ધીરજ રાખવી પડશે.

ભરવાડો તો ધીરજ વિશે બધું જાણતા હતા. ફરી એક વાર તેને સમજાયું કે જે કંઈ પાઠ તે પોતાનાં ઘેટાં પાસેથી શીખ્યો હતો તેનો જ ઉપયોગ તે આ અજાણી ભૂમિમાં કરી રહ્યો હતો. ‘‘સૃષ્ટિની તમામ વસ્તુઓ સરખી જ છે.’’ વૃદ્ધે કહેલું.

* * *

સવાર પડતાં જ ક્રિસ્ટલના વેપારીની આંખ ખૂલી. રોજની જેમ આજે પણ એના મનને એ જ ચિંતા ઘેરી વળી. છેલ્લાં ત્રીસ વર્ષથી એ આ જ જગાએ હતો. આ જગ્યા પહાડની ટોચ ઉપર હતી અને ક્યારેક કોઈક રડયોખડયો ગ્રાહક આવી જતો હતો. હવે કંઈક નવું કરવા માટે મોડું થઈ ગયું હતું. એને માત્ર એક જ વસ્તુ – કાચનાં વાસણોની ખરીદી અને વેચાણ જ આવડતાં હતાં. એક એવો પણ સમય હતો જ્યારે ઘણા લોકો એની દુકાનને જાણતા હતા. અરબી વેપારીઓ ફ્રેન્ચ અને અંગ્રેજ ભૂસ્તર શાસ્ત્રીઓ અને જર્મન સિપાઈઓથી એની દુકાન ઊભરાતી રહેતી હતી. કેવા સોનેરી દિવસો હતા ! વાસણો વેચવામાં અનોખો આનંદ આવતો હતો. એને તો એવું જ લાગતું કે જલ્દીથી તે પૈસાદાર બની જશે અને પાછલી ઉંમરમાં સુંદર સ્ત્રીઓ તેને ઘેરી વળશે.

જેમ-જેમ સમય વીત્યો તેમ ટેન્જિયર પણ બદલાઈ ગયું. પાડોશી શહેર કિઓટા બહુ જ ઝડપથી વિકાસ પામ્યું હતું, અને તેનાથી જ અહીંનો વેપાર- ધંધો ઢીલો પડી ગયો. ઘણા લોકો પણ શહેર છોડીને જતા રહ્યા અને હવે માત્ર ગણીગાંઠી દુકાનો જ રહી હતી. અને એવો કયો વીરલો હોય કે થોડીક દુકાનો નજરતળે કાઢવા માટે પહાડ ચડીને આવે !

વેપારી પાસે હવે કોઈ વિકલ્પ બચ્યો નહોતો. સળંગ ત્રીસ વર્ષ સુધી એ કાચનાં વાસણ ખરીદતો અને વેચતો રહ્યો હતો અને હવે બીજું કંઈ કરવાનો સમય જ નહોતો રહ્યો.

આખી સવાર અમુક જ માણસોને અહીંથી પસાર થતા તેણે જોયા હતા. વર્ષોથી એ આવું જ જોતો રહ્યો છે અને પસાર થનાર દરેક વ્યક્તિને સંપૂર્ણ રીતે ઓળખે છે. પણ બપોર પહેલાં એક નવો જ છોકરો તેની દુકાનની સામે ઊભો રહી ગયો. તેણે સામાન્ય કપડાં પહેર્યાં હતાં. વેપારીની અનુભવી આંખોએ એ જોઈ લીધું કે છોકરા પાસે કંઈ લેવા માટે પૈસા નહોતા. તો પણ વેપારીએ વિચાર્યું કે છોકરો જાય પછી જ હું જમવા બેસીશ.

* * *

એ દુકાનમાં લટકતા પાટિયાથી સ્પષ્ટ થતું હતું કે ત્યાં ઘણી ભાષાઓ બોલાતી હતી. છોકરાએ ગલ્લા પાછળ ઊભેલો માણસ જોયો.

છોકરાએ કહ્યું, ‘‘જો તમે કહો તો આ બારીમાં પડેલા પેલા પ્યાલા હું સાફ કરી આપું. આવા મેલા પ્યાલા કોઈ નહીં ખરીદે.’’

કોઈ પ્રતિભાવ આપ્યા વિના જ તે માણસે છોકરા સામે જોયા કર્યું.

‘‘બદલામાં તમે મને કંઈ ખાવાનું આપી શકો.’’

હજી પણ પેલો માણસ કંઈ બોલ્યો નહીં. છોકરાને ખ્યાલ આવ્યો કે તેણે જ કંઈક નિર્ણય લેવો પડશે. તેના થેલામાં જાકીટ હતું. જેનું આ રણમાં કશું કામ નહોતું પડવાનું. તેણે એ જાકીટ બહાર કાઢી અને પ્યાલા સાફ કરવા જ માંડયા. અડધા જ કલાકમાં બધા પ્યાલા તેણે સાફ કરી લીધા. એ કામ જ્યારે તે કરી રહ્યો હતો ત્યારે બે ગ્રાહકો દુકાનમાં આવ્યા અને થોડા પ્યાલા ખરીદી પણ ગયા.

એણે સાફસફાઈ પૂરી કરીને માલિકને થોડું ખાવાનું આપવા કહ્યું. વેપારીએ કહ્યું, ‘‘ચાલ,

આપણે બંને જમવા બેસીએ.''

દુકાન પર બોર્ડ લગાવીને નજીકની એક હોટલમાં તે છોકરાની સાથે ગયો. ત્યાંના એકમાત્ર ટેબલ પર બેસતાં વેપારી હસવા લાગ્યો.

''તારે કોઈ સાફસફાઈ કરવાની જરૂર જ નહોતી.'' તેણે કહ્યું : ''આમ કુરાનમાં આજ્ઞા છે જ કે ભૂખ્યાને જમાડવું.''

''અચ્છા, તો પછી તમે મને શાથી એ કામ કરવા દીધું ?'' છોકરાએ પૂછ્યું.

''કારણ કે પ્યાલા ખરેખર ગંદા હતા જ. તારે અને મારે બંનેએ આપણા મનના નકારાત્મક વિચારોથી આપણું મન પણ સ્વચ્છ કરવાનું હતું.'' જમ્યા પછી વેપારીએ છોકરાને પૂછ્યું, ''તું મારી દુકાને કામ કરે તો મને ગમશે. તું કામ કરતો હતો તે દરમિયાન જ બે ગ્રાહકો આવી પણ ગયા. એ સારાં શુકન છે.''

ભરવાડને થયું કે લોકો શુકન વિશે વાતો તો બહુ કરે છે, પણ તેઓ જાણતા નથી હોતા કે તે ખરેખર શું છે. જેમ, મને પણ આટલાં વર્ષોથી ખબર નહોતી કે હું મારાં ઘેટાં સાથે શબ્દરહિત ભાષામાં વાત કરતો હતો.

''શું તારે મારે ત્યાં કામ કરવું છે ?'' વેપારીએ પૂછ્યું.

''હું બાકીનો દિવસ કામ કરી શકું એમ છું.'' છોકરાએ કહ્યું, ''હું આખી રાત, છેક સવાર પડે ત્યાં સુધી કામ કરીશ. તમારી દુકાનના બધાં વાસણોની સફાઈ કરી આપીશ. વળતરમાં મને કાલે ઈજિપ્ત જવાના પૈસા જોઈએ છે.''

વેપારી હસવા લાગ્યો, ''તું આખુંયે વર્ષ મારાં વાસણો સાફ કરતો રહે... દરેક વસ્તુને વેચીને તેનું કમિશન પણ મેળવી લે છતાં ઈજિપ્ત જવા માટે બીજા પૈસા ઉધાર લેવા પડે. અહીંથી એ હજારો કિલોમીટર દૂર છે ને વચ્ચે અફાટ રણ પથરાયેલ છે.''

એક ક્ષણ એટલું અગાધ મૌન વ્યાપી ગયું, જાણે આખું શહેર ઊંઘી ગયું હોય. ન બજારની ધમાલનો અવાજ, ન વેપારીઓની રકઝકનો અવાજ, ન કોઈ મૌલવીની બાંગ ! ન કોઈ આશા, ન કોઈ સાહસકર્મ, ન વૃદ્ધ રાજા કે નિયતિઓ, ન કોઈ ખજાનો કે ન કોઈ પિરામિડ. જાણે સમગ્ર વિશ્વ મૌન બન્યું કારણ કે છોકરાનો આત્મા મૌન બની ગયો. તે ત્યાં બેસી રહ્યો. હોટલના દરવાજાની બહાર તાકી રહ્યો, પોતે મૃત્યુ પામ્યો હોત તો સારું થાત એવું વિચારતો રહ્યો. અને જાણે એ ક્ષણે બધું નષ્ટ થઈ જશે તેવું તેને જણાયું.

વેપારી છોકરા સામે વ્યગ્ર નજરે તાકી રહ્યો. તેના મોં પર સવારે દેખાયેલી બધી ખુશી જાણે અચાનક ઊડી ગઈ હતી.

''બેટા, તારા દેશ પાછા જવાની ટિકિટના પૈસા હું તને આપી શકું.'' વેપારી બોલ્યો. છોકરાએ કશું ન કહ્યું. ઊભો થઈને તેણે કપડાં સરખાં કર્યાં અને પોતાનો થેલો ઉપાડયો.

''હું તમારે માટે કામ કરીશ.'' તેણે કહ્યું.

લાંબા મૌન બાદ તેણે ઉમેર્યું, ''થોડાં ઘેટાં ખરીદવા માટે મને પૈસા જોઈશે.''

ભાગ-૨

સ્ફટિકનાં વાસણોના વેપારીને ત્યાં કામ કરતાં કરતાં લગભગ એક મહિનો થવા આવ્યો. છોકરાને સમજાયું કે આ કામ તેને ખુશી આપે તેવું તો નહોતું જ. આખો દિવસ વેપારી તો કાઉન્ટર પાછળ બેસીને બડબડતો રહેતો, સ્ફટિકની દરેક ચીજને કાળજીપૂર્વક ઉઠાવવા-મૂકવાની સૂચના આપતો રહેતો જેથી તેમાંની કોઈ ચીજ તૂટી ન જાય.

છતાંય તેણે આ નોકરી ચાલુ રાખી, કારણ કે બડબડિયો હોવા છતાં એ વેપારી તેને સારી રીતે રાખતો હતો. જે ચીજનું તે વેચાણ કરતો તેનું સારું કમિશન તેને આપતો અને તેથી છોકરાએ થોડી બચત પણ કરવા માંડી હતી. એ સવારે તે મનોમન ગણતરી કરી રહ્યો હતો. જે રીતે તે કામ કરી રહ્યો હતો તે રીતે તો તેને થોડાં ઘેટાં ખરીદવામાં પણ આખું વર્ષ લાગી જાય તેમ હતું.

છોકરાએ વેપારીને કહ્યું, ‘‘ક્રિસ્ટલની વસ્તુઓને સારી રીતે પ્રદર્શિત કરવા માટે મારે એક ‘શૉ-કેસ’ બનાવવું છે. તેને આપણે બહાર ગોઠવી શકીએ અને આ ટેકરીની તળેટીમાંથી પસાર થતા લોકોને પણ આકર્ષી શકીએ.’’

‘‘મેં એવું કદી કર્યું નથી.’’ વેપારીએ કહ્યું, ‘‘લોકો તેની પાસેથી પસાર થાય, ધક્કો વાગે તો તેમાંની ચીજો ભાંગી પણ જાય.’’

‘‘હું મારાં ઘેટાંને વગડામાં હાંકતો હોઉં ત્યારે જો કોઈ સાપ કરડી જાય તો તેમાંનાં કેટલાંક મરી પણ જાય, પણ ઘેટાં અને ભરવાડની જિંદગી જ તો એવી છે.’’

વેપારી ગ્રાહક તરફ ફર્યો. એ ત્રણ પવાલાં ખરીદવા માગતો હતો. હવે વેચાણ ઘણું જ વધ્યું હતું; એ સમય જાણે ફરીથી આવી પહોંચ્યો હતો જ્યારે ટેન્જિયરનાં આકર્ષણોમાં આ ગલી પણ ગણાતી હતી.

‘‘ધંધો ખરેખર સુધર્યો છે.’’ ગ્રાહકના ગયા પછી વેપારીએ છોકરાને કહ્યું, ‘‘પહેલાં કરતાં હું વધુ કમાઉં છું અને તું પણ હવે જલદી જ તારાં ઘેટાં પાસે પહોંચીશ. જીવનમાં એનાથી વધુ અપેક્ષા શું કામ રાખવી જોઈએ ?’’

‘‘આપણે શુકનોનો પ્રતિભાવ આપવો જ જોઈએ.’’ અચાનક કશા અર્થસંદર્ભ વગર જ છોકરાથી બોલાઈ ગયું. પછી તેને પસ્તાવો થયો કારણ કે વેપારી તો કદી પેલા રાજાને મળ્યો નહોતો.

‘‘એને અનુકૂળતાનો સિદ્ધાંત કહે છે, શરૂઆત કરનારનું કિસ્મત – કારણ કે જીવન ઈચ્છે છે કે તમને તમારી નિયતિ પ્રાપ્ત થાય.’’ પેલા વૃદ્ધ રાજાએ કહેલું.

પરંતુ વેપારી સમજી ગયો કે છોકરો શું કહેવા માગે છે. છોકરાની દુકાનમાં હાજરી જ શુકનિયાળ નીવડી હતી. જેમ જેમ સમય પસાર થતો ગયો અને તેના ગલ્લામાં નાણાંની રેલમછેલ થવા લાગી તેમ એને એ છોકરાને નોકરીએ રાખ્યા બદલ સંતોષ અનુભવાતો ચાલ્યો. છોકરાને તેની યોગ્યતા કરતાં વધુ વળતર મળતું હતું. કારણ કે વેપારીએ વિચારેલું કે વેચાણ કંઈ બહુ વધશે નહીં એટલે છોકરાની સાથે તેણે કમિશનની રકમ વધારે જ નક્કી કરી હતી. વળી એણે માની લીધેલું કે છોકરો જલદી જ પોતાનાં ઘેટાં પાસે જતો રહેશે.

શૉ-કેસની વાત ટાળવા તેણે છોકરાને પૂછ્યું, ‘‘તારે પિરામિડોના દેશમાં શાથી જવું હતું ?’’

‘‘કારણ કે મેં તેના વિશે ઘણું બધું સાંભળ્યું છે.’’ જો કે તેણે પોતાના સ્વપ્નની વાત ન કરી. ખજાનો તો જાણે એક શોકમય યાદ જ બની ગયો હતો અને તેના વિશે હવે તે વિચારવાનું પણ ટાળતો.

"એવી કોઈ વ્યક્તિને હું અહીં જાણતો નથી જે માત્ર પિરામિડોને જોવા માટે આખુંય રણ પાર કરવા ઈચ્છા રાખતો હોય." વેપારી બોલ્યો. "છેવટે તો એ પથ્થરોના ઢગલા છે. એવું તો તમારા ઘરને પછવાડે તમેય બાંધી શકો."

"તમે પ્રવાસનું સ્વપ્ન જ કદી નથી સેવ્યું." કહીને દુકાનમાં દાખલ થયેલા ગ્રાહક તરફ છોકરો ફરી ગયો.

બે દિવસ પછી વેપારીએ શૉ-કેસની વાત ફરી ઉપાડી.

"મને પરિવર્તન બહુ નથી ગમતું." તે બોલ્યો. "પેલા હસન જેવો સમૃદ્ધ નથી હું કે નથી તું. જો તે ખરીદીમાં કશી ભૂલ કરે તો પણ તેને ખાસ નુકસાન ન થાય, પણ આપણે તો આપણી ભૂલો સાથે જીવવું પડે છે."

વાત તો સાચી છે, છોકરાએ ઉદાસ થઈને વિચાર્યું.

"તને શાથી લાગ્યું કે આપણે શૉ-કેસ બનાવવો જોઈએ ?"

"મારે મારાં ઘેટાં પાસે બને તેટલા જલદી પાછા ફરવું છે. જ્યારે ભાગ્ય આપણી તરફેણમાં હોય ત્યારે તેનો લાભ ઉઠાવવો જ જોઈએ. તેને પણ આપણે એટલી મદદ તો કરવી જોઈએ જેટલી તે આપણને કરે છે. એ જ તો સૌભાગ્યનો સિદ્ધાંત છે."

થોડી ક્ષણો માટે વેપારી મૌન રહ્યો. પછી કહે, "પયગંબરે આપણને કુરાન આપ્યું અને આખા જીવનમાં પાંચ જ ફરજો નિભાવવાનો આદેશ આપ્યો. તેમાં સૌથી મહત્ત્વનો એ કે માત્ર એક જ ખુદામાં શ્રદ્ધા રાખવી. બીજી ફરજોમાં દિવસની પાંચ વખત નમાજ, રમજાન દરમિયાન ઉપવાસ અને ગરીબ પ્રત્યે દયાદાન."

એ જરા થોભ્યો. પયગંબરની વાત કરતાં તેની આંખમાં આંસુ આવ્યાં. તે ધર્મિષ્ઠ હતો અને તેની બધી જંજાળ સાથે પણ તે ઈસ્લામના કાનૂન મુજબ જીવન વિતાવવા માગતો હતો.

"અને પાંચમી ફરજ કઈ ?" છોકરાએ પૂછ્યું.

"બે દિવસ પહેલાં તેં કહ્યું કે મેં કદી પ્રવાસનું સ્વપ્ન નથી જોયું ! પાંચમી ફરજ એ છે કે દરેક મુસલમાને હજ કરવી. જીવનમાં ઓછામાં ઓછી એક વાર અમારે મક્કાના પવિત્ર શહેરની મુલાકાત લેવી જોઈએ."

"પિરામિડોથીય ઘણું દૂર મક્કા આવેલું છે. હું નાનો હતો ત્યારે મને આ દુકાન શરૂ કરવા માટે જોઈતા પૈસા ભેગા કરવાનું જ એક ધ્યેય હતું. મને હતું કે એક દિવસ હું ધનવાન બનીશ અને પછી મક્કા જઈ શકીશ. મેં ધન મેળવવાનું શરૂ કર્યું, પણ મારાથી કોઈ બીજાને દુકાન સોંપવાનું થયું નહીં. ક્રિસ્ટલનાં વાસણો ખૂબ નાજુક હોય છે ને ! પણ એ જ સમયે એવા ઘણા લોકો મારી દુકાન પાસેથી પસાર થતા જેઓ મક્કાની યાત્રા કરવા નીકળ્યા હોય. કેટલાક સમૃદ્ધ યાત્રીઓ ઘણા મોટા રસાલા, ઊંટો અને નોકરચાકરને સાથે લઈને નીકળતા. પણ મોટા ભાગના યાત્રીઓ મારા કરતાં ગરીબ હોવા છતાં યાત્રાએ નીકળતા."

"હજ કરનારા બધા જ ખુશ રહેતા. પોતપોતાના ઘરની બહાર તેઓ એ પવિત્ર ફરજ પૂર્ણ કર્યાની નિશાનીઓ મૂકતાં. પગરખાંનું સમારકામ કરીને ગુજરાન ચલાવનાર એક મોચીએ કહ્યું હતું કે રણમાં તે લગભગ એક વર્ષ સુધી ચાલ્યો ત્યારે જે થાક લાગ્યો તેના કરતાં વધુ થાક તેને ટેન્જિયરના માર્ગો પર પોતાનાં સાધનો અને ચામડાં લેવા જવા માટે ચાલવામાં લાગતો હતો."

"તો પછી હવે તમે મક્કા કેમ નથી જતા ?" છોકરાએ પૂછ્યું.

'કારણ કે મક્કાનો વિચાર જ મને જીવંત રાખે છે. મને આ એકધારા વીતતા દિવસોનો સામનો કરવાની શક્તિ આપે છે; આ મૂંગાં વાસણોને જોયા કરવાનું અને ગંદીગોબરી વીશીમાં

જમવું પડે છે એ સહ્ય બનાવે છે. મને થાય છે કે જો મારું સ્વપ્ન સાચું બની જાય તો પછી જીવ્યા કરવાનું કોઈ કારણ જ બચશે નહીં.'

"તું તારાં ઘેટાં અને પિરામિડોનાં સ્વપ્નો જુએ છે, પણ તું મારા કરતાં જુદો છે કારણ કે તારે તારાં સ્વપ્નાં સાચાં કરવાં છે. મારે તો ફક્ત મક્કાનું સ્વપ્ન જ જોવું છે. મેં તો હજારો વખત આ રણને પસાર કર્યાની, પવિત્ર કાબાના પથ્થરના ચોકમાં પહોંચ્યાની, ત્યાં સાત વખત તેની આસપાસ પ્રદક્ષિણા કર્યાની અને પછી જ તેને સ્પર્શ્યાની કલ્પના કરી લીધી છે. મારી આસપાસના લોકો, મારી સામે તથા મારી બાજુમાં રહેલા લોકો – તેમની વાતોચીતો અને પ્રાર્થનાઓ, જે અમે સાથે ઉચ્ચારીશું, એ બધાંની મેં કલ્પના કરી લીધી છે. પણ હું ધારું છું કે તે બધું શક્ય બનશે નહીં, એટલે તેનાં સ્વપ્નો જોવાનું જ હું પસંદ કરું છું."

એ દિવસે વેપારીએ શૉ-કેસ તૈયાર કરવાની પરવાનગી છોકરાને આપી. દરેક વ્યક્તિનું સ્વપ્ન કંઈ એકસરખી રીતે સાકાર થતું નથી.

* * *

બીજા બે મહિના વિત્યા. શૉ-કેસને કારણે ઘણા ગ્રાહકો દુકાને આવવા લાગ્યા. છોકરાએ અંદાજ કાઢયો કે જો તે હજી છ મહિના માટે કામ કરશે તો તે સ્પેન પાછો ફરીને ૬૦ ઘેટાં ખરીદી શકશે, અને પછીના એક વર્ષ કરતાં ઓછા ગાળામાં બીજાં ૬૦ પણ. આમ એનો માલ વરસે દહાડે બમણો થઈ જવાનો. ત્યારબાદ તે આરબો સાથે ધંધો કરશે, કારણ કે હવે તે તેમની એ અજાણી ભાષા પણ શીખી ગયો હતો. બજારમાંની તે સવાર પછી તેણે ક્યારેય યુરીમ અને થુમીમનો ઉપયોગ નહોતો કર્યો, કારણ કે હવે ઈજિપ્ત તેને માટે એટલું દૂર હતું જેટલું વેપારી માટે મક્કા. ખેર, છોકરાને હવે આ કામથી ખુશી મળવા લાગી હતી અને હવે તે આખો દિવસ એના જ વિચારો કરતો કે તે ક્યારેક એક સફળ વ્યક્તિ તરીકે ટારિફામાં ફરીથી પ્રવેશ કરી શકશે.

"તમારે એ જાણી લેવું જરૂરી છે કે તમારે શું જોઈએ છે." વૃદ્ધ રાજાએ કહેલું. હવે છોકરો એનો ઉદ્દેશ જાણતો હતો અને તે માટે પ્રયત્નો કરી જ રહ્યો હતો. કદાચ આ ભૂમિમાં આવવું તે તેનો ખજાનો હતો, પેલા ઠગની મુલાકાત થવી અને પોતાનાં ઘેટાંની સંખ્યા એક પૈસો પણ ખર્ચ્યા વિના બમણી કરવાનું વિચારવું. આ બધું કંઈ ખજાનાથી ઓછું તો નહોતું !

તેને પોતાને વિશે અભિમાન થયું. તેણે કેટલાક મહત્ત્વના પાઠો શીખી લીધા હતા – જેમ કે વાસણોનો ધંધો કઈ રીતે કરવો, શબ્દોરહિત ભાષા અને શુકનો વિશે પણ. એક દિવસ તેણે ટેકરીની ટોચે એક માણસને જોયો, જેની ફરિયાદ હતી કે આટલું ચડયા પછી કોઈ એવી સારી જગ્યા નહોતી જ્યાં કશું પીવા મળે. શુકન સમજવાને ટેવાયેલા છોકરાએ આ વાત વેપારીને કરી.

"જે લોકો ટેકરી પર ચડીને આવે તેમને આપણે ચા પાઈએ તો કેમ ?"

"અહીં ઘણી જગ્યાએ ચા મળે છે." વેપારી બોલ્યો.

"પણ આપણે આપણા પ્યાલામાં વેચી શકીએ. તે લોકોને ચા પીવામાં આનંદ આવશે અને તેમને આપણા પ્યાલાની ખરીદી કરવાનું પણ મન થશે. હું જાણું છું કે સુંદર વસ્તુઓ માણસને હંમેશાં લલચાવે છે."

વેપારીએ કશું કહ્યું તો નહીં, પણ તે બપોરે નમાજ પઢી લીધા પછી અને દુકાન બંધ કરતી વખતે તેણે છોકરાને પહેલી જ વાર પોતાની સાથે હુક્કો પીવાનું આમંત્રણ આપ્યું.

"તને શું જોઈએ છે ?" વેપારીએ પૂછ્યું.

"મેં તમને કહ્યું તેમ મારે ઘેટાં ફરીથી ખરીદવા માટે પૈસા કમાવા છે."

હુક્કામાં થોડા કોલસા ઉમેરીને વેપારીએ એક ઊંડો કશ લીધો.

"મારી આ દુકાન હું ૩૦ વર્ષથી ચલાવું છું. મને સારા કે ખરાબ ક્રિસ્ટલનું ઘણું જ્ઞાન છે અને બીજું પણ તે અંગે જાણવા જેવું છે તે બધું જાણું છું. વેપારનાં વલણોથીય હું વાકેફ છું. જો આપણે સ્ફટિકપાત્રમાં ચા પીરસીએ તો દુકાન મોટી થાય અને પછી મારે મારી આખી જીવનશૈલી બદલવી પડે."

"તે શું સારી વાત નથી ?"

"હું યથાસ્થિતિથી ટેવાઈ ગયો છું. તું આવ્યો તે પહેલાં હું વિચારતો હતો કે મારા મિત્રો આગળ વધી ગયા અને મેં એક જ ઠેકાણે કેટલો બધો સમય વેડફી નાખ્યો. તે બધા કાં તો દેવાળિયા બન્યા અથવા સમૃદ્ધ બન્યા. હું હતાશ પણ થતો. હવે આજે મને લાગે છે કે સ્થિતિ એટલી ખરાબ નથી. મારી પાસે મારે જોઈતી હતી એવડી દુકાન છે. હવે મારે કશો ફેરફાર કરવો નથી, કારણ કે ફેરફાર પછી શું કરવું તે હું નથી જાણતો. હું જેમ છું તેવો બરાબર છું."

છોકરાને સમજ ન પડી કે શું કહેવું. વેપારીએ આગળ ચલાવ્યું, "તું ખરેખર એક આશીર્વાદ બનીને આવ્યો છે. આજે હું અગાઉ નહોતો સમજી શક્યો એ સમજું છું. જે કોઈ આશીર્વાદને તમે અવગણો છો તે પછીથી એક શ્રાપ બની જાય છે. મારે જીવનમાં બીજું કશું જોઈતું નથી, પણ તું મને ફરજ પાડે છે કે હું સમૃદ્ધિની સામે જોઉં, અજાણી ક્ષિતિજો તરફ આંખ ઉઠાવું. હું સમજું છું કે તેમાં મારે માટે કેટલી બધી મોટી તકો છે, પણ એમ કરવાથી તો તું આવ્યો તે પહેલાં થતી એથી પણ વધુ ઊંડી હતાશા મને થશે. કારણ, હવે જાણું છું કે હું કેટકેટલું કરી શકું તેમ છું અને છતાં મારે તે કરવું નથી."

છોકરાએ વિચાર્યું : એ સારું થયું કે તે દિવસે પેલા ટારિફાના બેકરીવાળા દુકાનદારની સાથે મેં કશી વાત ન કરી.

થોડી વાર તેઓ હુક્કો પીતા રહ્યા. સાંજ ઢળવા આવી. તેઓ અરબી ભાષામાં વાતચીત કરી રહ્યા હતા અને છોકરાને એ વાતે ગર્વ હતો. એક સમય એવો હતો કે તેનું માનવું હતું કે જેટલું દુનિયા વિશે જાણવું જોઈએ તે બધું તેનાં ઘેટાં શીખવી દેશે. પણ તેઓ કદી અરબી ભાષા તો ન જ શીખવી શકત.

વેપારીની સામે જોતાં છોકરાએ વિચાર્યું કે કદાચ એવી બીજી પણ બાબતો આ દુનિયામાં હશે જે ઘેટાંઓ મને ન શીખવી શકે. ખરું જોતાં તો તેમની એકમાત્ર પ્રવૃત્તિ હતી – ચારોપાણી શોધતાં રહેવું અને કદાચ મેં માની લીધેલું તેવું તેઓ મને શીખવતાં ન પણ હોય – હું એ બધું મારી રીતે જ તેમની પાસેથી શીખતો હોઉં.

"મકતૂબ" વેપારી છેવટે બોલ્યો.

"એટલે શું ?"

"એ સમજવા માટે તારે એક આરબ તરીકે જન્મ લેવો પડે." વેપારીએ જવાબમાં કહ્યું, "પણ તારી ભાષામાં કદાચ એને આ રીતે કહી શકાય : વિધિના લેખ."

તેણે હુક્કાના કોલસા ઠારી નાખ્યા અને છોકરાને કહ્યું કે પ્યાલામાં ચા વેચવાનું કામ શરૂ કરી શકાશે.

નદીના પ્રવાહને રોકી શકાતો નથી.

* * *

લોકો ટેકરી ચડતા, ઉપર પહોંચતા ત્યારે થાકી જતા. પણ અહીં તેમને એક વાસણની દુકાન

દેખાતી. જ્યાં સરસ મજાની ફૂદીનાની ચા રૂપકડા ક્રિસ્ટલના પ્યાલામાં મળતી જે તેમનામાં તાજગી ભરી દેતી.

એક જણને થયું : "મારી પત્નીએ આવો વિચાર જ નહીં કરેલો." અને એણે થોડાં વાસણ ખરીદી લીધાં. એ રાત્રે થોડા મહેમાનો ઘેર આવવાના હતા અને આવા સુંદર પ્યાલાથી તેમના પર સારી છાપ પડી જાય. બીજાને લાગ્યું કે આ વાસણોમાં પીરસેલી ચા હંમેશા વધુ સારી લાગે કારણ કે તેની સુગંધ તેમાં જળવાઈ રહે છે. ત્રીજાએ કહ્યું : પૂર્વના દેશોમાં તો આવાં વાસણોમાં જ ચા પીવાનો રિવાજ હતો કારણ કે તેમાં જાદુઈ શક્તિ રહેલી હતી.

થોડા જ સમયમાં સમાચાર ફેલાઈ ગયા. એક પ્રાચીન વેપારમાં કંઈક નવો ચીલો પાડતી આ નવી દુકાન જોવા માટે ઘણા લોકો ટેકરી ચડવા લાગ્યા. બીજી ચાની દુકાનોમાં પણ આવાં જ વાસણોમાં ચા પીરસાવી શરૂ થઈ, પણ તે દુકાનો ટેકરીની ટોચે નહોતી અને તેથી તેમને ત્યાં આટલો વેપાર-ધંધો પણ થતો નહીં.

છેવટે વેપારીએ બે વધુ કર્મચારીઓ રાખવા પડયા. ક્રિસ્ટલનાં વાસણો સાથે જ તે ચાની મોટા જથ્થામાં આયાત કરવા લાગ્યો. લોકો નવી નવી ચીજો જોવા માટે તેની દુકાનની ખાસ મુલાકાત લેવા લાગ્યા.

અને આ રીતે મહિનાઓ વીતતા ગયા.

* * *

વહેલી સવારે છોકરો જાગી ગયો. આફ્રિકા ખંડમાં પ્રથમ પગલું માંડયાને તેને ૧૧ મહિના અને ૯ દિવસ વીતી ગયા હતા.

જે સફેદ કાપડનો અરબી પોષાક તેણે ખાસ આ દિવસ માટે લીધો હતો તે તેણે પહેર્યો. માથાનો ફટકો ઊંટની ચામડીમાંથી બનાવેલી દોરીથી કસીને વ્યવસ્થિત કર્યો. નવાં પગરખાં પહેરીને તે દાદર ઊતર્યો.

શહેર હજી સૂતું હતું. તેણે જાતે જ એક સેન્ડવીચ બનાવી અને પ્યાલામાંથી ગરમાગરમ ચા પીધી. સૂર્યકિરણોથી હવે ઊભરાઈ જતા બારણા પાસે બેસીને તે હુક્કો પીવા લાગ્યો.

તે શાંતિથી હુક્કો પીતો હતો, કશાનો ય વિચાર કર્યા વગર જ રણની સુગંધને ખેંચી લાવતા પવનના ધીમા સુસવાટાને તે સાંભળી રહ્યો. હુક્કો પૂરો થયો એટલે એક ખિસ્સામાં તેણે હાથ નાખ્યો પણ થોડી ક્ષણો તે એમ જ બેસી રહ્યો અને જે તેને હાથ લાગ્યું હતું તેનો વિચાર કર્યો.

તે નાણાંની થોકડી હતી. એ નાણાંથી તે ૧૨૦ ઘેટાં, પાછા ફરવાની ટિકિટ અને આફ્રિકામાંથી પોતાના દેશમાં ચીજવસ્તુ આયાત કરવાનું લાઈસન્સ ખરીદી શકે એમ હતો.

વેપારી ઊઠે અને દુકાન ખોલે તેની તેણે રાહ જોઈ, પછી બંને ફરી ચા પીવા ગયા.

"હું આજે જઉં છું." છોકરાએ કહ્યું, "ઘેટાં ખરીદી શકાય તેટલા પૈસા મારી પાસે છે અને તમારી પાસેય તમે મક્કા જઈ શકો એટલાં નાણાં છે."

વેપારી કશું બોલ્યો નહીં.

"તમે મને આશીર્વાદ આપશો ?" છોકરાએ કહ્યું, "તમે મને મદદ કરી છે." વેપારી ચા બનાવતો રહ્યો, પણ કાંઈ બોલ્યો નહીં. પછી તે છોકરા તરફ ફર્યો.

"મને તારા પર ગર્વ છે." તેણે કહ્યું, "મારી દુકાનમાં તેં નવો ઉત્સાહ રેડયો છે. પણ તું જાણે છે કે હું કંઈ મક્કા-બક્કા જવાનો નથી. તું એ પણ જાણે છે કે તું કંઈ તારાં ઘેટાં ખરીદવાનો નથી."

છોકરો ચમક્યો, "તમને કોણે કહ્યું ?"

"મકતૂબ !" વાસણનો વેપારી બોલ્યો અને તેણે છોકરાને આશીર્વાદ આપ્યા.

* * *

પોતાના ઓરડામાં જઈ તેણે પોતાની ચીજવસ્તુ એકઠી કરવા માંડી. તે બધાંથી ત્રણ ગુણીઓ ભરાઈ. તે જતો હતો ત્યાં જ ઓરડાના એક ખૂણે તેણે પોતાનો જૂનો ભરવાડનો થેલો જોયો. તે ચીમળાઈ ચૂક્યો હતો અને ઘણા વખતથી તેણે તે થેલા વિશે વિચાર જ કર્યો નહોતો. થેલામાંથી પેલું જાકીટ કાઢયું અને વિચાર્યું કે બહાર શેરીમાં કોઈને તે આપી દઈશ, ત્યાં યુરીમ અને થુમીમ રત્નો ગબડીને નીચે પડયાં.

છોકરાને વૃદ્ધ રાજા યાદ આવ્યો. તેને એક વાતે આંચકો લાગ્યો કે તેને વિશે વિચાર કર્યાને કેટલો બધો વખત વીતી ગયો હતો. લગભગ એક વર્ષ સુધી તે સતત એમ માનીને કામ કરતો રહ્યો કે તે પૂરતા પૈસા બચાવીને સ્પેન પાછો ફરે ત્યારે વિજયી સ્મિત સાથે પાછો ફરે.

"સ્વપ્નો જોવાં કદી બંધ ન કરવાં." તે વૃદ્ધ રાજાએ કહ્યું હતું. "શુકનને અનુસરવું."

યુરીમ અને થુમીમને છોકરાએ ઊંચક્યાં ત્યારે તેને એવું લાગ્યું જાણે વૃદ્ધ રાજા તેની આજુબાજુમાં જ ક્યાંક છે. એક વર્ષ તેણે સખત મહેનત કરી હતી અને હવે શુકનો એવાં હતાં કે પોતે અહીંથી જવું જોઈએ.

હું જે પહેલાં કરતો હતો તે ફરીથી કરવા માટે પાછો જાઉં છું, તેણે વિચાર્યું. ભલે પછી ઘેટાં મને અરબી ભાષા ન શીખવી શક્યાં.

ઘેટાંએ તેને તેથી પણ વધુ મહત્ત્વનો પાઠ શીખવ્યો તો હતો જ. દુનિયામાં એક એવી ભાષા હતી જે દરેકેદરેક સમજી શકે. તેણે વાસણની દુકાને પણ એ ભાષાનો ઉપયોગ કર્યો જ હતો. તે હતી ઉત્સાહની ભાષા. પ્રેમ અને સંકલ્પની સાથે એ વસ્તુ મેળવવાની જેનો તમને ભરોસો અને ઝંખના હોય. હવે ટેન્જિયર કંઈ અજાણ્યું શહેર નહોતું. તેને થયું કે જેમ તેણે આ જગ્યા જીતી લીધી છે, તેમ જ તે દુનિયાને પણ જીતી શકે છે.

વૃદ્ધ રાજાએ કહ્યું હતું, "જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે."

પણ રાજાએ પોતાની વસ્તુ ચોરાઈ જવા વિશે, કે અફાટ રણ વિસ્તારો વિશે, કે પછી એવા લોકો વિશે જે સ્વપ્નાં સેવે છે છતાં તેને સિદ્ધ કરવા નથી માગતા, કશું કહ્યું નહોતું. વૃદ્ધ રાજાએ તેને એવું નહોતું કહ્યું કે પિરામિડો તો મોટા પથ્થરોના ઢગલા છે અથવા એમ કે એવા ઢગલા તો કોઈ પણ વ્યક્તિ પોતાના ઘર પાછળના ભાગમાં ઊભા કરી શકે છે. વળી તેઓ એ કહેવાનું પણ ભૂલી ગયા હતા કે જ્યારે તમારી પાસે મોટી સંખ્યામાં ઘેટાંનું ધણ ખરીદવાના પૈસા આવે ત્યારે તમારે તે ખરીદી લેવું જોઈએ.

છોકરાએ થેલો ઊંચકીને બીજી ચીજોની સાથે મૂકી દીધો. દાદરો ઊતર્યો ત્યારે તેણે જોયું કે વેપારી કોઈ વિદેશી યુગલ સાથે વાત કરી રહ્યા હતા અને ત્યાં બીજા બે ગ્રાહકો પણ દાખલ થયા, જેઓ પ્યાલામાં ચા પી રહ્યા હતા. સામાન્ય સવારના પ્રમાણમાં આ વધારે પડતી અવરજવર ગણાય. તે જ્યાં ઊભો હતો ત્યાંથી તેણે જોયું કે એ વેપારીના વાળ પેલા વૃદ્ધ રાજા જેવા લાગતા હતા. ટેન્જિયરમાં આવ્યો ત્યારે પહેલે જ દિવસે મળેલા મીઠાઈવાળાના મોં પર હતું તે સ્મિત તેને યાદ આવ્યું. ત્યારે તેની પાસે કશું ખાવાનું નહોતું અને ક્યાંય જવાનું સ્થળ પણ નહોતું. તે સ્મિત પણ વૃદ્ધ રાજાના સ્મિત જેવું જ હતું.

તેને થયું કે આ બધાથી તો એવું લાગે છે જાણે તે રાજા અહીં પણ આવ્યો હશે અને

પોતાની આગવી છાપ મૂકી ગયો હશે. અને છતાં, આમાંના કોઈને વૃદ્ધ રાજાની મુલાકાત થઈ નથી. જોકે રાજાએ તો કહ્યું હતું કે જે વ્યક્તિ પોતાની નિયતિને પામવા મથે છે તેને મદદ કરવા તે હંમેશાં દેખા દે છે.

વાસણના વેપારીને 'જઉં છું' કહ્યા વિના જ તે ચાલી નીકળ્યો. બીજા લોકોની હાજરીમાં તે રડવા ઈચ્છતો નહોતો. આ સ્થળ અને જે કંઈ અહીં શીખ્યો એ બધું તેને હંમેશા યાદ આવશે. છતાં હવે તેનામાં આત્મવિશ્વાસ વધ્યો હતો અને એને એવું લાગી રહ્યું હતું કે તે ધારે તો આખીય દુનિયાને જીતી શકે.

"પણ હું તો મારાં એ જ જૂનાં અને જાણીતાં ખેતરો તરફ જઈ રહ્યો છું, મારાં ઘેટાંની કાળજી લેવા." તે મનોમન ખૂબ નિશ્ચિતતાથી બબડયો, તે પોતાના આ નિર્ણયથી ખુશ નહોતો. એક સ્વપ્નને સાચું પાડવા તેણે આખું એક વર્ષ ખૂબ મહેનત કરી હતી અને એ જ સ્વપ્ન હવે દર ક્ષણે જાણે મહત્ત્વ ખોઈ રહ્યું હતું. જાણે તે તેનું સાચું સ્વપ્ન હોય જ નહીં, એમ !

કોને ખબર... કદાચ પેલા વાસણના વેપારી જેવું હોવું વધુ સારું હતું. મક્કા કદી ન જવું, અને આખી જિંદગી તેમ કરવાની ઈચ્છામાં પૂરી કરવી. તેણે પોતાની જાતને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ તેના હાથમાં યુરીમ અને થુમીમ હતા અને તેમાંથી વૃદ્ધ રાજાની હિંમત અને ઈચ્છાશક્તિનો પ્રભાવ અનુભવાતો હતો. યોગાનુયોગ હોય અથવા કદાચ એ શુભ સંકેત પણ હોય, છોકરાએ વિચાર્યું – તે એ જ શરાબખાનામાં પહોંચી ગયો હતો જ્યાં તે પહેલા દિવસે આવેલો. અલબત્ત, પેલો ચોર ત્યાં નહોતો, માલિકે તેને ચાનો કપ આપ્યો.

ભરવાડ વાળું કામ તો હું ગમે ત્યારે કરી શકું છું, છોકરાએ વિચાર્યું. મેં ઘેટાંની કાળજી કઈ રીતે કરવી તે શીખી લીધું છે. પરંતુ કદાચ ઈજિપ્તના પિરામિડો સુધી જવાની બીજી તક મને ક્યારેય ન મળે ! વૃદ્ધે તો એક સોનાનું કવચ પહેર્યું હતું અને મારા ભૂતકાળને પણ તેઓ જાણતા હતા. ખરેખર એ તો રાજા હતા, એક શાણા રાજા.

એન્ડાલુશિયાના પહાડો માંડ બે કલાકના અંતરે હતા, જ્યારે તેની અને પિરામિડોની વચ્ચે તો એક આખું રણ પથરાયેલું હતું. તેમ છતાં પણ છોકરાને લાગ્યું કે આ સ્થિતિને બીજી દૃષ્ટિથી જોઈ શકાય ખરી. તે પોતાના ખજાનાથી બે કલાક જેટલો નજીક આવી ગયો છે... એ બે કલાક એક આખું વર્ષ જેટલા ખેંચાયા તે બહુ મહત્ત્વનું નહોતું.

હું મારા ઘેટાં પાસે કેમ જવા માગું છું એ હું જાણું છું. કારણ કે હું ઘેટાંને સમજું છું. હવે તેઓ મારે માટે કોઈ સમસ્યા નથી અને તેઓ સારાં મિત્રો બની શકે છે, પણ બીજી બાજુ હું જાણતો નથી કે રણ કદી સારું મિત્ર બની શકે કે નહીં ? અને મારા ખજાનાની શોધ મારે રણમાં જ કરવાની છે. જો હું તેને શોધી ન શકું તો હું ઘેર તો ગમે ત્યારે જઈ શકું. છેવટે મારી પાસે પૂરતા પૈસા આવી ગયા છે અને સમય પણ ભરપૂર છે. તો શા માટે નહીં ?

અચાનક તેને અત્યંત ખુશીની લાગણી થઈ આવી. તે ધારે ત્યારે ભરવાડ બની જ શકે તેમ હતો. તે ઈચ્છે તો ફરીથી વાસણ વેચતો સેલ્સમૅન પણ બની શકે. ફરી એમ બને કે દુનિયામાં બીજા પણ છૂપા ખજાના હોય, પણ તેને એક સ્વપ્ન આવ્યું હતું. તેને એક રાજા મળ્યો હતો. એવું કંઈ બધાંને થોડું થતું હોય છે ?

શરાબખાનું છોડતાં પહેલાં જ તે હવે આયોજન કરવા લાગ્યો હતો. તેને યાદ આવ્યું કે વેપારીને વાસણનો માલ પૂરો પાડનાર તે માલને ઊંટોની વણજારમાં મોકલતો હતો જે રણને પાર કરતી હતી. તેણે યુરીમ અને થુમીમને હાથમાં લીધા. આ બે રત્નોને કારણે જ, આજે ફરીથી પોતાના ખજાનાની દિશામાં નીકળી પડશે.

"જ્યારે કોઈ ખરેખર પોતાની નિયતિને મળવા ઈચ્છે છે ત્યારે હું હંમેશાં તેની આસપાસ

જ રહું છું.'' વૃદ્ધ રાજાએ તેને કહ્યું હતું.

પેલા માલ મોકલનારની વખારે જઈને પિરામિડો ખરેખર કેટલા દૂરના અંતરે હતા, એની ખાતરી કરવામાં કેટલો ખર્ચ આવશે ?

* * *

એક અંગ્રેજ ત્યાં ટેબલ ઉપર બેઠો હતો. જ્યાં પશુઓ, પસીનો અને ધૂળની ગંધ આવતી હતી. આ જગ્યા અડધી વખાર હતી અને અડધો પશુઓનો વાડો. મને કદી વિચાર સુધ્ધાં નહોતો આવ્યો કે આવી કોઈ જગ્યાએ પણ હું કોઈ વાર જઈશ, તે વિચારવા લાગ્યો. તે રસાયણશાસ્ત્રના કોઈ સામયિકનાં પાનાં ઊથલાવતો હતો. વિશ્વવિદ્યાલયમાં પૂરાં દસ વર્ષ ભણ્યા પછી હું આ તબેલામાં...

પરંતુ તેણે આગળ જવાનું જ હતું. તેને શુકનોમાં શ્રદ્ધા હતી. તેની આખી જિંદગી અને બધો અભ્યાસ એ શોધવા માટે હતાં કે સમગ્ર બ્રહ્માંડની સાચી ભાષા કઈ છે. પહેલાં તો એણે એસ્પેરાન્ટો * ભાષાનો અને દુનિયાના ધર્મોનો અભ્યાસ કર્યો. હવે તે શીખતો હતો આલ્કેમી અથવા રસસિદ્ધિનું શાસ્ત્ર. જેમાં હલકી ધાતુને સોનામાં ફેરવી શકાય. જો કે હજી તે કીમિયાગર નહોતો બન્યો. ઘણા મહત્ત્વના પ્રશ્નોના તથ્યો તેણે શોધી કાઢયાં હતાં, પરંતુ તેનો અભ્યાસ તેને એક હદ સુધી લઈ આવ્યા પછી અટકી જતો. તેણે એક કીમિયાગર સાથે સંબંધો વધારવાનો પ્રયાસ કર્યો, પણ તે નિષ્ફળ ગયો હતો. એવા કીમિયાગરો જરા વિચિત્ર ભાતના લોકો હતા. તેઓ માત્ર પોતાનો જ વિચાર કરતા રહેતા અને લગભગ બધાએ તેને મદદ કરવાની ના કહી દીધી હતી. કોને ખબર ? સંભવ છે કે તે લોકો પણ મૂળ કીમિયો એટલે કે પારસમણિના રહસ્યને શોધી કાઢવામાં સફળ ન થયા હોય ! અને એથી જ તે એમની જાણકારી પણ પોતાની પાસે રાખવા માગતા હોય !

ખેર, તેણે તો પોતાના પિતાએ વારસામાં આપેલી ઘણીખરી સંપત્તિ પારસમણિ શોધવામાં વાપરી પણ નાખી હતી અને હજી પારસમણિ મળ્યો ન હતો. દુનિયાના મહાન ગ્રંથાલયોમાં તેણે અગણિત કલાકો કાઢયા હતા અને રસશાસ્ત્રના ઉપલબ્ધ હોય તે બધા દળદાર ગ્રંથો પણ ખરીધા હતા. એમાંના એક પુસ્તકમાં તેણે વાંચ્યું હતું કે યુરોપમાં એક આરબ કીમિયાગર આવ્યો હતો. આજે તેની ઉંમર બસોથીય વધુ વર્ષની હશે અને તેણે આ પારસમણિ અને જીવનામૃતની શોધ કરી લીધી હતી. અંગ્રેજ પર આ પ્રસંગે ઊંડી છાપ પાડી હતી, છતાં એ તેને દંતકથાથી વિશેષ મહત્ત્વ આપત નહીં, પણ એના એક પુરાતત્ત્વવિદ્ મિત્રે જ્યારે રણમાંના પોતાના સંશોધન પ્રવાસથી પાછા ફરીને એક આરબ પાસે અસાધારણ શક્તિઓ છે તેવી માહિતી આપી ત્યારે એને એ બાબત માનવા જેવી લાગી.

મિત્રે કહ્યું, ''અલ-ફેયુમ નામના રણદ્વીપમાં તે આરબ રહે છે. લોકો કહે છે કે બસો વર્ષનો તો હશે જ અને કોઈ પણ ધાતુને સોનું બનાવી દઈ શકે છે.''

અંગ્રેજ પોતાની ઉત્તેજના પર અંકુશ રાખી ન શક્યો. પોતાનાં બીજાં બધાં કામ છોડીને અતિ મહત્ત્વના ગ્રંથો સાથે લઈને તે નીકળી પડયો અને હવે અહીં આવી ગયો હતો. એક ગંધાતા, ધૂળિયા તબેલાની વખારમાં સહારાના રણને પાર કરવા માટે તેની બહાર એક મોટી યાત્રાની તૈયારીમાં લાગ્યો હતો અને તેના જવાના માર્ગે 'અલ-ફેયુમ' આવતું હતું.

એ કીમિયાગરના દીકરાને હું ચોક્કસ જ શોધી કાઢીશ, અંગ્રેજે વિચાર્યું અને એ વિચારે તેને પશુઓની બદબૂ થોડીક સહ્ય લાગી.

એક યુવાન આરબ પણ ઘણો સામાન લઈને દાખલ થયો અને અંગ્રેજનું અભિવાદન કર્યું.

“તમે કઈ તરફ જવાના છો ?” યુવાને પૂછ્યું.

“હું રણમાં જવાનો છું.” પોતાના વાંચનમાં પરોવાઈ જતાં અંગ્રેજે જવાબ આપ્યો. તેને આ ક્ષણે કોઈ વાતચીત કરવી નહોતી. તે આટલાં વર્ષોમાં જે કંઈ શીખ્યો હતો તેનું પુનરાવલોકન કરી લેવું જોઈએ, કારણ કે કીમિયાગર ચોક્કસ જ તેની કસોટી તો કરશે જ.

યુવાન આરબે પણ એક પુસ્તક કાઢયું અને વાંચવા લાગ્યો. એ સ્પેનિશ ભાષામાં હતું. આ સારી વાત છે, અંગ્રેજે વિચાર્યું. તેને અરબી કરતાં સ્પેનિશ વધુ સારું આવડતું હતું અને જો આ છોકરો અલ-ફેયુમ જવાનો હોય તો હવે તે કોઈની સાથે વાતો તો કરી શકશે – ફૂરસદના સમયે, અલબત્ત.

* * *

“એ વળી નવું !” છોકરાએ સ્મશાનયાત્રા વર્ણવતો એ પ્રસંગ ફરી વખત વાંચ્યો. “હું બે વર્ષથી આ પુસ્તક વાંચવાનો પ્રયત્ન કરું છું અને આ થોડાં પાનાંથી આગળ વધી શક્યો જ નથી.” અહીં કોઈ રાજા વિક્ષેપ નહોતો પાડતો, છતાં તે એકાગ્રતા રાખી ન શક્યો.

પોતે લીધેલા નિર્ણય અંગે તેને હજી પણ થોડી શંકા હતી. છતાં એક વાત તો તે સમજ્યો હતો જ્યારે કોઈ વ્યક્તિ નિર્ણય લે, ત્યારે તે માત્ર એક પ્રારંભ હોય છે. એ નિર્ણયથી તે ખરેખર તો એક શક્તિશાળી ઘટનાપ્રવાહમાં ખાબકતો હોય છે. જે તેને સ્વપ્નેય પણ ખ્યાલ ન કર્યો હોય એવે ઠેકાણે લઈ જાય છે.

મેં મારો ખજાનો શોધવાનો નિર્ણય કર્યો ત્યારે મને કલ્પના પણ નહોતી કે હું છેવટે એક વાસણની દુકાને કામ કરીશ. આ યાત્રામાં જોડાવાનો નિર્ણય ભલે મારો હોય, પણ તે કઈ દિશામાં જવાની છે એ મારે માટે તો એક રહસ્ય જ છે.

આ બાજુ જ અંગ્રેજ બેઠો હતો અને એક ચોપડી વાંચતો હતો. એ અતડો અતડો લાગી રહ્યો હતો. છોકરો અંદર આવ્યો ત્યારે તો તે સહેજ અકળાયો હોય તેમ લાગ્યું. બંને કદાચ મિત્રોય બની શક્યા હોત, પણ અંગ્રેજે તો વાતચીત જ બંધ કરી દીધી.

છોકરાએ પોતાની ચોપડી બંધ કરી. તેને એવું કશું નહોતું કરવું જેનાથી તે આ અંગ્રેજ જેવો લાગે. પોતાના ખિસ્સામાંથી યુરીમ અને થુમીમ તેણે કાઢયાં અને તેની સાથે રમવા લાગ્યો.

પેલા અપરિચિત અંગ્રેજે બૂમ પાડી, “યુરીમ અને થુમીમ !”

એક જ ક્ષણમાં છોકરાએ બંને રત્નો પોતાના ખિસ્સામાં પાછાં મૂકી દીધાં.

“એ વેચવાનાં નથી.” તેણે કહ્યું.

“તેની કિંમત પણ બહુ ખાસ નથી.” અંગ્રેજે કહ્યું. તે સ્ફટિક પથ્થરનાં છે અને પૃથ્વીમાં લાખો અબજો પથ્થરો મળે છે, પણ જાણકારો જ જાણે છે કે આ યુરીમ અને થુમીમ છે. મને ખબર નહોતી કે દુનિયાના આ ભાગમાં તે મળે છે.

“મને એક રાજાએ તે ભેટ આપ્યાં છે.” છોકરાએ કહ્યું.

અંગ્રેજ કંઈ બોલ્યો નહીં. તેને બદલે તેણે ખિસ્સામાં હાથ નાખ્યો અને બે રત્નો બહાર કાઢીને બતાવ્યાં, જે છોકરાની પાસે હતાં તેવાં જ હતાં.

“કોઈ રાજાએ આપ્યાં છે એવું કંઈ કહ્યું ?” અંગ્રેજે પૂછ્યું.

“કદાચ તમે માનશો જ નહીં કે કોઈ રાજા વળી મારા જેવા સાથે વાત કરે, એક ભરવાડ સાથે.” છોકરાએ વાત પતાવવા કહ્યું.

‘‘ના, જરાય નહીં. જ્યારે આખી દુનિયા તેને એ રીતે ઓળખવા માગતી નહોતી ત્યારે ભરવાડોએ જ તો એક રાજાને ઓળખી લીધો હતો પછી રાજાઓ ભરવાડો સાથે વાતચીત કરે એમાં શી નવાઈ ?’’

પોતે શું કહેવા માગે છે તે છોકરો સમજશે નહીં એમ માની એણે આગળ સમજાવ્યું કે, ‘‘આ વાત બાઈબલમાં છે એ જ ગ્રંથમાં યુરીમ અને થુમીમની વાત પણ આવે છે. ભગવાને માત્ર તેમના વડે જ ભાવિનાં શુભારંભ ચિહ્નોને ઓળખવાની ક્રિયા કરવાની છૂટ મૂકી છે. એક સોનાના કવચમાં પાદરીઓ તેમને લઈને ફરતા.’’

પોતે આ સમયે વખારમાં હાજર હતો એ વાતથી છોકરો એકાએક ખુશ થઈ ઊઠ્યો.

‘‘શક્ય છે કે આ એક શુકન હોય.’’ અંગ્રેજ ધીમેથી બોલ્યો.

‘‘તમને શુકન-અપશુકનની વાત કોણે કરી ?’’ છોકરાનો રસ ઉત્તરોત્તર વધતો જતો હતો.

અંગ્રેજે કહ્યું, ‘‘જીવનમાં બધું જ શુકનથી ભરેલું છે.’’ પોતે વાંચતો હતો તે સામયિક બંધ કર્યું, ‘‘એક સાર્વત્રિક ભાષા છે, જે સહુ કોઈ સમજે છે પણ ભુલાઈ ગઈ છે. બીજી ચીજો સાથે એ ભાષાની શોધ કરું છું માટે જ અહીં આવ્યો છું. મારે એવો માણસ શોધવાનો છે જે એ ભાષા જાણતો હોય, એટલે કે કીમિયાગર.’’

વખારના માલિકના આગમનથી વાતચીત અટકી.

‘‘તમે બંને સદ્ભાગી છો.’’ જાડિયો આરબ બોલ્યો, ‘‘અલ-ફેયુમ જનારી એક વણજાર આજે રવાના થશે.’’

‘‘પણ મારે તો ઈજિપ્ત જવું છે.’’ છોકરાએ કહ્યું.

‘‘અલ-ફેયુમ ઈજિપ્તમાં જ છે.’’ આરબે કહ્યું, ‘‘તું વળી કઈ જાતનો આરબ છે ?’’

‘‘એ સદ્ભાગ્યનું શુકન છે.’’ જાડિયા આરબના પાછા ગયા પછી અંગ્રેજ બોલ્યો, ‘‘જો મારાથી બની શકત તો હું એક મોટો વિશ્વકોશ ‘ભાગ્ય’ અને ‘યોગાનુયોગ’ના શબ્દો ઉપર જ લખી નાખત. એ જ શબ્દો વડે પેલી સાર્વત્રિક ભાષા લખાયેલી છે.’’

તેણે છોકરાને કહ્યું કે યુરીમ અને થુમીમ તારા હાથમાં મેં જોયા એ કોઈ યોગાનુયોગ નહોતો. વળી તેણે પૂછ્યું કે શું એ પણ કોઈ કીમિયાગરની શોધમાં હતો ?

‘‘હું તો ખજાનો શોધું છું.’’ છોકરાએ કહ્યું. તરત જ તેને બોલ્યાનો પસ્તાવો થયો, જો કે તેના શબ્દો પર અંગ્રેજે બહુ ધ્યાન ન આપ્યું.

‘‘એક રીતે હું પણ...’’ તે બોલ્યો.

‘‘મને તો ખબર પણ નથી કે રસશાસ્ત્ર એટલે શું ?’’ છોકરો બોલતો હતો ત્યાં જ વખારના માલિકે તેમને બંનેને બહાર આવવા કહ્યું.

* * *

‘‘હું આ વણજારનો નેતા છું.’’ ઘેરી કાળી આંખો અને દાઢીવાળા એ માણસે કહ્યું, ‘‘જે કોઈ વ્યક્તિ મારી સાથે આવે છે તેના જીવન અને મૃત્યુ પર મારી સત્તા રહેશે. રણ તો એક ધૂની અને ચંચળ મહિલા છે, જે પુરુષોને ક્યારેક ગાંડા કરી મૂકે છે.’’

ત્યાં લગભગ બસો માણસ ભેગા થયા હતા. ચારસો જેટલાં પશુઓ હશે – ઊંટો, ઘોડા, ખચ્ચર અને મરઘાં-બતકાં. માણસોનાં ટોળાંમાં સ્ત્રીઓ અને બાળકો પણ હતાં અને ઘણા પુરુષોની કમરે તલવારો લટકતી હતી અથવા ખભે બંદૂકો ગોઠવાઈ હતી. અંગ્રેજની ઘણી

બૅગોમાં ચોપડીઓ ભરી હતી. અવાજ એટલો બધો થતો હતો કે વણજારના નેતાને પોતાની વાત વારંવાર રજૂ કરવી પડી જેથી તે શું કહેવા માગતો હતો તે દરેક જણ બરાબર સમજે.

"અહીં જુદા જુદા લોકો ભેગા થયા છે અને દરેકને પોતાના ભગવાન હશે, પણ જે એક ભગવાનની હું ખિદમત કરું છું તે છે અલ્લાહ. હું તેમના સમ ખાઈને કહું છું કે રણને જીતવા હું મારાથી બનતું બધું જ કરીશ. હું ઈચ્છું છું કે તમે દરેકેદરેક જેને માનતા હો તે ભગવાનના સોગંદ લઈને કહો કે કંઈ પણ થઈ જાય, તમે મારા બધા હુકમોનું પાલન કરશો. રણમાં તેની અવજ્ઞાનો અર્થ છે મોત."

ટોળામાં ગણગણાટ થયો. દરેક જણ પોતાના ભગવાનને યાદ કરીને એના સોગંદ લઈ રહ્યું હતું. છોકરાએ જિસસ ક્રાઈસ્ટના સોગંદ લીધા. અંગ્રેજ કશું ન બોલ્યો. ગણગણાટ એકલા સોગંદ પૂરતો ન રહ્યો અને વધ્યો. લોકો પોતપોતાની સલામતી માટે ભગવાનને પ્રાર્થના પણ કરી રહ્યા હતા.

એક બ્યુગલ વાગ્યું અને બધા ઊંટો પર ચડી ગયા. છોકરાએ અને અંગ્રેજે પણ ઊંટો ખરીધાં હતાં. તેઓએ અચકાતાં અચકાતાં સવારી કરી. ઘણી બધી ચોપડીઓ ભરેલી પેટીઓથી લદાયેલા અંગ્રેજના ઊંટની છોકરાને દયા આવી.

"કોઈ વસ્તુ યોગાનુયોગ જેવી નથી હોતી." વખારમાં ચર્ચાયેલી વાતનો દોર સાંધતાં અંગ્રેજ બોલ્યો, "હું અહીં કેમ છું – જાણે છે ? મારા એક મિત્રે એક એવા આરબની વાત સાંભળી જે..."

પણ ત્યાં તો વણજાર ચાલવા લાગી અને અંગ્રેજ શું બોલતો હતો તે સાંભળવું અઘરું બની ગયું, પણ છોકરો સમજી ગયો કે તે શું કહેવા માગતો હતો. એવી રહસ્યમય કડીઓની વાત જે એકમેકની સાથે સંકળાયેલી હોય, એ જ કડીઓ જેણે તેને ભરવાડ બનાવ્યો, તેને વારંવાર આવે તેવું સ્વપ્ન આપ્યું, તેને આફ્રિકાના એક શહેરની પાસે લાવી, એક રાજા સાથે મેળાપ કરાવ્યો, એક ચોર પાસે ચોરી કરાવીને તેને વાસણના વેપારી સાથે મેળવ્યો, અને...

છોકરાએ વિચાર્યું : જેમ જેમ કોઈ પોતાની નિયતિને પ્રાપ્ત કરવાની નજીક આવતું જાય તેમ તેમ નિયતિ તેના અસ્તિત્વનું ખરું કારણ બનતું જાય છે.

વણજાર પૂર્વ દિશામાં આગળ ધપતી રહી. સવારે સફર શરૂ થતી, જ્યારે સૂર્યનો તાપ પ્રખર બનતો ત્યારે તે અટકી જતી અને પછી ઢળતી બપોરે ફરીથી શરૂ થતી. અંગ્રેજ સાથે છોકરો બહુ વાતચીત ન કરતો, જે આમ પણ ઘણોખરો સમય ચોપડીઓ વાંચવામાં વિતાવતો હતો.

લોકો અને પશુઓની રણયાત્રાને છોકરો ચૂપચાપ જોતો રહ્યો. જે દિવસે તેઓ નીકળ્યા તે દિવસ કરતાં અત્યારે બધું તદ્દન ભિન્ન હતું. તે વખતે ખૂબ ગૂંચવણો અને બૂમાબૂમ હતી, છોકરાંનાં રડવાના અને પશુઓના હણહણાટના અવાજો સાથે વેપારીઓ અને ભોમિયાના રઘવાટિયા હુકમો થતા રહેતા હતા.

રણમાં આવ્યા પછી માત્ર સતત વહેતાં પવન અને પ્રાણીઓના પગલાંના જ અવાજો આવતા હતા. ભોમિયાઓ પણ બહુ ઓછી વાતો કરતા હતા.

એ રાત્રે એક ઊંટ હાંકનારે કહ્યું, "મેં આ રણની રેતી કેટલીયે વાર પાર કરી છે. રણ એટલું તો વિશાળ છે અને ક્ષિતિજો એટલી અનંત કે આપણે પોતાને તદ્દન વામન સમજીએ અને થાય કે આપણે તો ચૂપ જ રહેવું જોઈએ."

એ શું કહેવા માગતો તો તે છોકરો અંતઃસ્ફુરણાથી તરત જ સમજી ગયો. જો કે તેણે આ પહેલાં કદી રણમાં પગ પણ નહોતો મૂક્યો. એ જ્યારે પણ સમુદ્ર કે આગ જોતો ત્યારે તેમની

શક્તિને જોઈને મૂંગો બની જતો.

તે વિચારવા લાગ્યો, મને ઘેટાં પાસેથી શીખવા મળ્યું. વાસણોની દુનિયાએ પણ મને ઘણું શીખવ્યું. હું રણ પાસેથી પણ શીખી શકું. તે ખૂબ વૃદ્ધ અને શાણું પણ લાગે છે.

પવન ક્યારેય પડી ન ગયો. છોકરાને યાદ આવ્યો એ દિવસ જ્યારે ટારિફાના કિલ્લાની દીવાલ પર બેસીને આ જ પવન તેના ચહેરાને પંપાળી રહ્યો હતો. તેને એ પવને પોતાનાં ઘેટાંના ઊનની યાદ તાજી કરાવી. એ ઘેટાં આજે પણ એન્ડાલુશિયાનાં ખેતરોમાં હંમેશની જેમ ચારોપાણી શોધી રહ્યાં હશે.

''તે હવે મારાં ઘેટાં રહ્યાં નથી.'' તે મનમાં બબડયો. તેને એમની યાદથી કશું દુ:ખ ન થયું, ''હવે તો નવા ભરવાડથી તેઓ ટેવાઈ ગયાં હશે અને કદાચ મને ભૂલી પણ ગયાં હશે. એક રીતે સારું છે. ઘેટાં જેવાં પ્રાણી, જે અહીંતહીં ફરતાં જ રહે છે, તેઓ હંમેશા આગળ ધપવાનું જ જાણે છે.''

વેપારીની દીકરી વિશે તેણે વિચાર્યું અને તેને ખાતરી હતી કે તે ચોક્કસ પરણી ગઈ હશે. કદાચ કોઈ બેકરીવાળાને અથવા લખી-વાંચી શકતો હોય અને મજાની વાર્તાઓ કહી શકતો હોય એવા ભરવાડને. છેવટે પોતે એકલો જ એવો ભરવાડ થોડો હતો ? પરંતુ તે પોતાની અંત:સ્ફુરણાની શક્તિ માટે ગર્વ અનુભવતો હતો, જેને કારણે તે ઊંટવાળાની વાતને સમજી શક્યો હતો. શક્ય છે તે પણ એ સાર્વત્રિક ભાષા શીખી રહ્યો હતો જે બધા લોકોના ભૂતકાળ અને વર્તમાન સાથે જોડાયેલી છે. તેની માતા તેને પૂર્વાભાસ જેવું નામ આપતી હતી. હવે છોકરો સમજવા લાગ્યો હતો કે પૂર્વાભાસ કે પછી અંત:સ્ફુરણા ખરેખર તો આત્માનું એક વૈશ્વિક જીવનપ્રવાહમાં અચાનક ડૂબકી મારવા જેવું છે, જેમાં બધા લોકોના ઈતિહાસ એકબીજાથી જોડાયેલા વર્તાય છે. આપણે બધું જાણી શકીએ છીએ, કેમ કે ત્યાં એ બધું લખેલું હોય છે.

''મકતૂબ'', છોકરો બોલ્યો, કેમ કે તેને વાસણના વેપારીનો એ શબ્દ યાદ આવી ગયો.

રણનો થોડો ભાગ રેતીથી ભરેલો હતો અને થોડો ભાગ પથરાળ હતો. જ્યારે કોઈ મોટો ખડક માર્ગમાં આવીને વણજારને અટકાવતો ત્યારે તેણે તેની આસપાસથી ફરીને આગળ ધપવું પડતું. તો પથરાળ ભાગ મોટો હોય તો એણે વધુ લાંબે રસ્તે તેને વળોટીને જવું પડતું. રણની રેતી ખૂબ ઝીણી હોય અને તેમાં પ્રાણીઓના પગ ખૂંપી જતા હોય ત્યારે તેઓ એવો માર્ગ વધુ પસંદ કરતાં જ્યાં વધુ મજબૂત તળિયું હોય. કેટલેક ઠેકાણે એકાદ વિસ્તારમાં મીઠું દેખાય કે પછી સુકાયેલાં સરોવર. આવે રસ્તે આગળ જવામાં પ્રાણીઓ ડરતાં અને ઊંટના ચાલકોએ ફરજિયાત નીચે ઊતરી ઊંટો પરથી સામાન લઈ લેવો પડતો. ભુલાવામાં નાખી દે એવા આ માર્ગોમાં ચાલકોએ પોતે જ માલ ઉઠાવવો પડતો અને તે ભાગ પૂરો થાય પછી ફરીથી માલને ઊંટ પર ચડાવી દેવાતો. જો કોઈ ભોમિયો પડી કે મરી જતો, તો એ ચાલકો ચિઠ્ઠીઓ નાખીને કોઈ બીજાને તેને સ્થાને ચૂંટતા.

આ બધું જો કે એક જ મૂળ કારણથી થતું. ગમે તેટલી મુશ્કેલીઓ આવે વણજારે હોકાયંત્રના એક નિશ્ચિત બિન્દુ તરફ જ આગળ ધપવાનું હતું. એક વાર અવરોધો પાર થઈ જાય, તે ફરી પોતાના નિશ્ચિત માર્ગે આગળ જતા, એક ચમકીલા તારાની બતાવેલી દિશામાં – જ્યાં રણદ્વીપ આવ્યો હતો. જ્યારે સવારના જ એ તારો લોકો જોતા, ત્યારે તેમને થતું કે તેઓ સાચા રસ્તે આગળ જાય છે. જ્યાં પાણી, ખજૂરનાં વૃક્ષો, માથા પર છત્ર અને બીજા લોકો મળશે, પણ એકલો અંગ્રેજ જ આ બધાં પ્રત્યે સભાન નહોતો અને પોતાની સાથેના ગ્રંથોના અભ્યાસમાં જ મચેલો રહેતો હતો.

છોકરા પાસે પણ પોતાની ચોપડી તો હતી જ અને શરૂઆતના થોડા દિવસો તેણે તે

વાંચવાની કોશિશ કરી જ, પણ તેને વણજારને ચાલતાં જોવી અને પવનનું સંગીત સાંભળવું તે રસપ્રદ જણાયું. જેવો તેને પોતાના ઊંટ સાથે સારો પરિચય થઈ ગયો, તેણે ચોપડી જ ફેંકી દીધી. આમ તો તેને એક વહેમ થઈ ગયો હતો કે જ્યારે જ્યારે તે ચોપડીને ખોલશે ત્યારે તે કશુંક મહત્ત્વનું શીખશે, પણ હવે એને ખાતરી થઈ કે એ ચોપડી એક બિનજરૂરી ભાર જ હતો.

પોતાની સાથે ચાલતા ઊંટના ચાલક સાથે તેને મૈત્રી થઈ. રાત્રે તેઓ તાપણા પાસે બેસતા અને ચાલકને તે ભરવાડ તરીકેના અનુભવોની સાહસકથાઓ કહેતો.

એક વાર ઊંટચાલકે પોતાની વાત કરી. તે બોલ્યો, ''હું 'અલ-કૈરમ'ની નજીકમાં રહેતો હતો. મારે મારો ફળનો બગીચો હતો. મારાં બાળકો હતાં અને એક એવી જિંદગી હતી જે હું મરું ત્યાં સુધી બદલાય તેવી નહોતી. એક વર્ષે ખૂબ સરસ પાક થયો અને અમે બધાં મક્કા હજ પર ગયાં અને એ રીતે મેં મારા જીવનની આજ સુધી પૂરી ન કરેલી ફરજ પણ પૂરી કરી લીધી. હવે હું શાંતિથી, ખુશીથી મોતને ભેટી શકું. આ વિચારે મને સારું લાગ્યું.

''એક દિવસ ધરતી ધ્રૂજવા લાગી અને નાઈલ નદીનું પાણી કિનારેથી ધસી આવ્યું. એ એવી ઘટના હતી જે હું કોઈ બીજા સાથે થાય તે બની શકે, પણ મારી સાથે થાય તે હું તો ન જ માની શકું. મારા પડોશીઓ ડરતા હતા કે કદાચ તેમનાં ઑલિવ વૃક્ષો પૂરમાં તણાઈ જશે. મારી પત્નીને ડર હતો કે અમારાં છોકરાં તણાઈ જશે. મને થયું કે જે કંઈ મારી માલિકીનું હતું તે બધું જ નષ્ટ થશે.

''જમીન તો ખલાસ થઈ ગઈ અને મારે હવે જીવનનિર્વાહ માટે કંઈ બીજું કરવાનું જરૂરી બન્યું એટલે હું હવે આ ઊંટચાલક બન્યો છું, પણ પેલી મુશ્કેલીને લીધે હું અલ્લાહની આજ્ઞાને સમજી શક્યો. જો લોકો પોતાને જરૂરી અને જોઈતું મેળવવાને સક્ષમ હોય તો તેમણે અજાણ તત્ત્વનો ડર નહીં રાખવો જોઈએ.''

''આપણી પાસે છે તે જતા રહેવાનો ડર આપણને રહે છે. પછી તે આપણી જિંદગી હોય કે માલિકીની ચીજવસ્તુ કે માલમિલકત હોય, પણ જ્યારે આપણે સમજીએ કે આપણા જીવનની કથા અને આ દુનિયાનો ઈતિહાસ એક જ હાથે લખાયેલ છે, ત્યારે આપણા એ ડરનું બાષ્પીભવન જ થઈ જાય છે.''

કેટલીક વાર તેમની વણજાર કોઈ બીજી વણજારને મળતી. એક પાસે બીજીને જરૂરી કંઈ ને કંઈ ચીજો અવશ્ય રહેતી – જાણે ખરેખર બધું એક જ હાથે ન લખાયું હોય ! તાપણાની આસપાસ બેસીને ઊંટચાલકો પોતાની પાસેની માહિતીઓની આપ-લે કરતા, જેમાં વાવાઝોડાં અને ડમરીઓ ઉપરાંત રણની બીજી અનેક વાતો પણ કહેવાતી.

કેટલીક વાર કોઈ રહસ્યમય બુકાનીદાર માણસો મળતા. તેઓ બધા રખડુ ટોળીઓમાં રહેતા. વણજારના રસ્તાઓ પર તેઓ દેખરેખ રાખતા અને ચોરો અને જંગલી આદિવાસી વિશે પ્રવાસીઓને સાવધાન કરતા. તેઓ ખૂબ શાંતિથી આવતા અને જતા રહેતા. તેમના કાળા પહેરવેશમાંથી તેમની કેવળ આંખો જ દેખાતી. એક રાત્રે અંગ્રેજ અને છોકરો જે તાપણા પર બેઠા હતા ત્યાં એક ઊંટચાલક આવ્યો અને કહેવા લાગ્યો, ''એક અફવા છે કે જંગલી જાતિઓમાં લડાઈ શરૂ થઈ છે.''

ત્રણે ચૂપ થઈ ગયા. છોકરાને લાગ્યું કે જાણે હવામાં ડર વ્યાપી ગયો છે, ભલે કોઈ કશું બોલ્યું ન હોય. ફરી એક વાર તે શબ્દરહિત ભાષાનો અનુભવ કરી રહ્યો હતો – સાર્વત્રિક ભાષા.

અંગ્રેજે પૂછ્યું ''શું કોઈ જોખમની વાત છે ?''

“તમે રણમાં એક વાર પ્રવેશ કરો, પછી પાછા જવાનું નામ ન લેવાય.” ઊંટચાલકે કહ્યું, “અને તમે પાછા ન જઈ શકો તો આગળ જવાના શ્રેષ્ઠ રસ્તાની જ તમારે ચિંતા કરવી રહી. બાકી બધું અલ્લાહ પર છોડી દેવાનું – જોખમ પણ.”

અને તેણે છેલ્લે પેલો રહસ્યમય શબ્દ વાપર્યો, “મકતૂબ.”

“તમારે વણજાર ઉપર વધારે ધ્યાન આપવું જોઈએ.” ઊંટચાલક પાછો જતો રહ્યો. એ પછી છોકરાએ અંગ્રેજને કહ્યું, “આપણે ઘણી વાર ચકરાવા લીધા છે, છતાં આપણે એક જ લક્ષ્ય તરફ આગળ જઈ રહ્યા છીએ.”

“તારે દુનિયા વિશે વધુ વાંચવું જોઈએ.” અંગ્રેજે જવાબમાં કહ્યું, “એ રીતે જોતાં ચોપડીઓ વણજાર જેવી જ હોય છે.”

માનવો અને પશુઓનું એ વિશાળ જૂથ હવે ઝડપથી આગળ ધપવા લાગ્યું.

દિવસો તો હંમેશાં ચૂપચાપ વીતતા, પણ હવે રાતો પણ – જ્યારે પ્રવાસીઓ તાપણાંની આસપાસ બેસીને વાતો કરવા ટેવાયેલા હતા – શાંત પડી ગઈ હતી અને એક દિવસ વણઝારના નેતાએ નિર્ણય લીધો કે હવેથી તાપણાં નહીં સળગે, જેથી વણજાર તરફ કોઈનું ધ્યાન ન ખેંચાય.

પ્રવાસીઓએ એવી વ્યવસ્થા ઊભી કરી કે રાત્રે ઊંટ આસપાસ ગોળાકારમાં બેસી રહે અને બધા એમની વચ્ચે સૂએ જેથી રાત્રે જોખમી ઠંડીથી સુરક્ષા મળે. જૂથની આસપાસ અમુક અંતરે બંદૂકધારી ચોકીદાર પણ ગોઠવવામાં આવતા.

એક રાત્રે અંગ્રેજને ઊંઘ ન આવી. તેણે છોકરાને બોલાવ્યો અને બંને જણા પડાવની આસપાસના રેતીના ઢૂવાઓમાં ચાલવા લાગ્યા. પૂનમની રાત હતી અને છોકરાએ પોતાની કથા અંગ્રેજને કહી સંભળાવી.

અંગ્રેજને એ વાતમાં રસ પડયો કે છોકરાએ કામ શરૂ કર્યું, પછી વાસણની દુકાનમાં કેટલી બધી પ્રગતિ થઈ.

“આ જ સિદ્ધાંત બધી વસ્તુનું નિયમન કરે છે.” તે બોલ્યો, “રસશાસ્ત્રમાં તેને વિશ્વનો આત્મા કહ્યો છે. જ્યારે તમને કશું મેળવવાની હૃદયપૂર્વક ઈચ્છા થાય, તે વખતે તમે એ વિશ્વાત્માની સૌથી વધુ નજીક રહો છો. એ શક્તિ હંમેશાં સકારાત્મક હોય છે.”

તેણે એ પણ કહ્યું કે આ ભેટ માત્ર માનવજાતને મળી છે એવું નથી. આ પૃથ્વી પરની બધી વસ્તુઓમાં એક આત્મા વસેલો છે. પછી તે ખનિજ હોય, શાકભાજી હોય કે પ્રાણી હોય કે પછી એક વિચાર કેમ ન હોય.

“આ પૃથ્વી પરનું સઘળું સતત પરિવર્તિત થતું રહે છે, કારણ કે પૃથ્વી પોતે સજીવન છે... તેનો એક આત્મા છે. આપણે તે બૃહદ્ આત્માનો ભાગ જ છીએ. એથી આપણને ભાગ્યે જ ખ્યાલ આવે છે કે તે આપણા માટે જ કામ કરે છે, પણ પેલી વાસણની દુકાનમાં તને ખ્યાલ આવ્યો હશે કે કદાચ તે પ્યાલા પણ જાણે તારી સફળતામાં સાથ આપી રહ્યા હતા.”

છોકરાએ તે વાત પર થોડો વિચાર કર્યો, પછી ચંદ્ર સામે નજર કરી, ચાંદનીના દૂધે રંગેલી રેતીને જોઈ. “મેં રણને વળોટતી વણજારનું નિરીક્ષણ કર્યું છે.” તે બોલ્યો. “વણજાર અને રણ એક જ ભાષા બોલે છે. એ જ કારણ છે કે રણ તેને પાર કરવા દે છે. તે વણજારના દરેક પગલાની પરીક્ષા લેતું રહેશે કે તે યોગ્ય સમયનું છે કે કેમ. અને જો તેમ હશે તો આપણે રણદ્વીપ સુધી પહોંચીશું.

“જો આપણે કેવળ વ્યક્તિગત હિંમતને બળે આ વણજારમાં જોડાયા હોત અને એ ભાષાને સમજ્યા ન હોત તો આપણો પ્રવાસ ઘણો વધુ મુશ્કેલીભર્યો હોત.”

ચંદ્ર સામે જોતા બંને થોભ્યા, ''શુકનોનો એ જ તો જાદુ છે.'' છોકરાએ કહ્યું. ''મેં નોંધ્યું છે કે ભોમિયાઓ કઈ રીતે રણનાં ચિહ્નો વાંચે છે અને કઈ રીતે વણજારનો આત્મા રણના આત્મા સાથે વાત કરે છે.''

અંગ્રેજે કહ્યું, ''વણજાર પર મારે વધુ ધ્યાન આપવું પડશે.''

''અને, મારે તમારી ચોપડીઓ વાંચવી પડશે.'' છોકરાએ કહ્યું.

* * *

ચોપડીઓ કંઈક અજબ જ હતી. તેમાં પારો, મીઠું, દંતકથાનું આગઝરતું રાક્ષસી પ્રાણી અને રાજાઓ વગેરેની જાતજાતની વાતો હતી. તે કંઈ સમજતો નહોતો, પણ બધી ચોપડીઓમાં એક વિચાર વારંવાર પડઘાતો જણાતો હતો : બધી ચીજો એક જ ચીજની અભિવ્યક્તિ છે.

એક પુસ્તકમાં એણે વાંચ્યું કે રસશાસ્ત્રનો સૌથી મહત્ત્વનો ગ્રંથ માંડ થોડી લીટીઓમાં જ લખાયેલો છે, જે લીટીઓ એક રત્નની તકતી ઉપર કોતરાઈ છે.

''એ છે નીલમણિ રત્નની તકતી.'' અંગ્રેજે સહેજ ગર્વથી કહ્યું જેથી છોકરાને તે કંઈ શીખવી શકે.

''તો પછી આ બધી ચોપડીઓની આપણને શી જરૂર છે ?'' છોકરાએ પૂછ્યું.

''જેથી એ થોડી લીટીઓનું લખાણ આપણે સમજી શકીએ.'' અંગ્રેજે જવાબ આપ્યો, જો કે તે પોતે એ વાતમાં બહુ વિશ્વાસ રાખતો હશે તેવું લાગ્યું નહીં.

જે ચોપડીમાં છોકરાને સૌથી વધુ રસ પડયો તેમાં પ્રસિદ્ધ કીમિયાગરોની વાત હતી. એ લોકોએ પોતાનું આખું જીવન પોતાની પ્રયોગશાળાઓમાં ધાતુનું શુદ્ધિકરણ કરવામાં અર્પણ કરી દીધું હતું. તેઓ માનતા હતા કે જો ધાતુને ઘણાં વર્ષો સુધી ગરમ કરાય તો તે પોતાના વ્યક્તિગત ગુણધર્મો છોડી દે છે અને જે શેષ રહે છે તે છે વિશ્વનો આત્મા. આ વિશ્વાત્મા તેમને પૃથ્વી પરની કોઈ પણ ચીજને સમજવાની શક્તિ આપે છે, કારણ કે તે એવી ભાષા છે જેના વડે બધી ચીજો એકમેક સાથે સંવાદ રચે છે. આ શોધને તેમણે 'સર્વશ્રેષ્ઠ કૃતિ'નું નામ આપ્યું. એનો એક હિસ્સો પ્રવાહી અને બીજો હિસ્સો ઘન હતો.

''શું એ ભાષા સમજવા માટે તમે માત્ર માણસો અને શુકનોના નિરીક્ષણનો ઉપયોગ ન કરી શકો ?'' છોકરાએ પૂછ્યું.

''તને તો બધી વસ્તુઓને સરળ બનાવીને જોવાની ધૂન ચડી ગઈ છે.'' જરા ચિડાઈને અંગ્રેજે કહ્યું, ''રસશાસ્ત્ર અભ્યાસનો એક ગંભીર વિષય છે. ઉસ્તાદોએ જે રીતે ડગ માંડયાં હોય, બરાબર તેવાં જ ડગ માંડવા જોઈએ.''

એણે જણાવ્યું કે 'સર્વશ્રેષ્ઠ કૃતિ'નો દ્રવ્ય પદાર્થ 'જીવનામૃત' તરીકે ઓળખાતો હતો. એનાથી દરેક પ્રકારની માંદગી હટાવી શકાતી હતી, કીમિયાગરને ઘરડો થતાં પણ તે અટકાવતી હતી. ઘન હિસ્સાને 'પારસમણિ' કહે છે.

''આ પારસમણિ શોધવો સહેલો નથી.'' અંગ્રેજ બોલ્યો. ''પોતાની પ્રયોગશાળાઓમાં એ કીમિયાગરોએ વર્ષો ગાળ્યાં અને ધાતુને શુદ્ધ કરતા અગ્નિનું સતત નિરીક્ષણ કર્યું. અગ્નિના સાંનિધ્યમાં તેમણે જિંદગીનાં અનેક વર્ષો કાઢયાં. દુનિયાની તમામ મોહજાળો તેમણે ફગાવી દીધી. તેમણે જોયું કે ધાતુઓના શુદ્ધિકરણની સાથે સાથે તેમનું પોતાનું શુદ્ધિકરણ પણ થઈ ગયું.''

છોકરાએ વાસણના વેપારી અંગે વિચાર્યું. એણે કહ્યું હતું કે છોકરાએ ચીજો સાફ કરી તે સારું થયું કારણ કે તેનાથી તે પોતે પણ નકારાત્મક વિચારોથી છૂટી શક્યો. છોકરાને ખાતરી

થતી ગઈ કે આપણી રોજબરોજની જિંદગીમાંથી પણ રસશાસ્ત્ર શીખી શકાય.

"વળી," અંગ્રેજે કહ્યું, "પારસમણિમાં લાક્ષણિક ખૂબી છે – એની એક નાની ચપતરી જથ્થાબંધ ધાતુને પણ સોનામાં ફેરવી શકે છે."

આ સાંભળીને રસશાસ્ત્રમાં છોકરાનો રસ વધી ગયો. તેને થયું કે સહેજ ધીરજ રાખ્યાથી તે બધી જ ચીજોને સોનામાં ફેરવી શકશે. તેણે એવા અનેક લોકોના જીવન વિશે વાંચ્યું જે આમ કરવામાં સફળ થયા હતા. હેલ્વેશ્યસ, ઈલિયાસ, ફુલકાનેલી અને ગેબર. તે લોકો વિશેની વાતો ખૂબ આકર્ષક હતી. દરેકે પોતાની નિયતિની પ્રાપ્તિ કરી લીધી હતી. ઘણે સ્થળે પ્રવાસ કર્યા, બૌદ્ધિકો સાથે સંવાદો કર્યા, અશ્રદ્ધાળુઓ માટે ચમત્કારો કર્યા, પારસમણિ અને જીવનામૃત પર માલિકી મેળવી.

સર્વશ્રેષ્ઠ કૃતિ કઈ રીતે સિદ્ધ કરી એની જિજ્ઞાસામાં તે જાણે કોઈ ભુલભુલામણીમાં અટવાઈ ગયો. એને મન તો તે થોડાં ચિત્રો, સાંકેતિક સૂચનો અને અસ્પષ્ટ લખાણો જ હતાં.

* * *

"લોકો વસ્તુઓને આટલી જટિલ શા માટે બનાવી દે છે ?" એક રાત્રે તેણે અંગ્રેજને પૂછ્યું. તેને લાગ્યું કે અંગ્રેજને તેની ચોપડીઓની યાદ સતાવતી હતી એટલે થોડો વ્યગ્ર હતો.

"તે એટલા માટે કે જેમની સમજવાની જવાબદારી છે તેઓ સમજે." અંગ્રેજે કહ્યું, "જરા કલ્પના તો કરો કે જો દરેક જણ સીસામાંથી સુવર્ણ બનાવવા લાગે તો શું થાય. ચોક્કસ જ સોનું તેનું મૂલ્ય ગુમાવી દે.

"માત્ર એ લોકો જે દૃઢનિશ્ચયી હોય, ગહન અભ્યાસ માટે તૈયાર હોય, તેઓ જ સર્વશ્રેષ્ઠ કૃતિને સિદ્ધ કરી શકે. તેથી જ તો હું આ રણમાં રઝળી રહ્યો છું. હું એવા કીમિયાગરને શોધું છું, જે મને નીલમણિ પર કોતરેલા શબ્દો ઉકેલવામાં મદદ કરે."

"આ ચોપડીઓ ક્યારે લખાઈ ?" છોકરાએ પૂછ્યું, "ઘણી સદીઓ પહેલાં." અંગ્રેજે કહ્યું.

"પણ તે સમયે તો છાપખાનું હતું નહીં." છોકરાએ દલીલ કરી, "રસશાસ્ત્ર વિશે બધા જાણી જાય એવું થઈ ન શકે. તો પછી આવી વિચિત્ર ભાષા અને આટલાં બધાં ચિત્રો તેમણે કેમ વાપર્યાં ?"

અંગ્રેજે તેનો સીધો જવાબ ન આપ્યો. તેણે કહ્યું કે છેલ્લા કેટલાય દિવસોથી તે વણજાર કઈ રીતે કામ કરે છે તેનું નિરીક્ષણ કરતો રહ્યો છે, પણ તેને કશું નવું જાણવા નથી મળ્યું. જે એક વસ્તુ તેણે નોંધી તે એ કે લડાઈની વાતો હવે વારંવાર થવા લાગી હતી.

* * *

પછી એક દિવસ છોકરાએ અંગ્રેજને તેની ચોપડીઓ પાછી આપી. "તને કશું શીખવા મળ્યું ?" અંગ્રેજને જાણવું હતું. લડાઈની શક્યતા ઉપર વિચાર કર્યા કરવાને બદલે તે ઈચ્છતો હતો કે કોઈ વાતો કરવા મળી જાય.

"મને એ શીખવા મળ્યું કે દુનિયાનો એક આત્મા છે અને જે કોઈ એ આત્માને સમજે છે તે ચીજોની ભાષા પણ સમજી શકે. હું એ શીખ્યો કે ઘણા કીમિયાગરોએ પોતાની નિયતિ પ્રાપ્ત કરી લીધી, પછી વિશ્વના આત્માને શોધી કાઢયો – પછી પારસમણિ અને જીવનામૃત પણ.

"છતાં આથીય વધુ મેં એ જાણ્યું કે આ બધું એટલું સીધું ને સરળ છે કે એને એક નીલમણિના એક ટુકડા ઉપર લખી શકાય છે."

અંગ્રેજ નિરાશ થઈ ગયો. એણે સંશોધનમાં વર્ષો વિતાવ્યાં હતાં, જાદુઈ પ્રતીકો, અજાણ્યા શબ્દો અને પ્રયોગશાળાનાં સાધનો સાથે... અને એ બધાંની કશી છાપ આ છોકરાના મન પર પડી નહીં. તેનો આત્મા ઘણો નિમ્નસ્તરનો હોવો જોઈએ.

તેણે ચોપડીઓ લઈને ફરીથી પેટીઓમાં ભરી દીધી.

''તું તારે વણજારને જોયા કર.'' તેણે કહ્યું ''તેણે મને કશું શીખવ્યું તો નહીં.''

રણના અને પ્રાણીઓની ઉડાડેલી ધૂળના નિરીક્ષણમાં છોકરો ફરીથી જોડાઈ ગયો. ''અહીં શીખવા માટેની દરેકની પોતપોતાની રીત હોય છે.'' તે મનમાં બોલ્યો, ''તેની રીત મારા જેવી નથી ને નથી મારી રીત તેના જેવી, પણ અમે બંને અમારી નિયતિની શોધમાં છીએ અને એ કારણે મને તેના માટે આદર છે.''

* * *

હવે વણજાર રાતદિવસ ચાલવા લાગી. બુકાનીધારી 'બેદુઈન' લોકો ફરીથી વારંવાર દેખાવા લાગ્યા. છોકરાનો મિત્ર બની ગયેલો ઊંટચાલક તેને સમજાવતો હતો કે કબીલાઓની વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ હતી અને જો વણજાર હવે હેમખેમ રણદ્વીપ પહોંચી જાય તો તે ખરેખર સદ્ભાગ્ય જ ગણાશે.

ઊંટ થાકી ગયાં અને લોકોની અરસપરસ વાતચીત પણ ઓછી થઈ ગઈ. રાત્રે તો આ શાંતિ અત્યંત બીકાળવી અને ભેંકાર બની રહેતી. પહેલાં જે ઊંટના ગાંગરવાને માત્ર ઊંટનો ઊંહકારો જ ગણાતો. હવે જો તે સંભળાય તો બધાંના જીવ તાળવે ચોંટી જતા, કારણ કે એ કદાચ આક્રમણનો સંકેત પણ હોઈ શકે.

પણ એ લડાઈના જોખમને મુદ્દે ઊંટચાલક કંઈ બહુ ચિંતિત ન જણાયો.

એક રાત્રે ખજૂરનું લૂમખું ખાતાં તેઓ બેઠા હતા ત્યારે તેણે કહ્યું, ''હું જીવું છું.'' ત્યાં કોઈ તાપણું નહોતું અને આકાશમાં ચંદ્રમા પણ નહોતો. – હું જ્યારે ખાઉં છું ત્યારે હું માત્ર તેના વિશે જ વિચારું છું. જો હું દડમજલ કરતો હોઉં છું ત્યારે માત્ર તેના વિશે વિચારું છું. જો મારે લડત આપવાની આવશે તો મારે મન એ તે બીજા કોઈ દિવસ જેવો જ સારો દિવસ અલબત્ત, મરવા માટેનો હશે.

''કારણ કે હું મારા ભૂતકાળમાં, કે પછી ભવિષ્યમાં નથી જીવતો. મને માત્ર વર્તમાનમાં જ રસ છે. જો તમે વર્તમાન ઉપર એકાગ્ર થઈ શકો તો તમે એક સુખી માનવ બનશો. તમે જોઈ શકશો કે રણમાં પણ જીવન છે, આકાશમાં તારાઓ છે અને કબીલાઓ લડાઈ કરે છે કારણ કે તેઓ માનવજાતિનો હિસ્સો છે. જીવન તો જાણે તમારે મન એક ઉત્સવ બનશે, મહાઉત્સવ, કારણ કે જીવન એ છે જે આપણે અત્યારે, આ ક્ષણે જીવી રહ્યા છીએ.''

બે રાત વીત્યા પછી જ્યારે તે સૂવા જતો હતો ત્યાં છોકરાની નજર પેલા તારા ઉપર પડી જેને તેઓ રોજ રાત્રે અનુસરતા હતા. તેને થયું કે ક્ષિતિજ પહેલાં કરતાં થોડી નીચી ગઈ છે, કારણ કે તે તારાઓ જાણે રણમાં જ હોય તેવું લાગતું હતું.

''એ રણદ્વીપ છે.'' ઊંટચાલકે કહ્યું.

''અચ્છા, તો પછી આપણે અત્યારે જ ત્યાં કેમ પહોંચી નથી જતા ?'' છોકરાએ પૂછ્યું.

''કારણ કે આપણે સૂવું જરૂરી છે.''

* * *

સૂર્ય ઊગ્યો ત્યારે છોકરો જાગી ઊઠયો. તેની સામે જ, જ્યાં આગલી રાત્રે રણમાં તારાઓ

જોયા હતા ત્યાં અત્યારે આખા રણમાં અનંત વિસ્તારમાં ફેલાયેલાં ખજૂરવૃક્ષો ઊભાં હતાં.

"અરે, આપણે પહોંચી પણ ગયા !" અંગ્રેજ પણ વહેલો ઊઠી ગયો હતો.

પણ છોકરો શાંત હતો. રણની શાંતિ સાથે તે હળી ગયો હતો અને વૃક્ષો તરફ નજર નાખી રહ્યો હતો. પિરામિડો સુધી પહોંચવા તેણે હજી ઘણું મોટું અંતર કાપવાનું હતું. એક વખત એવો આવવાનો હતો જ્યારે આજની આ સવાર પણ એક સ્મૃતિયાત્રા બની જવાની હતી, પણ આ ક્ષણ હતી વર્તમાનની. જેમ ઊંટચાલકે કહ્યું તેમ ઉત્સવની ક્ષણ – અને તે એ રીતે જીવવા ઈચ્છતો હતો જેમ તે આજ સુધી જીવતો હતો. જેમાં ભૂતકાળના પાઠ પણ હતા અને ભવિષ્યનાં સ્વપ્ન પણ. ભલે આ ખજૂરવૃક્ષો એક સમયે સ્મૃતિ બનીને રહી જાય. આ ક્ષણે તો તેમની હાજરીનો અર્થ હતો છાંયો, પાણી અને કબીલાઓની લડાઈમાંથી બચવાનું શરણસ્થાન. ગઈ કાલે ઊંટનો ગાંગરાટ જોખમનું સંકેત હતો. અત્યારે ખજૂરવૃક્ષો એક ચમત્કારનું એલાન કરે છે.

છોકરાએ વિચાર્યું, દુનિયા ભાતભાતની ભાષાઓ બોલે છે.

* * *

વણજારોની જેમ જ સમય બહુ જલદી વીતી જાય છે, કીમિયાગરે વિચાર્યું. તે સેંકડો લોકો અને પશુઓને રણદ્વીપમાં પ્રવેશતાં જોઈ રહ્યા હતા. નવા આગંતુકોના આગમનથી ખૂબ શોરબકોર થવા લાગ્યો અને ધૂળની ડમરીથી રણનો સૂરજ જાણે ઢંકાઈ જ ગયો. આ નવા મહેમાનોને કારણે નખલિસ્તાનનાં બાળકોમાં ઉત્સાહ વ્યાપ્યો હતો. કબીલાઓના સરદારોએ વણજારના નેતાનું અભિવાદન કર્યું અને લાંબી વાતચીત કરી તે કીમિયાગરે જોયું.

પરંતુ આમાંનું કશું તેમને નવું ન લાગ્યું. તેમણે ઘણા લોકોને આવતાજતા જોયા હતા, છતાં રણ તો જેમનું તેમ જ રહેતું. આ રણની રેતીમાં ચાલતા રાજાઓ અને ભિખારીઓને પણ તેમણે જોયા હતા. પવનને કારણે રેતીના મોટા મોટા ઢૂવા બદલાયા કરતા, છતાં એ રેતી એની એ હતી જે તેમણે બચપણથી જોઈ હતી. જ્યારે રણની પીળી રેતી અને ભૂરા આકાશમાં જોતાં જોતાં લાંબાં અઠવાડિયાંઓ વિતાવીને આવેલા આવા પ્રવાસીઓ જ્યારે ખજૂરવૃક્ષોની હરિયાળી જોઈને જે રાજીપો અનુભવતા તે નિહાળી તેમને ઘણો આનંદ આવતો. તેમણે વિચાર્યું કે સંભવ છે પ્રભુએ રણનું સર્જન કર્યું જેથી માણસ ખજૂરવૃક્ષોની કદર કરી શકે.

છતાં હવે તેમણે વધુ વ્યવહારુ વાતો પર ધ્યાન આપવાનું વિચાર્યું. તેઓ જાણતા હતા કે આ વણજારમાં એક એવો માણસ હતો જેને પોતે કેટલાંક રહસ્યો શીખવવાનાં હતાં. શુકનોએ તેમને આ જણાવ્યું હતું. એ માણસને હજી તેઓ જાણતા નહોતા, પણ તેમની અનુભવી આંખ તેને જોતાં જ ઓળખી શકે તેમ હતી. તેમને આશા હતી કે આ વ્યક્તિ પણ આની પહેલાંના તેમના શિષ્ય જેટલો જ સક્ષમ હોય.

મને સમજાતું નથી કે શા કારણે આ બધું શબ્દોમાં બોલીને વ્યક્તિગત રીતે બીજા કોઈને પહોંચાડવું પડે છે, તેઓ વિચારવા લાગ્યા. એવું તો નહોતું કે એ તદ્દન રહસ્યો જ હતાં, આમ તો પ્રભુ તેમનાં રહસ્યો બધાં પ્રાણીઓને સરળતાથી દશાર્વતા રહે છે.

પણ આ હકીકતનું એક જ કારણ તેમને જણાતું હતું. આ બધું શબ્દોમાં સમજાવવું પડે છે કારણ કે તે શુદ્ધ જીવનમાંથી ઘડાય છે અને એવું જીવન ચિત્રો કે શબ્દોમાં વ્યક્ત નથી થઈ શકતું.

ચિત્રો અને શબ્દોમાં લોકો એટલા તો અટવાઈ જાય છે કે વિશ્વની ભાષા જ ભૂલી જાય છે.

* * *

છોકરાના માન્યામાં ન આવ્યું કે તે શું જોઈ રહ્યો હતો : આ રણદ્વીપ એ કંઈ એક નાનો કૂવો અને તેની આસપાસ ખજૂરવૃક્ષોનાં ઝૂમખાં નહોતાં, જેવું કે તેણે એક વાર ભૂગોળની ચોપડીમાં વાંચેલું. પોતાના વતન સ્પેનનાં કેટલાંક નગરો કરતાંય તે વધુ વિશાળ હતો. અહીં ત્રણસો કૂવા હતા, ૫૦ હજાર ખજૂરવૃક્ષો અને તેની અંદર અસંખ્ય રંગબેરંગી તંબુઓ હતા.

"આ તો 'અરેબિયન નાઈટ્સ'ની કોઈ વાર્તા જેવું લાગે છે !" અંગ્રેજ બોલ્યો. કીમિયાગરને મળવા તે અધીરો બન્યો હતો.

તેમની આસપાસ બાળકો વીંટળાઈ વળ્યાં હતાં. તેઓ નવાગંતુક માણસો અને પશુઓને મોજથી જોતાં હતાં. નખલિસ્તાનના પુરુષો જાણવા માગતા હતા કે શું તેમણે યુદ્ધ થતું જોયું ખરું ? સ્ત્રીઓ તો આ લોકો જે કાપડ અને રત્નો લાવ્યાં હતાં તેને ખરીદવા પડાપડી કરી રહી હતી. રણમાંનું મૌન તો જાણે સ્વપ્નવત્ બની ગયું, વણજારના પ્રવાસીઓ સતત બોલવા લાગ્યા હતા, હસતા હતા અને બૂમો મારતા હતા, જાણે તેઓ કોઈ આધ્યાત્મિક દુનિયામાંથી ઊતરી આવ્યા હોય અને ફરીથી તેમને માનવીઓની દુનિયા જોવા મળી હોય. તેઓ ખૂબ જ રાહત અને ખુશી અનુભવતા હતા.

રણમાં હતા ત્યારે બધા ખૂબ જ સાવધાની રાખતા હતા. ઊંટચાલકે છોકરાને સમજાવ્યું કે રણદ્વીપો રણના જીવનમાં હંમેશાં તટસ્થ સ્થળો ગણાતાં, કેમ કે તેમાં મુખ્યત્વે તો સ્ત્રીઓ અને બાળકો જ રહેતાં. આવા રણદ્વીપો આખા રણમાં વેરવિખેર હતા, પણ કબીલાઓ તો રણમાં જ યુદ્ધો ખેલતા અને રણદ્વીપોને શરણનાં સ્થાન તરીકે કદી ન કનડતા.

ખાસ્સી મુશ્કેલી પછી વણજારનો નેતા પોતાના પ્રવાસીઓને એકઠા કરી શક્યો અને પછી સૂચનો કરવા લાગ્યો. જ્યાં સુધી કબીલાઓની લડાઈ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ સહુ અહીં જ રોકાશે. તેઓ મુલાકાતીઓ હતા તેથી તેમણે અહીંના રહેવાસીઓ સાથે સંપીને રહેવું પડશે અને તેમને બને તેટલી સારી જગ્યા અપાશે. મહેમાનગતિનો એ નિયમ હતો. પછી તેણે પોતાના બંદૂકધારી સહિત બધાંને કહ્યું કે તેમની પાસે જે કંઈ હથિયારો હોય તે કબીલાના વડાઓએ નીમેલા માણસોને સોંપી દેવાં.

"યુદ્ધના નિયમો એવા છે." નેતાએ આ વાત સમજાવતાં કહ્યું "રણદ્વીપોમાં હથિયારબંધ સૈન્ય કે જૂથોને આશ્રય અપાતો નથી."

છોકરાના આશ્ચર્ય વચ્ચે અંગ્રેજે તેની પેટીમાંથી એક ધાતુ જડેલી રિવૉલ્વર કાઢીને એ માણસને આપી જે હથિયારો એકઠાં કરતો હતો.

"રિવૉલ્વર કેમ ?" તેણે પૂછ્યું.

"તે મને લોકોમાં વિશ્વાસ મૂકવામાં મદદરૂપ બને છે." અંગ્રેજે જવાબમાં કહ્યું.

દરમિયાન છોકરો પોતાના ખજાના વિશે વિચારવા લાગ્યો. હવે જ્યારે તે પહોંચવાની વધુ નજીક હતો ત્યારે વધુ મુશ્કેલીઓ ઊભી થઈ ! એને લાગ્યું કે જેને વૃદ્ધ રાજાએ 'શરૂઆત કરનારનું ભાગ્ય' કહ્યું હતું તે જાણે હવે તેની સાથે નહોતું. તેના સ્વપ્નને સાકાર કરવામાં તેની હિંમત અને લગનની સતત પરીક્ષા લેવાઈ રહી હતી. તેણે તો પછી હવે ન તો ઉતાવળિયા થવું જોઈએ, ન અધીરા. જો તે આવેશથી દોરાઈને આગળ ધપશે તો પ્રભુએ તેના રસ્તે મૂકેલાં શુકનો અને ભાવિસૂચક ચિહ્નો જોઈ નહીં શકે.

પ્રભુએ આવા સંકેત મારા માર્ગમાં મૂક્યા છે. આ વિચારથી તે પોતે જ નવાઈ પામ્યો. અત્યાર સુધી તેણે શુકનોને આ દુનિયાની ચીજ માની હતી. ભોજન લેવા કે ઊંઘવા જેવી કે પછી પ્રેમની શોધ કે નોકરીની શોધ જેવું જ કંઈક. તેમને એણે કદી એ દૃષ્ટિથી નહોતાં જોયાં કે

તે તો તેણે શું કરવું તે કહેવા માટે પ્રભુએ વાપરેલી ભાષા હતી.

"ધીરજ નહીં ખોવાની." તેણે મનોમન એની જાતને કહ્યું, "ઊંટચાલકે કહ્યું હતું એમ જ્યારે જમવાનો સમય હોય ત્યારે જમવું અને ચાલવાનો સમય હોય ત્યારે ચાલવું."

પહેલે દિવસે બધાં થાકને લીધે ઊંઘી જ ગયાં, અંગ્રેજ પણ. છોકરાને ઊંઘવા માટે તેના મિત્રથી દૂર જગ્યા ફાળવાઈ હતી. તેની ઉંમરના અન્ય પાંચ જુવાનો સાથે તે એક તંબુમાં ગોઠવાયો હતો. તેઓ રણના માણસો હતા અને તેમને મોટાંમોટાં શહેરોની વાતો સાંભળવાની ખૂબ મજા આવી.

ભરવાડ તરીકેના પોતાના જીવનની વાતો છોકરાએ તેમને કરી અને વાસણની દુકાનોના અનુભવોની વાતો કરવા જતો હતો ત્યાં અંગ્રેજ તેના તંબુમાં દાખલ થયો.

"આખી સવાર મેં તને શોધ્યો." તેણે પોતાની સાથે છોકરાને બહાર લઈ જતાં કહ્યું, "કીમિયાગર ક્યાં રહે છે તે શોધવામાં મારે તારી જરૂર છે."

પહેલાં તો તેમણે એને શોધવાનો પ્રયત્ન જાતે જ કર્યો. રણદ્વીપોના બીજા લોકો કરતાં તેઓ જુદી જ રીતે રહેતા હશે અને કદાચ તેમના તંબુમાં એક સગડી સતત સળગતી રહેતી હશે. તેમણે બધે તપાસ કરી અને જાણ્યું કે રણદ્વીપ તેમણે ધાર્યો હતો તેના કરતાં ઘણો વધુ મોટો હતો, લગભગ સો તંબુઓ હતા.

"આપણે લગભગ આખો દિવસ વેડફી નાખ્યો." એ કૂવા પાસે બેસતાં અંગ્રેજે કહ્યું.

"આપણે કોઈને પૂછીએ તો કેમ ?" છોકરાએ સૂચવ્યું.

અંગ્રેજને બીજા કોઈને પોતાના અહીં આવવાનું કારણ જણાવા દેવું નહોતું એટલે તે નિર્ણય ન લઈ શક્યો, પણ છેવટે તેણે સંમતિ આપી કે છોકરો વધુ સારું અરબી બોલતો હતો તેથી તેણે જ પૂછપરછ કરવી. એક સ્ત્રી કૂવા પર મશકમાં પાણી ભરવા આવી. તેને છોકરાએ પૂછ્યું, "નમસ્તે, મેડમ. આ રણદ્વીપમાં કીમિયાગર ક્યાં રહે છે તે હું શોધી રહ્યો છું."

સ્ત્રીએ કહ્યું કે તેણે કદી એવી કોઈ વ્યક્તિ વિશે સાંભળ્યું પણ નહોતું અને તે ત્યાંથી ચાલી ગઈ. જતાં પહેલાં તેણે છોકરાને સલાહ આપી કે કાળાં કપડાં પહેરેલી સ્ત્રી સાથે તેણે હવે કદી વાત ન કરવી, કેમ કે તેઓ પરિણીત સ્ત્રીઓ હોય છે અને અહીંની પરંપરાને માન આપવું એના હિતમાં રહેશે.

અંગ્રેજ નિરાશ થઈ ગયો. એને લાગ્યું કે આટલો લાંબો પ્રવાસ તેણે વ્યર્થ જ કર્યો. છોકરો પણ દુઃખી થયો, તેનો મિત્ર પણ પોતાની નિયતિની શોધમાં હતો. જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે આવે છે. – વૃદ્ધ રાજાએ નહોતું કહ્યું ! તે ખોટા તો ન જ હોય.

"મેં પણ કીમિયાગરનું નામ પહેલાં નહોતું સાંભળ્યું." છોકરાએ કહ્યું, "હોઈ શકે કે અહીં પણ કોઈએ ન સાંભળ્યું હોય."

અંગ્રેજની આંખમાં ચમક પાછી આવી. "હા, એમ જ લાગે છે. કદાચ અહીં કોઈ પણ જાણતું ન હોય કે કીમિયાગર એટલે શું ! તો હવે એવું પૂછ કે અહીં લોકોના રોગો કોણ મટાડે છે ?"

કૂવામાંથી પાણી ભરવા કાળાં કપડાં પહેરેલ ઘણી સ્ત્રીઓ આવી, પણ છોકરાએ તેમની સાથે અંગ્રેજના આગ્રહ છતાં વાત ન જ કરી. ત્યાં એક પુરુષ આવ્યો.

"શું આસપાસ તમે એવા કોઈને જાણો છો જે લોકોના રોગો મટાડતા હોય ?" છોકરાએ તેને પૂછ્યું.

"અમારા રોગો તો અલ્લાહ જ મટાડે છે." એ માણસ આ અજાણ્યા લોકોથી ડરેલો

હતો તે સ્પષ્ટ હતું. "તમે ભૂવાઓને શોધી રહ્યા લાગો છો." કુરાનની કેટલાક આયાતોનો પાઠ કરીને તેણે ત્યાંથી ચાલતી પકડી.

બીજો એક પુરુષ આવ્યો. તે થોડો ઉંમરલાયક હતો અને એના હાથમાં ડોલ હતી. છોકરાએ તઠેને પણ પ્રશ્ન કર્યો.

"તમારે એવી વ્યક્તિને શા માટે મળવું છે ?" આરબે પૂછ્યું.

"કારણ કે આ મારા મિત્રે તેને મળવા મહિનાઓ સુધી લાંબો પ્રવાસ ખેડયો છે." છોકરાએ જવાબ આપ્યો.

"કદાચ આવો કોઈ માણસ આ રણદ્વીપ પર હોય પણ તો તે ખૂબ જ શક્તિશાળી હોવો જોઈએ." થોડો સમય વિચારીને આરબે કહ્યું, "કબીલાના મુખિયાઓ પણ ઈચ્છે ત્યારે તેને ન મળી શકે. એમને તો માત્ર એમની સંમતિ હોય તો જ મળી શકાય."

"આ લડાઈ પૂરી થતાં સુધી રાહ જુઓ. પછી વણઝાર સાથે નીકળી જાવ. અમારા રણદ્વીપના જીવનમાં દાખલ થવાની કોઈ જ કોશિશ ન કરતા." આરબ આટલું કહી રવાના થયો.

પણ અંગ્રેજ ખૂબ આનંદમાં આવી ગયો. તેઓ ખરા માર્ગે હતા.

છેવટે એક યુવતી કૂવા પર આવી. એણે કાળાં વસ્ત્રો નહોતાં પહેર્યાં. ખભા પર પાણીનું વાસણ ગોઠવીને ચાલતી હતી. માથા પર કપડું હતું પણ ચહેરો ઢાંકેલો નહોતો. તેને કીમિયાગર વિશે પૂછવા છોકરો આગળ વધ્યો.

એ ક્ષણે તેને લાગ્યું કે જાણે સમય થંભી ગયો છે અને વિશ્વાત્મા તેની અંદર ઊછળી રહ્યો છે. યુવતીની કાળી આંખોમાં તેણે જોયું અને એ પણ જોયું કે તેના હોઠ મૌન અને હાસ્ય વચ્ચેની મુદ્રામાં હતા. તેણે તો આખી દુનિયા જે ભાષા બોલતી હતી તેનો બહુ મહત્ત્વનો ભાગ શીખી લીધો – એ ભાષા જે પૃથ્વી પરના સમસ્ત લોકો પોતાના હૃદયમાં સમજી શકે છે. એ હતી પ્રેમની ભાષા. માનવજાતથીય વધુ પ્રાચીન, રણથી પણ પહેલાં જન્મેલી. જ્યારે પણ ચાર આંખો મળે ત્યારે એ જ પરિબળ પ્રગટ થતું, જેમ અહીં થયું તેમ. યુવતીએ સ્મિત કર્યું અને એ સાચે જ એક શુકન હતું – એક શુકન જેની તે રાહ જોઈ રહ્યો હતો. અત્યાર સુધીની જિંદગીમાં જે શુકન તેણે પોતાનાં ઘેટાં, પુસ્તકો, ક્રિસ્ટલનાં વાસણોમાં અને રણના મૌનમાં શોધ્યું હતું તે અજાણે જ સામે આવીને ઊભું હતું.

વિશ્વની આ શુદ્ધ ભાષા હતી. તેમાં કશું સમજાવવું પડે તેવું નહોતું. જેમ સૃષ્ટિને એની આ અનંતયાત્રા માટે કોઈ અન્ય મદદ જોઈતી નથી. એ ક્ષણે છોકરાને લાગ્યું કે તે એવી સ્ત્રીના સાંનિધ્યમાં છે જે એની જિંદગીમાં પ્રવેશેલી પ્રથમ અને એક માત્ર સ્ત્રી હતી. શબ્દ પણ બોલ્યા વગર એને લાગ્યું કે એ યુવતી પણ આ સમજી ગઈ છે. આ મુદ્દે તેને પાક્કી ખાતરી પડી ગઈ હતી. તેનાં દાદા-દાદી અને માતા-પિતાએ તેને કહ્યું હતું કે તેણે કોઈના પ્રેમમાં પડયા પછી જ કશું વચન આપવું, પણ શક્ય છે કે જે લોકોને આવું લાગતું હતું તેઓ વિશ્વની ભાષા નહીં સમજતાં હોય. કારણ કે તમે એ ભાષા જાણો, ત્યારે એ સમજવું અઘરું નહીં લાગે કે દુનિયામાં કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે – તે રણ વચ્ચે હોય કે કોઈ મહાનગરમાં હોય. જ્યારે આવી બે વ્યક્તિ એકમેકની નજીક આવે છે, તેમની આંખો એક થાય છે ત્યારે ભૂતકાળ કે ભવિષ્યની કશી મહત્તા નથી રહેતી. તે એક ક્ષણ જ મહત્ત્વની છે અને તેની સાથે આવે છે એક અખંડ વિશ્વાસ કે વિશ્વમાં સઘળું એક જ હાથ વડે પહેલેથી લખાયું છે. તે જ હાથ પ્રેમ રચે છે અને દુનિયાની દરેક વ્યક્તિ માટે તેનો જોડિયો આત્મા પણ. આવા પ્રેમ વિના સ્વપ્નો કદી સાર્થક નથી બની શકતાં.

"આનું જે નામ મકતૂબ." છોકરાએ વિચાર્યું.

અંગ્રેજે તેને ઢંઢોળ્યો, "ક્યાં ખોવાઈ ગયો ? આને પૂછી તો લે ?"

છોકરાએ એક ડગલું યુવતી તરફ ભર્યું અને પેલી છોકરી હસી ત્યારે એ પણ મલકાયો.

"તમારું નામ શું છે ?" છોકરાએ પૂછ્યું.

"ફાતિમા." આંખો ઢાળી દેતાં યુવતીએ કહ્યું.

"મારા દેશમાં પણ ઘણી સ્ત્રીઓનું નામ ફાતિમા હોય છે."

"એ પયગંબરની દીકરીનું નામ છે." ફાતિમા બોલી, "આક્રમણકારોએ આ નામ બધે ફેલાવ્યું છે." એ સુંદર યુવતીએ 'આક્રમણકારો'નો ઉલ્લેખ ગર્વપૂર્વક કર્યો.

અંગ્રેજે તેને ફરી યાદ કરાવ્યું એટલે છોકરાએ તેને પૂછ્યું કે શું લોકોના રોગો મટાડી દે એવી કોઈ વ્યક્તિ અહીં છે.

"એ વ્યક્તિ તો દુનિયાભરનાં રહસ્યોની જાણકાર છે. રણના જિનો સાથેય વાતચીત કરે છે."

જિનો એટલે સારા અને ખરાબ આત્માઓ. યુવતીએ દક્ષિણ દિશામાં ઈશારો કરીને કહ્યું કે જાઓ, ત્યાં જ એ વિચિત્ર માણસ રહે છે. પછી પાણી ભરીને તે ચાલી ગઈ.

અંગ્રેજ પણ કીમિયાગરની શોધમાં ચાલ્યો ગયો – જાણે ખોવાઈ જ ગયો. છોકરો તો એ જ ઠેકાણે ઘણો સમય બેસી રહ્યો. તેને ટારિફાના કિલ્લાની દીવાલ પરનો અનુભવ યાદ આવ્યો. લિવાન્ટરના પૂર્વી પવનો એક સ્ત્રીની સુગંધ તાણી લાવ્યા હતા. તેને ખ્યાલ આવ્યો કે આવી સ્ત્રી અસ્તિત્વ ધરાવે છે એવું જાણતો સુધ્ધાં ન હતો ત્યાર પહેલાંથી તેને પ્રેમ કરતો હતો. તેને સમજાયું કે તેના પ્રત્યેનો આ પ્રેમ તેને દુનિયાનો દરેક ખજાનો શોધવામાં મદદરૂપ થશે.

બીજે દિવસે છોકરો ફરી કૂવા પાસે પહોંચ્યો. એ પેલી છોકરીને જોવાની આશા રાખતો હતો. એને બદલે ત્યાં અંગ્રેજને જોઈને તેને આશ્ચર્ય થયું. અંગ્રેજ રણ તરફ નજર નાખી રહ્યો હતો.

"આખી બપોર અને સાંજ મેં રાહ જોઈ." તે બોલ્યો, "સાંજના પ્રથમ તારલા દેખાય ત્યારે તે દેખાયો. મેં તેને હું શું શોધતો હતો તે કહ્યું અને તેણે મને પૂછ્યું કે તમે કદી સીસામાંથી સુવર્ણ બનાવ્યું છે. મેં એને કહ્યું કે હું તે શીખવાને માટે તો અહીં આવ્યો છું."

"તેણે મને કહ્યું કે જાવ, જઈને પ્રયત્ન કરી જુઓ."

છોકરો કશું ન બોલ્યો. આ બિચારો અંગ્રેજ આટલો લાંબો પ્રવાસ કરીને આવ્યો અને તેને એ જ કરવાનું કહેવાયું કે તે જે આજ સુધી કરતો આવ્યો છે.

"હા, તો પછી કોશિશ કરો." તેણે અંગ્રેજને કહ્યું.

"હું એ જ કરીશ. અત્યારે જ શરૂ કરીશ."

અંગ્રેજ ગયો ત્યાં ફાતિમા આવી. તેના હાથમાં પાણી માટે વાસણ હતું.

"હું તને એક જ વાત કહેવા આવ્યો છું." છોકરાએ કહ્યું, "તું મારી પત્ની બને તેવું હું ઈચ્છું છું. હું તને ચાહું છું."

છોકરીના હાથમાંથી વાસણ પડી ગયું. થોડું પાણી ઢોળાયું.

"હું આ જ ઠેકાણે તારી રાહ દરરોજ જોઈશ. મેં પિરામિડોની નજીક કોઈ ઠેકાણે રહેલા ખજાનાની શોધમાં રણ પસાર કર્યું છે. મને આ લડાઈ એક શાપ જેવી લાગી હતી. પણ હવે મને તે એક આશીર્વાદ લાગે છે કારણ કે તે મને તારી પાસે લઈ આવી."

"લડાઈનો અંત ક્યારેક તો આવશે." છોકરીએ કહ્યું.

છોકરાએ આસપાસનાં ખજૂરવૃક્ષો તરફ જોયું. તેને યાદ આવ્યું કે તે એક સમયે ભરવાડ પણ હતો અને ફરી પાછો પણ થઈ શકે તેમ હતો. ખજાના કરતાં ફાતિમાનું વધુ મહત્ત્વ હતું.

"કબીલાના પુરુષો હંમેશાં ખજાનાની શોધમાં હોય છે." કદાચ ફાતિમાએ જાણી લીધું હતું કે તે શું વિચારતો હતો; અને રણની સ્ત્રીઓ પોતાના પુરુષો માટે ગૌરવ અનુભવે છે.

તેણે ફરીથી પાણી ભર્યું અને ગઈ.

છોકરો દરરોજ કૂવા પર જતો, ફાતિમાને મળતો. તેણે પોતાના ભરવાડ તરીકેના જીવનની વાત કરી, વૃદ્ધ રાજાની વાત કરી, વાસણની દુકાનની વાત પણ કરી. બંને મિત્ર બન્યાં અને તેની સાથે ગાળવા મળતા પા-એક કલાક સિવાય છોકરાનો બાકીનો દિવસ જાણે વીતતો જ નહોતો. હવે લગભગ રણદ્વીપમાં એક મહિનો વીતવા આવ્યો ત્યારે વણઝારના નેતાએ સહુને એકઠા કર્યા.

"આ લડાઈ ક્યારે પૂરી થશે તે આપણે જાણતા નથી એટલે આપણે આ પ્રવાસ ચાલુ રાખી ન શકીએ." તેણે કહ્યું, "આ લડાઈઓ ઘણો લાંબો સમય ચાલી શકે છે, કદાચ વર્ષો સુધી. બંને પક્ષે ખૂબ શક્તિશાળી સૈન્યો છે અને તેમને માટે યુદ્ધ ખૂબ મહત્ત્વનું છે. આ યુદ્ધ સારા અને ખરાબ વચ્ચેનું નથી. આ યુદ્ધ એવા લોકો વચ્ચે ચાલી રહ્યું છે જેઓ સત્તાના સંતુલન માટે લડે છે. જ્યારે એવા પ્રકારની લડાઈ ચાલુ થાય તો તે અન્યો કરતાં વધુ લાંબી ચાલે છે, કારણ કે અલ્લાહ બંને પક્ષનું સમર્થન કર્યા કરે છે."

લોકો પોતપોતાને ગામ પાછા ફર્યા. છોકરો તે ઢળતી બપોરે ફાતિમાને મળવા ગયો. સવારે થયેલી સભાની વાત કરી, "આપણે મળ્યાના બીજા દિવસે તમે મને કહ્યું કે તમે મને ચાહો છો." ફાતિમા બોલી, "તમે મને સાર્વત્રિક ભાષા અને વિશ્વાત્માની થોડી જાણકારી આપી છે એને લીધે હું હવે તમારો જ હિસ્સો બની છું."

તે બોલતી હતી તેના અવાજને છોકરો ધ્યાનથી સાંભળતો હતો. એને થયું કે ખજૂરવૃક્ષોમાંથી પસાર થતા પવનના સંગીત કરતાં પણ એ અવાજ ખૂબ મીઠો છે.

"આ રણદ્વીપમાં હું ક્યારની તમારી વાટ જોઈ રહી હતી. હું મારો ભૂતકાળ ભૂલી ગઈ છું, મારા રીતિરિવાજો અને સ્ત્રી પાસેથી રણના લોકો કેવી વર્તણૂકની અપેક્ષા રાખે છે, તે બધું ભૂલી ગઈ છું. છેક નાની હતી ત્યારથી મારું સ્વપ્ન હતું કે આ રણ મારે માટે એક અદ્ભુત ભેટ લાવશે. એ ભેટ મને મળી ગઈ છે. તે ભેટ છો તમે."

છોકરાને તેનો હાથ પકડી લેવાની ઈચ્છા થઈ આવી, પણ ફાતિમાના હાથ તેના જળપાત્રને પકડવામાં વ્યસ્ત હતા.

"તમે મને તમારાં સ્વપ્નો વિશે, વૃદ્ધ રાજા વિશે અને તમારા ખજાના વિશે વાતો કરી છે. તમે મને શુકનો વિશે પણ કહ્યું છે. તો હવે મને કશાનો ડર નથી કારણ કે એ શુકનોએ જ તમને અહીં મોકલ્યા છે. તમારાં સ્વપ્નનો, જેને તમે તમારી નિયતિ કહો છો તેનો હવે હું એક ભાગ જ છું.

"એ કારણે જ હું ઈચ્છું છું કે તમે તમારા લક્ષ્ય તરફ આગળ વધો. લડાઈ પૂરી થાય ત્યાં સુધી તમારે રાહ જોવાની હોય તો જુઓ. પરંતુ જો તમારે તે પહેલાં જ નીકળી જવાનું હોય, તો તમારાં સ્વપ્નની શોધમાં નીકળી પડો. રેતીના ઢગલાઓનો આકાર પવન બદલી શકે છે, પણ રણ બદલાતું નથી. આપણા પ્રેમનું પણ તેવું જ રહેશે."

"મકતૂબ." તેણે કહ્યું, "જો હું તમારાં સ્વપ્નનો ભાગ ખરેખર હોઈશ, તો તમે જરૂર એક દિવસ પાછા આવશો."

તે દિવસે તેનાથી વિખૂટા પડતાં છોકરાને દુઃખ થયું. પોતે જે પરિણીત ભરવાડોને

ઓળખતો હતો તે બધા તેને યાદ આવ્યા. તે લોકોને દૂર દૂરના વગડામાં જવું જરૂરી છે – એવું ઘરવાળીઓને સમજાવતાં નવ નેજાં થઈ જતાં. પ્રેમની માગ હતી કે તમે જેને પ્રેમ કરો તેની સાથે રહો.

બીજી વખત મળ્યો ત્યારે ફાતિમાને તેણે આ વાત કહી.

"રણ અમારા પુરુષોને લઈ જાય છે અને તેઓ દર વખતે પાછા ફરે એવું નથી હોતું." તે બોલી, "અમે એ જાણીએ છીએ અને અમે તેનાથી ટેવાઈ ગયાં છીએ. જે પાછા નથી આવતા તે સહુ વાદળોના કે ઊંચા પર્વતો વચ્ચેની ખીણોમાં વસતાં પ્રાણીઓનો કે પછી જે પૃથ્વીના પેટાળમાંથી ફૂટે છે તે પાણીનો હિસ્સો જ બની જાય છે. તે બધી વસ્તુઓના હિસ્સા બની જાય છે – તેઓ વિશ્વનો આત્મા બની જાય છે.

કેટલાક પાછા આવે પણ છે અને બીજી સ્ત્રીઓ એ વાતે ખુશી હોય છે, કારણ કે તેઓ માને છે કે તેમના પુરુષો પણ એ રીતે એક દિવસ પાછા ફરી શકે છે. એ સ્ત્રીઓને જોઈને હું તેમના સુખની ઈર્ષા કરતી હતી. હવે હું પણ એક એવી સ્ત્રી બની રહીશ જે કોઈની રાહ જોતી હોય.

હું રણની સ્ત્રી છું અને તેનો મને ગર્વ છે. હું ઈચ્છું છું કે મારો પતિ પણ એ મુક્તપણે વિચરણ કરે જેમ આ પવન સ્વચ્છંદ બનીને રેતીના ઢગલાઓના આકાર બદલ્યા કરે છે અને કદાચ એમ જ બનવાનું હોય તો હું પણ મારો ભરથાર રણનાં વાદળ, પ્રાણી કે જળમાં ભળી ગયો એમ સ્વીકારી લેવાની તૈયારી રાખીશ."

છોકરો અંગ્રેજની શોધમાં ગયો. એ તેને ફાતિમા વિશે જણાવવા માગતો હતો. અંગ્રેજે પોતાની તંબુની બહાર એક ભઠ્ઠી ઊભી કરી હતી તે જોઈને તે નવાઈ પામ્યો. ભઠ્ઠી પણ કંઈ વિચિત્ર જ હતી. તેમાં લાકડાંનું ઇંધણ હતું અને ઉપર એક પારદર્શક કાચની બૉટલ હતી અને તે બૉટલમાં કોઈ પ્રવાહી ઊકળી રહ્યું હતું. અંગ્રેજ રણ સામે તાકી રહ્યો હતો. ચોપડી વાંચતો ત્યારે હતી તેના કરતાં અત્યારે તેની આંખોમાં વધારે ચમક હતી.

"કામનો આ પહેલો તબક્કો છે." તે બોલ્યો, "મારે આમાંથી સલ્ફર છૂટું પાડવાનું છે. તે કામ સફળતાથી પાર પાડવા માટે મારે નિષ્ફળતાનો ડર કાઢી નાખવો રહ્યો. એ નિષ્ફળતાના ડરને લીધે જ મેં સર્વશ્રેષ્ઠ કૃતિને માટે પ્રયત્ન નહોતો આદર્યો. અત્યારે હું જે કરી રહ્યો છું એ હું ૧૦ વર્ષ પહેલાં કરી શક્યો હોત, છતાં આજે હું એ વાતે ખુશ છું કે ૨૦ વર્ષ જેટલી રાહ તો મેં ન જોઈ."

તે ભઠ્ઠીમાં ઇંધણ ઉમેરતો ગયો. છોકરો તેની સાથે જ બેસી રહ્યો. રણમાં સૂર્યાસ્તના ગુલાબી રંગનો છંટકાવ થયો. રણમાં નીકળી પડવાની તેને તીવ્ર ઈચ્છા થઈ, એ જોવા કે તેના મૌનમાં એના પ્રશ્નોના જવાબ હતા કે નહીં.

થોડો સમય તે આમતેમ ફર્યો, અને ખજૂરવૃક્ષોને નિહાળતો રહ્યો. તેણે પવનરવ સાંભળ્યા કર્યો, પગ નીચે કાંકરા ખૂંચતા અનુભવ્યા. અહીંતહીંથી તેને શંખ મળ્યા. તેને ખ્યાલ આવ્યો કે અતિ અતિ પ્રાચીન સમયે આ રણ એક સમુદ્ર હતું. એક પથ્થર પર તે બેઠો અને ક્ષિતિજ નિહાળીને મુગ્ધ બની રહ્યો. માલિકીભાવથી જુદો તારવીને પ્રેમ વિશે વિચારવા લાગ્યો, પણ તેમને જુદા પાડી ન શક્યો. ફાતિમા તો રણની સ્ત્રી હતી અને આવી વાત સમજવામાં તેને કશું મદદરૂપ થાય તેમ હોય તો તે રણ જ હતું.

તે વિચાર કરતો બેઠો હતો ત્યાં જ તેને પોતાની ઉપર આકાશમાં કશી હલચલ થતી જણાઈ. ઉપર જોયું તો બે બાજપક્ષીઓ આકાશમાં ઊંચે ઊડતાં હતાં.

પવનમાં તરતાં પક્ષીઓને તે જોઈ રહ્યો. તેમના ઊડવામાં કોઈ નિશ્ચિત ભાત તો હતી

નહીં, છતાં છોકરાને તેમાં કશુંક દેખાયું, જોકે એ શું હતું તે તેને સમજાયું તો નહીં. પક્ષીઓની હલચલને તે નિહાળી રહ્યો. તેમાંથી કશો અર્થ મળી જાય, તાગ મળી જાય તે માટે. કદાચ આ રણનાં પક્ષીઓ તેને માલિકીભાવ વિનાના પ્રેમ વિશે કશી સમજ આપી શકે.

તેને ઊંઘ આવવા માંડી. આમ તો તેને જાગતા રહેવું હતું, પણ સાથે જ તેને ઊંઘી પણ જવું હતું. "હું વિશ્વની ભાષા શીખી રહ્યો છું, દુનિયામાં બધાની સમજ મને પડવા લાગી છે... બાજપક્ષીઓના ઊડવાની પણ." તે મનમાં બોલ્યો. એ જ મનોદશામાં તે પ્રેમ માટે ખૂબ જ કૃતજ્ઞતા અનુભવી રહ્યો. તેણે વિચાર્યું : તમે જ્યારે પ્રેમમાં હોવ ત્યારે સઘળું સાર્થક લાગવા માંડે છે; બધાની સમજ પડે છે.

અચાનક જ એક બાજપક્ષીએ આકાશમાં ઝડપથી ડૂબકી મારી અને બીજા પર હુમલો કર્યો. તે જ ક્ષણે તેના મનમાં એક ચિત્રનો ચમકારો થયો... જાણે રણદ્વીપમાં ચમકતી તલવારો ઊતરી પડી હોય. એક ક્ષણ માટે જ દેખાયા પછી તે દૃશ્ય અલોપ થઈ ગયું, પણ તેને લીધે તે હચમચી ઊઠયો. તેણે લોકોને મૃગજળ અને આભાસો વિશે વાત કરતાં સાંભળ્યાં હતાં જ અને તેણે પોતે કેટલીક વાર તેનો અનુભવ પણ કર્યો હતો. એ બધી મૂળમાં તો પ્રબળ ઈચ્છાઓ જ હતી જે રણમાં મૃગજળ સ્વરૂપે પ્રગટ થતી હશે, પરંતુ એ ક્યારેય ન ઈચ્છે કે રણદ્વીપમાં સૈન્યો ઊતરી પડે.

એ યુદ્ધના દૃશ્યને તે ભૂલી જવા માગતો હતો અને પુનઃ ધ્યાનસ્થ થવા માગતો હતો. રણમાંના આછા ગુલાબી ઝાંય પર અને એના પથ્થરો ઉપર તેણે ફરી ધ્યાન કેન્દ્રિત કરવા પ્રયાસ કર્યો, પણ તેના હૃદયમાં કંઈક એવું હતું જે તેને આમ કરવા નહોતું દેતું.

વૃદ્ધ રાજાએ કહ્યું હતું, "હંમેશાં શુકનોની વાત સાંભળવી." છોકરાએ ફરીથી એને આવેલ સ્વપ્નને યાદ કર્યું અને તેને ખ્યાલ આવ્યો કે આ ઘટના તો ખરેખર બનવાની જ હતી.

ઊભો થઈને તે ખજૂરવૃક્ષો તરફ વળ્યો. આસપાસની ચીજોમાં ફરીથી તેને પોતાના વિશેના વિવિધ સંકેતો વંચાયા. એને હવે રણ સુરક્ષિત લાગતું હતું, જ્યારે રણદ્વીપ જોખમી લાગી રહ્યો હતો.

ઊંટચાલક એક ખજૂરી આગળ બેઠો બેઠો સૂર્યાસ્ત નિહાળી રહ્યો હતો. રેતીના ઢૂવાની પાછળથી નીકળતા છોકરાને તેણે જોયો.

"એક સૈન્ય આવી રહ્યું છે." છોકરાએ કહ્યું, "મને એવો આભાસ થયો છે."

"રણ હંમેશાં માનવોનાં હૃદયને આભાસોથી છલકાવી દે છે." ઊંટચાલકે જવાબ આપ્યો.

પણ છોકરાએ તેને ઉપર આકાશમાં ચકરાવો લેતાં બાજપક્ષીઓની વાત કરી. તે એ જોતો હતો ત્યાં ઓચિંતો જ એને ખ્યાલ આવ્યો કે જાણે તે વિશ્વાત્માની અંદર ખાબક્યો છે.

ઊંટચાલક છોકરાની વાત સમજી શક્યો. તેને ખબર હતી કે પૃથ્વી પરની કોઈ પણ ચીજ બધી ચીજોનો ઈતિહાસ કહી શકે છે. પુસ્તકનું ગમે તે પાનું ખોલો. કોઈ વ્યક્તિનો હાથ જુઓ, કોઈ પત્તાં ફેરવો કે પછી કોઈ પક્ષીની ઉડાન નીરખો... જે વસ્તુનું નિરીક્ષણ કરશો તેમાં એ ક્ષણના અનુભવનું જોડાણ શોધી શકાશે. એવું નથી કે એ ચીજો સ્વયં એ બધું ખુલ્લું કરી આપે છે. ખરું પૂછો તો લોકો જાતે જ પોતાની આસપાસ થતી ઘટનાઓ જોઈને વિશ્વાત્મામાં ભળવાને માટે જરૂરી માધ્યમ મેળવી લેતા હોય છે.

રણ એવા ઘણા માણસોથી ભરેલું હતું જે સરળતાથી વિશ્વાત્મા સાથે ભળી શકતા અને તેને નામે જીવનનિર્વાહ પણ કરતા. તે નજૂમી કહેવાતા. સ્ત્રીઓ અને બાળકો તેમનાથી ડરતાં અને કબીલાના પુરુષો પણ તેમની સલાહ લેવામાં અચકાતા. કારણ કે જો તમે જાણી લો કે તમારે મરવાનું છે તો યુદ્ધમાં અસરકારક ભૂમિકા ભજવી ન શકાય.

કબીલાના માણસને લડાઈમાં રસ હતો. તેનો અંજામ શું આવશે તે ન જાણવાથી તેઓને ઉત્તેજના થતી. આમ તો અલ્લાહે ભાવિ લખી જ રાખ્યું હતું અને તેમણે જે કંઈ લખ્યું હતું તે માનવોના સારા માટે જ હતું. એટલે તેઓ તો વર્તમાનમાં જ જીવતા હતા અને વર્તમાન પણ આશ્ચર્યોથી ભરેલો જ રહેતો. તેમણે ઘણી બાબતે સાવધાની રાખવી પડતી. દુશ્મનની તલવાર ક્યાં છે ? તેનો ઘોડો ક્યાં છે ? જીવતા રહેવા માટે હવે કઈ રીતનો ઘા કરવો જોઈશે ? આમ ઊંટચાલક પોતે સૈનિક તો નહોતો, પણ તેણે આવા નજૂમીઓની સલાહ તો લીધી હતી. તેઓ જે કહેતા તેમાં ઘણા નજૂમીઓ સાચા હતા અને કેટલાક ખોટા પડતા. એક વાર એ પેલા જૈફ નજૂમીને મળ્યો (જેનાથી લોકો સૌથી વધુ ડરતા) ત્યારે તેણે વળી ઊંટચાલકને જ પૂછ્યું હતું કે તે ભવિષ્યમાં આટલો બધો રસ શા માટે લે છે ?

"અં... જેથી હું કંઈક કરી શકું." તેણે કહ્યું, "અને જે બાબતો મારે નથી જોવી તેને હું બદલી શકું."

"તો પછી એ તારા ભવિષ્યનો હિસ્સો ન રહે." નજૂમીએ કહ્યું.

"અં... કદાચ મારે અમસ્તું જ ભવિષ્ય જાણવું છે જેથી આવનાર પરિસ્થિત્તિ માટે હું જાતને તૈયાર રાખી શકું."

"જો પરિસ્થિતિ સારી આવવાની હશે તો એ આનંદ સાથેનું આશ્ચર્ય બનશે." નજૂમી બોલ્યા, "જો તે ખરાબ હશે અને તેની જાણ તને આગોતરી હશે, તો તે આવતા પહેલા જ તારે દુ:ખ સહન કરવાનો વારો આવશે."

"મારે ભવિષ્ય જાણવું છે કારણ કે હું પુરુષ છું." ઊંટચાલકે નજૂમીને કહ્યું, "અને પુરુષો હંમેશાં ભાવિ આધારિત હોય તેવું જીવન જીવે છે."

આ નજૂમી નાની ડાળખીઓથી ભવિષ્ય જોવાના નિષ્ણાત હતા. તે એ ડાળખીઓને જમીન પર ફેંકતા અને જે ઢબે તે પડતી તેના ઉપરથી અર્થઘટનો કરતા. એ દિવસે તેમણે ડાળખીઓ ફેંકી નહીં. તેમણે ડાળખીઓ એક કાપડમાં ફરી વીંટાળી લીધી અને પોતાની ઝોળીમાં મૂકી દીધી.

"લોકોના ભવિષ્યને ભાખીને હું મારું ગુજરાન ચલાવું છું." તેમણે કહ્યું, "હું આ ડાળખીઓનું વિજ્ઞાન જાણું છું અને જ્યાં સર્વ કાંઈ લખેલું છે ત્યાં પ્રવેશ મેળવવા તેમને કઈ રીતે વાપરવાં તે હું જાણું છું. ત્યાં તો હું ભૂતકાળ જાણી શકું છું, જે ભુલાઈ ગયું છે તે ફરીથી શોધી કાઢી શકું છું અને વર્તમાનમાં રહેલાં શુકનોને પણ સમજી શકું છું.

"જ્યારે લોકો મારી સલાહ લે છે, ત્યારે વાત એમ નથી કે હું ભવિષ્ય ભાખું છું. હું ભવિષ્ય વિશે અનુમાન કરું છું. ભવિષ્ય તો પ્રભુના જ હાથમાં છે. તેઓ જ એ કહી શકે અને તેમ તો માત્ર અસાધારણ સંજોગોમાં બની શકે. ભવિષ્યનું અનુમાન કઈ રીતે કરું છું ? એ તો વર્તમાનમાંનાં શુકનો ઉપરથી એનું રહસ્ય વર્તમાન જ છે. જો તમે વર્તમાન પર ધ્યાન આપો તો તમે તેને સુધારી શકો અને જે ત્યાર પછી આવશે તે પણ વધુ સારું જ હશે. ભવિષ્ય વિશે ભૂલી જા અને એ સિદ્ધાંત પર શ્રદ્ધા રાખ કે ભગવાન તેનાં બાળકોને ચાહે છે. દરેક દિવસ પોતાની સાથે કંઈક એવું લઈને ઊગે છે જે શાશ્વત હોય."

ઊંટચાલકે તેને પૂછ્યું કે કેવા સંજોગોમાં ભગવાન મને મારું ભવિષ્ય નિહાળવાની તક આપશે ?

"માત્ર જ્યારે તેઓ પોતે તેનો વરતારો કરે, ત્યારે. બહુ ઓછી વખત ભગવાન ભવિષ્યની આવી કોઈ અભિવ્યક્તિ કરે છે. જ્યારે તે કરે છે ત્યારે માત્ર એક કારણથી કરે છે : એ ભાવિ એવી રીતે લખાયું હોય કે તેમાં પરિવર્તન લાવવું જરૂરી બની રહે."

છોકરાને પ્રભુએ ભાવિનો એક અંશ બતાવ્યો હતો. ઊંટચાલકને વિશ્વાસ હતો. આ છોકરાને તે માટે નિમિત્ત બનાવવાનું શું કારણ હશે ?

“તો તું હવે કબીલાઓના સરદારો પાસે જા.” ઊંટચાલકે છોકરાને કહ્યું, “આપણી તરફ આવી રહેલાં સૈન્યોની વાત તેમને જઈને કહી દે.”

“તેઓ મારા પર હસશે.”

“એ લોકો રણના માણસો છે અને રણના માણસો શુકનોમાં વિશ્વાસ રાખે છે.”

“તો કદાચ તેઓ અત્યાર સુધીમાં જાણી પણ ગયા હશે.”

“એ તરફ તેમનું ધ્યાન હજી નથી. તેઓ માને છે કે જો અલ્લાહની મરજી હશે તો કોઈના દ્વારા તેમને કહેવડાવશે. એવું પહેલાં પણ ઘણી વખત બન્યું છે, પણ આ વખતે એ વ્યક્તિ તું છો.”

છોકરાને ફાતિમા યાદ આવી ગઈ. એણે નિર્ણય કર્યો કે મારે ચોક્કસ જ કબીલાઓના સરદારોની પાસે જવું પડશે.

* * *

રણદ્વીપની વચ્ચોવચ આવેલા વિશાળ સફેદ તંબુના પહેરેગીર સામે આવીને છોકરાએ કહ્યું, “મારે સરદારોને મળવું છે. રણમાંથી હું શુકનની વાત લાવ્યો છું.”

કશું બોલ્યા વિના પહેરેગીર તંબુમાં ગયો અને થોડી વાર બાદ પાછો ફર્યો ત્યારે એક યુવાન આરબ પણ તેની સાથે બહાર આવ્યો. તેનો પહેરવેશ સફેદ અને સોનેરી હતો. છોકરાએ તેને પોતે શું જોયું હતું તેની વાત કરી અને તે યુવકે તેને થોડી વાર રાહ જોવા કહ્યું અને પોતે તંબુમાં પાછો ફર્યો.

રાત પડી ગઈ. જાત જાતના લડવૈયાઓ અને વેપારીઓ તંબુમાં આવનજાવન કરવા લાગ્યા. તાપણાં એક પછી એક બુઝાવી દેવાયાં અને રણદ્વીપમાં પણ રણ જેટલી જ ઘેરી શાંતિ પથરાઈ ગઈ. તે વિશાળ તંબુમાં જ પ્રકાશ રખાયો હતો. આ બધો સમય છોકરો ફાતિમાનો વિચાર કરતો રહ્યો. તેની સાથેની તેની છેલ્લી વાતચીતનો પૂરો અર્થ હજી તેને સમજાયો નહોતો.

છેવટે કલાકો સુધી વાટ જોવરાવ્યા પછી પહેરેગીરે છોકરાને તંબુમાં જવા કહ્યું. તેણે તંબુમાં જે જોયું તેથી છોકરાને ખૂબ જ આશ્ચર્ય થયું. રણની વચ્ચોવચ આવો કોઈ તંબુ અસ્તિત્વમાં હશે તેવી તેને સ્વપ્નેય કલ્પના નહોતી. તેણે જોઈ હતી તેનાથીય વધુ સુંદર જાજમો જમીન ઉપર પાથરી હતી. છતમાંથી હાથે બનાવેલાં સુવર્ણદીપ-કંદિલો લટકતાં હતાં, જેમાં મીણબત્તીઓ સળગતી હતી. રેશમી અને સુંદર ભરતકામવાળા ગાદીતકિયાઓ પર અર્ધગોળાકારમાં કબીલાના સરદારો બેઠા હતા. નોકરો રજતપાત્રોમાં ચા અને મેવાઓ પીરસી રહ્યા હતા. બીજા નોકરો હુક્કાઓના કોલસા ગોઠવી રહ્યા હતા. એના ધુમાડાની મીઠી સુવાસથી તંબુનું વાતાવરણ તરબતર બની રહ્યું હતું.

સરદારો આઠ હતા, પણ છોકરો સૌથી વધુ મહત્ત્વના એ સરદારને તરત ઓળખી શક્યો. અર્ધચંદ્રાકાર બેઠકની વચ્ચે બેઠેલા એ સરદારે પણ સફેદ અને સોનેરી પહેરવેશ પહેર્યો હતો. જે યુવકે તેની સાથે વાત કરી હતી તે એમની બાજુમાં જ બેઠો હતો.

“આ શુકનોની વાત કરનાર અજાણ્યો માણસ કોણ છે ?” એક સરદારે છોકરાને જોતાં પૂછ્યું.

“એ હું છું.” કહીને છોકરાએ જે કંઈ પોતે જોયું હતું તેનું વર્ણન કર્યું.

"શા માટે તારા જેવી કોઈ અજાણી વ્યક્તિને અમારું રણ આવી વાતો કહે, જ્યારે તે જાણે છે કે અમે તો અહીં પેઢીઓથી છીએ ?" બીજા એક સરદારે પૂછ્યું.

"કારણ કે હજી મારી આંખો રણથી ટેવાયેલી નથી." છોકરાએ કહ્યું, "હું તે જોઈ શકું જે રણથી ટેવાયેલી આંખો ન જોઈ શકે."

વળી એટલે પણ કે હું વિશ્વાત્મા અંગે વાકેફ છું. તેણે મનમાં કહ્યું.

"રણદ્વીપ એક તટસ્થ સ્થળ છે. ત્યાં કદી કોઈ હુમલો ન કરે." ત્રીજો સરદાર બોલ્યો.

"હું તો તમને મેં જે જોયું તે કહી શકું. મારી વાતનો વિશ્વાસ ન બેસતો હોય તો તમારે એ વિશે કશું કરવાની જરૂર નથી."

એક ગરમાગરમી વાળી ચર્ચા શરૂ થઈ ગઈ. તેઓની ભાષા કંઈક તળપદી પ્રાદેશિક અરબી હતી તેથી તેને કશી સમજ ન પડી, પણ જ્યારે તે તંબુમાંથી જવા માંડયો ત્યારે પહેરેગીરે તેને રોકાવાનું કહ્યું. છોકરાને ભય લાગ્યો. શુકનોએ તેને જણાવેલું કે કંઈક ખોટું થવાનું છે. તેને થયું કે રણમાં ઊંટચાલક સાથે એ વાત ન કરી હોત તો સારું હતું.

અચાનક, કેન્દ્રમાં બેઠેલો સરદાર મલકાયો. છોકરાને સહેજ સારું લાગ્યું. તેણે ચર્ચામાં ભાગ નહોતો લીધો અને હજી સુધી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો, પણ છોકરો હવે વિશ્વની ભાષા ઉકેલવામાં માહેર થઈ ગયો હતો અને તેને તંબુમાં શાંતિના તરંગોનો અનુભવ થઈ રહ્યો હતો. હવે તેની અંતઃસ્ફુરણા કહી રહી હતી કે અહીં આવ્યો તે યોગ્ય જ હતું.

ચર્ચા પૂરી થઈ. કેન્દ્રમાં બેઠેલા વૃદ્ધ સરદાર શું કહે છે તે સાંભળવા બાકીના હવે થોડો સમય મૌન બન્યા, પછી જ્યારે છોકરા તરફ ફર્યા ત્યારે તેમની આંખો ભાવશૂન્ય અને કોરી હતી.

"બે હજાર વર્ષ પહેલાં, છેવાડાના પ્રદેશમાં એક માણસ સ્વપ્નોમાં વિશ્વાસ રાખતો હતો. તેને કાળકોટડીમાં ધકેલી દેવાયેલો અને પછી ગુલામ તરીકે વેચી દેવાયેલો." વડા સરદારે આ વખતે છોકરો સમજે તેવી અરબીમાં કહ્યું, "અમારા વેપારીઓ તે ગુલામને લાવ્યા અને ઈજિપ્ત લઈ ગયા. અમે સહુ જાણીએ છીએ કે જે માણસ સ્વપ્ન જુએ છે, તે એનું અર્થઘટન કરવાનું પણ જાણે છે."

તેઓ આગળ બોલ્યા, "જ્યારે ફેરોએ સ્વપ્નમાં જોયું કે કેટલીક ગાયો દુબળી હતી અને કેટલીક હૃષ્ટપૃષ્ટ, ત્યારે એ માણસે ઈજિપ્તને દુકાળમાંથી બચાવી લીધેલું. તેનું નામ હતું જૉસેફ. તે પણ તારી જેમ અજાણ્યા પ્રદેશનો અજાણ્યો આગંતુક હતો. એ પણ લગભગ તારી જ વયનો હતો."

તેઓ થોડા થોભ્યા, જો કે તેમની આંખોમાં હજી મિત્રતાની ચમક નહોતી.

"અમે હંમેશાં પરંપરાઓનું પાલન કરીએ છીએ. પરંપરાએ જ ઈજિપ્તને દુકાળમાંથી બચાવ્યું અને ઈજિપ્તના લોકોને વિશ્વમાં સૌથી વધુ ધનવાન બનાવ્યા. પરંપરા લોકોને શીખવે છે કે કઈ રીતે રણ પસાર કરવું, તેમનાં બાળકોએ કઈ રીતે લગ્ન કરવાં. પરંપરા કહે છે કે રણદ્વીપ તટસ્થ પ્રદેશ છે. કારણ કે બંને પક્ષો પાસે રણદ્વીપો હોય છે, તેથી બંને એટલા જ અસુરક્ષિત છે."

કોઈ કશું બોલ્યું નહીં. વૃદ્ધ સરદારે આગળ કહ્યું, "પરંતુ પરંપરા એમ પણ કહે છે કે રણના સંદેશાઓમાં શ્રદ્ધા રાખવી જોઈએ. આપણે જે કંઈ જાણીએ છીએ તે બધું આપણને રણે જ શીખવ્યું છે."

તેણે એક ઈશારો કર્યો અને બધા ઊભા થયા. સભા પૂરી થઈ હતી. હુક્કાઓ ઠારી દેવાયા અને પહેરેગીરો સતર્ક થઈને ઊભા રહી ગયા. છોકરો પણ જવા માટે સજ્જ થયો, પણ

વૃદ્ધ સરદાર ફરીથી બોલ્યો.

"આવતી કાલે અમે એ કરારને તોડી નાખવાના છીએ કે રણદ્વીપમાં કોઈએ કોઈ હથિયાર પાસે રાખવાં નહીં. આખોય દિવસ આપણે દુશ્મન માટે સતર્ક રહીશું. રાત પડે ત્યારે બધા લોકો ફરીથી તેમનાં શસ્ત્રો મને સોંપી દેશે. દરેક દસ શત્રુઓના મોતદીઠ તને એક સોનામહોર મળશે.

"પરંતુ શસ્ત્રો યુદ્ધ થાય ત્યારે જ વાપરી શકાશે. શસ્ત્રો પણ રણની જેમ જ અવિશ્વસનીય હોય છે અને જો તે વપરાય નહીં તો બીજી વખત કામ ન પણ કરે. તેમાંનું એક પણ શસ્ત્ર કાલે દિવસ પૂરો થતાં જો વપરાયા વિના રહેશે તો તે તારા ઉપર વપરાશે."

તંબુ છોડીને છોકરો બહાર આવ્યો ત્યારે રણદ્વીપમાં પૂનમનો ચંદ્રમા પ્રકાશ રેલાવી રહ્યો હતો. તેનો તંબુ વીસ જ મિનિટના અંતરે હતો. તે તંબુ તરફ ચાલવા લાગ્યો.

જે કંઈ થયું તેનાથી તેને ફાળ પડી હતી. વિશ્વાત્મા સુધી તે પહોંચી શક્યો હતો અને એની કિંમત કદાચ તેણે પોતાના જીવની આહુતિ આપી ચૂકવવી પડશે. એ શરત જરા ભયજનક અને જોખમી હતી, પણ આમ તો જ્યારથી ઘેટાં વેચી નાખીને પોતાની નિયતિની શોધ શરૂ કરી હતી ત્યારથી તેણે જોખમો જ લીધાં હતાં. જેમ ઊંટચાલકે કહ્યું તેમ, આવતી કાલે મરવાની વાત બીજા કોઈ દિવસે મરવા કરતાં વધુ ખરાબ નહોતી જ. દરેક દિવસ જીવવા માટે હતો કે પછી દુનિયાથી વિદાય થવાનો હતો. બધું એક જ શબ્દ પર આધારિત હતું, "મકતૂબ."

ચૂપચાપ પોતાના તંબુ તરફ જતાં તેને સહેજે દિલગીરી કે દુઃખ નહોતું. જો તે આવતી કાલે મૃત્યુ પામશે તો તેનું કારણ એ હશે કે ભગવાન ભાવિમાં કોઈ ફેરફાર ઈચ્છતો નહોતો. તે એ રીતે મૃત્યુ પામશે તો પણ એ મુદ્દે સધિયારો રહેશે કે એના મૃત્યુ અગાઉ તેણે અખાત પાર કર્યો હતો. વાસણની દુકાનમાં નોકરી કરી હતી, રણનું મૌન અને ફાતિમાની આંખોનું સૌંદર્ય જાણ્યું હતું. એણે ઘણા વખત પહેલાં ઘર છોડયું ત્યાર પછી દરેક દિવસ તે તીવ્ર લાગણીથી જીવ્યો હતો. જો તે કાલે મૃત્યુ પામે તો પણ તેણે બીજા ભરવાડો જોઈ શકે તેના કરતાં દુનિયાને ઘણી વધુ જોઈ હતી અને તેનો તેને ગર્વ હતો.

અચાનક જ એક મોટો ધડાકો તેણે સાંભળ્યો. હવાની થપાટ એટલી જોરથી વાગી કે તેને લીધે તે જમીન પર જ પડી ગયો. આખો વિસ્તાર ધૂળની એવી ડમરીમાં ધમરોળાવા લાગ્યો કે ચંદ્રમા પણ દેખાવો બંધ થઈ ગયો. તેની સામે એક વિશાળકાય સફેદ ઘોડો હતો જે પોતાના પાછલા પગે ઊભો રહીને તેના ઉપર તોળાતો હતો અને ભયજનક રીતે હણહણી રહ્યો હતો.

આંખોને આંધળી ભીંત કરનારી ધૂળ સહેજ ધીમી પડી, ત્યારે તેણે જોયું હતું તે દૃશ્યથી છોકરો ધ્રૂજવા લાગ્યો. એ ઘોડા ઉપર તદ્દન કાળાં વસ્ત્રોમાં સજ્જ ડાબા ખભા પર શકરો બાજ ધારણ કરી રહેલ એક અસવાર હતો. તેણે પાઘડી પહેરી હતી અને એક કાળા રૂમાલથી આંખો સિવાયનો આખોય ચહેરો ઢંકાયેલો હતો. તે જાણે રણનો કોઈ સંદેશવાહક જણાતો હતો, પણ તેની હાજરી કોઈ એવા સંદેશવાહક કરતાં વધુ પ્રભાવશાળી હતી.

એ અજાણ્યા ઘોડેસવારે મ્યાનમાંથી વાંકી, તગતગતી તલવાર ખેંચી. તે ચાંદનીમાં ઝગારા મારવા લાગી.

"બાજપક્ષીઓની ઉડાનને વાંચવાની હિંમત કોણ કરે છે ?" તેનો અવાજ એટલો મોટો હતો કે 'અલ-ફેયુમ'નાં પચાસ હજાર ખજૂરવૃક્ષોમાં તે પડઘાતો હોય એમ લાગે.

"એ હિંમત મેં કરી." છોકરો બોલ્યો. તેને સાન્તિયેગો ચર્ચમાં માતા મોરોસની પેલી મૂર્તિની યાદ આવી જેમાં તે સફેદ ઘોડા પર સવાર થઈને નાસ્તિકોને ધમરોળતા હતા. આ માણસ પણ એના જેવો જ લાગતો હતો, સિવાય કે તેમનાં પાત્રો બદલાઈ ગયાં હતાં.

"એ હિંમત મેં કરી." તે ફરીથી બોલ્યો અને તલવારનો ઘા માથા પર પડશે એમ માનીને માથું નીચું નમાવ્યું. "એથી ઘણી જિંદગીઓ બચી જશે કારણ કે હું વિશ્વાત્માની ભીતર આ જોઈ શક્યો હતો."

તલવાર ચાલી નહીં. તેને બદલે તે અજાણ પુરુષે તેને નીચે નમાવી અને તેની અણી છોકરાના કપાળે અડાડી. લોહીનું એકાદ ટીપું દદડયું.

ઘોડેસવાર તદ્દન સ્થિર થઈ ગયો હતો અને છોકરો પણ. છોકરાને ત્યાંથી ભાગી જવાનો વિચાર સુધ્ધાં ન આવ્યો. તેના હૃદયમાં એક વિચિત્ર પ્રકારનો આનંદ ઊઠયો. પોતાની નિયતિની શોધમાં જ તે મોતને ભેટશે. આનંદ ફાતિમા માટે પણ થયો. આખરે શુકનો સાચાં હતાં. એ અહીં હતો – શત્રુની તદ્દન સમક્ષ, પણ મોત વિશે કશી ચિંતા કરવા જેવું નહોતું – વિશ્વનો આત્મા તેની રાહ જોતો હતો અને થોડા જ સમયમાં તે તેની અંદર ભળી પણ જશે અને આવતી કાલે તેનો શત્રુ પણ તે આત્માનો જ હિસ્સો બનશે.

છોકરાના કપાળ પર તલવાર અડાડી રાખીને પૂછવા લાગ્યો, જેવું સંકેતો તેં કેમ વાંચ્યા ?"

"મેં એ જ વાંચ્યું જે પક્ષીઓ મને કહેવા ઈચ્છતાં હતાં. તેમની ઈચ્છા હતી કે રણદ્વીપ બચી જાય. આવતીકાલે તમે બધા મરી જશો કેમ કે તમારી પાસે છે તેનાથી ઘણા વધુ પુરુષો રણદ્વીપમાં છે."

તલવાર ત્યાં જ રહી, "અલ્લાહની મરજીને બદલવાવાળો તું કોણ ?"

"જે અલ્લાહે સેનાઓ રચી છે તેણે જ બાજપક્ષીઓ પણ રચ્યાં છે. અલ્લાહે જ મને પક્ષીઓની ભાષા શીખવી. બધું એક જ હાથે લખાયું છે." ઊંટચાલકના શબ્દો યાદ કરતાં છોકરાએ કહ્યું.

છોકરાના કપાળ પરથી ઘોડેસવારે તલવાર લઈ લીધી. છોકરાને ઘણી હાશ થઈ. જોકે હજી તે ભાગી ન શક્યો.

"તારાં પૂર્વાભાસો અને ભવિષ્યવાણીઓ માટે ધ્યાન રાખજે." ઘોડેસવારે કહ્યું, "જ્યારે કશુંક લખાયેલું હોય તેને કોઈ રીતે નથી બદલી શકાતું."

"મને તો માત્ર સેના દેખાઈ હતી." છોકરો બોલ્યો, "યુદ્ધનું પરિણામ મેં નહોતું જોયું."

જવાબથી ઘોડેસવાર સંતુષ્ટ થયેલો જણાયો છતાં તલવાર હાથમાં રાખીને પૂછ્યું, "આ અજાણ્યા પ્રદેશમાં તું બહારનો માણસ શું કરી રહ્યો છે ?"

"હું મારી નિયતિની શોધમાં છું. તમે એ નહીં સમજો."

ઘોડેસવારે તલવાર મ્યાનમાં મૂકી અને છોકરાએ નિરાંતનો શ્વાસ લીધો.

ઘોડેસવારે કહ્યું, "મારે તારી હિંમતનો તાગ લેવો હતો. વિશ્વની ભાષા સમજવામાં હિંમતનો ગુણ બહુ જરૂરી છે."

છોકરાને આશ્ચર્ય થયું. આ અજાણ્યો માણસ બહુ ઓછા લોકોને જેની જાણ હોય તેવી વાત કરી રહ્યો હતો.

તેણે વાત ચાલુ રાખી. "અહીં સુધી આવ્યા પછી પણ તારા પ્રયત્નો છોડતો નહીં. અને તું રણને પ્રેમ ભલે કર, પણ તેના ઉપર કદી સંપૂર્ણ વિશ્વાસ ન મૂકતો. કારણ કે રણ દરેક જણની સામે ડગલે ને પગલે પડકાર ફેંકે છે અને જે કોઈનું ધ્યાન સહેજે વિચલિત થાય તેનું નિકંદન કાઢે છે."

તેની વાતથી છોકરાને વૃદ્ધ રાજાની યાદ તાજી થઈ.

"જો સૈનિકો અહીં આવે અને તે પછીય સૂર્યાસ્ત વેળાએ તારું માથું ધડ ઉપર સલામત

હોય, તો મને શોધવા આવજે.'' તે અજાણ્યા પુરુષે કહ્યું.

જે હાથમાં પહેલાં તલવાર હતી તેમાં હવે ચાબુક હતો. ઘોડો ફરીથી ઊભો થયો અને ધૂળનું વાદળ બન્યું ને તે ચાલ્યો.

''તમે ક્યાં રહો છો ?'' છોકરાએ બૂમ પાડીને પૂછ્યું. ચાબુકધારી હાથે દક્ષિણ તરફ ઈશારો કર્યો.

છોકરાની મુલાકાત કીમિયાગર સાથે થઈ હતી.

* * *

બીજે દિવસે અલ-ફેયુમનાં બધાં ખજૂરવૃક્ષોમાં બે હજાર સશસ્ત્ર લોકો વિખેરાઈ ગયા. સૂર્ય છેક ઊંચો ચડે એ પહેલાં ક્ષિતિજમાં પાંચસો કબીલાવાળા આવતા દેખાયા. એ ઘોડેસવાર સૈનિકો રણદ્વીપમાં ઉત્તર દિશામાંથી દાખલ થયા. આમ તો તે શાંતિપૂર્ણ અભિયાન જણાતું હતું, પરંતુ તેમનાં કપડાંમાં શસ્ત્રો સંતાડેલાં હતાં. અલ-ફેયુમના મધ્યમાં આવેલા સફેદ તંબુ પાસે પહોંચતાં જ તેમણે તલવારો અને બંદૂકો ખેંચી કાઢી અને તે ખાલી તંબુ પર હુમલો કર્યો.

રણમાં વિખેરાયેલા સશસ્ત્ર દ્વીપવાસીઓએ એ સૈનિકોને ઘેરીને મારી નાંખ્યા, માત્ર એક જ સૈનિક જીવતો રહ્યો. બાળકોને ઘટાદાર ખજૂરવૃક્ષોની બીજી બાજુએ લઈ જવાયાં હતાં, જેથી તેઓ આખી ઘટના જોઈ ન શકે. સ્ત્રીઓ પોતપોતાના તંબુમાં ભરાઈને પોતાના પતિની સુરક્ષાની પ્રાર્થના કરી રહી હતી. તેમણે પણ આ લડાઈને જોઈ નહીં. જમીન ઉપર મૃતકોનાં શરીરો પડયાં હતાં. તે સિવાય રણદ્વીપમાં જાણે સામાન્ય દિવસ જ હતો.

જેને મારી નહોતો નંખાયો તે હુમલાખોરોનો નાયક હતો. તે બપોરે તેને રણદ્વીપના કબીલાના સરદારોની સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તેમણે નાયકને પૂછ્યું : તારે પરંપરા કેમ તોડવી પડી ? નાયકે કહ્યું કે તેના માણસો ઘણા સમયથી ભૂખ્યાતરસ્યા હતા, ઘણી લડાઈઓ લડીને થાકી ગયા હતા અને તેથી રણદ્વીપમાં આવીને ફરીથી તાજા થઈ યુદ્ધમાં પાછા ફરવાની યોજના હતી.

કબીલાના વડા સરદારે તેના તરફ સહાનુભૂતિ દર્શાવી છતાં કહ્યું કે પરંપરા અત્યંત પવિત્ર બાબત છે. તેમણે નાયકને મૃત્યુદંડ આપ્યો. કોઈ તલવાર કે બંદૂકની ગોળી મારીને નહીં પણ ગળે ફાંસો દઈને સૂકા ખજૂરવૃક્ષ પર તેને લટકાવવામાં આવ્યો અને તેનું શરીર પવનમાં આમથી તેમ હાલતું રહ્યું.

વડા સરદારે છોકરાને બોલાવ્યો અને તેને પચાસ સોનામહોર ભેટમાં આપી. ઈજિપ્તના જૉસેફની વાત ફરીથી કહી અને તેમણે છોકરાને રણદ્વીપના સલાહકાર બનવા ઈજન પાઠવ્યું.

* * *

સૂર્ય આથમી ગયો અને રાત્રિના પહેલા તારાઓ ટમટમવા લાગ્યા ત્યારે છોકરાએ દક્ષિણ દિશામાં ચાલવા માંડયું. છેવટે તેને એક તંબુ દેખાયો. પસાર થતાં કેટલાક આરબોએ તેને કહ્યું કે એ જગ્યાએ ભુતાવળ રહે છે, પણ છોકરો ત્યાં બેસી રહ્યો અને રાહ જોવા લાગ્યો.

ચંદ્રમા ઊંચો ચડયો ત્યાર પછી જ તેને કીમિયાગરની સવારી આવતી દેખાઈ. તેણે પોતાના ખભા પર બે બાજપક્ષીઓ મૂક્યાં હતાં.

''હું આવ્યો છું.'' છોકરાએ કહ્યું.

''તારે અહીં આવવું ન જોઈએ.'' કીમિયાગર બોલ્યા, ''કે પછી તારી નિયતિ તને અહીં લઈ આવી છે ?''

"કબીલાઓ વચ્ચે લડાઈઓ ચાલે છે તેથી રણ પસાર કરવું અશક્ય છે માટે હું અહીં આવ્યો છું."

કીમિયાગર ઘોડા પરથી ઊતર્યો અને છોકરાને પોતાની પાછળ તંબુમાં આવવાનો ઈશારો કર્યો. રણદ્વીપમાં એના જેવા બીજા ઘણા તંબુઓ હતા. છોકરાએ આસપાસ નજર કરી કે શું અહીં કોઈ ભઠ્ઠીઓ કે રસશાસ્ત્રમાં વપરાતાં કોઈ અન્ય સાધનો છે, પણ તેમાંનું કશું દેખાયું નહીં. થોડાં પુસ્તકોનો એક ઢગલો હતો. રાંધવાની એક સગડી અને જાજમો, જેના ઉપર રહસ્યમય ચિત્રાંકન હતાં.

"બેસ, આપણે કોઈ પીણું લઈએ અને પછી આ પક્ષીઓનું ભોજન કરીએ."

છોકરાને વહેમ હતો કે આ બંને બાજપક્ષીઓ એ જ હતાં જેને તેણે પરમ દિવસે જોયાં હતાં, પણ તે કશું બોલ્યો નહીં. કીમિયાગરે સગડી પેટાવી અને એક સરસ મજાની ખુશ્બૂ તંબુમાં ફેલાઈ. પેલા હુક્કાઓની સુગંધ કરતાં એ ઘણી વધુ સારી હતી.

"તમારે મને શા માટે મળવું હતું ?" છોકરાએ પૂછ્યું.

"શુકનોને કારણે. મને પવને કહ્યું હતું કે તું આવવાનો છે અને તને મદદની જરૂર છે." કીમિયાગર બોલ્યા.

"પવને તમને મારે વિશે નથી કહ્યું. એનો સંકેત પેલા પરદેશી તરફ હશે – એ અંગ્રેજ છે. એ જ તો તમને શોધી રહ્યો છે." છોકરો બોલ્યો.

"તેણે હજી બીજાં કામો કરવાનાં છે, પણ એ સાચા રસ્તે છે ખરો. તેણે રણને સમજવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે."

"અને મારું શું ?"

"જ્યારે આપણે કંઈક મેળવવાની ઈચ્છા મનથી કરીએ છીએ ત્યારે આપણું સપનું સાકાર કરવા દુનિયાની સમગ્ર શક્તિ આપણી મદદે દોડી આવે છે." વૃદ્ધ રાજાના શબ્દો વાપરતાં કીમિયાગરે કહ્યું. છોકરો એ સમજી શક્યો. તેને નિયતિ સુધી પહોંચાડવામાં અન્ય એક વ્યક્તિ હવે મદદ કરવા આવી પહોંચી હતી.

"તો તમે મને સૂચનો કરશો ?" છોકરાએ કહ્યું.

"ના. તારે જેની જરૂર છે તે બધું તું જાણે છે. મારે તો તને તારા ખજાનાની દિશા જ બતાવવાની છે." કીમિયાગર બોલ્યા.

"પણ ત્યાં તો કબીલાઓની લડાઈ ચાલે છે." છોકરાએ યાદ કરાવ્યું.

"રણમાં શું ચાલે છે એ હું જાણું છું."

"મારો ખજાનો તો મને મળી ગયો છે. મારી પાસે મારું ઊંટ છે, થોડા કમાયેલા પૈસા છે, મારી પાસે હવે તો ૫૦ સોનામહોર પણ છે. મારા વતનમાં તો હું એક ધનવાન વ્યક્તિ ગણાઉં."

"પણ એમાંનું કશુંય પિરામિડોમાંથી તો નથી આવ્યું." કીમિયાગર બોલ્યા.

"મારી પાસે ફાતિમા પણ છે. આજ સુધીમાં મેં જીતેલા કોઈ પણ ખજાનાથી તે વધુ મોટો ખજાનો છે." છોકરાએ કહ્યું.

"એ પણ તને પિરામિડો પાસે નથી મળી આવી." કીમિયાગર બોલ્યા.

બંને જણ ચૂપચાપ ખાવા લાગ્યા. એક બાટલી ખોલીને રાતું પીણું કીમિયાગરે છોકરાના પ્યાલામાં રેડયું. અત્યાર સુધીમાં એને પીવા મળેલી એ ઉત્તમ વાઈન હતી.

"અહીં વાઈન પીવાનો નિષેધ નથી ?" છોકરાએ પૂછ્યું.

“જે માણસોના મોઢામાં પ્રવેશે છે તે ભૂંડું નથી.” કીમિયાગર બોલ્યા, “તેમના મોઢામાંથી જે બહાર નીકળે છે તે ભૂંડું હોય છે.”

કીમિયાગર જરા ડારો આપે એવા પ્રભાવશાળી હતા, પણ વાઈન પીધા પછી છોકરો હળવો ફૂલ થઈ રહ્યો. ખાણીપીણી પતાવીને તેઓ તંબુની બહાર બેઠા અને જોયું તો ચંદ્રમાનો પ્રકાશ એટલો બધો તેજસ્વી હતો કે તારાઓ ઝાંખા પડી ગયા હતા.

“થોડું પી લે અને મજા કરી લે.” કીમિયાગરે જોયું કે છોકરો ખુશખુશાલ જણાતો હતો. “આજે રાત્રે પૂરતો આરામ કરી લે, જાણે લડાઈ માટે કોઈ સૈનિક તૈયારી કરતો હોય એમ. યાદ રાખજે કે જ્યાં તારું હૃદય હશે ત્યાં તને તારો ખજાનો મળશે જ. તારે એ ખજાનો શોધવો જ રહ્યો, જેથી આ માર્ગે ચાલતાં તું જે કંઈ શીખ્યો છે તે નકામું ન જાય.

“આવતી કાલે ઊંટ વેચી નાખ અને એક ઘોડો ખરીદી લે. ઊંટ વિશ્વાસ મૂકવાલાયક નથી હોતાં. આમ તો તેઓ હજારો ડગલાં સહેજે થાક્યા વિના ભરે છે, પણ પછી અચાનક જ ઘૂંટણિયે પડીને મરી જાય છે, પણ ઘોડો ધીમે ધીમે થાકે છે. તમે એની પાસે કેટલું કામ લઈ શકાશે તે સુપેરે સમજી શકો છો. અને તે ક્યારે મરી જશે એ પણ કલ્પી શકો છો.”

* * *

બીજી રાત્રે છોકરો કીમિયાગર પાસે એક ઘોડો લઈને હાજર થયો. કીમિયાગર પણ તૈયાર હતા. તે પોતાના ઘોડા પર ચડયા અને ડાબે ખભે શકરો પક્ષી લીધું. છોકરાને તેઓ કહેવા લાગ્યા, “રણમાં ક્યાં જીવનનો અણસાર છે તે મને તું બતાવજે. જે લોકો આવા સંકેતોથી જીવનને ઓળખી શકે છે, તેઓ જ ખજાનો શોધવા સક્ષમ હોય છે.”

બંને જણ રણની રેતી ખૂંદવા લાગ્યા. ચંદ્રમા તેમને રસ્તો બતાવવા માટે પ્રકાશ રેલાવતો રહ્યો. છોકરો વિચારવા લાગ્યો કે કદાચ હું રણના સંકેતો ન પણ શોધી શકું. હજી હું રણને એટલી સારી રીતે જાણતો નથી.

તે આ વાત કીમિયાગરને કહેવા માગતો હતો, પણ તેનાથી તે ડરતો હતો. તેઓ પેલા પથરાળ વિભાગમાં પહોંચ્યા. છોકરાએ એ સ્થળે બાજપક્ષીઓ ઊડતાં જોયાં હતાં. અત્યારે તો આ સ્થળે કેવળ શાંતિ અને પવન સિવાય કંઈ ન હતું.

“રણમાં જીવન કઈ રીતે શોધવું એ મને સમજાતું નથી.” છોકરાએ કહી જ દીધું, “હું જાણું તો છું કે અહીં જીવન છે, પણ તેને ક્યાં શોધવું તે નથી જાણતો.”

“જીવન બીજા જીવનને આકર્ષે છે.” કીમિયાગરે જવાબ આપ્યો.

છોકરો સમજી ગયો. તેણે ઘોડાની લગામ થોડી ઢીલી કરી કે એ પથ્થરો અને રેતી પર છલાંગો ભરવા લાગ્યો. તે અડધો કલાક સુધી દોડતો રહ્યો. કીમિયાગર પાછળ પાછળ આવતા રહ્યા. હવે રણદ્વીપનાં ખજૂરવૃક્ષો નહોતાં જોઈ શકાતાં. તેમને આકાશનો મોટો ચંદ્રમા અને પથ્થરો ઉપરનાં તેનાં રૂપેરી પ્રતિબિંબો જ દેખાતાં રહ્યાં. અચાનક કોઈ કારણ વિના જ છોકરાનો ઘોડો ધીમો પડયો.

“અહીં જીવન છે.” છોકરાએ કીમિયાગરને કહ્યું, “હું રણની ભાષા નથી જાણતો, પણ મારો ઘોડો જીવનની ભાષા જાણે છે.”

બેઉ ઘોડા પરથી નીચે ઊતર્યા. કીમિયાગર કશું બોલ્યા નહીં. ધીમે ધીમે આગળ ધપતાં અને પથ્થરો વચ્ચે તપાસ કરતાં અચાનક કીમિયાગર થોભી ગયા. તેઓ જમીન પર નીચા વળ્યા. પથ્થરો વચ્ચે એક દર હતું. કીમિયાગરે એ દરમાં પોતાનો પંજો નાખ્યો અને તેમનો આખો હાથ છેક ખભા સુધી તેમાં ઊતરી ગયો. ત્યાં કશું સળવળતું હતું. છોકરો જોઈ શક્યો કે

આ મહેનત કરવામાં કીમિયાગરની આંખો વંકાઈ ગઈ હતી. દરમાં કંઈ હતું અને તેની સાથે તેમનો હાથ ઝઝૂમી રહ્યો હતો એમ લાગ્યું. અચાનક જ ઝડપથી કૂદકો મારી કીમિયાગરે હાથ બહાર કાઢયો ત્યારે તેમના હાથમાં પૂંછડીથી પકડાયેલો એક સર્પ હતો.

છોકરો પણ ભયથી કૂધો; કીમિયાગરથી દૂર જઈને ઊભો. સર્પે ખૂબ લડત આપી. રણની શાંતિને તેના ફૂંફાડાઓથી ધમરોળી નાખી. તે એક કોબ્રા સાપ હતો જેનું ઝેર વ્યક્તિને ક્ષણોમાં મોતને શરણે ધકેલી દે.

“ઝેરનું ધ્યાન રાખો.” છોકરાએ કહ્યું. કીમિયાગરે તે દરમાં હાથ નાખ્યો ત્યારે જ કદાચ સાપે તેમને દંશ તો દઈ જ દીધો હશે, છતાં તેમના મોં પર શાંતિ હતી. અંગ્રેજે તેને કહ્યું હતું : કીમિયાગર બસો વર્ષની વયના છે, રણના સર્પો સાથે કઈ રીતે કામ પાડવું એની ખબર એમને હોય જ.

છોકરો તેમને ઘોડા પાસે જઈ તલવાર કાઢતાં જોઈ રહ્યો. તલવારથી તેમણે રેતીમાં એક વર્તુળ દોર્યું અને તેમાં સાપને મૂક્યો. સાપ તરત જ શાંત થઈ ગયો.

“ચિંતા જેવું કંઈ નથી.” કીમિયાગરે કહ્યું, “એ વર્તુળમાંથી બહાર નહીં નીકળે. તેં રણમાં જીવન શોધ્યું. મારે એ શુકન જોઈતા હતા.”

“તેનું આટલું બધું મહત્ત્વ કેમ ?”

“કારણ કે પિરામિડો રણથી ઘેરાયેલા છે.” છોકરાને પિરામિડો વિશે વાતચીત કરવી નહોતી. આગલી રાતથી તે વ્યથિત હતો. તેનું હૃદય દુ:ખથી ભારે થઈ ગયું હતું. ખજાનાની શોધ ચાલુ રાખવાનો અર્થ થતો હતો કે તેણે ફાતિમાને છોડવી પડશે.

“હું તને રણમાં રસ્તો દેખાડીશ.” કીમિયાગર બોલ્યા.

“મારે તો રણદ્વીપમાં રહેવું છે.” તેણે કહ્યું, “મને ફાતિમા મળી ગઈ છે અને મારે મન તે ખજાના કરતાં ઘણી વધુ કિંમતી છે.”

“ફાતિમા રણની સ્ત્રી છે.” કીમિયાગર બોલ્યા, “તે જાણે છે કે પાછા ફરવા માટે જ પુરુષો દૂર જાય છે. તેની પાસે પોતાનો ખજાનો તો આવી ગયો છે. હવે તેની અપેક્ષા છે કે તું જે શોધી રહ્યો છે તે તું મેળવે.”

“અને જો હું રણદ્વીપમાં રહી પડવાનું વિચારું તો ?”

“તો શું થશે એ પણ તને કહું. તું રણદ્વીપનો સલાહકાર બનીશ. તારી પાસે ઘણાં ઘેટાં અને ઘણાં ઊંટો ખરીદવાના પૈસા છે. તું ફાતિમા સાથે લગ્ન કરીશ પછી એક વર્ષ સુધી તું ખૂબ જ ખુશ રહીશ. રણને ચાહવા લાગીશ અને ૫૦,૦૦૦ ખજૂરવૃક્ષોમાંના એકેએકને ઓળખી જઈશ. તું તેમને વિકસતાં જોઈશ, અને તે શીખવશે કે કઈ રીતે દુનિયા હરહમેશ બદલાતી રહે છે. તને શુકનો સરસ રીતે વાંચતાં આવડી જશે, કારણ કે તેનો સર્વશ્રેષ્ઠ શિક્ષક રણ જ છે.

“બીજા વર્ષે ક્યારેક તને ખજાનાની યાદ આવશે. શુકનો તે માટે આગ્રહ કરવા લાગશે, તું તેમને અવગણીશ. તારા જ્ઞાનનો ઉપયોગ તું રણદ્વીપ અને તેના વાસીઓ માટે કરીશ. કબીલાના સરદારો તેની કદર કરશે. તારાં ઊંટો તને વધુ સત્તા અને ધન મેળવી આપશે.

“ત્રીજે વર્ષે પણ શુકનો તારી નિયતિ અને ખજાનાની યાદ કરાવતાં રહેશે. તું રણદ્વીપમાં રાતોની રાતો ચક્કર મારતો રહીશ. ફાતિમા એ વાતે દુ:ખી થશે કે એણે જ તારી શોધમાં વિક્ષેપ પાડયો હતો. છતાં તું તેને પ્રેમ કરતો રહીશ અને તે પણ તને પ્રેમ આપતી રહેશે. તને યાદ આવશે કે તેણે તો તને રહી જવાનું કહ્યું નહોતું, કેમ કે રણની સ્ત્રી જાણે છે કે તેણે પોતાના પુરુષની રાહ જોવી પડતી હોય છે. માટે તું તેને દોષ નહીં આપે, પણ રણની રેતી પર ફરતાં ફરતાં તને વિચાર આવ્યા કરશે કે કદાચ તું જઈ શક્યો હોત... ફાતિમાના પ્રેમ ઉપર વધુ

ભરોસો મૂકી શક્યો હોત. જે કારણે તું રણદ્વીપમાં તજ રહી પડયો. તેનું કારણ તારો પોતાનો એ ડર જ હતો કે કદાચ હું ક્યારેય પાછો નહીં ફરી શકું. એ વખતે તને શુકનો કહેશે કે હવે તારો ખજાનો સદાને માટે દફનાવાઇ ચૂક્યો છે.

"પછી ક્યારેક ચોથા વર્ષ દરમિયાન તને શુકનો ત્યજી દેશે, કારણ કે હવે તું તેમને વાંચતો-સાંભળતો બંધ થઈ ગયો હોઈશ. કબીલાના સરદારો પણ આ સમજશે અને તને સલાહકારના પદ પરથી દૂર કરવામાં આવશે, પણ ત્યાં સુધીમાં તું એક ધનવાન વેપારી બની ચૂક્યો હોઈશ, જેની પાસે વિશાળ વસ્તુભંડાર અને ઘણાં ઊંટો હશે. તું શેષ જીવન એ જાણકારી સાથે વિતાવીશ કે તેં તારી નિયતિને શોધી નહીં અને હવે તે સાંપડવી અસંભવ બની છે.

"તારે જાણવું જોઈએ કે પ્રેમ કદી કોઈ માણસને પોતાની નિયતિ શોધવામાં અટકાવતો નથી. જો તે એ શોધ પોતે અટકાવી દે તો તેનો પ્રેમ સાચો નથી. સાચો પ્રેમ તો હંમેશાં વિશ્વની ભાષા બોલે છે.

કીમિયાગરે રેતીમાંનું વર્તુળ ભૂંસી નાખ્યું અને સાપ ધીરે રહીને ફરીથી પથ્થરોની અંદર સરકી ગયો. છોકરાને વાસણનો વેપારી યાદ આવ્યો જેને મક્કા જવાની ઈચ્છા હતી, પેલો અંગ્રેજ યાદ આવ્યો જે કીમિયાગરની શોધમાં નીકળ્યો હતો. તેને એ સ્ત્રીનો વિચાર આવ્યો, જેણે રણમાં વિશ્વાસ મૂક્યો હતો અને તેણે એ રણ તરફ નજર નાખી, જેણે તેને એ સ્ત્રી મેળવી આપી હતી જેને તે પ્રેમ કરતો હતો.

બંને ફરીથી ઘોડા પર સવાર થઈ ગયા. આ વખતે કીમિયાગર આગળ હતા અને છોકરો તેમની પાછળ પાછળ રણદ્વીપ સુધી પહોંચ્યો. પવન એની સાથે રણદ્વીપના અવાજો વહી લાવ્યો અને છોકરો તેમાં ફાતિમાનો અવાજ શોધવા લાગ્યો.

તેણે વર્તુળમાંનો કોબ્રા સાપ જોયો હતો, એ રાત્રે પેલા અપરિચિત ઘોડેસવાર – જેને ખભે શકરો બેઠો હતો – પ્રેમ અને ખજાનાની વાતો કરતા હતા, રણની સ્ત્રીઓની અને પોતાની નિયતિની વાત કરતા હતા.

"હું તમારી સાથે આવીશ." છોકરાએ કહ્યું અને એ જ ક્ષણે તેના હૃદયમાં ખૂબ જ ટાઢક વળી ગઈ.

"કાલે સૂર્યોદય પહેલાં જ આપણે નીકળી જઈશું." કીમિયાગરે આટલું જ કહ્યું.

* * *

તે રાત્રે સાન્તિયેગોને ઊંઘ ન આવી. તેના તંબુમાં રહેતા એક છોકરાને તેણે વહેલી પરોઢવેળાએ જગાડયો અને ફાતિમાના રહેઠાણની જગા બતાવવા કહ્યું. તે બંને તેના તંબુ પર ગયા અને સાન્તિયેગોએ એ છોકરાને એક ઘેટું ખરીદી શકાય તેટલું સોનું આપ્યું. એ પછી એના દોસ્તને એણે ફાતિમા સૂતી હોય ત્યાં જઈ એને જગાડવા જણાવ્યું. 'હું એની રાહ જોઉં છું એટલો સંદેશો કહેજે.' તરુણ આરબે એનો સંદેશો પહોંચાડયો એથી રાજી થઈ એણે બીજું ઘેટું ખરીદવાજોગ સુવર્ણ આપ્યું.

"હવે અમને એકલા રહેવા દે." કહીને તે છોકરાને સાન્તિયેગોએ પાછો પોતાના તંબુમાં મોકલી દીધો. એ છોકરાને ગર્વ હતો કે તેણે રણદ્વીપના સલાહકારને મદદ પૂરી પાડી હતી અને સાથે જ ખુશ હતો કે તેના ખિસ્સામાં ઘેટાં ખરીદવાના પૈસા આવી ગયા હતા. ફાતિમા તંબુના દરવાજે આવી. બેઉ ખજૂરવૃક્ષોની છાયામાં થોડુંક ચાલ્યાં. છોકરાને ખબર હતી કે પોતે પરંપરા તોડી રહ્યો હતો, પણ એને એની પરવા નહોતી.

"હું જવાનો છું." છોકરાએ જણાવ્યું, "અને મારે તને કહેવું છે કે હું પાછો આવીશ. હું તને પ્રેમ કરું છું કારણ કે..."

"કશું આગળ ન કહેશો." ફાતિમા બોલી, "પ્રેમ કરે છે એટલે પ્રેમ કરે છે. પ્રેમ કરવા માટે કોઈ કારણની જરૂર નથી હોતી."

છતાં છોકરાએ આગળ કહ્યું, "મને એક સ્વપ્ન આવ્યું હતું અને મને એક રાજા મળ્યા હતા. મેં વાસણ વેચ્યાં, રણ પસાર કર્યું અને કબીલાઓમાં યુદ્ધ શરૂ થયું એથી હું કીમિયાગરને શોધવા પેલા કૂવા પર આવ્યો. હું તને ચાહું છું કેમ કે આખાય બ્રહ્માંડે એવી પરિસ્થિતિ ઊભી કરી કે જેથી હું તને મળી શકું."

બંને જણાંએ આલિંગન કર્યું. પહેલી જ વાર તેઓએ એકબીજાને સ્પર્શ કર્યો હતો.

"હું પાછો આવીશ." છોકરો બોલ્યો.

"આજ સુધી મેં રણની સામે ઝંખનાથી જોયા કર્યું છે." ફાતિમાએ કહ્યું, "અને હવે હું આશા સાથે જોઈશ. મારા પિતા પણ એક વખત જતા રહ્યા હતા, પણ તેઓ મારી માતા પાસે પાછા આવ્યા અને ત્યાર પછી હંમેશાં પાછા આવતા રહ્યા જ છે."

એથી આગળ બે પૈકી કોઈ કંઈ જ ન બોલ્યું. ખજૂરવૃક્ષોમાં તેમણે મૌનપૂર્વક એક લટાર મારી. છોકરો તેને તંબુને દરવાજે મૂકવા આવ્યો.

"જેમ તારા પિતા પણ પાછા આવ્યા હતા એમ હુંય પાછો આવીશ." તેણે કહ્યું.

તેણે જોયું કે ફાતિમાની આંખો ભીની હતી.

"તું રડે છે ?"

"હું રણની સ્ત્રી છું." ચહેરો બીજી દિશામાં ફેરવી તે બોલી, "પણ છેવટે હું પણ સ્ત્રી છું."

ફાતિમા પોતાના તંબુમાં પાછી ફરી અને જ્યારે સૂર્યોદય થયો ત્યારે તે ફરી જે કામો તે વર્ષોથી કરતી આવી હતી, એ જ કામોમાં લાગી ગઈ. પણ આજે હવે બધું બદલાઈ ગયું હતું. છોકરો હવે રણદ્વીપમાં નહોતો. ગઈ કાલે હતો તેવો રણદ્વીપ ફરી કદી નહીં મળે. એને માટે એ હવે એવું સ્થળ નહીં રહે જ્યાં ૫૦,૦૦૦ ખજૂરવૃક્ષો હતાં, ૩૦૦ કૂવાઓ હતા અને જ્યાં લાંબા પ્રવાસેથી આવતા લોકોને આવી હાશકારો થતો. આજ પછી તેને માટે રણદ્વીપ એક ખાલીપાભર્યું સ્થાન બની રહેશે.

આજથી હવે એને માટે રણ વધુ મહત્ત્વનું બની જશે. દરરોજ તે રણ તરફ નજર નાખશે અને કયા તારાને માર્ગે છોકરો પોતાના ખજાનાને શોધી રહ્યો હશે એ વિશે અનુમાન લગાવતી રહેશે. તેણે હવે પોતાનાં ચુંબનો પવનદૂત સાથે મોકલવાં પડશે. એવી આશા સાથે કે પવન છોકરાના ચહેરાનો સ્પર્શ કરશે અને કહેશે કે તે હજી જીવે છે. તે તેની રાહ જુએ છે. એક સ્ત્રી ખજાનો શોધવા નીકળેલ તેના બહાદુર પુરુષની રાહ જુએ, એમ સ્તો. આજ પછી હવે રણ માત્ર તેના પાછા ફરવા બાબતની તેની આશાનું પ્રતીક બની રહેશે.

* * *

રણની રેતીમાં આગળ ધપતાં કીમિયાગરે છોકરાને કહ્યું, "તું પાછળ જે કંઈ છોડીને આવ્યો છે તેનો વિચાર ન કર. વિશ્વના આત્મામાં બધું જ લખેલું છે અને તે સદા માટે એમ જ રહેશે."

"માણસો ઘર છોડી જવાને બદલે ઘેર પાછા ફરવાનાં જ સ્વપ્નો જોતાં રહે છે." છોકરાએ કહ્યું. રણના મૌનથી તે હવે ફરી પાછો ટેવાઈ ચૂક્યો હતો.

"તમને મળે તે જો શુદ્ધ પદાર્થ હોય તો તે કદી બગડતો નથી અને તમે પાછા તો ગમે

ત્યારે આવી શકો જ છો. તને જે મળ્યું તે એક ધૂમકેતુ જેવો ચમકારો જ હશે તો પાછો આવીશ ત્યારે ત્યાં કશું નહીં હોય.''

તેઓ રસશાસ્ત્રની ભાષા બોલી રહ્યા હતા, છતાં છોકરો સમજી ગયો કે તેઓ ફાતિમાની વાત કરતા હતા.

પોતે જે પાછળ છોડીને નીકળ્યો હતો તેને વિશે વિચાર ન કરવો તે અઘરું જ હતું. રણના અનંત એકધારાપણાએ તેને સ્વપ્નશીલ બનાવી દીધો. છોકરો હજી તેનાં મન:ચક્ષુઓ સામે ખજૂરવૃક્ષો, કૂવાઓ અને એની પ્રેયસીનો ચહેરો જોઈ શકતો હતો. અંગ્રેજ અને તેના પ્રયોગો, ઊંટચાલક જે તેનો અજાણે જ શિક્ષક બની ગયો હતો – તેમને પણ તે જોઈ શકતો હતો. છોકરાએ વિચાર્યું કે કદાચ આ કીમિયાગર કદી પ્રેમમાં નહીં પડયા હોય.

શકરાને ખભે રાખીને કીમિયાગર આગળ રહેતા હતા. એ પક્ષી રણની ભાષા સારી રીતે જાણતું હતું અને જ્યારે પણ તેઓ ક્યાંક રોકાતા, તે શિકાર માટે ઊડી જતું. પહેલે જ દિવસે તે એક સસલું લઈ આવ્યું અને બીજે દિવસે તે બે પક્ષીઓ લાવ્યું.

રાત્રે તેઓ પોતાની પથારી પાથરી દેતા અને તાપણાં બને તેટલાં ઢાંકેલાં રાખતાં. રણની રાતો ખૂબ ઠંડી હતી અને રોજે રોજ વદની વધતી તિથિ મુજબ ચંદ્રમાનો પ્રકાશ ઓછો થતાં વધુ ને વધુ અંધારી બનતી જતી હતી. આ રીતે તેઓ એક અઠવાડિયું આગળ ચાલ્યા અને કબીલાઓની લડાઈથી બચવા માટેની સાવધાનીઓની જ વાતો કરતા રહ્યા. લડાઈ ચાલુ જ રહી હતી અને ઘણી વખત પવન તેમાં થતા રક્તપાતની મીઠી ને માંદી વાસ તેમને પહોંચાડતો રહેતો. આસપાસ જ લડાઈઓ ચાલતી હોય ત્યારે પવન કહી જતો કે શુકનોની પણ ભાષા હોય છે અને જેનું આંખો નિરીક્ષણ ન કરી શકી હોય તેવી બાબતો પણ જાણકારી આપી દે છે.

કીમિયાગરે સાતમે દિવસે રોજ કરતાં વહેલો પ્રવાસ અટકાવવાનો નિર્ણય લીધો. શકરો શિકારની શોધમાં ઊડી ગયો અને કીમિયાગરે પોતાનો પાણી ભરેલો કૂંજો છોકરાને ધર્યો.

''તારો પ્રવાસ હવે પૂરો થવામાં છે.'' કીમિયાગરે કહ્યું, ''તું તારી નિયતિની શોધમાં નીકળી પડયો છે તેના હું તને અભિનંદન આપું છું.''

''અહીં આવ્યા ત્યાં સુધી તમે મને કશું કહ્યું તો નહીં ! મને હતું કે તમે મને કેટલીક એવી વાતો શીખવશો જે તમે જાણો છો. થોડા વખત પહેલાં રણમાં મેં એક એવા માણસ સાથે પ્રવાસ કર્યો હતો જેની પાસે રસશાસ્ત્ર વિશે ઘણાં પુસ્તકો હતાં, પણ તેમાંથી હું કશું શીખી શક્યો નથી.'' છોકરાએ કહ્યું.

''શીખવાનો એક જ માર્ગ છે.'' કીમિયાગર બોલ્યા, ''અને તે છે કામ કરીને. તારા પ્રવાસમાં તારે જે કંઈ જરૂરી છે તે બધું તું શીખ્યો છે. હવે તારે એક જ વસ્તુ શીખવાની બાકી છે.''

છોકરાને એ કઈ ચીજ છે તે જાણવું હતું, પણ કીમિયાગરની આંખો ક્ષિતિજમાં શકરાને ખોળી રહી હતી.

''તમને કીમિયાગર કેમ કહે છે ?''

''કારણ કે તે હું છું !''

''અને જ્યારે બીજા કીમિયાગરે એ સુવર્ણ બનાવવાના પ્રયત્નો કર્યા તે શાથી નિષ્ફળ નીવડયા ?''

''તે લોકો માત્ર સુવર્ણ માટે જ શોધ ચલાવતા હતા.'' છોકરાના સાથીદારે કહ્યું, ''તે લોકો પોતાની નિયતિનો ખજાનો શોધી તો રહ્યા હતા, પણ એ નિયતિ મુજબ જીવન વિતાવવા

ઈચ્છતા નહોતા.''

''મારે હજી શું જાણવું જરૂરી છે ?'' છોકરાએ પૂછ્યું. છતાં કીમિયાગર ક્ષિતિજ તરફ જ આંખ માંડી રહ્યા. છેવટે તેમના ખોરાક સાથે શકરો પાછો ફર્યો. એક ખાડો કરીને તેમણે અગ્નિ પેટાવ્યો, જેથી તે નજરે ન ચડે.

ભોજન તૈયાર કરતાં તેઓ બોલ્યા, ''હું કીમિયાગર છું કારણ કે હું એક કીમિયાગર છું. બસ. મારા દાદા પાસેથી હું આ વિજ્ઞાન શીખ્યો, જે એ વિજ્ઞાન તેમના પિતા પાસેથી શીખેલો. અને એમ કરતાં કરતાં આ તંતુ દુનિયાની ઉત્પત્તિ સુધી લંબાય છે. એ સમયમાં 'સર્વશ્રેષ્ઠ કૃતિ' નીલમણિ ઉપર જ કોતરી શકાતી, પણ માણસો પછી નાની સરળ ચીજો અમાન્ય કરતા ગયા. તેઓ નિશાનીઓ, અર્થઘટનો અને ફિલસૂફીનાં ભાષ્ય લખવા માંડયા. તેમને એમ પણ લાગ્યું કે બીજાઓ કરતાં તેઓ વધુ સારું જ્ઞાન ધરાવે છે, જોકે નીલમણિની પાટી આજે પણ હયાત છે.''

''નીલમણિની એ પાટી ઉપર શું લખાયેલું છે ?'' છોકરાને જાણવું હતું.

કીમિયાગરે રેતીમાં ચિત્ર દોરવા માંડયું અને પાંચ જ મિનિટમાં પૂરું કર્યું. તે પાંચ મિનિટ દરમિયાન છોકરાને પેલી બજાર અને વૃદ્ધ રાજા યાદ આવ્યા. એવું લાગ્યું કે જાણે એ પ્રસંગ તો વર્ષો પહેલાં બન્યો હતો.

''આવું હતું એ નીલમણિની પાટી પરનું લખાણ.'' ચિત્ર પૂરું કરતાં કીમિયાગર બોલ્યા.

છોકરાએ તે વાંચવા પ્રયાસ કર્યો. થોડો નિરાશ થઈને કહે, ''આ કોઈ સાંકેતિક ભાષા લાગે છે. અંગ્રેજની ચોપડીઓમાં મેં કંઈ જોયું હતું તેના જેવું.''

''ના. તે પેલા બે બાજપક્ષીની ઉડાન જેવું છે.'' કીમિયાગરે કહ્યું, ''તેને તર્કથી નહીં સમજી શકાય. નીલમણિની તખતી તો વિશ્વાત્મા પાસે જવાનો સીધેસીધો માર્ગ છે.

''શાણા પુરુષો સમજી શક્યા હતા કે આ કુદરતી દુનિયા કેવળ એક પ્રતિબિંબ છે અને સ્વર્ગની નકલ છે. આ દુનિયા માત્ર એક એવી ખાતરી આપે છે કે બીજી એવી દુનિયા પણ સાચેસાચ છે જે સર્વાંગસંપૂર્ણ છે. ભગવાને આ દુનિયાની રચના કરી છે જેથી તેના દૃશ્યમાન પદાર્થોના માધ્યમથી મનુષ્યો તેમના આધ્યાત્મિક ઉપદેશો અને તેમના શાણપણની ચમત્કારિક રચનાઓ સમજી શકે. કામનો મારો એ અર્થ છે.''

''શું મારે નીલમણિની પાટીનું લખાણ સમજવું જોઈએ ?'' છોકરાએ પૂછ્યું.

''જો તું ઍલ્કેમીની પ્રયોગશાળામાં હોત તો આ સમય નીલમણિની પાટીને ઉકેલવાનો રસ્તો મેળવવાનો ખરો સમય પુરવાર થાત, પણ તું અત્યારે રણમાં છે. તેમાં જ તલ્લીન થઈ જા. આ રણ તને સમગ્ર દુનિયાની સમજ આપશે, હકીકતમાં પૃથ્વી પરની કોઈ પણ ચીજ એમ કરી શકે છે. તારે આખા રણને ડહોળવાની જરૂર નથી. રણની રેતીનો કણ પણ પૂરતો છે. તેના ઉપર ચિંતન- મનન કરીશ તો તેમાંથી આ અદ્ભુત સૃષ્ટિ તને સમજાશે.'' કીમિયાગરે કહ્યું.

''હું રણમાં તલ્લીન કઈ રીતે થઉં ?'' છોકરાએ કહ્યું.

''તારા હૃદયની વાત સાંભળ. તે બધું જ જાણે છે, કારણ કે તે વિશ્વાત્મામાંથી જ આવ્યું છે અને એક દિવસ તેમાં પાછું ફરશે.''

* * *

બીજા બે દિવસ મૌન રહીને જ તેમણે પસાર કર્યા. કીમિયાગર વધુ સાવધાન બન્યા હતા, કારણ કે હવે તેઓ યુદ્ધ ખેલાઈ રહ્યું હતું એ પ્રદેશની નજીક જઈ રહ્યા હતા. તેઓ આગળ જઈ રહ્યા હતા. આગળ વધતાં વધતાં છોકરો હૃદયની વાત સાંભળવા પ્રયત્ન કરતો હતો.

એમ કરવું કંઈ સરળ નહોતું. અગાઉ તો હૃદય તેને વાત કહેવા તત્પર રહેતું હતું, પણ આજકાલ એમ થતું નહીં. એવો સમય પણ હતો જ્યારે તેનું હૃદય તેને કલાકો સુધી પોતાની બધી પીડા વિશે વાતો કર્યા કરતું. કોઈ વાર તે સૂર્યોદયના દૃશ્યમાત્રથી એટલો ભાવુક બની જતો કે આંખો ભીની થઈ જતી. તે વખતે તેનું હૃદય ખૂબ જોરથી ધડકતું. જ્યારે છોકરો ખજાનાની વાત કરતો અને તેની ધડકન ઓછી થતી. જ્યારે છોકરો રણની અનંત ક્ષિતિજોને જોઈ રહેતો, પણ તેનું હૃદય કદી શાંત નહોતું રહેતું – છોકરો અને કીમિયાગર કોઈ જાતની વાતચીત વિના જ ચાલતા હોય ત્યારે પણ.

તે દિવસે જ્યારે તેમણે પ્રવાસ થોભાવ્યો ત્યારે છોકરાએ પૂછ્યું, "આપણે શા માટે હૃદયની વાત સાંભળવી જોઈએ, કહો તો !"

"કારણ કે તારું હૃદય જ્યાં હોય ત્યાં જ તને તારો ખજાનો મળશે."

"પણ મારું હૃદય તો વ્યગ્ર છે." છોકરો બોલ્યો, "તેનાં પોતાનાં સ્વપ્નાં છે, તે ભાવુક બને છે અને રણની એક સ્ત્રીના ઊંડા પ્રેમમાં છે. તે મને એનું ધાર્યું કરવા પ્રેરે છે. રાતોની રાતો સુધી મને સૂવા નથી દેતું, જ્યારે હું તે સ્ત્રી વિશે વિચારો કરવા લાગું છું ત્યારે સ્તો."

"અચ્છા, એ તો સારું જ છે. તારું હૃદય જીવંત છે. તેના કહેવા પ્રત્યે ધ્યાન આપતો રહે."

ત્યાર પછીના ત્રણ દિવસોમાં આ બે પ્રવાસીઓ કબીલાઓના અનેક સશસ્ત્ર સૈનિકોને વળોટી પસાર થયા. બીજા સિપાઈઓને દૂર દૂર ક્ષિતિજમાં પણ જોયા. છોકરાનું હૃદય ભય સભર વાતો કરવા લાગ્યું. તેણે છોકરાને એવા લોકોની કથનીઓ કહી જે તેણે વિશ્વાત્મા પાસેથી સાંભળી હતી. તેઓ પોતાની નિયતિની શોધમાં નીકળ્યા હતા અને કદી સફળ નહોતા થયા. કેટલીક વાર તો એનું હૃદય છોકરાને ભયભીત કરી દેતું કે તે કદાચ ખજાનો મેળવી નહીં શકે અથવા તે રણમાં જ મોતને ભેટશે. વળી કોઈ વાર તે છોકરાને કહેતું કે પોતે સંતુષ્ટ છે. તેણે પ્રેમ અને પૈસા બધું મેળવી તો લીધું છે.

"મારું હૃદય તો દગલબાજ છે." છોકરાએ કીમિયાગરને કહ્યું, ત્યારે ઘોડાઓ થાક ખાઈ શકે તે માટે તેઓ થોભ્યા હતા. "તે નથી ઈચ્છતું કે હું આગળ ધપું."

"બરાબર જ છે." કીમિયાગરે ઉત્તર આપ્યો, "સ્વાભાવિક છે કે તેને ભય હોય કે તેં જે કંઈ આજ સુધી પ્રાપ્ત કર્યું છે તે તું આ સ્વપ્નની શોધમાં ખોઈ ન બેસે."

"તો પછી મારે એવા હૃદયને સાંભળીને શું કરવું ?"

"હવેથી તું તેને કદી ચૂપ નહીં કરી શકે. તે જે કંઈ કહે તે તું નથી સાંભળતો એવો દેખાવ પણ કરીશ, છતાં તે હંમેશાં તારી અંદર તો બોલતું જ રહેશે અને જીવન તથા દુનિયા વિશે તું શું વિચારે છે તે વારંવાર કહેતું રહેશે."

"તમે કહેવા માગો છો કે તે દગલબાજ હોય, તો પણ મારે તેનું સાંભળવું ?"

"દગો એવી ચીજ છે જે અનપેક્ષિત રીતે પડતો પ્રહાર છે. જો તારા હૃદયને તું સારી રીતે જાણી લે, તો એ કદી એવો પ્રહાર નહીં કરી શકે; કેમ કે તને એનાં સ્વપ્નાં અને ઈચ્છાઓની પૂરી જાણકારી છે અને તેને માટે કેવી રીતે વ્યવહાર કરવો તે પણ તું સમજી શકીશ.

"તારા હૃદયથી તું કદી બચી નહીં શકે, માટે તેને જે કહેવું છે તે સાંભળવું વધુ હિતાવહ છે. એમ કરીશ તો પછી કોઈ અનપેક્ષિત પ્રહારનો ડર નહીં રહે."

રણ પસાર કરતાં કરતાં છોકરો પોતાના હૃદયની વાતો સાંભળવા લાગ્યો. તેના પેંતરા અને ચાલાકી પણ તે સમજી ગયો અને એ જેવું હતું તેવું તેણે સ્વીકારી લીધું. તે ભયને ભૂલી ગયો અને રણદ્વીપ પર પાછા ફરવાની વાત પણ ભૂલી ગયો, કારણ કે એક બપોરે એના હૃદયે એને કહ્યું કે તે ખુશ છે. "હું ઘણી વખત ફરિયાદો તો કરું છું." તે બોલ્યું, "પણ તેનું કારણ એ

છે કે હું એક વ્યક્તિનું દિલ છું ને, એટલે. લોકોનાં હૃદય આવાં જ હોય છે. પોતાના ખૂબ મહત્ત્વનાં સ્વપ્નાં સાકાર કરવાના પ્રયત્નોથી લોકો ડરે છે, કારણ કે તેમને એવું લાગે છે કે તેઓ એવાં સ્વપ્નોને લાયક નથી કે તેઓ તેમને સાકાર નહીં જ કરી શકે. અમે તેમનાં હૃદયો પ્રિયજનોના વિયોગ વિશે કે સમયે મળવાપાત્ર ખજાના નહીં મળવાની બાબતો વિશે વિચારીને ભયભીત થઈ જઈએ છીએ. જ્યારે એવું બને ત્યારે અમે ખૂબ દુ:ખી થઈ જતાં હોઈએ છીએ."

"મારું હૃદય એ વાતે ભયભીત છે કે તેને પણ ઘણું દુ:ખ સહન કરવું પડશે." ચંદ્રમા વિનાના આકાશ તરફ બંને એક રાત્રે નજર નાખતા બેઠા હતા ત્યારે છોકરાએ કીમિયાગરને કહ્યું.

"તારા હૃદયને કહે કે દુ:ખ કરતાં પણ દુ:ખનો ભય વધુ ખરાબ હોય છે. જ્યારે પણ સ્વપ્નોની શોધમાં નીકળ્યું છે ત્યારે કોઈ હૃદયે દુ:ખ સહન કર્યું નથી, કારણ કે એ શોધની પ્રત્યેક ક્ષણ જાણે ભગવાન અને અનંત સાથેના જોડાણનો સાક્ષાત્કાર છે."

છોકરાએ પોતાના હૃદયને કહ્યું, "શોધની પ્રત્યેક ક્ષણ જાણે ભગવાન અને અનાદિ-અનંત સાથેના જોડાણનો સાક્ષાત્કાર છે. જ્યારે હું ખરેખર મારા ખજાનાને શોધું છું ત્યારે પ્રત્યેક દિવસ પ્રકાશમય હોય છે, કારણ કે મને લાગ્યા કરે છે કે પ્રત્યેક કલાક પણ એ સ્વપ્નનો જ હિસ્સો છે જેને હું શોધી શકીશ. જ્યારે હું ઈમાનદારીથી મારો ખજાનો શોધી રહ્યો હોઉં ત્યારે તે માર્ગે એવી ચીજો મળી આવી છે જે મને કદી જોવા પણ ન મળી હોત. મેં હિંમત કરી નહીંતર એક ભરવાડ માટે આવી વસ્તુઓ જોવી કે સમજવી અસંભવ જ હતી."

એ આખી બપોર તેનું હૃદય શાંત રહ્યું. એ રાત્રે છોકરો ઘેરી ઊંઘ પામ્યો. તે જાગ્યો ત્યારે તેનું હૃદય વિશ્વાત્માએ કહેલી વાતો તેને કહેવા લાગ્યું. તેણે કહ્યું કે જે લોકો ખુશ હોય છે, તેમની અંદર ભગવાનનો વાસ હોય છે. એ ખુશી રણની રેતીના એક કણમાં પણ મળી શકે છે, પેલા કીમિયાગરે નહોતું કહ્યું ? કારણ કે રેતીનો કણ એ તો સૃષ્ટિરચનાની એક ક્ષણ છે અને બ્રહ્માંડે તેની રચનામાં લાખો વર્ષો લીધાં છે. "પૃથ્વી પરની દરેક વ્યક્તિ માટે એક ખજાનો છે જે તેની રાહ જુએ છે." તેના હૃદયે કહ્યું, "અમે લોકોનાં હૃદયો એ ખજાનાની વાત માંડ કોઈ વાર કરીએ છીએ, કારણ કે હવે લોકો તેની શોધમાં જવા તૈયાર નથી. અમે તેની વાત બાળકોને જ કહીએ છીએ. પછીના સમયે અમે જીવનને જે દિશામાં જવું હોય ત્યાં જવા દઈએ છીએ, તેના પોતાના ભાગ્યની દિશામાં. પરંતુ કમનસીબે બહુ ઓછા લોકો એ માર્ગે જાય છે જે તેમને માટે રચવામાં આવ્યો છે – જે તેમને નિયતિ સુધી લઈ જાય અને સુખ સુધી પણ. મોટા ભાગના લોકો દુનિયાને બિહામણી જગ્યા સમજે છે, અને તેઓ એવું સમજે છે એટલે તે ખરેખર બિહામણી જગ્યા જ બની જાય છે.

"તેથી અમે તેમનાં હૃદયો વધુ ને વધુ ધીમે અવાજે બોલીએ છીએ. અમે કદી બોલતાં અટકતાં નથી, પણ અમને એવું લાગે છે કે અમારા શબ્દો ન સંભળાય એ જ બરાબર છે. હૃદયની વાત ન સાંભળવાથી લોકોને દુ:ખ પહોંચે એવું અમે નથી ઈચ્છતા."

"લોકોનાં હૃદયો શા માટે તેમને એ કહેવાનું ચાલુ નથી રાખતાં કે તેમણે પોતાનાં સ્વપ્નોને અનુસરવું જોઈએ ?" કીમિયાગરને છોકરાએ પૂછ્યું.

"કારણ કે એ મુદ્દે જ હૃદય અત્યંત દુ:ખી થઈ જાય છે, અને આ રીતે દુ:ખી થવું કોઈને પસંદ નથી."

ત્યારથી છોકરો પોતાના હૃદયને સમજી શક્યો. તેણે તેને વિનંતી કરી કે તું કદી મારી સાથે વાત કરવાનું બંધ ન કરતું. તેણે એમ પણ કહ્યું કે જ્યારે પણ તે પોતાના સ્વપ્નના માર્ગથી જુદો પડી જાય, ત્યારે તેણે આગ્રહ કરીને અને ખતરાની ઘંટી બજાવીને પણ ફરીથી સાચા માર્ગ પર

લાવવો. તેણે કસમ ખાધા કે જ્યારે પણ તે હૃદય પાસેથી આવતી ખતરાની ઘંટડી સાંભળશે ત્યારે તે એના પર પૂરતું ધ્યાન આપશે.

તે રાત્રે એણે કીમિયાગરને આ બધી વાત કરી. કીમિયાગર સમજી ગયા કે હવે તેના હૃદયે વિશ્વાત્મા સાથે તાદાત્મ્ય સાધી લીધું છે.

‘‘તો હવે મારે શું કરવું ?’’ છોકરાએ પૂછ્યું.

‘‘પિરામિડની દિશામાં આગળ ધપવાનું ચાલુ રાખ.’’ કીમિયાગરે કહ્યું, ‘‘વળી શુકનો પ્રત્યે સતર્ક રહેવું. તારું હૃદય હજી એ જણાવવા સક્ષમ છે કે ખજાનો ક્યાં છુપાયેલો છે.’’

‘‘શું આ એ જ વાત છે જે મારે જાણવી જરૂરી હતી ?’’

‘‘ના.’’ કીમિયાગર બોલ્યા, ‘‘તારે જે જાણવાનું છે તે આ છે. કોઈ સ્વપ્ન સાકાર થાય તે પહેલાં વિશ્વાત્મા તે દરમિયાન તમે જે બોધપાઠ શીખ્યા છો તેની પરીક્ષા લે છે. એમાં એનો ખરાબ આશય નથી હોતો, પણ એનો હેતુ એ છે કે આપણા સ્વપ્નાં સાકાર થવાની સાથે જે બોધપાઠ આપણને ત્યાંના માર્ગે મળેલાં મૂલ્યો પર પછીથી પણ ચાલવાની પકડ આવે. આ તબક્કો એવો છે જ્યારે મોટા ભાગના લોકો હાથ ઊંચા કરી દે છે. અમારા રણની ભાષામાં કહું તો તેઓ એવા વખતે તરસથી મરી જાય છે જ્યારે ક્ષિતિજમાં સામે જ ખજૂરવૃક્ષો દેખાવા લાગ્યાં હોય.

‘‘દરેક શોધ પ્રારંભ કરનાર ભાગ્યથી શરૂ થાય છે. શરૂઆતનું નસીબ અને દરેક શોધનો અંત વિજયી વ્યક્તિની આકરી પરીક્ષા સાથે આવે છે.’’

છોકરાને પોતાના વતનની એક કહેવત યાદ આવી ગઈ. તેમાં કહ્યું હતું કે રાતની સૌથી વધુ અંધારી ક્ષણ પરોઢ ફૂટયા પહેલાની ક્ષણ હોય છે.

* * *

બીજે દિવસે જોખમનો સીધો અણસાર દેખાયો. કબીલાના ત્રણ સશસ્ત્ર સૈનિકો તેમની તરફ આવ્યા અને તેઓ અહીં શું કરે છે તે પૂછ્યું.

‘‘હું મારા શકરા સાથે શિકાર કરું છું.’’ કીમિયાગરે જવાબમાં કહ્યું.

‘‘અમારે તમારી તપાસ કરવી પડશે, તમારી પાસે કોઈ હથિયાર તો નથી ને.’’ એક સૈનિક બોલ્યો.

કીમિયાગર ધીરેથી ઘોડા પરથી ઊતર્યા. છોકરાએ પણ તેમ જ કર્યું.

‘‘તું આટલા પૈસા લઈને કેમ ફરે છે ?’’ જે સૈનિક તેની થેલી તપાસી રહ્યો હતો તે બોલ્યો.

‘‘મારે પિરામિડો સુધી પહોંચવા તેની જરૂર છે.’’ છોકરાએ કહ્યું.

જે સૈનિક કીમિયાગરની થેલી તપાસતો હતો તેને એક નાની વાસણની કૂપી મળી, જેમાં કશુંક દ્રાવણ જેવું ભરેલું હતું.

પીળા કાચનો ઈંડાકાર ગોળો મળ્યો જે સામાન્ય ઈંડા કરતાં સહેજ મોટો હતો.

‘‘આ બધું શું છે ?’’ તેણે પૂછ્યું.

‘‘આ છે પારસમણિ અને પેલું છે જીવનામૃત. કીમિયાગરોની એ સર્વશ્રેષ્ઠ સિદ્ધ કરેલી કૃતિઓ છે. જે કોઈ એ દ્રાવણ પીશે તે કદી ફરી માંદો નહીં પડે અને પેલા કાચનો નાનો ટુકડો પણ કોઈ પણ ધાતુને સોનામાં ફેરવી દેશે.’’

આરબને ખૂબ હસવું આવ્યું અને કીમિયાગર પણ તેની સાથે હસવા લાગ્યા. એ લોકોને

તેમનો જવાબ રમૂજી જણાયો. તેમણે છોકરાને અને કીમિયાગરને તેમના બધા સામાન સાથે આગળ જવા પરવાનગી આપી.

"અરે, કંઈ ગાંડા થયા હતા ?" છોકરાએ કીમિયાગરને પૂછ્યું, "તમે એવું શા માટે કહ્યું ?"

"તને જીવનનો એક સરળ પાઠ શીખવવા માટે." તેમણે જવાબ આપ્યો, "જ્યારે તમારા ભીતરમાં વિશાળ ખજાનો હોય અને બીજાઓને તમે તેની વાત કરો, તો તમારી વાત પર ભાગ્યે જ કોઈને વિશ્વાસ બેસે છે."

રણમાં તેઓ આગળ ધપતા ગયા. જેમ જેમ દિવસો ગયા તેમ તેમ છોકરાનું હૃદય વધુ ને વધુ મૌન થતું ગયું. હવે તેને ભૂતકાળ કે ભવિષ્યકાળની કોઈ વાતોમાં કશો રસ નહોતો. તે નીરવ શાંતિથી રણને નિહાળતું રહેતું અને વિશ્વાત્મા પાસેથી રસપાન કરી સંતુષ્ટ થતું. છોકરો અને તેનું હૃદય મિત્રો બની ગયા હતા. હવે તેઓ એકબીજાને કદી દગો દઈ શકે એમ નહોતા.

જ્યારે પણ હૃદય તેની સાથે વાત કરતું, ત્યારે તે છોકરાને પ્રોત્સાહન આપવા, શક્તિ આપવા માટે વાત કરતું, કારણ કે રણમાં એ લાંબા દિવસો, એકસરખા દિવસો થકવી નાખે તેવા હતા. તેનું હૃદય છોકરાને તેના પ્રખર ગુણોની વધુ વાત કરતું, તેણે ઘેટાંને છોડી દેવામાં અને પોતાની નિયતિ મુજબ જીવવામાં દાખવેલી હિંમત અને વાસણની દુકાને કામ કરતી વખતે દર્શાવેલ ઉત્સાહની વાત કરતું.

તેના હૃદયે તેને એવી પણ એક વાત કહી જે છોકરાના ધ્યાનમાં જ નહોતી આવી. તેણે છોકરાને માથે અગાઉ તોળાયેલાં જોખમોની વાત કહી, જેની તેને જાણ સુધ્ધાં નહોતી. તેણે કહ્યું કે એક વખત છોકરાએ પોતાના પિતા પાસેથી લીધેલી બંદૂક તેણે જ સંતાડી દીધેલી, કારણ કે તેનાથી તે પોતાને જ ઈજા કરી બેસે એવી શક્યતા હતી. તેણે એ દિવસ યાદ કરાવ્યો જ્યારે છોકરો માંદો પડયો હતો અને વગડામાં ઊલટીઓ કરતો હતો. પછી તે ઊંઘી ગયેલો. આગળ થોડા અંતરે બે ચોરો ઊભા હતા જે તેનાં ઘેટાં ચોરીને તેને મારી નાખવાની યોજના ઘડતા હતા, પણ છોકરો એ રસ્તે આવ્યો જ નહીં એટલે તેમણે ત્યાંથી નીકળી જવાનો નિર્ણય કર્યો, કેમ કે તેમને લાગ્યું કે તેણે પોતાનો માર્ગ બદલી નાખ્યો હશે.

"શું માણસનું હૃદય તેને હંમેશા મદદ કરે છે ?" છોકરાએ કીમિયાગરને પૂછ્યું.

"મોટે ભાગે તો નિયતિની પ્રાપ્તિ માટે નીકળ્યા હોય એવા લોકોનાં જ હૃદય તેમ કરે છે. અલબત્ત, તેઓ બાળકોને, દારૂડિયાઓને અને વૃદ્ધોને પણ એમનાં હૃદય મદદ કરે છે."

"શું એનો અર્થ એમ કે મને કદી જોખમ નહીં નડે ?"

"એનો એવો અર્થ કરી શકાય કે હૃદય પોતાનાથી બનતું કરે જ છે." કીમિયાગરે કહ્યું.

એક બપોરે તેઓ એક કબીલાના પડાવ પાસેથી પસાર થયા. પડાવના દરેક ખૂણે સુંદર સફેદ વસ્ત્રોમાં સજ્જ આરબો શસ્ત્રો તૈયાર રાખીને ઊભા હતા. પુરુષો હુક્કાઓ પી રહ્યા હતા અને લડાઈનાં સંસ્મરણો વાગોળી રહ્યા હતા. આ બે પ્રવાસીઓ તરફ કોઈએ ધ્યાન ન આપ્યું.

"કોઈ જોખમ નથી." જ્યારે તેઓ આખો પડાવ પસાર કરી ગયા ત્યારે છોકરાએ કહ્યું.

કીમિયાગર થોડા ગુસ્સામાં બોલ્યા, "તારા હૃદય પર વિશ્વાસ કર, પણ એ ન ભૂલીશ કે તું રણમાં છે. જ્યારે લોકો એકબીજા સાથે યુદ્ધ કરી રહ્યા હોય ત્યારે યુદ્ધનો ચિત્કાર વિશ્વાત્મા સાંભળે છે. અહીં ધરતી પર જે કંઈ બને છે તેનાં પરિણામો ભોગવવામાંથી કોઈ બાકાત નથી રહેતું."

બધું એક જ છે, છોકરાએ વિચાર્યું અને જાણે રણ કીમિયાગર સાચા હતા તેમ પુરવાર કરતું હોય એ રીતે પ્રવાસીઓની પાછળથી બે ઘોડેસવારો પ્રગટ થયા.

એકે કહ્યું, "તમે અહીંથી આગળ ન જઈ શકો. તમે એ પ્રદેશમાં છો જ્યાં કબીલાઓમાં યુદ્ધ ચાલે છે."

"હું બહુ દૂર નથી જઈ રહ્યો." કીમિયાગરે તે ઘોડેસવારની આંખોમાં આંખો પરોવીને કહ્યું. તે લોકો થોડી વાર મૌન રહ્યા અને પછી બંને જઈ શકે છે તેમ કહ્યું.

છોકરો આ વાતચીત રસપૂર્વક નિહાળી રહ્યો હતો, "તમે તો નજર માત્રથી તે લોકો પર પ્રભાવ પાડી દીધો." તેણે કહ્યું.

"આંખો આત્માની શક્તિ પ્રગટ કરતી હોય છે." કીમિયાગરે જવાબ આપ્યો.

વાત સાચી છે, છોકરાએ વિચાર્યું. પડાવમાંના ઘણા સશસ્ત્ર લોકોમાં છેક પાછળથી કોઈ તેમના પર નજર ખોડી રહ્યું હતું. તે એટલો દૂર હતો કે તેનો ચહેરો દેખાતો નહોતો. છતાંય છોકરો એ વાતે નિશ્ચિત હતો કે એ આરબ તેમની સામે જોઈ જ રહ્યો હતો.

છેવટે આખી ક્ષિતિજમાં છવાયેલી પર્વતમાળા તેમણે વટાવી દીધી ત્યારે કીમિયાગર બોલ્યા કે હવે પિરામિડથી તેઓ બે દિવસને જ અંતરે પહોંચી ગયા છે.

"જો આપણે જલદી જ છૂટા પડવાના હોઈએ તો મને રસશાસ્ત્ર શીખવી દો." છોકરાએ કહ્યું.

"તું રસશાસ્ત્ર વિશે જાણે જ છે. તે બીજું કશું નહીં, પણ વિશ્વાત્માની સાથે તાદાત્મ્ય સાધવાની અને તારે માટે સુરક્ષિત રાખેલો ખજાનો શોધી કાઢવાની વિધિ જ તો છે."

"ના, મારો મતલબ તે નથી. હું તો સીસાને સુવર્ણમાં બદલાવી નાખવાની વાત કરું છું."

કીમિયાગરનું મૌન જાણે રણનું મૌન હતું. તેઓ જમી ઊઠ્યા પછી જ તેમણે છોકરાને જવાબ આપ્યો.

"આપણે જે કંઈ બ્રહ્માંડમાં જોઈએ છીએ તે ઉત્ક્રાંતિ પામ્યા પછી વિકસિત થયેલું સ્વરૂપ છે." તેમણે કહ્યું, "બુદ્ધિશાળી માણસો સોનાને સૌથી વિશેષ ઉત્ક્રાંતિ પામેલી ધાતુ ગણે છે. મને એનું કારણ પૂછતો નહીં, મનેય ખબર નથી. હું એટલું જ જાણું છું કે પરંપરા હંમેશાં સાચી હોય છે.

"લોકો ડાહ્યા પુરુષોની વાત કદી નથી સમજી શકતા, તેથી જ વિકાસનું પ્રતીક બનવાને બદલે સોનું સંઘર્ષનું કારણ બન્યું છે."

"ચીજો વિવિધ ભાષાઓ બોલે છે." છોકરાએ કહ્યું, "એક સમય એવો હતો કે ઊંટનું ગાંગરવું એ મારે માટે ગાંગરવાથી વિશેષ કશું નહોતું. ત્યાર પછી તે જોખમનું સંકેત ચિહ્ન બન્યું અને છેવટે ફરીથી એ ગાંગરાટ જ બની રહ્યું."

છોકરો થોભી ગયો. કીમિયાગર આ બધું તો પહેલેથી જાણતા જ હશે.

"મેં સાચા કીમિયાગરોને જોયા છે." કીમિયાગર બોલ્યા, "તેઓ પોતાની પ્રયોગશાળામાં ભરાઈ જતા, જેમાં પદાર્થોને સોનાની જેમ વિકસિત કરવા પ્રયોગો કર્યા કરતા. આખરે તેમને પારસમણિ મળ્યો, કારણ કે તેઓ સમજી ગયેલા કે જ્યારે કશાનો વિકાસ થાય છે ત્યારે તેની આસપાસનું બધું પણ વિકસિત થાય છે.

"બીજા કેટલાકને પણ એ પારસમણિ સંયોગોવશાત્ મળી ગયો. એ વરદાન પામેલા જીવો હતા. તેમના આત્માઓ બીજા કરતાં વધુ સજ્જ તો હતા જ, પણ અહીં એમની ગણતરી નહીં કરીએ. એવું તો કોઈ કોઈ વાર જ બને છે.

"બીજા કેટલાક હતા જેમને સોનું મેળવવામાં જ રસ હતો, પણ તેઓને રહસ્ય કદી ન મળ્યું. તે લોકો ભૂલી ગયા કે સીસા, તાંબા કે લોખંડને પણ પોતપોતાની નિયતિ પરિપૂર્ણ કરવાની હતી. જે કોઈ અન્યની નિયતિમાં વિક્ષેપ પાડે તે કદી પોતાની નિયતિ પામી શકે નહીં."

કીમિયાગરના શબ્દો એક અભિશાપની જેમ રણમાં ગૂંજી ઊઠયા. નીચા વળીને તેમણે જમીન પરથી એક શંખ ઉઠાવ્યો.

"રણ એક જમાનામાં સમુદ્ર હતું." તેઓ બોલ્યા.

"મને પણ એવું લાગ્યું." છોકરાએ જવાબ આપ્યો.

કીમિયાગરે છોકરાને પેલો શંખ કાન પર મૂકવા કહ્યું. તેવું તો તેણે બાળપણમાં ઘણી વાર કર્યું હતું અને સમુદ્રનો અવાજ તેમાં સાંભળ્યો હતો.

"એ સમુદ્ર આ શંખમાં આજપર્યંત જીવી રહ્યો છે, કારણ કે તે તેની નિયતિ છે અને તેમ થતું ત્યાં સુધી નહીં અટકે જ્યાં સુધી રણ ફરીથી જળથી છવાઈ જશે."

તેઓ ફરી ઘોડાઓ ઉપર સવાર થયા અને ઈજિપ્તના પિરામિડોની દિશામાં ચાલ્યા.

* * *

સૂર્યાસ્ત થવા આવ્યો હતો ત્યાં જ છોકરાના હૃદયે જોખમની ઘંટડી વગાડી. તેઓની આસપાસ રેતીના વિશાળ ઢગલા હતા. છોકરાએ કીમિયાગર તરફ જોયું : એમને કંઈ સંકેત મળ્યો કે નહીં ? એવા આશયથી. પણ તેઓ નિર્ભય જણાયા. પાંચ જ મિનિટમાં છોકરાને તેમની સામે જ બે ઘોડેસવારોને તેઓની રાહ જોતા દેખાયા. કીમિયાગર કશું બોલે તે પહેલાં જ બેમાંથી દસ અને પછી સો ઘોડેસવારો દેખાયા અને પછી તો રેતીના ઢગલાઓમાં તેથીય વધુ છવાઈ ગયા.

આ કબીલાના સૈનિકો ભૂરા પોષાકમાં હતા અને તેમની પાઘડીઓની ઉપર કાળા રંગની કિનાર હતી. તેમના ચહેરાઓ ભૂરી બુકાનીઓથી ઢંકાયેલા હતા. માત્ર તેમની આંખો જ જોઈ શકાતી હતી.

આટલા અંતરેથી પણ તેમની આંખો તેમની પ્રબળ આત્મશક્તિનો પરચો આપતી હતી. એ આંખો મોતની ભાષા બોલતી હતી.

* * *

બંને જણને બાજુમાં આવેલા સેનાના પડાવમાં લઈ જવામાં આવ્યા. એક સૈનિકે છોકરાને અને કીમિયાગરને તંબુમાં ધકેલ્યા જ્યાં તેમનો સરદાર તેના કર્મચારીઓ સાથે ચર્ચા કરી રહ્યો હતો.

"આ લોકો જાસૂસો છે." એક જણ બોલ્યો.

"અમે તો માત્ર પ્રવાસીઓ જ છીએ." કીમિયાગરે જણાવ્યું.

"ત્રણ દિવસ ઉપર તમે અમારા દુશ્મનની છાવણી આગળ જોવામાં આવ્યા હતા અને ત્યાંના એક સૈનિક સાથે તમે વાતચીત કરી રહ્યા હતા."

કીમિયાગરે કહ્યું, "હું તો એક રણમાં ભટકતો માણસ છું અને તારાઓ વિશે જાણું છું. હું સેનાની કે કબીલાની હિલચાલ વિશે કંઈ જ નથી જાણતો. મારા આ મિત્રના ભોમિયા તરીકે જ હું તો કામ કરું છું."

"કોણ છે તમારો આ મિત્ર ?" વડાએ પૂછ્યું.

"તે એક કીમિયાગર છે." કીમિયાગરે જવાબ આપ્યો, "તે કુદરતનાં પરિબળોની સમજ ધરાવે છે અને તમને તેની અસાધારણ શક્તિઓ બતાવવા ઈચ્છે છે."

છોકરો ચૂપચાપ, બીતાં બીતાં સાંભળી રહ્યો.

બીજા એક માણસે પૂછ્યું, "એ પરદેશી અહીં શું કરે છે ?"

"તે તમારા કબીલાને આપવા માટે પૈસા લાવ્યો છે." છોકરો એક શબ્દ પણ બોલે તે

પહેલાં જ કીમિયાગર બોલ્યા અને છોકરાની થેલી ઉઠાવીને તેમાંની સોનામહોરો તેણે સરદારને સોંપી.

એક શબ્દ પણ બોલ્યા વિના સરદારે તે સ્વીકારી લીધી. ઘણાં શસ્ત્રો ખરીદવા માટે તે પૂરતી હતી.

"કીમિયાગર કોને કહેવાય ?" છેવટે તેણે પૂછ્યું.

"એક એવો માણસ, જે કુદરત અને દુનિયાને સમજે છે. જો તે ચાહે તો આ પડાવને તે ફૂંક મારીને પવનના બળથી નષ્ટ કરી દઈ શકે."

બધા લોકો હસ્યા. લડાઈથી થતાં નુકસાનોથી તેઓ પરિચિત હતા અને જાણતા હતા કે પવન કદી એવો મારકણો ન હોય. છતાં બધાનાં હૃદયના ધબકારા વધી ગયા. તેઓ રણના માણસો હતા અને જાણતા હતા કે પવનની ગતિ કદી તેમને કારમો ઘા ન મારી શકે. છતાં એ જાદુમંત્રોવાળાથી ડરતા પણ હતા.

સરદારે કહ્યું, "એવું એ કરી બતાવે તો ખરો !"

કીમિયાગરે કહ્યું, "એ માટે ત્રણ દિવસની જરૂર છે. તે પોતે પવનમાં બદલાઈ જશે – માત્ર પોતાની શક્તિના નિદર્શન પૂરતો. જો તે એમ નહીં કરી શકે તો અમે નમ્રતાપૂર્વક અમારા જીવ તમને સોંપીશું, તમારા કબીલાનું માન જાળવવા સ્તો !"

"જે મારા જ કબજામાં હોય, તે તમે મને સોંપવાની વાત ન કરી શકો." જરા અકડાઈથી સરદાર બોલ્યો. છતાં પ્રવાસીઓને તેણે ત્રણ દિવસની મહેતલ આપી ખરી.

છોકરો ડરથી ધ્રૂજતો હતો. કીમિયાગરે તેને તંબુની બહાર નીકળી જવામાં મદદ કરી.

"એ લોકોને એવું ન લાગવું જોઈએ કે તું ડરે છે." કીમિયાગર બોલ્યા, "એ બધા હિંમતબાજ માણસો છે અને કાયરોની ઘૃણા કરે છે."

છોકરો એક શબ્દ પણ ન બોલી શક્યો. પડાવના મધ્યભાગને વટાવ્યા પછી જ એની જીભ ખૂલી. તે લોકોને કેદ કરવાની જરૂર નહોતી. આરબોએ માત્ર તેમના ઘોડાઓ લઈ લીધેલા. આમ ફરી એક વાર વિશ્વે તેની ભાષા વિવિધતા પ્રદર્શિત કરી. થોડી ક્ષણો અગાઉ તો રણ અનંત અને મુક્ત જણાતું હતું અને હવે તે અભેદ્ય દીવાલ બની ગયું.

"મારી પાસે જે કંઈ હતું તે સઘળું તમે એ લોકોને આપી દીધું !" છોકરાએ કહ્યું, "મારી આખી જિંદગીની બચત !"

"હા, પણ તારે મરવું પડયું હોત તો એ તને શા ખપનું રહેત ?" કીમિયાગરે જવાબ આપ્યો, "તારા ધને આપણને ત્રણ દિવસ માટે બચાવ્યા તો ખરા. ધન કોઈની જિંદગી બચાવે, એવું જવલ્લે જ બનતું હોય છે."

છોકરો બહુ જ ડરી ગયો હતો. શાણપણના આ શબ્દો સાંભળવામાં એને રસ ન પડયો. તેને સમજ નહોતી પડતી કે તે પોતાને પવનમાં કઈ રીતે ફેરવી શકશે. તે કંઈ કીમિયાગર નહોતો !

કીમિયાગરે એક સૈનિક પાસે ચા માગી અને છોકરાનાં કાંડાં પર થોડી રેડી. તેણે સુખદ ઝણઝણાટી અનુભવી. કીમિયાગરે થોડા શબ્દો ઉચ્ચાર્યા જે છોકરો સમજી ન શક્યો.

"ભયને વશ થઈશ મા." સ્નિગ્ધ સ્વરમાં કીમિયાગર બોલ્યા, "જો તું ભયભીત થઈ ગયો તો તારા હૃદયની વાત નહીં સાંભળી શકે."

"પણ મને સહેજે ખ્યાલ નથી કે મારે પવનમાં કઈ રીતે બદલાઈ જવું."

"જો માણસ પોતાની નિયતિ અનુસાર જીવી રહ્યો હોય તો તેને જે કંઈ જરૂરી છે તે બધું આવડે જ. એક જ બાબત સ્વપ્નોને સાચાં પાડવામાં નડતી હોય છે, તે છે – નિષ્ફળતાનો

ભય.''

''મને નિષ્ફળ જવાનો ભય નથી. ફક્ત મારે કઈ રીતે પવનનું સ્વરૂપ લેવું તે હું નથી જાણતો.'' છોકરાએ પૂછ્યું.

''તો તારે તે શીખવું પડશે. તારું આખું જીવન તેના પર નિર્ભર છે.''

''પણ જો હું ન શીખી શકું તો ?''

''તો તું તારી નિયતિ મેળવવાના પ્રયત્નો કરતાં મૃત્યુ પામીશ. એવા કેટલાય લોકો છે જે પોતાની નિયતિ શું છે તે જાણ્યા વિના જ મૃત્યુ પામે છે. તેના કરતાં તો આ સારું છે.''

''પણ ચિંતા ના કરીશ.'' કીમિયાગરે આગળ કહ્યું, ''સામાન્ય રીતે મૃત્યુની ધમકી લોકોને જીવન વિશે વિશેષ સભાન કરે છે.''

એક દિવસ વીત્યો. નજીકમાં જ મોટી લડાઈ ચાલી રહી હતી અને ઘણા ઘાયલ સૈનિકોને પડાવમાં પાછા લવાઈ રહ્યા હતા. મૃત સૈનિકોનું સ્થાન નવા સૈનિકો લેતા અને જીવન ચાલતું રહેતું. મૃત્યુ કશું પરિવર્તન નથી લાવતું, છોકરાને વિચાર આવ્યો.

એક સૈનિક તેના મૃત સાથીદાર સૈનિકના શરીરને સંબોધીને બોલ્યો, ''તું પાછળથી પણ મરી જઈ શક્યો હોત, યુદ્ધવિરામ બાદ. પણ એક દિવસ તો તું મોતને ભેટવાનો તો હતો જ.''

તે સાંજે છોકરો કીમિયાગરને શોધી રહ્યો હતો. તેઓ એમના શકરાને લઈને રણમાં ગયા હતા.

તે મળી ગયા ત્યારે તેણે ફરીથી કહ્યું, ''હજી મને ખ્યાલ નથી આવતો કે મારે પવનનું સ્વરૂપ કઈ રીતે લેવું.''

''મેં તને કહ્યું હતું તે યાદ કર, આ દુનિયા તો ભગવાનનું દૃશ્ય સ્વરૂપ જ છે. કીમિયાગરનું વિજ્ઞાન એ પદાર્થકીય સ્તરને આધ્યાત્મિક સંપૂર્ણતા સુધી લાવવાનું કામ છે.''

''તમે શું કરો છો ?''

''મારા શકરાને ખવડાવું છું.''

''જો હું પવનનું સ્વરૂપ નહીં લઈ શકું તો આપણે મરવું પડશે.'' છોકરાએ કહ્યું, ''હવે શકરાને ખવડાવવાનો અર્થ ખરો ?''

કીમિયાગર બોલ્યા, ''બનવાજોગ કે તારે એકલાએ મરવું પડે. મને તો ખબર જ છે કે મારે પવનનું સ્વરૂપ કઈ રીતે લેવું !''

* * *

બીજે દિવસે પડાવની પાસેની એક ભેખડ ઉપર છોકરો ચડયો. સંત્રીઓએ તેને જવા દીધો. તેમણે આ જાદુગર વિશે સાંભળ્યું જ હતું, એ પોતાને પવનમાં ફેરવી શકતો હતો એટલે સંત્રીઓને તો તેની પાસે પણ ઢૂંકવું નહોતું. વળી આમ પણ રણ પસાર કરી શકાય તેવું ક્યાં હતું !

બીજા દિવસની આખીયે બપોર તેણે રણને જોયા કર્યું અને પોતાના હૃદયની વાતો સાંભળ્યા કરી. છોકરાને સમજાયું કે તેનો ડર રણ સમજી ગયું છે.

તેઓ બંને એક જ ભાષા બોલતાં હતાં.

* * *

ત્રીજે દિવસે સરદાર અને તેના અધિકારીઓ મળ્યા અને કીમિયાગરને તે સભામાં બોલાવ્યા.

“ચાલો, તે છોકરાને પવનમાં પલટાતાં જોઈએ.”

“ચાલો.” કીમિયાગરે કહ્યું.

આગલે દિવસે પોતે જે ભેખડ પર બેઠો હતો ત્યાં છોકરો બધાંને લઈ ગયો. બધાંને બેસવા કહ્યું.

“થોડી વાર લાગશે.” તે બોલ્યો.

“અમને કશી ઉતાવળ નથી.” સરદારે કહ્યું, “અમે રણના માણસો છીએ.”

છોકરાએ ક્ષિતિજ તરફ નજર નાખી. દૂર દૂર પહાડો દેખાતા હતા. વળી રેતના ઢગલા, પથ્થરો પણ હતા અને એવા છોડવાઓ પણ હતા. જ્યાં જીવન વિકસવાનું અશક્ય જણાતું હતું ત્યાં એ જીવન ટકાવવા ઝઝૂમી રહ્યા હતા. આ એ રણ હતું જ્યાં તેણે આટલા બધા મહિના રઝળપાટ કર્યો હતો. એટલો સમય વિતાવ્યો હોવા છતાં તે રણનો એક નાનો ભાગ જ જાણી શક્યો હતો. નાના સરખા ભાગમાં તેને એક અંગ્રેજ, વણજારો, કબીલાની લડાઈઓ, એક રણદ્વીપ જેમાં ૫૦,૦૦૦ ખજૂરવૃક્ષો અને ૩૦૦ કૂવાઓ હતા, તે બધું મળ્યું હતું.

“અહીં તારે આજે શું જોઈએ છે ?” રણે તેને પૂછ્યું, “કાલે તેં મારી સામે જોતાં શું પૂરતો સમય નહોતો ગાળ્યો?”

“ક્યાંક તારી પાસે એવી વ્યક્તિ છે જેને હું પ્રેમ કરું છું.” છોકરાએ કહ્યું, “એટલે જ્યારે હું તારી રેતી નિહાળું છું ત્યારે હું તેને પણ નિહાળું છું. મારે તેની પાસે પાછા ફરવું છે અને મને તારી મદદની જરૂર છે જેથી હું પોતાને પવનના સ્વરૂપમાં બદલી શકું.”

“પ્રેમ શું છે ?” રણે પૂછ્યું.

“પ્રેમ એ તારી રેતી પર શકરાની ઉડાન છે. કારણ કે તેને માટે તું એક લીલુંછમ ખેતર છે, જેમાંથી તે હંમેશાં શિકાર લઈને આવે છે. તે તારા પથ્થરો, રેતીના ઢગલા અને પહાડો જાણે છે અને તું તેના પ્રત્યે ઉદારતા રાખે છે.”

“શકરાની ચાંચ મારા પોતાના ટુકડા લઈ જાય છે.” રણ બોલ્યું, “વર્ષો સુધી તે જેનો શિકાર કરે છે તેની કાળજી હું લઉં છું, તેને જે કાંઈ પાણી મારી પાસે છે તે આપું છું. તેને બતાવું છું કે ત્યાં શિકાર છે અને એક દિવસ જ્યારે એ વાતે હું આનંદું છું કે તેના શિકાર મારી સપાટી પર સમૃદ્ધ થયા છે, તે તો આકાશમાંથી નીચે આવીને તેને ઝડપીને ચાલ્યું જાય છે. એનો શિકાર એ મારું સર્જન છે.”

“પણ મૂળમાં આવું સર્જન જ તું એટલા માટે કરે છે કે તે શિકાર બને.” છોકરાએ જવાબ આપ્યો, “શકરાને પોષવાના હેતુથી. શકરો વળી માણસને પોષે છે અને છેવટે તો માણસ તારી રેતને પોષે છે, જ્યાં ફરીથી શિકાર સમૃદ્ધ બનશે. એ રીતે જ દુનિયા ચાલે છે.”

“અચ્છા તો એનું જ નામ એ પ્રેમ છે ?”

“હા, એ જ પ્રેમ છે. તેને કારણે જ શિકાર શકરો બને છે. શકરો માણસ અને માણસ પછી રણ બને છે. એ જ એ ચીજ છે જે સીસાને પણ સુવર્ણ બનાવે છે અને સુવર્ણને પાછું પૃથ્વીમાં મોકલી આપે છે.”

“મને સમજાયું નહીં તું શું કહેવા માગે છે.” રણે કહ્યું.

“પણ તું એટલું તો સમજી શકે છે કે તારી રેતીમાં ક્યાંક એક સ્ત્રી છે, જે મારી વાટ જુએ છે અને તેથી કરીને જ મારે પવનનું સ્વરૂપ લેવાનું છે.”

થોડી ક્ષણો રણ ચૂપ રહ્યું.

પછી તેણે કહ્યું, “પવનને ફૂંકાવવામાં હું તને મારી રેતી આપીશ, પણ એકલું તો હું કંઈ કરી ન શકું. તારે પવન પાસે મદદ માગવી જોઈએ.”

એક પવનની લહેર વહેવા લાગી. કબીલાના લોકો દૂરથી છોકરાને જોઈ રહ્યા હતા અને એવી ભાષામાં અંદરોઅંદર વાતચીત કરી રહ્યા હતા જે છોકરો સમજતો નહોતો.

કીમિયાગર થોડું હસ્યા.

પવન તેની પાસે આવીને તેના ચહેરાને સ્પર્શ્યો. રણ સાથેની તેણે કરેલી વાતચીત પવને સાંભળી હતી, કારણ કે પવનો બધું જ જાણતા હોય. કોઈ જન્મસ્થાન કે મૃત્યુસ્થળ વિના જ તેઓ સમગ્ર દુનિયામાં ભ્રમણ કરતા રહે છે.

''મને મદદ કરો.'' છોકરાએ કહ્યું, ''એક દિવસ તમે જ મારી પ્રેમિકાનો અવાજ મારા સુધી પહોંચાડયો હતો.''

''રણની અને પવનની ભાષા વાપરતાં તને કોણે શીખવ્યું ?''

''મારા હૃદયે.'' છોકરાએ જવાબ આપ્યો.

પવનનાં નામો ઘણાં છે, પણ દુનિયાના આ ભાગમાં તેને 'સિરોકો' કહે છે કારણ કે પૂર્વના મહાસાગરોમાંથી તે ભેજ સાથે લઈ આવે છે. દૂરના એ પ્રદેશમાં જ્યાં છોકરાનું વતન છે ત્યાં તેને 'લિવાન્ટર' કહે છે, કારણ કે ત્યાં લોકો માને છે કે તે પોતાની સાથેની રણની રેતી અને મૂર લોકોની લડાઈઓની ચીસો પણ લાવે છે. કદાચ, જ્યાં તેનાં ઘેટાં રહેતાં હતાં તેનાથી દૂરના પ્રદેશોમાં લોકો વિચારતા હશે કે પવન તો એન્ડાલુશિયાથી આવતો હતો, પણ ખરું જોતાં પવન ક્યાંયથી આવતો નહોતો કે તે ક્યાંય જતો પણ નહોતો, એટલે જ તે રણથીય વધુ શક્તિશાળી હતો. ક્યારેક રણમાં વૃક્ષો વાવી શકાશે અને ઘેટાંય ઉછેરવાં શક્ય બનશે, પણ પવનને કોઈ કદી નાથી નહીં શકે.

''તું પવન બની ન શકે.'' પવને કહ્યું, ''આપણે બે તદ્દન જુદી ચીજો છીએ.''

''એ વાત બરાબર નથી.'' છોકરો બોલ્યો, ''મારા પ્રવાસોમાં મેં કીમિયાગરનાં રહસ્યો શીખ્યાં છે. મારી જ અંદર પવન, રણ, સમુદ્રો, તારાઓ અને બ્રહ્માંડનાં બધાં સર્જનો આવેલાં છે. આપણે બધાં એક જ હાથે રચાયાં છીએ અને આપણો આત્મા પણ એક જ છે. મારે તમારા જેવા બનવું છે. જે દુનિયાના દરેક ખૂણે પહોંચે, સમુદ્રો પાર કરે, મારા ખજાનાને ઢાંકી દેતી રેતીને ફૂંક મારીને હટાવી દે અને જે સ્ત્રીને હું પ્રેમ કરું છું તેનો અવાજ પણ વહાવે.''

''તે દિવસે કીમિયાગર સાથેની તારી વાતચીત હું સાંભળતો હતો. કીમિયાગરે કહ્યું હતું કે, દરેક ચીજને પોતાની નિયતિ હોય છે, પણ લોકો પોતાને પવનનું સ્વરૂપ ન જ આપી શકે.''

''પવન બનવાનું મને થોડા જ સમય માટે શીખવો.'' છોકરાએ કહ્યું, ''જેથી લોકો અને પવનની અનંત શક્યતાઓ વિશે હું અને તમે વાત કરી શકીએ.''

પવનને જિજ્ઞાસા થઈ આવી. આવું પહેલાં કદી બન્યું નહોતું. તેને આ બધા વિશે વાત કરવી તો હતી, પણ માનવને પવનમાં કઈ રીતે બદલવું તે પોતે જાણતો નહોતો. પવન આમ તો કેટકેટલું કરવાનું જાણતો હતો ! તે રણનું નિર્માણ કરતો, વહાણો ડુબાડી દેતો, આખાં વનોને ઉખાડી મૂકતો અને સંગીત અને વિચિત્ર અવાજોથી શહેરોને ભરી દેતો. તેને હતું કે તેની કોઈ મર્યાદા નથી, છતાં આ છોકરો કહેતો હતો કે પવન હજી બીજું પણ કરી શકે છે.

''અમે તેને પ્રેમ કહીએ છીએ.'' છોકરાએ કહ્યું, કારણ કે તેને લાગ્યું કે પવન તેની વિનંતી માનવા તૈયાર થવા લાગ્યો છે, ''જ્યારે તમને પ્રેમ મળે, ત્યારે શું થઈ રહ્યું છે તે સમજવાની કશી જરૂર રહેતી નથી, કારણ કે બધું જ તમારી અંદર થઈ રહ્યું છે અને માનવ સુધ્ધાં પવનના સ્વરૂપમાં પલટાઈ જઈ શકે છે. અલબત્ત, પવનના સહકારથી જ.''

પવન અભિમાની હતો. હવે તે છોકરાની વાતોથી ચિડાવા લાગ્યો. તે વધુ જોરથી ફૂંકાવા લાગ્યો અને રણની રેતી ઊડવા લાગી, પણ છેવટે તેણે સ્વીકારવું પડયું કે ભલે તે આખા

વિશ્વમાં ફરતો હોય, પરંતુ તે માનવને પવન બનાવવાનું જાણતો નથી અને તે પ્રેમ વિશે પણ કશું જાણતો નથી.

"મારા વિશ્વના પ્રવાસોમાં મેં માણસોને પ્રેમની વાતો કરતાં સાંભળ્યા છે અને આકાશ તરફ જોતા પણ જોયા છે." પોતાની મર્યાદાઓનો સ્વીકાર કરતાં સહેજ ગુસ્સામાં હોય તેમ પવન બોલ્યો અને વધુ ઝડપે વહેવા લાગ્યો, "કદાચ આકાશને જ આ વાત પૂછવી વધુ સારું રહેશે."

"તો મને મદદ કરો." છોકરાએ કહ્યું, "આ સ્થળ એવા રેતીનાં વાવાઝોડાંથી ભરી દો કે જેથી સૂરજ પણ ઢંકાઈ જાય, પછી હું મારી આંખો અંજાઈ ન જાય એ રીતે આકાશ સાથે વાત કરી શકું."

એટલે પવને હતું એટલું જોર લગાવી વહેવા માંડયો. રેતીના એ વાવાઝોડામાં સૂરજ ઢંકાઈ ગયો અને સોનાની થાળી જેવો દેખાવા લાગ્યો.

પડાવમાં કશું જોઈ શકવું મુશ્કેલ થઈ પડયું. રણના લોકો આવા પવનને જાણતા જ હતા. તેઓ તેને 'સીમમ' નામે ઓળખતા અને દરિયાઈ આવતા વાવાઝોડાં કરતાં પણ આ પવન વધુ ખતરનાક હતો. તેમના ઘોડાઓ ડરથી હણહણવા લાગ્યા અને તેમનાં બધાં શસ્ત્રોમાં રેતી ભરાઈ ગઈ.

ઊંચા ખડક ઉપર એક નાયકે સરદારને કહ્યું, "આ હવે બંધ કરાવીએ તો સારું !"

તેમને છોકરો માંડ દેખાતો હતો. તેમણે ચહેરા તો ભૂરા કપડાથી ઢાંકી દીધા હતા અને તેમની આંખોમાં ભય હતો.

"આ બધું બંધ કરાવીએ." બીજો એક નાયક બોલ્યો.

"મારે અલ્લાહની મહાનતાનાં દર્શન કરવાં છે." ખૂબ આદરથી સરદાર બોલ્યો, "મારે જોવું છે કે કઈ રીતે એક માનવ પોતાને પવનમાં બદલી નાખે છે."

પણ તેણે મનોમન એ બંને નાયકોનાં નામ નોંધ્યાં જેમણે ભય દર્શાવ્યો હતો. જ્યારે પવન ઊતરી જશે ત્યારે તેમને તે હટાવી દેશે, કારણ કે રણના સાચા પુરુષો કદી ભયભીત થતા નથી.

"મને પવને કહ્યું કે તમે પ્રેમ વિશે જાણો છો." છોકરાએ સૂરજને પૂછ્યું, "જો એ તમે જાણતા હોય તો તમે વિશ્વાત્મા વિશે પણ જાણતા જ હશો, કારણ કે તે પ્રેમથી જ બન્યો છે."

"હું જ્યાં છું ત્યાંથી વિશ્વાત્માને જોઈ શકું છું. તે મારા આત્મા સાથે સંવાદ કરે છે. અમે બંને મળીને ઝાડછોડનો વિકાસ કરીએ છીએ જેના આશ્રયે ઘેટાં છાંયો શોધી શકે છે. હું જ્યાં છું – પૃથ્વીથી ઘણે લાંબે અંતરે છું – ત્યાંથી મેં પ્રેમ કઈ રીતે કરવો એ જાણ્યું છે. મને ખબર છે કે જો હું પૃથ્વીથી સહેજ જ નજીક આવું, તો તેના પર રહેલા બધા જીવો નષ્ટ થઈ જાય અને વિશ્વાત્માનું અસ્તિત્વ ન રહે માટે અમે એકમેકને વિશે વિચારતા રહીએ છીએ. એકમેકને ચાહીએ છીએ. હું તેને જીવન અને ઉષ્મા આપું છું અને તે મને મારા જીવંત રહેવા માટેનું વજૂદ આપે છે."

"હં... તો તમે પ્રેમ વિશે જાણો છો." છોકરાએ કહ્યું.

"હું વિશ્વાત્મા અંગે પણ સારી રીતે જાણું છું અને અમે તે વિશે વિસ્તૃત ચર્ચાઓ પણ કરી છે. બ્રહ્માંડમાંની અમારી આ અંતહીન પરિક્રમા દરમિયાન તે ચર્ચા થતી રહી છે. પૃથ્વીએ મને કહ્યું છે કે તેની સૌથી મોટી સમસ્યા એ છે કે અત્યાર સુધી માત્ર ખનિજો અને ઝાડપાન જ એ વાત સમજી શક્યાં છે કે બધી ચીજો એક જ છે. લોખંડે તાંબા જેવા કે તાંબાએ સોના જેવા થવાની સહેજે જરૂર નથી. દરેક ચીજ પોતાનું નિર્ધારિત કામ પોતાની આગવી વિશિષ્ટતા સાથે

કરે છે. મને લાગે છે, દરેક વસ્તુ શાંતિનું સંગીત રચી શકત, જો જેણે આ બધું લખ્યું તે હાથ પાંચમા દિવસે રોકાઈ ગયો હોત તો.

''પણ છઠ્ઠો દિવસ હતો.'' સૂરજે વાત ચાલુ રાખતાં કહ્યું.

''તમે બુદ્ધિમાન છો કારણ કે તમે દરેક વસ્તુને એક અંતરથી જુઓ છો.'' છોકરાએ કહ્યું, ''છતાં, તમે પ્રેમને નથી જાણતા. જો છઠ્ઠો દિવસ ન હોત તો માનવનું અસ્તિત્વ ન હોત, તાંબું કાયમ માત્ર તાંબું જ રહેત અને સીસું ફક્ત સીસું. એ ખરું છે કે દરેક ચીજને પોતાની નિયતિ છે, પણ એક દિવસ તો એ નિયતિ પ્રાપ્ત થઈને જ રહેશે. તેથી જ દરેક ચીજે પોતાને કંઈક વધુ સારી ચીજમાં ફેરવી નાખવી પડે અને નવી નિયતિ મેળવવી પડે. છેવટે એક દિવસ, વિશ્વાત્મા માત્ર એક જ ચીજ બની રહે.''

સૂરજે આ વાત ઉપર વિચાર કર્યો અને વધુ તેજથી ચમકવાનો નિર્ણય કર્યો. આ વાતચીતનો આનંદ ઉઠાવનાર પવન પણ વધુ ઝડપથી વહેવા લાગ્યો જેથી સૂરજનું તેજ છોકરાની આંખો આંજી ન દે.

''રસશાસ્ત્રનું વિજ્ઞાન આ માટે જ અસ્તિત્વ ધરાવે છે.'' છોકરાએ કહ્યું, ''જેથી કરીને દરેક જણ પોતાનો ખજાનો શોધે, તે મેળવે અને પોતાની અગાઉની જિંદગી કરતાં મૂઠી ઊંચેરું બને. સીસું ત્યાં સુધી જ પોતાની ભૂમિકા નિભાવશે જ્યાં સુધી દુનિયાને તેની જરૂર હશે અને પછી સીસાએ પણ પોતાને સુવર્ણમાં બદલાવી નાખવું પડશે.''

''અને કીમિયાગરો આ જ કામ કરે છે. તેઓ એ દર્શાવે છે કે જ્યારે આપણે છીએ તેનાથી વધારે સારા બનવાની મહેનત કરીએ છીએ, આપણી આસપાસનું બધું પણ વધુ સારું જ બને છે.''

''અચ્છા, પણ તેં એમ કેમ કહ્યું કે મને પ્રેમ વિશે જાણ નથી ?'' સૂરજે છોકરાને પૂછ્યું.

''કારણ કે પ્રેમનો અર્થ રણની જેમ એક ઠેકાણે રહી પડવાનો કે પવનની જેમ આખી દુનિયામાં ભટકવાનો નથી થતો. બધી વસ્તુ એક અંતરથી જોવી, જેમ તમે જુઓ છો, તે પણ પ્રેમ નથી. પ્રેમ તો એ પરિબળ છે જે વિશ્વના આત્માને પણ પરિવર્તિત કરીને તેને વધુ સારો બનાવે છે. મેં જ્યારે પહેલી વાર વિશ્વાત્માનો સ્પર્શ કર્યો, ત્યારે મને લાગ્યું કે સર્વાંગ સંપૂર્ણ છે, પણ પછી હું જોઈ શક્યો કે સર્જનના બીજાં પાસાંઓની જેમ જ તેની પણ પોતાની મહેચ્છાઓ અને ઝઘડા છે. એ તો અમે છીએ કે વિશ્વાત્માનું પોષણ કરીએ છીએ. અને જે વિશ્વમાં અમે છીએ તે કાં તો વધુ સારું બનશે અથવા વધુ ખરાબ : અમે કેવા બનીશું એના પર જ એનો આધાર છે. ત્યારે જ પ્રેમની શક્તિનો ખ્યાલ આવે છે કારણ કે જ્યારે અમે પ્રેમ કરીએ છીએ, ત્યારે હંમેશાં છીએ તેથી વધુ સારા બનવાની જ કોશિશ કરતા હોઈએ છીએ.''

''તો તું મારી પાસે શી અપેક્ષા રાખે છે ?'' સૂરજે પૂછ્યું.

''મને પવનમાં બદલાવામાં તમે મને મદદ કરો એવું હું ઈચ્છું છું.'' છોકરાએ જવાબ આપ્યો.

''આખી કુદરત જાણે છે કે સમસ્ત સર્જનમાં હું સૌથી વધુ પ્રજ્ઞાવાન છું.'' સૂરજે કહ્યું, ''પણ તને પવનનું સ્વરૂપ કઈ રીતે આપવું તે હું જાણતો નથી.''

''તો પછી મારે કોને પૂછવું ?''

સૂરજે થોડો વિચાર કર્યો. પવન બધું જ સાંભળતો હતો. અને એ સૂરજની બુદ્ધિને પણ પોતાની મર્યાદાઓ છે એ જાણકારી દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવા ઉત્સુક હતો. દુનિયાની ભાષા બોલતા આ છોકરાની સામે એ ઝીંક ન ઝીલી શક્યો, એ વાત પણ એ વહેતી મૂકવા તલપાપડ હતો.

"જેના હાથે આ બધું લખાયું છે તેની સાથે વાત કર." સૂરજે કહ્યું.

પવન ખડખડાટ હસ્યો અને પહેલાં કરતાંય વધુ ઝડપથી ફૂંકાવા લાગ્યો. તંબુઓ જમીન પરના ખીલાઓથી છૂટી જવા લાગ્યા અને જાનવરો દોરડાંથી છૂટીને ભાગવા લાગ્યાં. ખડક ઉપર માણસો એકમેકને પકડીને ઊભા રહ્યા જેથી પવનમાં ઊડી ન જવાય.

છોકરો એ સર્જનહારના હાથ તરફ વળ્યો જેણે આ બધું લખ્યું હતું. તરત જ તેને લાગ્યું કે જાણે આખું બ્રહ્માંડ ચૂપ થઈ ગયું છે અને તેથી તેણે કશું ન બોલવાનું નક્કી કર્યું.

તેના હૃદયમાંથી પ્રેમનો પ્રવાહ વહી નીકળ્યો અને છોકરો પ્રાર્થના કરવા લાગ્યો. આવી પ્રાર્થના તેણે અગાઉ કદી કરી નહોતી, કારણ કે તેમાં કોઈ શબ્દો કે કોઈ માંગણી પણ નહોતી. પોતાનાં ઘેટાંને નવાં ચરિયાણ મળ્યાં તે માટેનો આભાર નહોતો. એમાં નહોતી પોતે વધુ વાસણ વેચી શકે તેવી માગણી કે નહોતી જે સ્ત્રીને તેણે ચાહી હતી તે પોતાને માટે હજી રાહ જોયા કરે તેવી પ્રાર્થના. એ મૌનમાં છોકરો સમજી શક્યો કે રણ, પવન અને સૂરજ પણ એ હાથે લખાયેલાં ચિહ્નોને સમજવાના અને તેમને માટે લખાયેલાં માર્ગ પર ચાલવા અને એક જ નીલમણિ પર લખાયેલા એ શાશ્વત સંદેશાને સમજવા પ્રયત્નો કરતા હતા. તેણે જોયું કે શુકનો આખી પૃથ્વી અને અંતરિક્ષમાં પણ વેરવિખેર હતાં, તેમના દેખાવા ઉપર કોઈ પ્રકારનાં કારણો કે મહત્તા જોડાયેલાં નહોતાં. તેણે જોયું કે ન તો રણો કે પવનો કે સૂરજ કે લોકો એ જાણતાં હતાં કે શા હેતુથી તેમનું સર્જન થયું છે. પરંતુ તે હાથ પાસે આ બધા માટે એક સુનિશ્ચિત કારણ હતું અને તે હાથ જ ચમત્કારો કરી શકે તેમ હતો. દરિયાને રણમાં ફેરવી શકે તેમ હતો, કે માનવને પવનમાં. એ હાથ જ જાણતો હતો એવી બૃહદ્ યોજનાનો તાગ, જે છ દિવસના સર્જનમાં બ્રહ્માંડને સર્જનનાં સમગ્ર ચિત્રના એવા બિન્દુ પર લાવી મૂકે કે એક 'સર્વોત્કૃષ્ટ કૃતિ' રચાઈ જાય.

વિશ્વાત્મા સુધી પહોંચતાં જ છોકરાએ જોયું કે તે તો પરમાત્માનો જ એક અંશ છે. તેણે એ પણ જોયું કે એનો આત્મા એ જ પરમાત્માનો આત્મા છે. એને ખાતરી થઈ કે એ પોતે ચમત્કારો કરી શકે છે.

* * *

એ દિવસે 'સીમમ' પવન એટલા જોરથી, એટલી તોફાની ગતિથી ફૂંકાયો જેટલો આજ પહેલાં કદી નહોતો ફૂંકાયો. ત્યાર પછી પેઢીઓ સુધી આરબો દંતકથા વાગોળતા રહ્યા કે જેમાં એક છોકરાએ પોતાને પવનમાં ફેરવી દઈ રણના સૌથી વધુ શક્તિશાળી સરદારને પડકારીને આખી સૈનિક છાવણી નષ્ટપ્રાય કરી મૂકી હતી.

જ્યારે પવન શાંત પડયો ત્યારે બધાની નજર એ છોકરો ઊભો હતો, ત્યાં સ્થિર થઈ ગઈ પણ હવે તે ત્યાં ન હતો. તે તો એક ધૂળથી છવાઈ ગયેલા અને પડાવના એક ખૂણે ઊભેલા સંત્રીની બાજુમાં ઊભો હતો.

તેના જાદુથી લોકો ડરી ગયા. માત્ર બે જણા જ સ્મિત રેલાવી રહ્યા હતા : કીમિયાગર, કારણ કે તેમને શ્રેષ્ઠ શિષ્ય મળી ગયો હતો અને બીજો પેલો સરદાર, જે પરમાત્માના પ્રતાપને સમજી શક્યો હતો.

બીજે દિવસે સરદારે કીમિયાગર અને છોકરાને વિદાય આપી અને તેમને જરૂરી લાગે ત્યાં સુધી સાથે રાખવા માટે સશસ્ત્ર સંરક્ષકો આપ્યા.

* * *

તે આખો દિવસ ઘોડેસવારી કરતા રહ્યા. બપોર ઢળતાં તેઓ એક ખ્રિસ્તી મઠની પાસે પહોંચ્યા. કીમિયાગર ઊતરી પડયા અને સાથે રહેલા રક્ષકોને સૂચના કરી કે તેઓ પડાવ પર પાછા જાય.

"અહીંથી હવે તું એકલો રહીશ." તેમણે કહ્યું "પિરામિડોથી તું ત્રણ કલાક જ દૂર છે."

"આભાર," છોકરાએ કહ્યું "તમે મને વિશ્વની ભાષા શીખવી."

"જે તારામાં પહેલેથી હતું તે તત્ત્વ જ મેં જગાડયું છે."

કીમિયાગરે મઠનો દરવાજો ખખડાવ્યો. કાળાં વસ્ત્રોમાં સજ્જ એક પાદરી દરવાજે આવ્યો. બંને જણાં થોડી વાર એમની 'કોપ્ટિક' ભાષામાં વાતો કરતા રહ્યા અને પછી કીમિયાગરે છોકરાને ઈશારો કરી અંદર આવવા કહ્યું.

"મેં થોડા સમય પૂરતું એમનું રસોડું વાપરવાની પરવાનગી મેળવી લીધી છે."

મઠની પાછળ રહેલા રસોડામાં તેઓ ગયા. કીમિયાગરે સગડી પ્રગટાવી અને પાદરી તેમને થોડું સીસું આપી ગયા. એક લોખંડની કઢાઈમાં તે સીસું મૂકીને કીમિયાગરે આગ પર કઢાઈ મૂકી દીધી. જ્યારે સીસું પ્રવાહી બન્યું ત્યારે પોતાની થેલીમાંથી કીમિયાગરે પેલો અંડાકાર પીળો ગોળો કાઢયો. તેમાંથી તેમણે એક વાળ જેટલી પાતળી પતરી ઉખેડી લીધી, મીણમાં વીંટાળી અને પછી પ્રવાહી બનેલા સીસાવાળી કઢાઈમાં નાખી.

એ મિશ્રણે લાલાશ પકડી – લગભગ લોહીનો રંગ હતો. પછી કીમિયાગરે સગડી પરથી કઢાઈ ઉતારી લીધી અને તેને ઠંડી થવા દીધી. આ બધું કરતી વખતે તેઓ પાદરી સાથે કબીલાઓ વચ્ચેની લડાઈઓ વિશે વાતો કરતા રહ્યા.

"મને તો લાગે છે કે આ લડાઈઓ હજી પણ લાંબી ચાલ્યા કરશે." તેમણે પાદરીને કહ્યું.

પાદરી અકળાયા. થોડા સમયથી વણજારો ગીઝા આગળ અટકી પડતી હતી અને લડાઈઓ બંધ થાય તેની રાહ જોતી હતી. "પણ છેવટે તો પ્રભુની ઈચ્છા હશે તેમ થશે." તેમણે કહ્યું.

"અલબત્ત, તેમ જ થશે." કીમિયાગર બોલ્યા.

જ્યારે કઢાઈ ઠંડી થઈ ગઈ ત્યારે પાદરી અને છોકરો તે જોઈને અંજાઈ જ ગયા. સીસું હવે કઢાઈના આકારમાં ઠરી ગયું હતું, પણ હવે તે સીસું નહોતું રહ્યું. તે સોનું હતું !

"શું મનેય કોઈ દિવસ આવું આવડશે ખરું ?" છોકરાએ પૂછ્યું.

"આ મારું ભાગ્ય હતું, તારું નહીં." કીમિયાગરે જવાબ આપ્યો, "પણ મારે તને બતાવવું હતું કે આ કામ શક્ય છે."

પછી તેઓ મઠના દરવાજે આવ્યા. અહીં કીમિયાગરે સોનાના ચાર ભાગ કર્યા.

"આ એક ભાગ તમારે માટે છે." એક ભાગ તેમણે પાદરીની સામે ધરીને કહ્યું, "યાત્રાળુઓ સાથેની તમારી ઉદારતા માટે."

"પરંતુ આ તો મારી ઉદારતાથી ક્યાંય વધુ છે." પાદરીએ કહ્યું.

"એવું બીજી વાર ન બોલશો. જો જિંદગી સાંભળતી હશે તો આવતી વખતે ઓછું આપશે."

કીમિયાગર છોકરા તરફ ફર્યા, "અને આ એક ભાગ તારા માટે. સરદારને તેં જે આપી દીધું તેના બદલામાં."

છોકરો કહેવા જ જતો હતો કે આ તો તેના કરતાં ઘણું વધું હતું, પણ પછી ચૂપ રહ્યો, કારણ કે કીમિયાગરે પાદરીને શું કહ્યું હતું તે તેણે સાંભળ્યું જ હતું.

“અને આ એક ભાગ મારે માટે.” તેમણે એક ભાગ રાખતાં કહ્યું, “કારણ કે મારે ફરી રણમાં જવાનું છે. જ્યાં કબીલાઓની લડાઈઓ ચાલુ છે.”

તેમણે ચોથો ભાગ લઈને પાદરીને સોંપ્યો. “આ ભાગ છોકરા માટે છે. જો તેને કદીય જરૂર પડે તો.”

“પણ હું મારો ખજાનો શોધવાનો જ છું ને ? અને હવે તો હું તેની બહુ નજીક પણ આવી પહોંચ્યો છું.” છોકરાએ કહ્યું.

“અને મને ખાતરી છે કે તું તેને શોધી પણ કાઢીશ.” કીમિયાગર બોલ્યા.

“તો પછી આ શા માટે ?”

“કારણ કે તેં તારી બચત બે વખત ગુમાવી છે. એક તો પેલા ચોરે તે લઈ લીધી અને બીજી સરદારે. હું તો એક વૃદ્ધ અને વહેમી આરબ છું અને અમારી કહેવતોમાં હું શ્રદ્ધા રાખું છું. એક કહેવત એવી છે કે જે કંઈ એક વાર બને છે તે ફરી કદી બનતું નથી. જે કંઈ બે વાર બને છે તે ચોક્કસ ત્રીજી વાર પણ બને છે.” બંને પોતાના ઘોડાઓ પર સવાર થયા.

* * *

“મારે તને સ્વપ્નાં વિશે એક વાત કરવી છે.” કીમિયાગરે કહ્યું.

છોકરાએ ઘોડો નજીક આણ્યો.

“પ્રાચીન રોમમાં સમ્રાટ ટાઈબેરિયસનું રાજ હતું ત્યારની વાત છે. એક ભલા માણસને બે દીકરાઓ હતા. એક દીકરો સૈન્યમાં હતો જેને સામ્રાજ્યના દૂરના પ્રદેશમાં મોકલ્યો હતો. બીજો દીકરો કવિ હતો અને પોતાની સુંદર કવિતાઓથી આખાય રોમને આનંદિત કરતો હતો.

એક રાત્રે પિતાને એક સ્વપ્ન આવ્યું. તેની સામે એક દેવદૂત આવ્યો અને તેને કહ્યું કે તેના એક પુત્રના શબ્દો આખીય દુનિયા ભણશે અને એ વારંવાર સદાસર્વદા, પેઢી દર પેઢી વાગોળાશે. પિતાની ઊંઘ ઊડી ગઈ અને તેઓ આભારવશ બન્યા અને રડવા લાગ્યા, કારણ કે જીવન તેમના પ્રત્યે ઉદાર બન્યું હતું અને એણે તેમને એ વાત કહી હતી જે જાણીને કોઈ પણ પિતાને ગર્વ થાય.

ત્યાર પછી થોડા જ સમયમાં રથનાં પૈડાં નીચે ચગદાતા બાળકને બચાવવા જતાં તેમનું મૃત્યુ થયું. તેઓ આખી જિંદગી તદ્દન સત્યના માર્ગે અને ન્યાયી રીતે જીવ્યા હતા, તેથી તેઓ તરત જ સ્વર્ગમાં ગયા. ત્યાં તેમને સ્વપ્નમાં દેખાયા હતા તે દેવદૂત મળ્યા.

દેવદૂતે કહ્યું, ‘તમે હંમેશાં એક સજ્જન વ્યક્તિ રહ્યા છો. તમે પ્રેમપૂર્વક જીવ્યા છો અને ગૌરવભેર મર્યા છો. તમે જે ઈચ્છા કરશો તે હું પૂરી કરીશ..’

‘જીવન મારા પ્રત્યે પ્રેમાળ હતું.’ તેમણે કહ્યું, ‘મારા સ્વપ્નમાં તમે આવ્યા ત્યારે મારા બધા પ્રયત્નોનું સુંદર વળતર મને મળી ગયું છે, કારણ કે મારા દીકરાની કવિતાઓ પેઢીઓની પેઢીઓ વંચાતી રહેશે. મારે પોતાને માટે તો કશું નથી જોઈતું, પણ કોઈ પણ પિતા પુત્રની કીર્તિ માટે ગૌરવ અનુભવે જેને એણે બાળપણથી ઉછેર્યો હોય અને શિક્ષણ આપ્યું હોય. થોડા સમય પછી હું મારા પુત્રના શબ્દોને એ રીતે સાંભળવાની ઈચ્છા રાખું છું.’

દેવદૂતે તેમના ખભા પર સ્પર્શ કર્યો અને બંને ભાવિના કોઈ સમયખંડમાં પહોંચી ગયા. તેઓ એક અતિ વિશાળ સભામંડપના સ્થળે હતા, જેમાં હજારો લોકો એકઠા થયા હતા અને અજાણી ભાષામાં બોલી રહ્યા હતા.

પિતાની આંખમાં ખુશીનાં આંસુ આવી ગયાં.

“મને મારા દીકરાની કવિતાઓ અમર છે એ સમજાઈ ગયું.” આંસુ લૂછતાં તેમણે

દેવદૂતને કહ્યું, 'શું તમે મને કહી શકશો કે આ લોકો મારા દીકરાની કઈ કવિતા બોલી રહ્યા છે ?'

દેવદૂત પિતાની નજીક આવ્યા અને પ્રેમપૂર્વક એક બેઠક પાસે લઈ જઈ ત્યાં બેસાડયા.

તમારો દીકરો જે કવિ હતો તેની કવિતાઓ રોમમાં ખૂબ જ લોકપ્રિય હતી, પણ ટાઈબેરિયસનું રાજ સમાપ્ત થયું ત્યારે તેની કવિતાઓ ભુલાઈ ગઈ. અત્યારે તમે જે શબ્દો સાંભળી રહ્યા છો તે તો તમારો જે દીકરો લશ્કરમાં હતો તેના છે.

પિતા ખૂબ આશ્ચર્યથી દેવદૂત સામે જોઈ રહ્યા.

તમારો એ દીકરો દૂર દૂરના પ્રદેશમાં ગયો અને તેના હાથ નીચે સો સિપાઈઓ મુકાયા. તે ઘણો સારો અને ન્યાયી વ્યક્તિ હતો. એક બપોરે તેનો એક નોકર માંદો પડયો અને લાગ્યું કે તે મરી જશે. તમારા દીકરાએ એક રબ્બી ગુરુનું નામ સાંભળ્યું હતું જે બીમારીઓ મટાડી શકતો હતો. એ માણસની શોધમાં તેણે ઘણા દિવસો ગાળ્યા. રસ્તામાં તેને જાણ થઈ કે જે વ્યક્તિની તે શોધ કરી રહ્યો હતો તે તો ઈશ્વરનો દીકરો હતો. તેને બીજા લોકો પણ મળ્યા જેમની બીમારી તેણે દૂર કરી હતી. તે લોકોએ તે ગુરુનાં બોધવચનો તમારા દીકરાને સંભળાવ્યાં. આથી પ્રભાવિત થઈ રોમનો 'સેન્ચુરિયન' પદનો અધિકારી હોવા છતાં તેણે એ ધર્મ સ્વીકાર્યો. થોડા જ સમયમાં તે ગુરુ અવારનવાર આવતા રહેતા એ જગ્યાએ પહોંચ્યો. ગુરુની મુલાકાત થઈ.''

તેણે ગુરુને જણાવ્યું કે મારો એક નોકર ખૂબ જ માંદો છે અને રબ્બી ગુરુએ તેને સાજો કરવાને માટે તેની સાથે જ તેના ઘરે જવાની તૈયારી દર્શાવી, પણ તમારો સૈનિક દીકરો શ્રદ્ધાળુ હતો અને રબ્બી ગુરુની આંખોમાં જોતાં જ તેને શ્રદ્ધા બેઠી કે પોતે ખરેખર ઈશ્વરના પુત્રની હાજરીમાં જ છે.''

'તે વખતે તમારા દીકરાએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા !' દેવદૂત કહેવા લાગ્યો. એ વખતે રબ્બીને એણે જે શબ્દો કહેલા તે કદી ભુલાયા નથી અને કદી ભુલાશે પણ નહીં. ''હે મારા પ્રભુ, હું એને લાયક તો નથી કે આપ મારે ઘેર પધારો. આપ તો બસ એક શબ્દ કહી દો અને તેનાથી જ મારો નોકર સ્વસ્થ થઈ જશે.''

વાત પૂરી કરતાં કીમિયાગર બોલ્યા, ''વ્યક્તિ કંઈ પણ કરતી હોય, દુનિયાના ઈતિહાસને ઘડવામાં તેની એક આગવી ભૂમિકા હોય છે, પણ મોટે ભાગે આ બાબતથી તે અજાણ જ રહે છે.''

છોકરો હસ્યો. તેણે કદી વિચાર્યું પણ નહોતું જીવનના પ્રશ્નો એક ભરવાડ માટે આટલા મહત્ત્વના હશે.

''આવજે.'' કીમિયાગર બોલ્યા.

''આવજો.'' છોકરાએ કહ્યું.

* * *

ઘોડા પર બેસીને છોકરો રણને પાર કરવા લાગ્યો. પોતાના હૃદયની વાતને ખૂબ ધ્યાનથી સાંભળતો હતો. તેનું હૃદય જ તેને કહી શકશે કે ખજાનો ક્યાં છુપાયો હતો.

''જ્યાં તારો ખજાનો છે, ત્યાં તારું હૃદય પણ હશે.'' કીમિયાગરે તેને કહ્યું હતું.

પણ તેનું હૃદય કંઈક બીજી જ વાતો કરી રહ્યું હતું. તે એક ભરવાડની વાર્તા કહેતું હતું. જેણે એકનું એક સ્વપ્ન બે વખત જોઈને તેને સાકાર કરવા માટે પોતાનાં ઘેટાં છોડી દીધાં હતાં. તે ભાગ્ય વિશે વાતો કરતું હતું, એવા ઘણા લોકોની વાતો કરતું હતું, જેઓ એમના સમકાલીનોના પૂર્વગ્રહો સામે ઝઝૂમી દૂરસુદૂરની ભૂમિ કે રૂપ રૂપના અંબાર સમી સ્ત્રીઓને

શોધવા નીકળી પડયા હતા, તે પ્રવાસીઓની, અવનવી શોધખોળોની, પુસ્તકોની અને પરિવર્તનોની વાતો કરતું હતું.

હજી વધુ એક રેતીનો ઢગલો તે ચડવા જતો હતો ત્યાં એના હૃદયે ખૂબ જ ધીમેથી કહ્યું, ''તારી આંખો વરસી પડે એવી જગ્યા આવે ત્યારે સાવધ થઈ જજે. તે જગ્યાએ હું છું અને એ જ જગ્યાએ તારો ખજાનો છે.''

છોકરો રેતીનો ઢગ ઘણો ધીમે ધીમે ચડયો. તારલા મઢેલા આકાશમાં પૂર્ણચંદ્ર ફરીથી ખીલ્યો હતો. રણદ્વીપ છોડયાને પૂરો એક મહિનો વીત્યો હતો. ચંદ્રમાનો પ્રકાશ રેતીના ઢગ પર તેજ અને તમસ એવી રમતો રમતો જેથી એક તરંગયુક્ત સમુદ્રનો આભાસ ઊભો થાય. તેને રણમાંનો એ દિવસ યાદ આવ્યો જ્યારે પેલો ઘોડો પાછલા બે પગે ઊભો થઈ ગયો હતો અને કીમિયાગરની તેને મુલાકાત થઈ હતી. તે વખતે પણ ખામોશ રણ પર ચાંદની પ્રસરી હતી અને પોતે આજની જેમ જ ખજાનાની શોધમાં નીકળેલો મુસાફર હતો.

રેતીના ઢગલાની ટોચે તે પહોંચ્યો અને એનું હૃદય ધબકાર ચૂકી ગયું. ત્યાં ચંદ્રના પ્રકાશમાં નહાઈ રહેલા, રણના તેજમાં ચમકતા ભવ્ય રાજવી ઠાઠથી શોભતા ઈજિપ્તના પિરામિડો ઊભા હતા.

છોકરો ઘૂંટણિયે પડીને રડવા લાગ્યો. તેણે ભગવાનનો પાડ માન્યો કે તેને પોતાની નિયતિમાં શ્રદ્ધા આપી, તેને એક રાજાની મુલાકાત કરાવી; તે એક વેપારીને મળ્યો, એક અંગ્રેજ અને એક કીમિયાગરને મળ્યો. એ બધાથીય વિશેષ તો એટલા માટે કે રણની એ સ્ત્રીની મુલાકાત થઈ જેણે કહ્યું કે પ્રેમભાવ કદી માણસને તેની નિયતિની શોધમાં અવરોધરૂપ ન બને.

જો તે ધારે તો અહીંથી જ પાછો રણદ્વીપ પહોંચી જાય, ફાતિમા પાસે ચાલ્યો જાય અને એક સામાન્ય ભરવાડનું જીવન વિતાવે. છેવટે તો કીમિયાગર પણ રણમાં જ જિંદગી ગાળી રહ્યા હતા, ભલેને તેઓ વિશ્વની ભાષા જાણતા હોય અને સીસાને સોનું બનાવવાનો કીમિયો પણ જાણતા હોય. તેમને પોતાનું વિજ્ઞાન કે કળા કોઈને દેખાડવાની જરૂર નહોતી. છોકરાએ મનોમન વિચાર્યું : કે પોતાની નિયતિની શોધના માર્ગે જ તેણે જે કંઈ જોવા અને જાણવા-માણવા જેવું હતું તે બધું જાણી લીધું હતું. પામવાજોગ બધું જ પામ્યો હતો એ.

પણ અહીં તો હવે તે પોતાનો ખજાનો મેળવી લેવાની અણી પર હતો. એને યાદ આવ્યું કે કોઈ યોજના ત્યાં સુધી સંપૂર્ણ થઈ ન કહેવાય જ્યાં સુધી તેનું લક્ષ્ય પ્રાપ્ત ન થઈ જાય. છોકરાએ આસપાસની રેતી તરફ જોયું. તેણે જોયું કે જ્યાં તેનાં આંસુ ટપક્યાં હતાં ત્યાં રેતીમાં એક છાણનો કીડો સળવળી રહ્યો હતો. રણમાંના તેના પ્રવાસ દરમિયાન તેણે સાંભળ્યું હતું કે ઈજિપ્તમાં આવા કીડાને ઈશ્વરીય પ્રતીક મનાય છે.

આ નવું શુકન ! છોકરો હવે રેતીના ઢગલામાં ખોદવા લાગ્યો. તેને વાસણના વેપારીની પેલી વાત યાદ આવી ગઈ. પિરામિડ તો કોઈ પોતાના ઘરની પાછળના વાડામાં પણ બાંધી શકે, પણ હવે છોકરાને સમજાયું કે તે બાકીની આખી જિંદગી સુધી જો એક પર એક પથ્થર ગોઠવતો રહે તો પણ તેવું તે ન કરી શકે.

પોતે પસંદ કરેલા સ્થળે છોકરો આખી રાત ખોદતો રહ્યો, પણ કશું ન મળ્યું. છેક પિરામિડો બંધાય ત્યાર પછીની સદીઓના ભારથી તે જાણે દબાઈ ગયો, છતાં તે અટક્યો નહીં. પવનનો સામનો પણ કરવો પડતો હતો કેમ કે તેને લીધે તેણે ખોદેલો ખાડો ફરીથી રેતીથી ભરાઈ જતો હતો. તેના હાથ છોલાઈ ગયા હતા અને તદ્દન થાકી ગયા હતા, પણ તેણે માત્ર હૃદયનું કહેલું જ સાંભળ્યું. તેના હૃદયે તેને કહેલું કે જ્યાં તેનાં આંસુ પડે ત્યાં ખોદવું.

ખાડામાં આવતા પથ્થરો ખેંચવાનો તે પ્રયાસ કરી રહ્યો હતો ત્યાં તેને કોઈનાં પગલાં

સંભળાયાં. થોડા લોકો તેની તરફ આવી રહ્યા હતા. ચંદ્રપ્રકાશ તેમની પીઠ પાછળ હોવાથી તેમના ચહેરા અથવા આંખો દેખાઈ નહોતી શકતી.

"તું અહીં શું કરી રહ્યો છે ?" એક જણે પૂછ્યું.

ગભરાઈ ગયો હોવાથી છોકરાએ જવાબ ન આપ્યો. તેણે ખજાનાની જગ્યા શોધી લીધી હતી અને સત્ય ઉચ્ચારવાથી શું થઈ શકે તે વિચારે ડરતો હતો.

"અમે લડાઈમાંથી આવેલ શરણાગતો છીએ અને અમને પૈસાની જરૂર છે." બીજા એક જણે કહ્યું, "તું અહીં શું સંતાડી રહ્યો છે ?"

"હું અહીં કશું સંતાડી રહ્યો નથી." હવે છોકરાએ જવાબ આપ્યો.

પણ તેમાંના એક જણે તેને પકડીને ખાડામાંથી બહાર ખેંચી લીધો. બીજો માણસ તેની થેલી તપાસવા માંડયો અને તેને પેલો સોનાનો ટુકડો જડયો.

"અહીં તો સોનું છે." તેણે કહ્યું.

જે આરબે તેને પકડયો હતો તેના ચહેરા પર ચંદ્રમાનું અજવાળું પડયું અને છોકરાએ પેલાની આંખમાં મોત જોયું.

"એણે કદાચ વધારે સોનું જમીનમાં દાટયું છે."

તેમણે છોકરાને ખોદવાનું ચાલુ રાખવા હુકમ કર્યો, પણ તેને કશું મળ્યું નહીં. સૂર્ય ઊંચે ચડયો. તે લોકો છોકરાને મારવા લાગ્યા. તેને ઘા અને ઘસરકા પડયા, તેનાં કપડાં લીરેલીરાં થઈ ગયાં અને તેને લાગ્યું કે મોત હવે નજીકમાં જ છે.

"જો તું મરવાનો હો તો તને પૈસાથી શો લાભ છે ? પૈસા કોઈની જિંદગી ભાગ્યે જ બચાવે છે." કીમિયાગરે કહ્યું હતું. છેવટે છોકરાએ ચીસ પાડીને કહ્યું, "હું ખજાનો શોધવા માટે ખોદી રહ્યો છું." એનું મોં સૂજી ગયું હતું અને તેમાંથી લોહી નીકળતું હતું, છતાં તેણે એના હુમલાખોરોને કહ્યું જ કે તેણે બે વખત પિરામિડો નજીક ખજાનાનું સપનું જોયું હતું.

એક માણસ આ જૂથના નેતા જેવો હતો તે બોલ્યો, "જવા દો એને. આની પાસે બીજું કશું હોય તેવું નથી લાગતું. આ સોનું પણ તે ચોક્કસ ચોરીને જ લાવ્યો હશે."

છોકરો લગભગ બેભાન થઈને રેતીમાં પડયો. નેતાએ તેને ઢંઢોળીને કહ્યું, "હવે અમે જઈએ છીએ."

પણ જતાં પહેલાં તે નેતા પાછો ફર્યો અને છોકરાને કહે, "તું મરી નહીં જાય. તું જીવશે અને શીખશે કે માણસે આટલા મૂર્ખ ન બનવું જોઈએ. બે વર્ષ પહેલાં આ જ સ્થળે, બરાબર અહીં જ મને પણ એક સ્વપ્નું વારંવાર આવતું. મને તેમાં થતું કે મારે સ્પેનના મેદાનોમાં જવું, તેમાં એક ખંડેર થયેલું દેવળ શોધવું, જ્યાં ભરવાડો અને તેનાં ઘેટાં રાતવાસો કરે છે. મારા સ્વપ્નમાં એ ચર્ચના કેન્દ્રમાં એક અંજીરનું વૃક્ષ ઊગ્યું હોય તેવું દેખાતું હતું. જો એનાં મૂળિયાં હું ખોદું તો મને છૂપો ખજાનો મળશે, પણ હું કંઈ એવો મૂર્ખ નથી કે આખુંય રણ પસાર કરીને માત્ર એક વારંવાર આવતા સ્વપ્નની પાછળ દોટ મૂકું."

અને તે લોકો અદૃશ્ય થઈ ગયા.

છોકરો ડગમગતો ઊભો થયો અને ફરી એક વાર પિરામિડો સામે નજર નાખી. તેની સામે પિરામિડો જાણે હસી રહ્યા હતા, અને તે પણ હસવા લાગ્યો. તેનું હૃદય તો ખુશીનું માર્યું ઊછળતું હતું.

કારણ કે તે હવે જાણતો હતો કે તેનો ખજાનો ક્યાં છે.

* * *

આંતરરાષ્ટ્રીય ભાષા રચવાના હેતુથી પૉલેન્ડના ડૉ. ડિ. લુડલીંગ ઝેમનહોફે સન ૧૮૮૭માં આ ભાષાની રચના કરી હતી. લેટીન, જર્મન અને યુરોપની અન્ય ભાષાઓના પાયા ઉપર આ ભાષા તૈયાર થઈ છે. વિશ્વમાં અંદાજે બે કરોડ લોકો આ ભાષા બોલતા હોવાનો અંદાજ છે.

ઉપસંહાર

પેલા નાનકડા, અવાવરુ ચર્ચ પાસે છોકરો પહોંચ્યો ત્યારે રાત પડવા આવી હતી. અંજીરનું વૃક્ષ હજી ત્યાં ઊભું જ હતું અને હજી અડધીપડધી છતમાંથી આકાશના તારાઓ જોઈ શકાતા હતા. પોતાનાં ઘેટાં સાથે અહીં આવ્યો હતો તે તેને યાદ આવ્યું, તે રાત ખૂબ શાંત હતી... સિવાય કે પેલું સ્વપ્ન.

આજે તે અહીં ઘેટાં સાથે નહીં, બલ્કે કોદાળી સાથે આવ્યો હતો.

આકાશને તેણે લાંબો સમય નિહાળ્યા કર્યું. પછી પોતાની થેલીમાંથી વાઈનની બાટલી કાઢી અને તેમાંથી થોડો વાઈન પીધો. તેને રણમાં કીમિયાગર સાથે ગાળેલી એ રાત યાદ આવી જ્યારે તેઓ આકાશના તારાઓને જોતાં જોતાં સાથે વાઈન પીધો હતો. પોતે જે બધા માર્ગો પર ચાલ્યો હતો તેનો તે વિચાર કરવા લાગ્યો અને એ વાતે આશ્ચર્ય પામતો હતો કે ભગવાને કેટલી વિચિત્ર રીતે એને પોતાનો ખજાનો શોધવાનો માર્ગ બતાવ્યો હતો. જો તેણે વારંવાર આવતાં સ્વપ્નની મહત્તામાં વિશ્વાસ ન રાખ્યો હોત, તો તે વણજારીને મળ્યો ન હોત કે પછી વૃદ્ધ રાજાને કે ચોરને કે... ''ખેર, એ યાદી તો ઘણી લાંબી છે, પણ શુકનોમાં એ માર્ગ લખેલો હતો અને હું ખોટે રસ્તે ચડું એમ હતું જ નહીં.'' તે મનમાં બોલ્યો.

તેને ઊંઘ આવી ગઈ. જાગ્યો ત્યારે દિવસ ચડી ગયો હતો. અંજીરના વૃક્ષના મૂળિયામાં તે હવે ખોદવા લાગ્યો.

પછી એણે આકાશ તરફ જોઈને બૂમ પાડી, ''અરે વાહ રે જાદુગરોના જાદુગર ! તું તો આખીય વાત જાણતો હતો. પેલા મઠમાં મારે માટે થોડું સોનું પણ મૂકી ગયો હતો, જેથી હું આ ચર્ચ સુધી પાછો આવી શકું. મારો વેશ જોઈને તે પાદરીને હસવું આવી ગયેલું. મને તું તે બધામાંથી બચાવી ન શક્યો હોત ?''

''ના'' પવન પરથી આવતો એક અવાજ તેણે સાંભળ્યો. ''જો મેં તને આ બધું કહ્યું હોત તો તેં પિરામિડો જોયા ન હોત. તે કેટલા બધા સુંદર છે, ખરું ને ?''

છોકરો હસી પડયો અને ખોદવાનું ચાલુ રાખ્યું. અડધા કલાક પછી તેની કોદાળી કોઈ સખત ચીજ સાથે અથડાઈ. એક કલાક પછી તેની સામે હતો એક વિપુલ ખજાનો – જેમાં સ્પેનની સોનામહોરો હતી. તેમાં રત્નો પણ હતાં, લાલ અને સફેદ પીછાંથી સજાવેલાં મહોરાં પણ હતા અને કેટલીક રત્નજડિત મૂર્તિઓ હતી. એક પ્રાચીન યુદ્ધના વિજયને સમયે લૂંટેલો કોઈ ખજાનો હતો, જેને વિજેતાઓ પોતાના વંશજોને બતાવવાનું જાણે ભૂલી ગયા હતા.

પોતાની થેલીમાંથી છોકરાએ યુરીમ અને થુમીમ રત્નો કાઢયાં. આ બે રત્નોનો તેણે એક જ વખત ઉપયોગ કર્યો હતો, જ્યારે તે એક સવારે બજારમાં ઊભો હતો. તેના જીવનમાં અને માર્ગમાં તેને પૂરતાં ભાવિસૂચક ચિહ્નો મળી રહેતાં હતાં.

તેણે યુરીમ અને થુમીમને પણ ખજાના સાથે મૂક્યાં. એ પણ તેના નવા ખજાનાનો એક ભાગ હતાં, કેમ કે તેઓ વૃદ્ધ રાજાની સ્મૃતિ તાજી કરાવતાં હતાં, જેને તે ફરી કદી મળશે નહીં.

વાત ખરી છે, જે લોકો પોતાની નિયતિના માર્ગે ચાલે છે તેમની સાથે જીવન ઉદારતાથી

વર્તે છે, છોકરાએ વિચાર્યું. પછી તેને યાદ આવ્યું કે હવે તેણે ટારિફા જવું જોઈશે જેથી પેલી સ્વપ્ન ઉકેલનારી સ્ત્રીને તેનો દસમો ભાગ આપી શકાય, જેનું તેણે વચન આપ્યું હતું, ''એ વણજારા લોકો ખૂબ જ ચાલાક હોય છે, ખરેખર.'' તેણે વિચાર્યું. ''તેનું કારણ કદાચ તેઓ આટલા બધા હરેફરે છે તે પણ હોય.''

ફરીથી પવન ફૂંકાવા લાગ્યો. એ 'લિવાન્ટર' પવન હતો, એ પવન જે આફ્રિકાથી આવતો હતો. તે પવનમાં હવે રણની વાસ કે મૂર લોકોના હુમલાઓની ધમકીઓ નહોતી. તેને બદલે તે એક એવા અત્તરની સુવાસ ફેલાવી રહ્યો હતો જેને તે બહુ સારી રીતે ઓળખતો હતો. સાથે જ હતો ચુંબનનો હળવો સ્પર્શ – એવું એક ચુંબન જે ખૂબ દૂરથી મંદ ગતિએ આવી ધીરે રહીને તેના હોઠ પર બેઠું હતું.

છોકરો હસ્યો. આ એની પ્રથમ પ્રણયચેષ્ટા !

તે બોલી ઊઠયો : ''હું આવું છું, ફાતિમા.''

પૉલો કોએલો સાથે એક મુલાકાત
('બિલીફનેટ' માટે લૉરા શીહેને લીધેલી મુલાકાત)

[આ લેખ મૂળે વિવિધ ધર્મોને સાંકળી લેતી અગ્રિમ વેબસાઈટ www.beliefnet.com માટે લેવાયો હતો, જેમાં ધર્મ, આધ્યાત્મિકતા, પ્રેરણા અને ઘણા બધાં તત્ત્વોનો સમાવેશ કરાય છે. અત્રે તે પરવાનગી સહિત રજૂ કરીએ છીએ.]

પૉલો કોએલો ઘણી બેસ્ટસેલર નવલકથાઓના લેખક છે. એ નવલકથાઓના અનુવાદો ઘણી ભાષાઓમાં થઈ ચૂક્યા છે. તેઓ વિશ્વના સૌથી વધુ વંચાતા લોકપ્રિય આધ્યાત્મિક લેખકોમાં અગ્રગણ્ય સ્થાને છે. તેમનાં પુસ્તકો જેમાં – 'ધી ઍલ્કેમિસ્ટ', 'મેન્યુઅલ ઑફ ધી વૉરિયર ઑફ લાઈટ' અને 'વૅરોનિકા ડિસાઈડ્સ ટુ ડાય'નો પણ સમાવેશ થાય છે – તે બધામાં તેઓ પ્રેમ અને જાદુથી લઈને જીવનના અર્થ જેવા વિષયોને આવરે છે. એક ફોનથી લીધેલી મુલાકાતમાં ફ્રાન્સથી પૉલો કોએલાએ 'બિલીફનેટ' પર વાતચીત કરી જે પોતાની અને વાચકોની આધ્યાત્મિક શોધ અંગે હતી.

`ધી ઍલ્કેમિસ્ટ'માં તમે `વિશ્વના આત્મા'નો ઉલ્લેખ કરો છો, તે ખરેખર શું છે ? ધર્મ અથવા આધ્યાત્મિકતા સાથે એ કઈ રીતે તે સંકળાયેલ છે ?

પહેલાં તો આપણે ધર્મ અને આધ્યાત્મિકતા વચ્ચેના તફાવતને સમજીએ. હું કેથોલિક ધર્મ પાળું છું માટે મારે માટે સમાન વિશ્વાસ ધરાવતા જનસમુદાય સાથે તેની સામૂહિક પ્રાર્થના કરવી તેમ જ શિસ્તબદ્ધ જીવન જીવવું તે ધર્મ છે.

પણ છેવટે તો બધા જ ધર્મો એક જ પ્રકાશ પ્રત્યે સંકેત કરતા હોય છે. તે તેજપુંજ અને આપણી વચ્ચે કેટલીક વાર વધુ પડતા નિયમો આવી જાય છે. પ્રકાશનું અસ્તિત્વ છે જ, અને તેને અનુસરવા માટે કોઈ નિયમો ન હોઈ શકે.

ઍલ્કેમિસ્ટનું પાત્ર કહે છે, ``દરેક ચીજમાં આત્મા છે" – એમાં પથ્થર અને પાણી જેવા જડ પદાર્થ પણ સામેલ છે. શું તમે તેવું માનો છો ?

હું માનું છું કે આપણે જે જોઈએ છીએ, જે કંઈ આપણી સામે છે તે બધું વાસ્તવિકતાનો દૃશ્યમાન અંશ છે. આપણી પાસે દૃશ્યમાન ન હોય તેવી ચીજો પણ છે, જેમ કે લાગણીઓ. આપણે દુનિયાને આ રીતે સમજીએ છીએ, પણ જેમ વિલિયમ બ્લેકે કહેલું તેમ ભગવાન તો ધૂળના એક કણમાં અને ફૂલમાં પણ છે. તે ઊર્જા સર્વત્ર વ્યાપ્ત છે.

શું બધા આત્માઓ સરખા છે ? માનવનો આત્મા કોઈ રીતે જુદો પડે છે?

મારી માન્યતા છે કે છેવટે તો બધી ચીજો એક રૂપ જ છે. મારા જીવનમાં પણ કેટલાક પ્રશ્નો છે જે હું જાણતો નથી – મેં એ પ્રશ્નો પૂછવાનું છોડી દીધું છે. મારા જીવનની શરૂઆતમાં મારે દરેક પ્રશ્નના ઉત્તર મેળવવા જ હતા. હવે હું એ વાત આદરપૂર્વક સ્વીકારું છું કે મને બધી વાતના ઉત્તરો ન મળી શકે. આ પ્રશ્નને માટે પણ હું તેના રહસ્ય સુધી જઈને કહું છું કે હું

જાણતો નથી. મને માત્ર એટલી જાણ છે કે હું જીવિત છું અને એવું કંઈક છે જે મારા જીવનમાં પ્રગટે છે – તે ભગવાન છે અને એક દિવસે હું મારા જીવનને સમજી શકીશ. કદાચ જે દિવસે હું મરીશ ત્યારે કે ત્યાર પછી. પણ હું સારા પ્રશ્નો શોધું છું. સારા ઉત્તરો નહીં.

તમે કહો છો કે કદાચ મૃત્યુ પછી આપણે વધારે જાણી શકીશું. તો શું તમે માનો છો કે મરણોત્તર સ્થિતિમાં અમુક ઘટનાઓ બને ?

આપણે નિશ્ચિતરૂપે કશું જાણતા નથી, પણ હું તો 'સમય'માં પણ વિશ્વાસ નથી ધરાવતો. "જ્યારે આપણે મૃત્યુ પામીએ" એમ કહો છો, પરંતુ ખરું પૂછો તો આપણને આ જીવનમાંથી પસાર થવા માટેની જરૂરી ચીજોમાંની જ એક 'સમય' છે, વાસ્તવિક રીતે 'સમય'નું અસ્તિત્વ નથી. હું તમારી સાથે વાત કરું છું, અને જે ક્ષણે હું વાત કરું છું ત્યારે બ્રહ્માંડની રચના અને વિનાશ થઈ રહ્યો છે. હું એકી સાથે મારાં ભૂતકાળ અને ભવિષ્યકાળનાં જીવન જીવી રહ્યો છું. હું અત્યારે આપણી ચર્ચા દરમિયાન પણ જે કંઈ કરું કે કહું તેની અસર મારા સમગ્ર ભૂતકાળ અને ભવિષ્યકાળના જીવન પર પડી શકે છે.

હું મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ રાખું છું, પણ મને લાગે છે કે તે કંઈ એટલું બધું મહત્ત્વનું નથી. આપણે એ સમજવું વધુ મહત્ત્વનું છે કે આપણે હવે આ જીવન પણ મૃત્યુ પછી જીવી રહ્યા છીએ.

તો શું આપણે `સમય'નો ખ્યાલ ત્યજવો જોઈએ ?

આપણે 'સમય'ના ખ્યાલને ત્યજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે પ્રકૃતિ કે બીજા માનવના અત્યધિક પ્રેમના ચમકારા અનુભવો ત્યારે તમે સમજી શકો છો કે 'સમય' જેવું કશું નથી અને બધું શાશ્વત છે.

લાગે છે કે `ધી ઍલ્કેમિસ્ટ'માં તમે પ્રારંભે અસ્તિત્વહીનતાનો જે ભય વ્ય ત કર્યો છે, તેને નાબૂદ કરવામાં આ વિચારે સહાય કરી હશે.

હા, અલબત્ત મૃત્યુનો ભય તો રહ્યા જ કરતો. જ્યારે એક દિવસ મેં સાન્તિયેગો દ કોમ્પોસ્તેલાની યાત્રા કરી, ત્યારે શ્રમ પડેલો અને મૃત્યુનો સાક્ષાત્કાર થયેલો.

ત્યારથી મને ખ્યાલ આવ્યો છે કે મૃત્યુ એ જીવનનો અંત નથી, બલ્કે તે મારું સૌથી સારું મિત્ર છે. આ ક્ષણે પણ, જ્યારે હું તમારી સાથે વાત કરી રહ્યો છું, તે મારી પાસે જ બેસીને અહીંના બર્ફીલા પર્વતો સામે જોયા કરે છે.

તમારું મૃત્યુ હંમેશાં તમારી બાજુમાં બેસે છે ?

મારી બાજુમાં કે મારી સામેની જ ખુરશીમાં. હું મૃત્યુને એક સુંદર મહિલા તરીકે જોઉં છું.

તે શું કહે છે ?

તે કહે છે, "હું તમને ચુંબન કરવાની છું" અને હું તેને કહું છું, "પ્લીઝ, હમણાં નહીં." છતાં તે કહે છે, "ભલે, હમણાં નહીં, બસ ! પણ ધ્યાન આપ અને પ્રત્યેક ક્ષણનો લહાવો લઈ લે, કારણ કે ક્યારેક તો હું તને લઈ જ જઈશ.' અને હું કહું છું, "સારું, જીવનની એ સૌથી મહત્ત્વની શિખામણ આપવા માટે આભાર કે આપણને મળેલી એકેએક ક્ષણ સંપૂર્ણ રીતે જીવી લેવી."

તમે કહ્યું કે તમે કેથોલિક છો, પણ એક બીજે ઠેકાણે તમે કહેલું છે કે તમારો જેસ્યુઈટ ઉછેર કેટલીક રીતે દુ:ખકર હતો. સંગઠિત ધર્મમાં શું સારું છે અને શું શું ખરાબ છે ?

સારું એ છે કે તે તમને શિસ્ત શીખવે છે, સામૂહિક પ્રાર્થના-ભક્તિ આપે છે અને રહસ્યો પ્રત્યે નમ્રતાની ભાવના જાગ્રત કરે છે. જોખમ એ છે કે કેથોલિક સહિત દરેક ધર્મ કહે છે, "મારી પાસે જ પૂર્ણ સત્ય છે." પછી તમે પાદરી કે મુલ્લા, રબ્બી કે જે કોઈ હોય તેના પર

શ્રદ્ધા મૂકી એ તમારાં કાર્યો માટે જવાબદારી લે એવું ઈચ્છો છો. પણ વાસ્તવમાં માત્ર તમે જ તમારાં કાર્યો માટે જવાબદાર હોવ છો.

તમારી નવલ `વૅરોનિકા ડિસાઈડ્સ ટુ ડાય'માં વૅરોનિકા એક જ ધાટીમાં ચાલતા દિવસોથી કંટાળી છે તો લોકો એ એકસરખાપણામાંથી કઈ રીતે છૂટી શકે ?

એક વાર કોઈએ મને પૂછ્યું, "તમારી કબર પરના સ્મૃતિલેખમાં તમે શું લખાય તે પસંદ કરશો ?" તો મેં કહ્યું, "પૉલો કોએલો જીવંત સ્થિતિમાં ગુજરી ગયા." તેણે પૂછ્યું, "કેમ આવા શબ્દો ? આમ તો બધા જ લોકો પોતે જીવતા હોય ત્યારે જ મરે ને ?" મેં કહ્યું, "ના, તે સાચું નથી." જ્યારે એક જ રાબેતામાં બીબાંઢાળ જીવન વહે ત્યારે તમે જીવતા નથી રહેતા.

જીવતા મરવું એટલે જોખમો ઉઠાવવાં. તમારી કિંમત તમારે ચૂકવવી. કંઈ એવું કરવું જે કોઈ વાર તમને ભય પમાડે છતાં તમારે કરવું જોઈએ – ભલે તે તમને ગમે કે ન પણ ગમે.

તમે એમ પણ કહો છો કે લોકોએ શુકનો પ્રત્યે ધ્યાન આપવું. શુકનો એટલે તમે શું માનો છો, તે જરા વર્ણવશો ?

શુકનો એવી અંગત ભાષા છે જેમાં ઈશ્વર તમારી સાથે વાર્તાલાપ કરે છે. મારા શુકન એ તમારા શુકન નથી. શુકનો કંઈ વિચિત્ર અને અજાણી તેમ જ વ્યક્તિગત ભાષા છે, જે તમને તમારી નિયતિના માર્ગે આગળ લઈ જાય છે. તે કોઈ 'તર્ક' નથી અનુસરતી. તે સીધી તમારા હૃદય સાથે વાત કરે છે.

તમે કોઈ પણ ભાષા ત્યારે જ શીખી શકો જ્યારે તમે ભૂલો કરતા રહો. મેં મારી ભૂલો કરી, પણ પછી જે શુકનો મારા માર્ગદર્શકો હતા તેમને એ ભૂલો સાથે જોડવા લાગ્યો. આ ઈશ્વરનો મૌન અવાજ છે જે મને હું જ્યાં હોવો જોઉં ત્યાં લઈ જાય છે.

`ધી ઍલ્કેમિસ્ટ' અનુકૂળતાના સિદ્ધાંતની વાત કરે છે, જે શરૂઆત કરનારના ભાગ્ય (બિગીનર્સ લક) જેવું છે. જે લોકોએ કદી આ પ્રારંભિક સદ્નસીબનો અનુભવ ન કર્યો હોય એવા લોકોને તમે શું કહેશો ? જ્યારે પણ તેઓ કોઈ સ્વપ્ન પ્રત્યે વળે ત્યારે તેમને અવરોધ આવી પડે છે.

ફરીથી પ્રયત્ન કરો ! (હસે છે) કારણ કે, જ્યારે તમે ઈશ્વરે તમારે માટે જે નિધાર્યું હોય તેની તમે ખરેખર નજીક હોવ, ત્યારે તમે ચોક્કસ પ્રારંભિક સદ્નસીબનો અનુભવ કરશો જ.

તમારાં પુસ્તકોમાંથી કોઈ ફિલ્મના નિર્માણ માટે વિચારો થઈ રહ્યા છે ?

વૉર્નર બ્રધર્સ માટે લોરેન્સ ફિશબર્ન 'ધી ઍલ્કેમિસ્ટ'ની ફિલ્મ નિર્માણ કરવાના છે. આ જ એક પુસ્તક છે જેના હકો મેં વેચ્યા, અને હવે બીજા નથી વેચવાનો. મારી કારકિર્દીની શરૂઆતમાં જ મેં આ કરેલું અને અલબત્ત, તમે સમજી શકશો કે પુસ્તકને ફિલ્મમાં ઉતારવું કેટલું મહત્ત્વનું છે, પણ હવે મને ખ્યાલ આવી ગયો છે કે આ એટલું અગત્યનું નથી હોતું. વાચક જ નિર્દેશક છે, તે જ પાત્રો બની રહે છે અને બીજું પણ બધું તે જ કરે છે.

પુસ્તક એક એવી ફિલ્મ છે જે વાચકના મનમાં તૈયાર થાય છે. એટલે જ આપણે ફિલ્મો જોઈને પછી કહીએ છીએ કે, "ઓહ, પુસ્તક વધુ સારું હતું. તેથી એના પછી મેં હકો વેચવાનું બંધ કર્યું છે. મારાં પુસ્તકોના તો નહીં જ સિવાય, અલબત્ત, હું કોઈ વિચારના પ્રેમમાં પડી જાઉં તો જુદી વાત છે."

``ઈલેવન મિનિટ્સ"માં તમારે જાતીયતા અને આધ્યાત્મિકતાને વધુ સ્વસ્થ સ્થિતિમાં લાવવાં છે. તે કઈ રીતે બનશે ?

એક તો એ સ્વીકારીને કે સેક્સ તો પરમતત્ત્વનું શારીરિક પ્રાગટય છે અને તે કોઈ પાપ નહીં – આશીર્વાદ છે. બીજું કે બળાત્કાર અને બાળકોના જાતીય શોષણને હું તદ્દન બીમાર

માનસિકતા સમજું છું, તે સિવાય તમે સર્જનાત્મક બનવાને મુક્ત છો. તમે આ કઈ રીતે કરો, તેનો આધાર તમારા પર જ છે.

સેક્સને હંમેશા મનાઈઓના ઘેરાવામાં રાખવામાં આવેલ છે અને હું સેક્સને કંઈ શયતાન કે દુષ્ટતાનું પ્રતીક સમજતો નથી. મને તો લાગે છે કે જાતીયતાના માર્ગે તો ભગવાને આપણને આ પૃથ્વી પર મોકલ્યા છે, પ્રેમની ઊર્જાને શારીરિક સ્તર પર માણવા માટે.

તો, જાતીયતાની સમાજને સ્વસ્થ સ્તર ઉપર લાવીને તમે ઈશ્વરને દુનિયામાં અભિવ્ય ત થવામાં સહાય કરો છો **?**

એકદમ સાચું. સમજીને જ નહીં, તેને વ્યવહારમાં પણ મૂકીને.

પૉલો કોએલો : જીવન ઝરમર

પૉલોનો જન્મ ૧૯૪૭ના ઑગસ્ટમાં રિયો ખાતે થયો. તેમના પિતા પેડ્રો ક્વીમા કોએલો ડિસોઝા ઈજનેર હતા અને માતા લિગિયા ગૃહિણી. બહુ નાનપણથી જ પૉલોને કલાકારની કારકિર્દીની ઈચ્છા હતી, જે તેમના મધ્યમવર્ગી કુટુંબમાં બહુ સ્વીકાર્ય નહોતું. એક અતિ શિસ્તબદ્ધ જેસ્યુઈટ શાળાના પવિત્ર વાતાવરણમાં એમને સમજાયું કે તેમની ખરી નિયતિ હતી લેખક બનવાની. તેમનાં માતાપિતાએ જો કે તેમને માટે બીજી જ યોજના કરેલી. જ્યારે પૉલોની સાહિત્યસર્જનની ધૂન છોડાવવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે તેમને થયું કે દીકરાની માનસિક હાલત જ અસ્વસ્થ છે. પૉલો ૧૭ વર્ષના હતા જ્યારે તેમના પિતાએ તેમને માનસિક રોગની ઈસ્પિતાલમાં દાખલ કરાવી દીધા. આમ તેમણે બે વખત કર્યું. અહીં તેમને 'ચિકિત્સા'ના નામે વીજળીના આંચકા પણ ભોગવવા પડયા. તેઓ જ્યારે એક નાટક જૂથમાં જોડાયા અને પત્રકાર તરીકે કામ કરવા લાગ્યા ત્યારે ફરી એક વાર તેમનાં માતાપિતાએ તેમને માનસિક રોગોની ઈસ્પિતાલમાં ધકેલ્યા.

શરૂઆતથી જ પૉલોને નવી વસ્તુઓ શોધવામાં રસ હતો. તેઓ જૂની માન્યતાઓમાં શ્રદ્ધા નહોતા રાખતા. ૧૯૮૬માં બ્રાઝિલમાં ગેરિલાઓ અને હિપ્પી આંદોલનોનું ઉત્તેજિત મોજું ફરી વળ્યું અને હવે બ્રાઝિલમાં સત્તાનો દોર દમનકારી લશ્કરી શાસને સંભાળ્યો ત્યારે પૉલોએ વિકાસલક્ષી રાજકારણમાં ઝુકાવ્યું અને શાંતિ અને પ્રેમના વાતાવરણની સ્થાપના માટેના પ્રયત્નોમાં જોડાયા. લેટિન અમેરિકામાં ભ્રમણ કરીને કાર્લોસ કાસ્ટાનેડાની માફક તેમણે આધ્યાત્મિક અનુભૂતિનો માર્ગ સ્વીકાર્યો. તેઓએ રંગમંચ અને પત્રકારત્વમાં છબછબિયાં કર્યાં અને '૨૦૦૧' નામનું એક વૈકલ્પિક સામયિક સ્થાપ્યું, વળી રાઉલ સીકઝાસ સાથે તેઓ એક ગીતકાર તરીકે જોડાયા અને બ્રાઝિલના રૉક સંગીતનું સ્વરૂપ બદલવામાં અગત્યનો ફાળો આપ્યો. ૧૯૮૩માં પૉલો અને રાઉલ 'ઑલ્ટરનેટિવ સોસાયટી'માં જોડાયા. આ સંગઠન વ્યક્તિના મુક્ત અભિવ્યક્તિના હકોનું સમર્થન કરનારું હતું. તેમણે કોમિક સ્ટ્રીપને હવે પ્રકાશિત કરવા માંડી, જેમાં વધુ સ્વાતંત્ર્યની માગ કરાઈ. આ સંગઠનના સભ્યોની ધરપકડો થઈ અને તેમને જેલભેગા કરવામાં આવ્યા. બે દિવસ પછી પૉલોનું અપહરણ થયું અને લશ્કરી રાજના સૈનિકોએ તેમને ખૂબ યાતનાઓ આપી.

આ અનુભવની ગાઢ અસર તેમના ઉપર પડી. ૨૬ વર્ષની વયે પૉલોએ નક્કી કર્યું કે હવે જોખમી જીવન જીવવાનું બંધ કરીને પોતે સામાન્ય જીવનશૈલી અપનાવશે. સંગીત ઉદ્યોગમાં એક અધિકારી તરીકે તેમણે કામ શરૂ કર્યું. પોતે લખવાના પ્રયત્નો કર્યા છતાં ગંભીર લખાણ તો એક અપરિચિત સાથેની મુલાકાત પછી જ શરૂ થયું. એ માણસ તેમને પહેલાં તો એ સપનામાં દેખાયો અને બે મહિના પછી ઍમ્સ્ટર્ડમ ખાતે એક કાફેમાં તે પૉલો કોએલોને રૂબરૂ મળ્યો ! તેણે સૂચવ્યું : તમે કેથોલિક ધર્મ તરફ પાછા ફરો અને જાદુમંત્રોની સકારાત્મક શક્તિનો અભ્યાસ કરો. તેણે પૉલોને સાન્તિયેગોના મધ્યયુગીન યાત્રાપંથ પર પ્રયાણ આદરવા પ્રોત્સાહિત કર્યા.

એ યાત્રા સંપૂર્ણ કર્યા પછીના વર્ષે એટલે કે ૧૯૮૭માં પૉલોએ 'ધી પીલગ્રીમેજ' પુસ્તક

લખ્યું. તે પુસ્તકમાં તેમણે પોતાના અનુભવો ઉપરાંત સામાન્ય લોકોના જીવનમાં કેવી અસાધારણ વસ્તુઓ બનતી હોય છે તે બધાનું નિરૂપણ કર્યું હતું. એક વર્ષ બાદ તેમણે જરા જુદી જ જાતનું પુસ્તક લખ્યું : ધી ઍલ્કેમિસ્ટ. તેની પહેલી આવૃત્તિની ફક્ત ૯૦૦ પ્રતો વેચાઈ અને પ્રકાશકે તેની નવી આવૃત્તિ ન કાઢવી તેવો નિર્ણય લીધો.

પૉલો પોતાનું સ્વપ્ન છોડી નહોતા દેવા માગતા. તેમણે બીજા જરા વધુ મોટા પ્રકાશનગૃહોનો સંપર્ક કર્યો. તેમણે 'બ્રીડા'નું લખાણ કર્યું. તેની પ્રેસમાં ખૂબ નોંધ લેવાઈ અને 'ધી ઍલ્કેમિસ્ટ' અને 'ધી પીલગ્રીમેજ' પણ હવે બેસ્ટસેલરની યાદીમાં દેખાવા લાગ્યાં. ધી ઍલ્કેમિસ્ટની પ્રતોનું વેચાણ એટલું થયું કે બ્રાઝિલના સાહિત્યના ઈતિહાસમાં એક નવો વિક્રમ સ્થપાયો.

અહીં પૉલોની વાત પૂરી થતી નથી, બીજી પણ ઘણી રચનાઓ તેઓ કરતા રહ્યા છે, જે બેસ્ટસેલરની યાદીમાં મુકાતી આવે છે અને વિશ્વભરના લોકોનાં હૃદયોને સ્પર્શી ગયેલી છે. આ રહ્યાં કેટલાંક નામ – 'બાય ધી રિવર પીએડ્રા આઈ સેટ ડાઉન એન્ડ વેપ્ટ', 'ધી ફિફ્થ માઉન્ટ', 'વૅરોનિકા ડીસાઈડ્સ ટુ ડાય', 'ધી ડેવિલ અને મિસ પ્રીમ', 'મેન્યુઅલ ઑફ ધી વૉરિયર ઑફ લાઈટ', 'ઈલેવન મિનિટ્સ' અને 'ધી ઝહીર'.